CORE

Metadata, citation and similar papers at core.ac.uk

Provided by Etheses - A Saurashtra University Library Service

# Saurashtra University

Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Popat, Pritesh V., 2011, *"બહુવિકલાંગ બાળકોની ઉછેરની સમસ્યાઓનો એક અભ્યાસ - (રાજકોટ શહેરના સંદર્ભમાં)",* thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/771

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

।। રામ ।।

# ‘‘બહુવિકલાંગ બાળકોની ઉછેરની સમસ્યાઓનો એક અભ્યાસ’’ (રાજકોટ શહેરના સંદર્ભમાં)

**A STUDY OF THE NURTURING PROBLEMS OF MULTI HANDICAPPED CHILDREN (WITH RERERENCE TO RAJKOT CITY)**

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સમાજકાર્ય વિષયમાં પીએચ.ડી.ની ઉપાધિ માટે રજૂ કરાયેલો**

## મહાશોધ નિબંધ


**◆ સંશોધનકર્તા ◆**

**પ્રિતેશ વી. પોપટ**

**B.Com., M.S.W.**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

રાજકોટ.

**◆ માર્ગદર્શક ◆**

**ડૉ. રમેશભાઈ ડી. વાઘાણી**

અધ્યક્ષ

સમાજકાર્ય ભવન

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

રાજકોટ.



**સમાજકાર્ય ભવન**

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**

**રાજકોટ-૩૬૦૦૦૫**

**વર્ષ : ૨૦૧૧**

# CERTIFICATE OF APPROVAL

*This thesis, directed and supervised by the candidate's guide, has been accepted by the* ***Department of Social Work, Saurashtra University, Rajkot*** *in the fulfilment of the requirements for the degree of*

## Doctor Of Philosophy
### (Social Work)

**Title :** **A STUDY OF THE NURTURING PROBLEMS OF MULTI HANDICAPPED CHILDREN (WITH RERERENCE TO RAJKOT CITY)**

Candidate : ***PRITESH V. POPAT***

**Guide**

**(Dr. R.D. VAGHANI)**
**Department of Social Work**
**Saurashtra University**
**Rajkot-360 005**

**Head**

**(Dr. R.D. VAGHANI)**
**Department of Social Work**
**Saurashtra University**
**Rajkot-360 005**

**Date :**

**Date :**

# કૃતજ્ઞતા અભિવ્યક્તિ

''सर्वम् खलु इदम ब्रह्मम्'' એ ન્યાયે આ સમસ્ત બ્રહ્માંડ ઈશ્વરથી વ્યાપ્ત છે, અણું અણુંમાં તે સમાયેલ છે અને બધુ જ ભગવાનનું છે.

આપણા દરેક કતૃત્વમાં એમણે આપેલી શક્તિ કાર્યાન્વીત થાય છે. તેથી હું સૌ પ્રથમ તો પરમકૃપાળું પરમાત્મા તરફ ખરા હૃદયથી કૃતજ્ઞતા વ્યક્ત કરુંછું. એમના ચરણોમાં તમામ શ્રેય અર્પુ છું.

મારી શિક્ષણસાધનાના આ મહાયજ્ઞમાં જેમના આશીર્વચનોની પાવનગંગાએ યજ્ઞવેદીની જ્યોત જવલંત રાખી છે તેવા મારા આધ્યાત્મિક ગુરુ પરમપુજ્યશ્રી હરિચરણદાસજી મહારાજ (ગોંડલ)ના પવિત્ર ચરણકમળોનો પણ આભાર માનું છું.

ત્યાર બાદ મારા Research નો વિષય કેન્દ્રસ્થ ઉત્તરદાતા બહુવિકલાંગ બાળકોના વાલીઓ કે જેઓ ઈશ્વર પ્રત્યે ફરિયાદ ન કરતાં પોતાના બહુ વિકલાંગ બાળકોને વાત્સલ્ય અને પ્રેમની હુંફ તથા મમતા અને કેળવણીથી કાળજી લઈ આ બહુવિકલાંગ બાળકોને ઉછેરે છે. અને મને પણ આ વિષયમાં ખેડાણ કરવા ખૂબ જ મદદરૂપ થયા છે. તેવા વાલીઓનો અંતઃકરણપૂર્વક આભાર.

''ગુરુ બિન જ્ઞાન કહાં સે પાઉં ?'' મારા ગાઈડ, માર્ગદર્શક, પથદર્શક મારા રસ્તાના અંધકારને દૂર કરી મારા પગલે પગલે પ્રકાશ પાથરનાર મારા પરમ આદરણીય માર્ગદર્શક શ્રી ડૉ. રમેશભાઈ વાઘાણી સાહેબનો હું ઋણી છું અને રહીશ. એવા જ સહૃદયી, જ્ઞાની અને તજ્જ્ઞ એવા મારી પ્રેરણામૂર્તિ-સમાન મુરબ્બી શ્રી એસ. પી. ભટ્ટ સાહેબના સહયોગને કેમ ભૂલાય ? તેમના ચરણોમાં મારા કૃતજ્ઞતા પૂર્વક પ્રણામ, આ તકે હું પ્રા. આનંદભાઈ ઠાકુર સાહેબનો પણ ઋણી છું. જ્ઞાન માટેની ભૂખ, વિચારો માટેની ઝંખના માટે મારા પ્રેરકબળ, ઉદીપક એવા મારા વાત્સલ્યમૂર્તિ સમાન માતૃશ્રી દક્ષાબહેન પોપટ અને પિતાશ્રી વિનોદભાઈ પોપટ (લાલભાઈ) કે જેમણે મારામાં જ્ઞાનની તરસનું સિંચન કર્યું અને મને મારા માનસિક ખોરાક સુધી દોરી ગયાં, માં-બાપનું ઋણ તો ઉતારી ન શકાય તેવું ચિરંજીવ છે. મારા

સહધર્મચારિણી **અ.સૌ. નીધિ પોપટ** કે જેના સાથ-સહકાર વગર આ કાર્ય પૂર્ણ થયું ન હોત કે જે પોતાના સપનાઓને સુવડાવીને મારી સાથે વાંચવા-લખવામાં જાગ્યાં છે તેવાં પ્રેમાળ, સહૃદયી પ્રત્યે પણ કૃતજ્ઞતા વ્યક્ત કરું છું.

મારી વિચારધારા તથા કાર્યની ભાવિ વાહક મારી વ્હાલના દરિયા જેવી દિકરી **ચિ. પુષ્ટિ**ના જેના સ્નેહે મને અન્ય બાળકો વિશે વધુ વિચારતો કર્યો. આ તકે હું મારી નાની બહેનો ચી. દિશા અને ચિ. યશ્વિનો ખૂબ આભારી છું. તમારા સૌ જેવા કુટુંબીજનો મેળવવા બદલ ધન્યતા અનુભવું છું.

માણસ પોતાના પડછાયાને પોતાનાથી અળગો કરી શકતો નથી તે રીતે મારા પડછાયા સમાન પરમ મિત્રો ડૉ. રવિ ધાનાણી, અને શ્રી ભુરસીંગ રાઠવાનો પણ અત્યંત ઋણી છું.

વિશેષ આભાર મારા જીગરજાન મિત્રો ગીરધર હિરપરા, બલવિરસિંહ પરમાર, ડૉ. ભરતભાઈ માંડલીક, ડૉ. જય બદીયાણી, યોગેશ મકવાણા, જીગર લશ્કરી, ઉપેન્દ્રસિંહ ઝાલા, સંજય વાનાણી, નાથ બિપીન, કાનપરા પરેશ, જીજ્ઞેશ અપારનાથી, આચાર્ય રૂપેશ કે જેમની મદદ, સાથ અને આધાર વગર હું અધુરો છું. મારા સહૃદયી સહર્મચારીઓ ડૉ. રાજુ વન, આરતીબહેન ઓઝા, દિશાબહેન, હિરલબહેન, ઉર્વિબહેન, બીનાબહેન, પ્રિતીબહેન, ભગીરથસિંહ, હિરેનભાઈને કેમ ભૂલાય ? I am heartly thankful to you all...

આ તકે હું ખાસ આભાર માનું છું માધવ ચગ, ઉમંગ અઢીઆ, હાર્દિક કેશરીયા, પરેશ ચાવડા, પરેશ હુંબલ, કુલદીપ જલુ, ધર્મેશ ચાવડા, પંકજ દુધરેજીયા, મહેન્દ્ર સાવલિયા, રોહિત રાખોલીયા, ધવલ રૂપારેલીયા, યશ ગણાત્રા, જયેશ ચંદનાણી, સુમિત વારા, ધવલ પોપટ, હાર્દિક મહેતા, ગટુભાઈ, વિશાલભાઈ, હેમલ મહેતા, આર.કે., ભાવીનભાઈ, આદિત્ય શાહને કેમ વિશરી શકાય.

અને હું આભારી છું એ તમામ સંસ્થાઓ રાજકોટ જિલ્લા સમાજ સુરક્ષા ખાતુ-ગુજરાત રાજ્ય, નવશક્તિ વિદ્યાલય, સ્નેહ નિર્ઝર, વિરાણી બહેરા-મુંગા શાળાનો જે આ

દિશામાં વિચારે છે, વિહરે છે, પ્રેરે છે અને બહુવિકલાંગ બાળકોને જબરજસ્ત આધાર, પ્લેટફોર્મ પૂરું પાડે છે. કોઈ અર્ધવિકસીત, અલ્પવિકસીત, નબળા-કુમળા છોડને મુરઝાવા નથી દેતી તેવી તમામ નામી-અનામી સંસ્થાઓનો હું સમાજવતી ઋણ સ્વીકાર કરું છું તેમના કાર્યકરોને વંદન કરું છું.

અને છેલ્લે કોઈનો ઉલ્લેખ કરવાનો રહી ગયો હોય તો હૃદયપૂર્વક તે તમામ વ્યક્તિ, સંસ્થા કે વિચારનો હૃદયથી ખરી લાગણીથી આભાર વ્યક્ત કરું છું અને નામ ઉલ્લેખ રહી ગયો હોય તો મોટા મને માફ કરી દેશો કારણ આપ સૌની પ્રેરણા, પ્રેમ અને હુંફથી જ મારું કાર્ય સંપન્ન થઈ શક્યું છે. ફરી એકવાર સૌનો આભાર.

અંતમાં મારુ આ સંશોધનકાર્ય સમયસર સુંદર અને સ્વચ્છ રીતે કોમ્પ્યુટરમાં આકારનાર મારા ભાઈ પિનાકીન લખતરીયાનો પણ સવિશેષ આભાર માનું છું.

તારીખ :

સ્થળ : રાજકોટ

આપનો કૃતજ્ઞતાવશ

**પ્રિતેશ**

## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| **પ્રકરણ-૧** | **બહુવિકલાંગતા એક સમસ્યા** | **૧-૭૩** |
| ૧.૧ | પ્રસ્તાવના | ૨ |
| ૧.૨ | સામાજિક વિકાસ, કૌટુંબિક વિઘટન, પરિવર્તન પામતી કૌટુંબિક સમસ્યાઓ | ૪ |
| ૧.૩ | સામાજિક પ્રશ્નો અને વિકલાંગતા | ૬ |
| ૧.૪ | વિકલાંગતા અને બહુવિકલાંગતા | ૮ |
| ૧.૫ | બહુવિકલાંગતા એક વિશ્લેષણ | ૧૬ |
| ૧.૬ | બહુવિકલાંગતાના લક્ષણો | ૧૯ |
| ૧.૭. | બહુવિકલાંગતાના પ્રકારો | ૨૧ |
| ૧.૮ | બહુવિકલાંગતાની અસરો | ૨૨ |
| ૧.૯ | બહુવિકલાંગ બાળકોની સમસ્યાઓ અને જરૂરિયાતો | ૨૪ |
| ૧.૧૦ | બહુવિકલાંગ બાળકોના સમાયોજનના પ્રશ્નો | ૨૮ |
| ૧.૧૧ | બહુવિકલાંગ બાળકોના અભ્યાસ અને તાલીમના પ્રશ્નો | ૩૪ |
| ૧.૧૨ | બહુવિકલાંગ બાળકોની આંકડાકિય માહિતી | ૩૬ |
| ૧.૧૩ | ભારત તથા ગુજરાતની વિકલાંગોની આંકડાકીય માહિતી | ૩૭ |
| ૧.૧૪ | બહુવિકલાંગ બાળકો માટેની સરકારી યોજનાઓ | ૪૨ |
| ૧.૧૫ | બહુવિકલાંગ બાળકોની સુરક્ષા અંગેના પ્રશ્નો | ૪૭ |
| ૧.૧૬ | બહુવિકલાંગ બાળકો માટેની વિમા સુરક્ષા યોજના, સામાજિક સુરક્ષાનાં ભાગરૂપે | ૪૯ |
| ૧.૧૭ | બહુવિકલાંગ બાળકોની વિકાસ યોજનામાં પ્રાથમિકતા | ૫૨ |
| ૧.૧૮ | બહુવિકલાંગ બાળકોની સામાજિક સમસ્યા અને સામાજિક જવાબદારી | ૫૭ |

| | | |
|---|---|---|
| ૧.૧૯ | સંયુકત રાષ્ટ્રોનો ઠરાવ અને ભારતના કાયદા વચ્ચેની કેટલીક વિશેષતાઓ | ૬૪ |
| ૧.૨૦ | બહુવિકલાંગતાનો મુખ્ય પ્રવાહમાં સમાવેશ અધિકાર આધારીત દષ્ટિકોણ | ૬૫ |
| ૧.૨૧ | સંયુકત રાષ્ટ્રોનો વિકલાંગતા અંગેનો ઠરાવ અને ભારતની ભૂમિકા | ૬૮ |
| ૧.૨૨ | ભારતમાં વિકલાંગતાલક્ષી અધિકારોનું કાનુની માળખું | ૭૦ |
| ૧.૨૩ | ઉપસંહાર | ૭૧ |
| **પ્રકરણ-૨** | **સંશોધન પદ્ધતિ** | **૭૪-૧૨૦** |
| ૨.૧ | પ્રસ્તાવના | ૭૫ |
| ૨.૨ | બહુવિકલાંગતા એક સામાજિક પડકાર | ૭૬ |
| ૨.૩ | સંશોધન આયોજન | ૭૮ |
| ૨.૪ | વિષય પસંદગી | ૮૪ |
| ૨.૫ | વ્યાપવિશ્વ | ૮૭ |
| ૨.૬ | સમસ્યાકથન | ૮૭ |
| ૨.૭ | પરિવર્ત્યો (ચલ) | ૯૦ |
| ૨.૮ | અભ્યાસના હેતુઓ | ૯૧ |
| ૨.૯ | ઉપકલ્પનાઓ | ૯૨ |
| ૨.૧૦ | સંશોધનનું મહત્ત્વ | ૯૫ |
| ૨.૧૧ | માહિતી એકત્રીકરણ | ૯૬ |
| ૨.૧૨ | સંશોધન ક્ષેત્ર પરિચય (રાજકોટ શહેર) | ૯૮ |
| ૨.૧૩ | અભ્યાસની પદ્ધતિ | ૧૧૦ |
| ૨.૧૪ | માહિતી એકત્રીકરણના ઉપકરણો | ૧૧૨ |
| ૨.૧૫ | વ્યાપવિશ્વ | ૧૧૫ |
| ૨.૧૬ | પુર્વેક્ષણ | ૧૧૬ |
| ૨.૧૭ | માહિતીનું પૃથક્કરણ | ૧૧૬ |

| | | |
|---|---|---|
| ૨.૧૮ | તારણો, સૂચનો અને અનુભવો | ૧૧૭ |
| ૨.૧૯ | સંશોધન અહેવાલ લેખન | ૧૧૯ |
| ૨.૨૦ | ઉપસંહાર | ૧૨૦ |
| **પ્રકરણ-૩** | **સંબંધિત સાહિત્યની સમીક્ષા** | **૧૨૧-૧૫૬** |
| ૩.૧ | પ્રસ્તાવના | ૧૨૨ |
| ૩.૨ | ગ્રંથોની સમીક્ષા | ૧૨૨ |
| ૩.૩ | લઘુપુસ્તિકાની સમીક્ષા | ૧૩૩ |
| ૩.૪ | સરકારી તથા અર્ધસરકારી અહેવાલો અને આનુસંગીક કાયદાઓની સમીક્ષા | ૧૩૪ |
| ૩.૫ | બિન સરકારી સંસ્થાના અહેવાલોની સમીક્ષા | ૧૪૨ |
| ૩.૬ | અનુસ્નાતક સંશોધન નિબંધોની સમીક્ષા | ૧૪૯ |
| ૩.૭ | સંબંધિત સાહિત્યની સમીક્ષા અને પ્રસ્તુત સંશોધન એક નવા પરિમાણનો પરિચય | ૧૫૫ |
| **પ્રકરણ-૪** | **માહિતીનું કોષ્ટકીકરણ અને અર્થઘટન** | **૧૫૭-૨૫૪** |
| ૪.૧ | પ્રસ્તાવના | ૧૫૮ |
| ૪.૨ | કોષ્ટકીકરણ | ૧૫૯ |
| **પ્રકરણ-૫** | **સંશોધનનાં તારણો અને સુચનો** | **૨૫૫-૨૭૭** |
| ૫.૧ | પ્રસ્તાવના | ૨૫૬ |
| ૫.૨ | સંશોધનના તારણો | ૨૫૭ |
| ૫.૩ | ઉપકલ્પનાની ચકાસણી | ૨૬૬ |
| ૫.૪ | સંશોધનના સુચનો | ૨૭૦ |
| ૫.૫ | સંશોધનની મર્યાદાઓ | ૨૭૩ |
| ૫.૬ | સંશોધન દરમ્યાન થયેલા અનુભવો | ૨૭૫ |
| ૫.૭ | ઉપસંહાર | ૨૭૭ |
| **o** | **સંદર્ભસૂચિ** | **૨૭૮** |
| **o** | **અનુસૂચિ** | **૨૭૯-૨૯૬** |

## કોષ્ટક સૂચિ


| ક્રમ | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૪.૧ | ઉતરદાતાનો અભ્યાસ દર્શાવતું કોષ્ટક | ૧૫૯ |
| ૪.૨ | સંભાળ રાખનાર ઉતરદાતાની ઉંમર દર્શાવતું કોષ્ટક | ૧૬૦ |
| ૪.૩ | ઉતરદાતાની જાતિ દર્શાવતું કોષ્ટક | ૧૬૧ |
| ૪.૪ | ઉતરદાતાનો ધર્મ દર્શાવતું કોષ્ટક | ૧૬૨ |
| ૪.૫ | કુટુંબનો પ્રકાર દર્શાવતું કોષ્ટક | ૧૬૩ |
| ૪.૬ | કુટુંબમાં અન્ય વિકલાંગ વ્યક્તિ હોય તો તે અંગેનું કોષ્ટક | ૧૬૪ |
| ૪.૭ | લગ્ન બાદ સંતાન પ્રાપ્તિ અંગેનું કોષ્ટક | ૧૬૫ |
| ૪.૮ | ગર્ભાવસ્થા દરમ્યાન કોઈ બિમારી લાગુ પડેલ તે દર્શાવતું કોષ્ટક | ૧૬૬ |
| ૪.૯ | નડેલ અકસ્માતના પ્રકાર અંગેનું કોષ્ટક | ૧૬૭ |
| ૪.૧૦ | ગર્ભાવસ્થા દરમ્યાન લેવાતા ખોરાક દર્શાવતું કોષ્ટક | ૧૬૮ |
| ૪.૧૧ | સગર્ભાવસ્થા દરમ્યાન ગાયનેકોલોજીસ્ટની સલાહ લેવામાં આવેલી તે દર્શાવતું કોષ્ટક | ૧૬૯ |
| ૪.૧૨ | જો હા, તો ગાયનેકોલોજીસ્ટ પાસે નિદાન માટે જે સંજોગોમાં જતા તે દર્શાવતું કોષ્ટક | ૧૭૦ |
| ૪.૧૩ | સગર્ભાવસ્થા દરમ્યાન માતાને બ્લડપ્રેશર અંગે તકલીફ હતી તે દર્શાવતું કોષ્ટક | ૧૭૧ |
| ૪.૧૪ | બ્લડપ્રેસરની સારવારનો પ્રકાર દર્શાવતું કોષ્ટક | ૧૭૨ |
| ૪.૧૫ | સગર્ભાવસ્થા દરમ્યાન લોહતત્વ વધારતી વિટામીનની ગોળીઓ નિયમીત લેવાતી તેની માહિતી દર્શાવતું કોષ્ટક | ૧૭૩ |
| ૪.૧૬ | સગર્ભાવસ્થા દરમિયાન વિટામિન્સની ગોળીઓ ન લેવાના કારણો દર્શાવતું કોષ્ટક | ૧૭૪ |
| ૪.૧૭ | પ્રસુતિનો પ્રકાર દર્શાવતું કોષ્ટક | ૧૭૫ |
| ૪.૧૮ | નવજાત શિશુને લાગુ પડેલ બિમારી દર્શાવતું કોષ્ટક | ૧૭૬ |
| ૪.૧૯ | શિશુ અવસ્થા દરમ્યાન માતાનું દૂધ પીવડાવેલ તે દર્શાવતું કોષ્ટક | ૧૭૭ |

૪.૨૦ શિશુ અવસ્થા દરમ્યાન બાળકને નડેલ અકસ્માત દર્શાવતું કોષ્ટક ૧૭૮

૪.૨૧ નડેલ અકસ્માતના પ્રકાર દર્શાવતું કોષ્ટક ૧૭૯

૪.૨૨ બાળકની વિકલાંગતાની સૌ પ્રથમ જાણ થઈ તે દર્શાવતું કોષ્ટક ૧૮૦

૪.૨૩ બહુવિકલાંગતા દુર કરવા તમે પ્રથમ શો ઉપાય કરેલ તે અંગેનું કોષ્ટક ૧૮૧

૪.૨૪ બહુવિકલાંગ બાળકના રોગની સારવાર અંગે તમે કોને મળેલ તે દર્શાવતું કોષ્ટક ૧૮૨

૪.૨૫ વિકલાંગ બાળક માટે સુવા બેસવાની અલાયદી વ્યવસ્થા દર્શાવતું કોષ્ટક ૧૮૩

૪.૨૬ વ્યવસ્થાના પ્રકાર દર્શાવતું કોષ્ટક ૧૮૪

૪.૨૭ બહુવિકલાંગ બાળકની જમવાની વ્યવસ્થા દર્શાવતું કોષ્ટક ૧૮૫

૪.૨૮ જમવાની વ્યવસ્થાનો પ્રકાર તે દર્શાવતું કોષ્ટક ૧૮૬

૪.૨૯ બહુવિકલાંગ બાળકની કુદરતી ક્રિયાઓ કોષ્ટક ૧૮૭

૪.૩૦ બાળકની બહુવિકલાંગતાના પ્રકાર અંગેનું કોષ્ટક ૧૮૮

૪.૩૧ બહુવિકલાંગ બાળકની અન્ય ગંભીર બિમારીની વિકલાંગતા પર પડતી અસર દર્શાવતું કોષ્ટક ૧૮૯

૪.૩૨ જો હા, તો કઈ રીતે અસર પડે છે તે દર્શાવતુ કોષ્ટક ૧૯૦

૪.૩૩ બહુવિકલાંગ બાળકની સારવારની પદ્ધતિ અંગેનું કોષ્ટક ૧૯૧

૪.૩૪ ઘરે ડોકટરને બોલાવવાની જરૂર ઉભી થતી હોય તે દર્શાવતું કોષ્ટક ૧૯૨

૪.૩૫ ડૉકટરની સલાહના પ્રકાર દર્શાવતું કોષ્ટક ૧૯૩

૪.૩૬ બહુવિકલાંગ બાળકને સારવાર માટે દવાખાને લઇ જવાની રીત અંગેનું કોષ્ટક ૧૯૪

૪.૩૭ બહુવિકલાંગ બાળકને દવાખાનામાં દાખલ થતી વખતે ભોજનની શી વ્યવસ્થા અંગેનું કોષ્ટક ૧૯૫

૪.૩૮ સારવાર દરમ્યાન બહુવિકલાંગ બાળકને થતી સમસ્યાઓ દર્શાવતું કોષ્ટક ૧૯૬

૪.૩૯ બહુવિકલાંગ બાળક દ્વારા હાલવા-ચાલવા માટે ઉપયોગમાં લેવાતા સાધનો દર્શાવતું કોષ્ટક ૧૯૭

| | | |
|---|---|---|
| ૪.૪૦ | બહુવિકલાંગ બાળકોની સારવાર માટે જતી વખતે ઉત્તરદાતાને પડતી મુશ્કેલીઓ તે દર્શાવતું કોષ્ટક | ૧૯૮ |
| ૪.૪૧ | બહુવિકલાંગ બાળકોની સારવાર બાદ ડોકટરો ક્યા પ્રકારના સૂચનો કરે છે તે દશાવતું કોષ્ટક | ૧૯૯ |
| ૪.૪૨ | બાળક બોલતા ક્યારે શીખેલ તે અંગેનું કોષ્ટક | ૨૦૦ |
| ૪.૪૩ | બહુવિકલાંગ બાળકને બન્ને પ્રકારની વિકલાંગતા મુજબ ઓપરેશન કરાવવામાં આવેલ તે દર્શાવતું કોષ્ટક | ૨૦૧ |
| ૪.૪૪ | બદલાતી ઋતુમાં વિકલાંગતાને લગતી દુ:ખાવા કે અન્ય બીમારીની ફરિયાદ દર્શાવતું કોષ્ટક | ૨૦૨ |
| ૪.૪૫ | બાળકને વિકલાંગતાના પ્રકાર પ્રમાણે સરકાર તરફની જે પ્રકારની શિક્ષણ તાલીમ મળે છે તેની જાણ દર્શાવતું કોષ્ટક | ૨૦૩ |
| ૪.૪૬ | જો હા, તો તે પ્રકારનું શિક્ષણ પ્રાપ્ત કરાવવા માટે કરવામાં આવતા પ્રયત્નો દર્શાવતું કોષ્ટક | ૨૦૪ |
| ૪.૪૭ | બહુવિકલાંગતાથી પીડિત બાળકને શાળાએ મૂકવા જવાની વ્યવસ્થા દર્શાવતું કોષ્ટક | ૨૦૫ |
| ૪.૪૮ | શાળાકીય પ્રવૃતિ દરમ્યાન શિક્ષક તરફથી મળતા સહકારની માહિતી દર્શાવતું કોષ્ટક | ૨૦૬ |
| ૪.૪૯ | જો હા, તો કેવા પ્રકારનો સહકાર આપે છે તે દર્શાવતું કોષ્ટક | ૨૦૭ |
| ૪.૫૦ | બહુવિકલાંગ બાળકોને સમાયોજના સાધવામાં પડતી મુશ્કેલી દર્શાવતું કોષ્ટક | ૨૦૮ |
| ૪.૫૧ | જો હા તો કેવા પ્રકારના સમાયોજનની સમસ્યા દર્શાવતું કોષ્ટક | ૨૦૯ |
| ૪.૫૨ | શિક્ષણ અંગેના ખર્ચની જોગવાઈ દર્શાવતું કોષ્ટક | ૨૧૦ |
| ૪.૫૩ | વિકલાંગ બાળકોને તાલીમ આપતી સંસ્થાઓમાં પ્રવેશ ફી કેવી રીતે લેવામાં આવે છે | ૨૧૧ |
| ૪.૫૪ | બહુવિકલાંગ બાળકને શિક્ષણક્ષેત્રે મેળવેલ અગ્રતાક્રમ કઈ રીતે મૂલવવામાં આવે છે અને કઈ રીતે પુરસ્કૃત કરો છો તે દર્શાવતું કોષ્ટક | ૨૧૨ |

| | | |
|---|---|---|
| ૪.૫૫ | પુરસ્કૃત થયા બાદ બાળકની લાગણી દર્શાવતું કોષ્ટક | ૨૧૩ |
| ૪.૫૬ | પીડિત બાળકની શિક્ષણમાં નિષ્ફળતા અંગે સંભાળ લેનારની લાગણીને તે દર્શાવતું કોષ્ટક | ૨૧૪ |
| ૪.૫૭ | બહુવિકલાંગ બાળકની તાલીમ દર્શાવતું કોષ્ટક | ૨૧૫ |
| ૪.૫૮ | જો ના, તો આ માટે તાલીમ આપતા નથી તે દર્શાવતું કોષ્ટક | ૨૧૬ |
| ૪.૫૯ | તાલીમને અંતે બાળક દ્વારા વ્યક્ત થતા મનોભાવો અંગેનું કોષ્ટક | ૨૧૭ |
| ૪.૬૦ | બહુવિકલાંગ બાળકોની શૈક્ષણિક તાલીમને કારણે ઉત્તરદાતાઓને સહન કરવી પડતી સમસ્યાઓનું કોષ્ટક | ૨૧૮ |
| ૪.૬૧ | બહુવિકલાંગ બાળકોની તાલીમ દરમ્યાન વિકલાંગતા નડતરરૂપ થતી હોય તે અંગેનું કોષ્ટક | ૨૧૯ |
| ૪.૬૨ | જો હા, બહુવિકલાંગ બાળકોને બહુવિકલાંગતા કઈ રીતે બાધક બને છે તે દર્શાવતું કોષ્ટક | ૨૨૦ |
| ૪.૬૩ | બહુવિકલાંગ બાળકોને તાલીમ દરમિયાન મળતી નાણાકીય સહાય દર્શાવતું કોષ્ટક | ૨૨૧ |
| ૪.૬૪ | તાલીમ લીધા બાદ વ્યવસાય શરૂ કરતી વખતે અનુરૂપ સાધન સામગ્રી વસાવેલી છે તે દર્શાવતું કોષ્ટક | ૨૨૨ |
| ૪.૬૫ | બહુવિકલાંગ બાળકોની વિકલાંગતા અંગેની વિમા પોલીસી દર્શાવતું કોષ્ટક | ૨૨૩ |
| ૪.૬૬ | વિકલાંગતાને લગતી વિમા પોલીસીઓ વિકલાંગ બાળક માટે લીધેલ છે. | ૨૨૪ |
| ૪.૬૭ | તાલીમથી બહુવિકલાંગ બાળકનું પુન: સ્થાપન થયું હોય તે દર્શાવતું કોષ્ટક | ૨૨૫ |
| ૪.૬૮ | બહુવિકલાંગ બાળકોનું ક્યા વ્યવસાયમાં પુન: સ્થાપન થયુ છે તે દર્શાવતું કોષ્ટક | ૨૨૬ |
| ૪.૬૯ | વ્યાવસાયિક કામગીરીમાં બહુવિકલાંગ બાળકને પડતી મુશ્કેલી દર્શાવતું કોષ્ટક | ૨૨૭ |

૪.૭૦ બહુવિકલાંગ બાળકનું પુન: સ્થાપન ન થયું હોય તો તેના કારણો દર્શાવતું કોષ્ટક ૨૨૮

૪.૭૧ બહુવિકલાંગતાની સારવાર પાછળ થતા માસિક અંદાજીત ખર્ચ દર્શાવતું કોષ્ટક ૨૨૯

૪.૭૨ બહુવિકલાંગતાની સારવાર પાછળ થતા ખર્ચની વિગત દર્શાવતું કોષ્ટક ૨૩૦

૪.૭૩ બહુવિકલાંગ બાળકોની સારવારના વધારાનો ખર્ચ આયોજન દર્શાવતું કોષ્ટક ૨૩૧

૪.૭૪ બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉત્તરદાતાઓ નાણાકીય બચત કરતા હોય તે દર્શાવતું કોષ્ટક ૨૩૨

૪.૭૫ બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉત્તરદાતાઓના બચતના પ્રકાર અંગેનું કોષ્ટક ૨૩૩

૪.૭૬ બહુવિકલાંગ બાળકની સારવારના ખર્ચને પહોચી વળવા માટે ઉત્તરદાતાના અન્ય બાળકોના ભણવા પર પડતી અસર દર્શાવતું કોષ્ટક ૨૩૪

૪.૭૭ બહુવિકલાંગ બાળકની સારવારના કારણે અન્ય ખર્ચાઓ પરના કાપની માહિતી દર્શાવતું કોષ્ટક ૨૩૫

૪.૭૮ બહુવિકલાંગ બાળકની બિમારી ઉત્તરદાતાના વ્યવસાય કે નોકરીમાં બાધકરૂપ થતી હોય તે દર્શાવતું કોષ્ટક ૨૩૬

૪.૭૯ બહુવિકલાંગ બાળકની બહુવિકલાંગતા ઉત્તરદાતાની કામગીરીમાં કઈ રીતે બાધક બને છે તે દર્શાવતું કોષ્ટક ૨૩૭

૪.૮૦ બહુવિકલાંગ બાળકની આકસ્મિક સારવારના કિસ્સામાં કરાતા ખર્ચનાં આયોજન અંગેનું કોષ્ટક ૨૩૮

૪.૮૧ બહુવિકલાંગ બાળકોની હાલની પરિસ્થિતિ અંગે જ્ઞાતીજનોના પ્રતિભાવ દર્શાવતું કોષ્ટક ૨૩૯

૪.૮૨ બહુવિકલાંગ બાળક પ્રત્યે આડોશ-પાડોશના બાળકો દ્વારા રખાતા વર્તન અંગેનું કોષ્ટક ૨૪૦

| | | |
|---|---|---|
| ૪.૮૩ | અન્ય બાળકોની સાથે બહુવિકલાંગ બાળકોના વર્તન અંગેનું કોષ્ટક | ૨૪૧ |
| ૪.૮૪ | કુટુંબના અન્ય બાળકોના બહુવિકલાંગ બાળક પ્રત્યેના વર્તન અંગેનું કોષ્ટક | ૨૪૨ |
| ૪.૮૫ | બહુવિકલાંગ બાળક પ્રત્યે આડોશ પાડોશના વાલીઓનું સહકારભર્યું વર્તન દર્શાવતું કોષ્ટક | ૨૪૩ |
| ૪.૮૬ | મિત્રો તરફથી મળતા સહકાર દર્શાવતું કોષ્ટક | ૨૪૪ |
| ૪.૮૭ | બહુવિકલાંગતા ધરાવતા બાળકની હતાશાના સમયે વાલીનો પ્રતીભાવ દર્શાવતું કોષ્ટક | ૨૪૫ |
| ૪.૮૮ | બાળકોમાં વણસતી પરિસ્થિતિના સમયે ઉત્તરદાતાઓ કઈ રીતે સમાયોજન કરે છે તે દર્શાવતું કોષ્ટક | ૨૪૬ |
| ૪.૮૯ | બાળકની બહુવિકલાંગતાને કારણે સર્જાતી કૌટુંબિક સમસ્યા દર્શાવતું કોષ્ટક | ૨૪૭ |
| ૪.૯૦ | ઘરના અન્ય બાળકના શિક્ષણ ઉપર બહુવિકલાંગ બાળકની અસરકારકતા દર્શાવતું કોષ્ટક | ૨૪૮ |
| ૪.૯૧ | સામાજિક પ્રસંગોમાં હાજરી આપતી વખતે ઉત્તરદાતાને થતા અનુભવો દર્શાવતું કોષ્ટક | ૨૪૯ |
| ૪.૯૨ | બહુવિકલાંગ બાળકને કારણે સર્જાતા સામાજિક સંબંધો દર્શાવતું કોષ્ટક | ૨૫૦ |
| ૪.૯૩ | સ્વસ્થ સંતાનોના લગ્ન સંબંધો નક્કી કરતી વખતે થતી શરતો દર્શાવતું કોષ્ટક | ૨૫૧ |
| ૪.૯૪ | બહુવિકલાંગ બાળકને કારણે અપરણીત બહેનોના લગ્ન અંગે સર્જાતી સમસ્યા દર્શાવતું કોષ્ટક | ૨૫૨ |
| ૪.૯૫ | બહુવિકલાંગ સંતાનોના કારણે સારા સંતાનોના વૈવિશાળ અંગે સર્જાતી સમસ્યાઓ દર્શાવતું કોષ્ટક | ૨૫૩ |
| ૪.૯૬ | બહુવિકલાંગ બાળક પોતે પોતાની વિકલાંગતાને લીધે શું અનુભવે છે તે દર્શાવતું કોષ્ટક | ૨૫૪ |

# પ્રકરણ-૧
# બહુવિકલાંગતા એક સમસ્યા

૧.૧ પ્રસ્તાવના

૧.૨ સામાજિક વિકાસ, કૌટુંબિક વિઘટન, પરિવર્તન પામતી કૌટુંબિક સમસ્યાઓ

૧.૩ સામાજિક પ્રશ્નો અને વિકલાંગતા

૧.૪ વિકલાંગતા અને બહુવિકલાંગતા

૧.૫ બહુવિકલાંગતા એક વિશ્લેષણ

૧.૬ બહુવિકલાંગતાના લક્ષણો

૧.૭. બહુવિકલાંગતાના પ્રકારો

૧.૮ બહુવિકલાંગતાની અસરો

૧.૯ બહુવિકલાંગ બાળકોની સમસ્યાઓ અને જરૂરિયાતો

૧.૧૦ બહુવિકલાંગ બાળકોના સમાયોજનના પ્રશ્નો

૧.૧૧ બહુવિકલાંગ બાળકોના અભ્યાસ અને તાલીમના પ્રશ્નો

૧.૧૨ બહુવિકલાંગ બાળકોની આંકડાકિય માહિતી

૧.૧૩ ભારત તથા ગુજરાતની વિકલાંગોની આંકડાકીય માહિતી

૧.૧૩.૧ રાષ્ટ્રીય સ્તરના વિકલાંગોના આંકડાઓ

૧.૧૩.૨ ગુજરાતમાં વિકલાંગ બાળકોનું જિલ્લા દીઠ પ્રમાણ

૧.૧૩.૩ ગુજરાત રાજ્યમાં શાળાએ જતા અને ન જતા વિકલાંગોની યાદી

૧.૧૪ બહુવિકલાંગ બાળકો માટેની સરકારી યોજનાઓ

૧.૧૫ બહુવિકલાંગ બાળકોની સુરક્ષા અંગેના પ્રશ્નો

૧.૧૬ બહુવિકલાંગ બાળકો માટેની વિમા સુરક્ષા યોજના, સામાજિક સુરક્ષાનાં ભાગરૂપે

૧.૧૭ બહુવિકલાંગ બાળકોની વિકાસ યોજનામાં પ્રાથમિકતા

૧.૧૮ બહુવિકલાંગ બાળકોની સામાજિક સમસ્યા અને સામાજિક જવાબદારી

૧.૧૯ સંયુકત રાષ્ટ્રોનો ઠરાવ અને ભારતના કાયદા વચ્ચેની કેટલીક વિશેષતાઓ

૧.૨૦ બહુવિકલાંગતાનો મુખ્ય પ્રવાહમાં સમાવેશ અધિકાર આધારીત દષ્ટિકોણ

૧.૨૧ સંયુકત રાષ્ટ્રોનો વિકલાંગતા અંગેનો ઠરાવ અને ભારતની ભૂમિકા

૧.૨૨ ભારતમાં વિકલાંગતાલક્ષી અધિકારોનું કાનુની માળખું

૧.૨૩ ઉપસંહાર

# પ્રકરણ-૧

# બહુવિકલાંગતા એક સમસ્યા

## ૧.૧ પ્રસ્તાવના

બહુવિકલાંગતાએ માનવજાતી ઉપર એક કુદરતનો અભિશાપ છે. સુંદર માનવજીવનને નર્કની યાતનામાં ફેરવી નાખનાર આ વિકલાંગતા એક અભિશાપથી વિશેષ કશુ જ નથી. કારણ કે બહુવિકલાંગ વ્યક્તિ તે બાળક હોય યુવાન કે વૃદ્ધ હોય, સ્ત્રી હોય કે પુરુષ હોય, ધનવાન હોય કે ધનહીન હોય, વિકલાંગતા તેનું જીવન અત્યંત કરુણામય બનાવી દે છે. તે જીવન જીવે છે, જીવવા ખાતર તેમ કહી શકાય. બહુવિકલાંગ વ્યક્તિ એક રીતે પોતાને માનવસમાજના સામાન્ય પ્રવાહથી અલગ માને છે. કારણ કે તે એવુ સમજે છે કે તે બીજા માનવીઓની માફક સામાન્ય નથી. બહુવિકલંગતાને પરિણામે આ અસામાન્યપણુ તેને ઘણીવાર હતાશા તરફ પ્રેરી જાય છે. સામાન્ય રીતે, માનસિક રીતે સ્વસ્થ પરંતુ અન્ય દ્રષ્ટિએ વિકલાંગ વ્યક્તિ બહુવિકલાંગતાને કારણે માનસિક રીતે પણ અસ્વસ્થ બનતો જણાય છે. આમ દૈહિક વિકલાંગતા અને માનસિક સ્વસ્થતાને એકબીજા સાથે સંકલન છે.

બહુવિકલાંગતા એટલે એક યા બીજા પ્રકાર અથવા એક સાથે અનેક પ્રકારની શારીરિક અને માનસિક વિકલાંગતાને સામાન્ય પરિભાષામાં શારીરિક ખોડ-ખાપણ કહેવામાં આવે છે. આ અંગે લાગતા-વળગતા કાયદાઓમાં જે વ્યાખ્યા આપવામાં આવી હોય તે ખરી પરંતુ સામાન્ય માનવ સમાજની પરિભાષામાં એને શારીરિક ખોડ-ખાપણ તરીકે ઓળખવામાં આવે છે. જેને આંધળો, લંગડો, બહેરો, મુંગો, ગાંડો-ઘેલો, જેવા શબ્દોથી વર્ગીકૃત કરવામાં આવે છે.

પ્રાચીન ભારતીય ધર્મશાસ્ત્રોમાં વિકલાંગતા અંગેના અને બહુવિકલાંગતા અંગેના દ્દષ્ટાંતો જોવા મળે છે. વેદાંત શાસ્ત્રના પરમજ્ઞાની એવા અષ્ટાવક્ર ઋષિ બહુવિકલાંગતાનો જવલંત

દ્રષ્ટાંત છે. તો રામાયણમાં આવતુ કાગભુસુંડીનું પાપ પણ બહુવિકલાંગ છે. શ્રીમદ્ ભાગવતમાં પણ બહુવિકલાંગ કુબજાનું દ્રષ્ટાંત આપવામાં આવેલું છે. જેને શ્રીકૃષ્ણએ પોતાના સ્પર્શથી નવયૌવના બનાવે છે. મહાભારતમાં ધૃતરાષ્ટ્ર એ દ્રષ્ટિહીન છે એ પણ વિકલાંગતાનો પ્રકાર છે.

આધુનિક યુગ તરફ આવીએ તો વિશ્વના ઈતિહાસમાં અનેક મહાનુભવો આપણી દ્રષ્ટિ સમક્ષ તરી આવે છે જે વિકલાંગ યા બહુવિકલાંગતા ધરાવતા હતા.

અમેરીકાને ૧૯૩૦ ની ભયંકર મંદીમાંથી ઉગારનાર અને બિજા વિશ્વયુદ્ધને એક નાટકીય વણાંક આપનાર અમેરીકાના પ્રમુખ જે ટુંકમાં એફડીઆર, (રૂઝવેલ) તરીકે ઓળખાય છે. તે રૂઝવેલ્ટ બહુવિકલાંગ વ્યક્તિ હતા, તો ઈંગ્લેન્ડના અત્યારના મહાન ભૌતિકશાસ્ત્રી ડો. સ્ટીફન હોકીન્સ સંપૂર્ણપાણે બહુવિકલાંગ વ્યક્તિ છે. હેલન કેલરનું દ્રષ્ટાંત તો આપણી સમક્ષ છે જ. વિજળીની શોધ કરનાર થોમસ આલ્વા એડીશન બધીર હતા. બ્રેઈલ લીપીની શોધ કરનાર લુઈ બ્રેઈલ અંધ હતા તો ઈંગ્લાંડના મહાન કવિ મીલ્ટન પણ અંધ હતા. હિન્દુસ્તાનની અત્યારની નૃત્યાંગના સુધા ચંદ્રન વિકલાંગ તેમજ મહારાષ્ટ્રના સામાજિક કાર્યકર બાબા આમટે વિકલાંગ હતા. આમ જોવા જઈએ તો વિકલાંગ કે બહુવિકલાંગ હોવા છતા સાહિત્ય, ધર્મ, વિજ્ઞાન અને કળા જેવા વિવિધ ક્ષેત્રે સિદ્ધિ હાસલ કરનાર વ્યક્તિઓને તેમની વિકલાંગતા કે બહુવિકલાંગતા તેની સિદ્ધિઓમાં આડી આવી ન હતી.

બહુવિકલાંગતા એક જમાનામાં દૈવીય અભિશાપ કે નશીબની બલીહારી માનવામાં આવતી હતી અને પરિણામે તેની કોઈ સારવાર કે સંભાળ પર ખાસ ધ્યાન આપવામાં આવતું ન હતું. પરિણામે બહુવિકલાંગ વ્યક્તિ કુટુંબ કે સમાજ માટે જવાબદારી બની જતી હતી. જેને પરિણામે તેનામાં છુપાયેલ અન્ય બૌદ્ધિક કે આત્મિક શક્તિઓને ખીલવવાની તક ન મળતી, આધુનિક યુગે ટેકનોલોજી ક્ષેત્રે અને તબીબી ક્ષેત્રે જે પ્રચંડ ફેરફારો કર્યા છે તેને

પરિણામે, ફીઝીયોથેરાપી જેવી સારવાર બહુવિકલાંગ વ્યક્તિઓને મળે છે. જેને પરિણામે બહુવિકલાંગતાની ગંભીરતા અને તેનુ પ્રમાણ ઓછુ થવા પામે છે. આથી આધુનિક યુગમાં બહુવિકલાંગતાને દૈવીય અભિશાપ માનવામાં નથી આવતો પરંતુ પ્રસૂતિપૂર્વની કે પ્રસુતી સમયની ખામી કે વિકૃતિ સમજવામાં આવે છે.

## ૧.૨ સામાજિક વિકાસ, કૌટુંબિક વિઘટન, પરિવર્તન પામતી કૌટુંબિક સમસ્યાઓ

ભારતીય સમાજમાં સામાજિક વિકાસની પ્રક્રિયા ૨૦મી સદીમાં અત્યંત વેગવાન બની છે. શિક્ષણના પ્રચાર અને પ્રસાર તેમજ ઝડપથી પરિવર્તન પામતા સામાજિક મુલ્યોને કારણે સામાજિક વિકાસ શક્ય બન્યો છે. તદુઉપરાંત ઔદ્યોગીકરણ અને તેમાંથી પરિણમતા શહેરીકરણ જેવા પરિબળો પણ સામાજિક વિકાસ માટે જવાબદાર ગણી શકાય.

વિશ્વ વિખ્યાત લેખક ઓલ્વીન ટોફલર તેમના વિખ્યાત પુસ્તક ફ્યુચર શોકમાં સામાજિક વિકાસની ગતીમાં અલગ-અલગ સંખ્યાત્મક ગ્રાફ દ્વારા સામાજિક વિકાસની ગતી દર્શાવે છે. ૨૧મી સદીના આગમને સામાજિક વિકાસની આ ગતીને અત્યંત વેગ આપ્યો છે. જેમાં ટેકનોલોજીકલ પરિવર્તનો, બદલાતા રાજકીય સમીકરણો, અને પ્રવર્તમાન આર્થિક પ્રવાહો એ પણ યોગદાન કરેલ છે.

સામાજિક પરિવર્તનનું એક પાસુ ઝડપથી તુટતા સંયુક્ત કુટુંબો છે, કૌટુંબિક વિઘટન એ સામાજિક વિકાસની પ્રક્રિયામાંથી પરિણમે છે. વિતેલા યુગમાં ખેતી, પશુપાલન, નાનામોટા ઉદ્યોગ ધંધાઓ વિગેરેને કારણે બહુ મોટી સંખ્યામાં માનવસમાજ નાના ગામડાઓ કે તાલુકાકક્ષાના ગામોમાં રહેતો હતો. આ કુટુંબોમાં વિકલાંગ કે બહુવિકલાંગ વ્યક્તિ હોય મોટેભાગે સંયુક્ત કુટુંબ પ્રથા હોવાથી વિકલાંગ બાળકની ઉછેરનો, તેના શિક્ષણ કે તેના વ્યાવસાયીક પુન: સ્થાપનનો પ્રશ્ન એટલો ગંભીર ન હતો. જેટલો કૌટુંબિક વિઘટન બાદ

થવા પામેલ છે. સંયુક્ત કુટુંબમાં બહુવિકલાંગ વ્યક્તિને કુટુંબના વડીલોની હુંફ મળતી તેમજ તેની સંભાળ લેનાર પુરતી સંખ્યામાં સભ્યો કુટુંબમાં પ્રાપ્ય હતા. વિઘટન પામેલા ખાસ કરીને બહુવિકલાંગ વ્યક્તિઓ માટે પ્રશ્નો ઉભા કર્યા છે જેમાં તેનું શિક્ષણ, વ્યાવસાયીક તાલીમ તેની દૈનિક જરૂરિયાતો મુખ્ય છે. વિઘટીત કુટુંબ ઈચ્છે કે ન ઈચ્છે પણ પુરતો સમય બહુવિકલાંગ વ્યક્તિને આપી શકતુ નથી જેને કારણે કદાચ તે બહુવિકલાંગ વ્યક્તિ પોતાનું માનસિક સ્વાસ્થ્ય ગુમાવી બેસે અથવા હતાશ થઈ જાય.

પરિવર્તન પામતા સમાજમાં કૌટુંબિક સમસ્યાઓ પણ પરિવર્તન પામતી હોય છે. આમાની કેટલીક સમસ્યાઓ લાંબાગાળાની હોય તો કેટલીક ટુકાગાળાની વિકલાંગ વ્યક્તિનું શિક્ષણ, તેનો ઉછેર, મનોરંજન તેમજ તેની સારવાર વિગેરે સારો એવો સમય માંગી લે છે. પરંતુ એટલો સમય વિઘટન પામેલ કુટુંબમાં કોઈ પાસે હોતો નથી.

પરિવર્તન પામતા સમાજમાં સમસ્યાઓ તો હોય છે. પરંતુ તેનુ સ્વરૂપ પણ પરિવર્તીત હોય છે. તેમાંથી સૌથી મોટો પ્રશ્ન એ ગંદા વસવાટો, પ્રદુષણ, બેરોજગારી, લગ્ન વિચ્છેદ તેમજ બાળમજુરી, વૈશ્યાવૃતિ, દહેજ અને સ્ત્રી અત્યાચાર મુખ્ય છે. સંશોધકના મત મુજબ વિકસીત કે વિકાસમાન રાષ્ટ્રોમાં આ પ્રકારની સામાજિક સમસ્યાઓ સમયના પરિવર્તન સાથે જવી જોઈએ. ભારતની જેમ વસ્તી વધતી જાય છે તેમ-તેમ ભારત જેવા દેશની અનેક પ્રકારની સામાજિક, આર્થિક અને નૈતિક સમસ્યાઓ પણ સર્જાતી જાય છે.

સામાજિક વિજ્ઞાનોમાં વૃદ્ધિ અને વિકાસ બે વિભાવનાઓ પ્રચલીત છે, જેમાં સામાજિક કદ વિસ્તારને સામાજિક વૃદ્ધિ કહેવામાં આવે છે. જેમાં વસ્તીવધારો મુખ્ય હોય છે. જ્યારે સામાજિક વિકાસ એ સમાજની પ્રગતિનું સુચક છે. સમાજ જ્યારે વિકાસ કરે છે ત્યારે શિક્ષણ, આરોગ્ય, સંસ્કારો, નૈતિકતા વિગેરે ઉંચા આવે છે તેમજ સામાજિક અને કૌટુંબિક વિખવાદો, જુના મુલ્યો અને રૂઢીઓ પરિવર્તન પામે છે. સામાજિક વિકાસ એ

સમાજના બદલાયેલા સ્વરૂપનું દ્યોતક છે.

## ૧.૩ સામાજિક પ્રશ્નો અને વિકલાંગતા

વિશ્વના કોઈપણ દેશનો સમાજ હોય, અનેક પ્રકારના પ્રશ્નોથી તે ઘેરાયેલો હોય છે. પશ્ચિમના સમાજોમાં કૌટુંબિક વિઘટન, લગ્નવિચ્છેદનું ઉંચુ પ્રમાણ, વૃધ્ધાશ્રમ, બાળગુન્હેગારી, વ્યભિચાર તેમજ જાતીય અનૈતિકતા જેવા અનેક પ્રશ્નો પડેલા છે તો ભારત જેવા પુર્વના દેશોના સમાજમાં પણ રૂઢિવાદ, જુના મૂલ્યો, બાળલગ્નો, દહેજ અને સ્ત્રી અત્યાચારો જેવા પ્રશ્નો તો છે જ કે જે ઉકેલ માંગે છે.

આ બન્ને સમાજોમાં ઉપર જણાવેલ પ્રશ્નો કરતા પણ સૌથી વધુ ગંભીર અને વ્યાપક પ્રશ્ન હોય તો તે વિકલાંગતા અને બહુવિકલાંગતા અંગેનો છે કે જેને વિકસતુ વિજ્ઞાન પણ હલ કરી શકવા સક્ષમ નથી. વિધીની વક્રતા તો એ છે કે સામાજિક વૃધ્ધી અને વિકાસની સાથોસાથ સમાજમાં વિકલાંગતા અને બહુવિકલાંગતાનું પ્રમાણ અને તેની ગંભીરતા વ્યાપક બની જાય છે. વિકલાંગતા અને બહુવિકલાંગતા એ કોઈ એક ચોકકસ સામાજિક સ્તર કે ચોકકસ વર્ગમાં જોવા મળતી નથી એટલે અમીરોથી માંડીને ગરીબો સુધી પણ વિકલાંગ કે બહુવિકલાંગ બાળકો જોવા મળતા હોય છે.

જેમના ઉછેરની અનેક સમસ્યાઓ તેમના માતા-પિતાને અને કુટુંબને માટે પ્રશ્નોની હારમાળા સર્જે છે તો સમાજ માટે પણ આ પ્રકારના વિકલાંગ અને બહુવિકલાંગ બાળકો એક જવાબદારી બની જાય છે.

વિકલાંગતા નિવારણનો પ્રશ્ન જ્યારે ઉભો થાય ત્યારે તે નિવારવાની પ્રક્રિયામાં સામાજિક જવાબદારીનો પ્રશ્ન પણ ઉપસ્થિત થાય છે. વિકલાંગ કે બહુવિકલાંગ વ્યક્તિઓને પણ અપંગ વ્યક્તિ તરીકે જોવાને બદલે એક માનવી તરીકે જોવાનો દ્રષ્ટિકોણ એક તંદુરસ્ત દ્રષ્ટિકોણ છે. વિકસતા સમાજે અનેક સામાજિક પ્રશ્નો હલ કરવાની પ્રક્રિયા સાથે વિકલાંગ

અને બહુવિકલાંગ બાળકોના પ્રશ્નો પણ હલ કરવા જોઈએ. એવું સંશોધકનું મંતવ્ય છે. જો આમ ન થાય તો લાંબેગાળે સામાજિક વિકાસને પરિણામે વિકસીત સમાજ એક બાજુ અને અવિકસીત વિકલાંગો બીજીબાજુ, એમ બન્ને વચ્ચે ન પુરાય શકે તેવુ અંતર વધી જશે. તેઓ સમાજથી તરછોડાયેલ અને અલીપ્ત લાગશે. જેની વિઘાતક અસર તેમના પર અને સમાજ પર બહુ ગંભીર હશે.

કોઈપણ સમાજ એ તંદુરસ્ત સમાજ ત્યારે જ ગણાશે કે જ્યારે એ સમાજના તમામ લોકો સ્વમાનભેર જીવી શકે અને સામાજિક વિકાસની પ્રક્રિયામાં પોતાનું યોગદાન આપી શકે. બહુવિકલાંગ બાળકોની સમસ્યાને ધ્યાન પર લેવાનું એટલા માટે જરૂરી છે કે અન્ય બાળકોની સરખામણીમાં વિકલાંગ બાળકો લાચારી કે હતાશા અનુભવતા હોય છે. કોઈપણ સમાજમાં આજનું તંદુરસ્ત બાળક એ ભવિષ્યનું સમૃદ્ધ રાષ્ટ્ર છે અને આ વિચારને જો સાકાર કરવો હોય તો સમાજમાં લાચારી અને હતાશા અનુભવતા વિકલાંગ અને બહુવિકલાંગ બાળકોને સુયોગ્ય શિક્ષણ, પુન:ર્વસનની તાલીમ, પુર્નવસનની તકો તેમજ પ્રેમ અને હુંફ આપીને સામાન્ય જન પ્રવાહમાં ભેળવવાના છે. અલબત મંજીલ ઘણી લાંબી છે. પરંતુ આજે ભરેલુ એક ડગલુ પણ ભવિષ્યમાં મંજીલ તરફ લઈ જાય છે.

વિકલાંગ અને બહુવિકલાંગ બાળકોમાં ધૈર્ય, શક્તિ અને ધીરજ હોય છે પરંતુ તેને યોગ્ય પ્રવાહ આપીને રચનાત્મક માર્ગે બહાર લાવવાની કપરિ જવાબદારી સમાજે ઉઠાવવાની છે. કારણ કે મુળભુત રીતે વિકલાંગ કે બહુવિકલાંગતાનો પ્રશ્ન એ કુટુંબનો પ્રશ્ન ન રહેતા સમાજનો પ્રશ્ન બની જાય છે.

બહુવિકલાંગ વ્યક્તિના સંદર્ભમાં સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાના આંકડાકીય પૃથ્થકરણ મુજબ દર વિસ (૨૦) વ્યક્તિએ એક વ્યક્તિ વિકલાંગ હોય છે. એટલે કે આ પૃથ્થકરણ અનુસાર વિશ્વની વસ્તીના ૨૦% એટલે કે ૧/૫ ભાગ વિકલાંગતાથી પીડાય છે. વિકલાંગતાને ગરીબી

સાથે સાંકળતા સંયુક્ત રાષ્ટ્રસંસ્થા જાણાવે છે કે વિકલાંગતા ગરીબીનું કારણ અને પરિણામ બન્ને છે. વિકલાંગ બાળકોની જરૂરિયાતો અને અધિકારોને લક્ષમાં લીધા વિના વિશ્વમાંથી ગરીબી દુર કરવાનું લગભગ અશક્ય છે. સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા વિશેષમાં જાણાવે છે કે વિકલાંગ ગરીબો, ગરીબી અને વિકલાંગતાના વિષચક્રમાં ફસાયા હોય છે જેને લીધે તેમની રોજગારી અને શિક્ષણ પ્રાપ્ત કરવામાં મર્યાદા ઉભી થાય છે. અને આ મર્યાદા સામાજિક અને આર્થિક બાદબાકી તરફ દોરી જાય છે. આમ સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા વિકલાંગતા કે બહુવિકલાંગતાને સામાજિક જવાબદારીના એક ભાગરૂપ માને છે.

સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાનો અહેવાલ વિકલાંગતાના કારણો અને પરિણામો ઉપર વધુ પ્રકાશ આપતા જાણાવે છે કે મોટાભાગના લોકોને એમ લાગે છે કે તેમની વિકલાંગતા શાળાએ જવાની, પેટીયુ રળવાની, કૌટુંબિક જીવન આનંદપુર્વક જીવવાની અને સામાજિક જીવનમાં સમાનપણે ભાગીદાર થવાની તેમની તકો ઉપર વિપરિત અસર કરે છે. વિકલાંગોને સામાજિક જવાબદારીના એક ભાગરૂપે ગણતા સામુદાયિક વિકાસના સંગઠનો ઉપર વિશિષ્ટ જવાબદારી નાખે છે કે આ સંસ્થાઓએ વિકલાંગોના વિકાસના આ કાર્યક્રમો દ્વારા તેમને સમાજના મુખ્ય પ્રવાહમાં સામેલ કરવા કે જેથી માનવ અધિકારો પ્રાપ્ત કરવા માટેનું એક મહત્વનું પ્રદાન કહી શકાય.

## ૧.૪ વિકલાંગતા અને બહુવિકલાંગતા

વિકલાંગતા કે બહુવિકલાંગતા એ માનવ સમાજ ઉપર એક અભિશાપ છે. તંદુરસ્ત અને વિકસીત માનવીને તે લાચારીની ખીણમાં લઈ જાય છે. વિકલાંગતા અને બહુવિકલાંગતાના અનેક પ્રકારો છે અને અનેક કારણો પણ છે. વિશ્વની વધતી જતી વસ્તીની સાથોસાથ વિકલાંગતા અને બહુવિકલાંગતાનું પ્રમાણ પણ વધતુ જાય છે. આધુનિક તબીબી સંશોધનો અને ઉપચારો પણ વિકલાંગતાને અટકાવી શકતા નથી. કારણ કે મહદઅંશે

વિકલાંગતા જન્મ સાથે સંકળાયેલ હોય છે.

વિકલાંગતા અને બહુવિકલાંગતા વચ્ચે સ્પષ્ટ તફાવત રહેલો છે. જ્યારે કોઈ પણ વ્યક્તિ એક જ પ્રકારની શારીરિક કે માનસિક અસ્વસ્થતા ધરાવતી હોય ત્યારે તેને વિકલાંગ વ્યક્તિ કહેવામાં આવે છે અને આ પ્રકારની વિકલાંગતાઓ મોટેભાગે જન્મગત હોય છે. બાળક જ્યારે જન્મે છે ત્યારે જ બહેરૂ હોય છે. મુંગુ હોય છે, આંધળુ હોય છે, લુલુ કે લંગડુ હોય છે અથવા માનસિક રીતે અસ્વસ્થ હોય છે. આવુ બાળક વિકલાંગ બાળક કહેવાય છે. જેમાં શરીરનું એકજ અંગ ખોડધરાવતું હોય છે. પણ બીજા અંગો સ્વસ્થ હોય છે. સામાન્યત: જન્મગત બહેરુ બાળક જન્મગત મુંગુ પણ હોય છે. કારણ કે તેણે અવાજ સાંભળ્યો હોતો નથી. શ્રવણશક્તિ ન હોવાથી તેણે શબ્દ જ્ઞાન નથી, ઉચ્ચારે નથી અને અવાજ સાંભળેલ નથી તેથી અવાજ પણ નથી તે માત્ર બોડી લેંગ્વેજ દ્વારા જ જ્ઞાન મેળવે છે. આંધળી વ્યક્તિ જોઈ શકતી નથી. એટલે કુટુંબના વ્યક્તિઓના અવાજ દ્વારા તેમને ઓળખે છે, તેને અવાજ છે તેથી ભાષા પણ છે. તેથી તે વાતચીત કરી શકે છે વળી કોઈપણ વસ્તુનું જ્ઞાન તે આંખો દ્વારા નહી પણ વાતચીતના માધ્યમ દ્વારા મેળવે છે. લંગડી વ્યક્તિને કુદરતે શરીરના બીજા સ્વસ્થ અંગો આપ્યા છે. પરંતુ જન્મ સમયની કે જન્મ બાદની લકવાની બીમારીને પરિણામે તેને પગના અંગો આપ્યા હોવા છતા તે ચાલી શકવા અશક્તિમાન છે. આના પરિણામે તે વ્યક્તિ ખુબજ લાચારી અનુભવે છે. હરવું-ફરવું, શાળાએ જવું, રમત રમવી, દોડવું, જેવી ક્રિયાઓ તે કરી શકે તેમ નથી. શરીરના બીજા અંગો સંપૂર્ણપણે સ્વસ્થ હોય પરંતુ એક અંગની ખામીને કારણે તે વ્યક્તિ જ્યારે બીજા સામાન્ય માનવીઓની માફક સામાન્ય જીવન જીવી શકતી નથી. ત્યારે તેની લાચારી અસહ્ય બને છે. જેની પ્રચંડ અસર તેના અસ્તિત્વ અને વિકાસ પર પડે છે.

આ તો વાત થઈ માત્ર વિકલાંગતાની કે જેમાં વ્યક્તિ એકજ અંગથી વિકલાંગ હોય

છે પરંતુ આ અભિશાપની ગંભીરતા એ છે કે જ્યારે કોઈ વ્યક્તિ એક કરતા વધારે અંગથી વિકલાંગ  હોય ત્યારે તે પરિસ્થિતિ કલ્પનાતીત છે અને અનેક રીતે ગંભીર છે. વિકલાંગ વ્યક્તિ એક જ બાબત માટે કુટુંબના સભ્યો પર આધાર રાખે છે જ્યારે બહુવિકલાંગ વ્યક્તિને દરેક બાબત માટે કુટુંબ પર કે અન્ય વ્યક્તિઓ પર આધાર રાખવો પડે છે. એમાંય જ્યારે આવી બહુવિકલાંગ વ્યક્તિ બાળક હોય ત્યારે એ પરિસ્થિતિ અત્યંત તીવ્ર અને અસહ્ય બને છે. તેની લાચારી અને પરાવલંબીપણુ તેની આંખોમાં દેખાય છે. તેનુ દર્દ અને દુઃખ તેની આંખોના આંસુમાં અભિવ્યક્ત થાય છે. આવુ બહુવિકલાંગ બાળક તેની આંખો દ્વારા તેના કુટુંબ અને સમાજને ઘણુ કહી જાય છે તે જાણે કહેતુ લાગે છે. મારો જન્મ પણ ધામ-ધૂમથી ઉજવવામાં આવ્યો હતો, મીઠાઈ વહેચવામાં આવી હતી, ફટાકડા ફોડવામાં આવ્યા હતા અને ભગવાનની દુઆઓ પણ માંગવામાં આવી હતી. બિલકુલ બીજા બાળકોની માફક જ. તો પછી મારામાં અને બીજા બાળકોના શરીરમાં અને વહેવારમાં આટલી બધી અસમાનતા શા માટે ? બહુવિકલાંગ બાળક કુટુંબ અને સમાજ પાસે તેની લાચારીનો ઈલાજ નથી માંગતુ. પરંતુ પ્રેમભર્યો વહેવાર અને વાસ્તલ્ય માંગે છે.

બહુવિકલાંગ વ્યક્તિની કે બાળકની કે બહુવિકલાંગતાની જે પણ વ્યાખ્યાઓ આપવામાં આવી હોય તે અનુસાર જ્યારે કોઈપણ વ્યક્તિ કે બાળક તેના શરીરમાં એક કરતા વધુ રીતે વિકલાંગ હોય ત્યારે તે બહુવિકલાંગ વ્યક્તિ કે બાળક કહેવાય છે. અગાઉ જોઈ ગયા તેમ બધીજ વ્યક્તિ સ્વાભાવિક રીતે મૂક હોય છે. પરંતુ સાથોસાથ જો દ્રષ્ટિહીન હોય એટલે કે આંધળી હોય તો તે એક કરતા વધુ વિકલાંગતા ધરાવે છે. બાળક લુલુ અને લંગડુ પણ હોય અને આંધળુ પણ હોય શકે માત્ર મુક અને બધીર નથી તેવીજ રીતે મુક-બધીર વ્યક્તિ આંધળી હોય અને ચાલી શકતી હોય તો પણ તે બહુવિકલાંગ વ્યક્તિ છે.

વિકલાંગતા વિશે 'વિકલાંગ વ્યક્તિઓનો (સમાનતકો, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ

સહભાગીતા) ધારો ૧૯૯૫ વિશે વ્યાખ્યા કરવામાં આવેલી છે. આ કાયદા અન્વયે વિકલાંગતા નીચે દર્શાવેલ સાત પ્રકારની હોય છે.

૧. અંધત્વ/દ્રષ્ટિહીનતા

૨. અલ્પ દ્રષ્ટિ

૩. રક્તપીત- સાજો થયેલ

૪. શ્રવણશક્તિ

૫. અસ્થિ વિષયક વિકલાંગતા

૬. માનસિક વિકાસ રૂંધાયો/મંદબુદ્ધિતા

૭. માનસિક માંદગી

આ કાયદામાં આ દરેક વિકલાંગતાને અલગ-અલગ રીતે વ્યાખ્યાંયિત કરવામાં આવેલ છે જે બહુ સ્પષ્ટ છે.

**૧. શ્રવણશક્તિ**

શ્રવણશક્તિની વિકલાંગતા એટલે સંભાષણ (વાતચીત)ના ધ્વની આવર્તનોની મર્યાદામાં સારા કાનમાં ૬૦ ડેસીબલ્સ કે તેથી વધુનુ નુકસાન થવું.

આ કાયદા અન્વયે શ્રવણશક્તિ ગુમાવનાર જેને સામાન્ય પરિભાષામાં બધીર કહેવામાં આવે છે તેની વ્યાખ્યા કરવામમાં આવી છે તે મુજબ જે વ્યક્તિ અવાજના મોજાઓની મર્યાદામાં એટલે કે શ્રવણઈન્દ્રીય ૬૦ ડેસીબલથી વધુ નુકશાન થયું હોય અને ધ્વનીના આવર્તનો ન જીલી શકતા હોય તેને શ્રવણક્ષતિ કહેવામાં આવે છે.

**૨. અસ્થિવિષયક વિકલાંગતા**

અસ્થિ વિષયક વિકલાંગતા વિશે આ કાયદો વ્યાખ્યા આપતા જણાવે છે કે અવયવોના હલન-ચલનમાં ઘણા બધા નકકર પ્રતિબંધ તરફ દોડી હાડકાની અથવા સાંધાની

અને સ્નાયુની અસમર્થતા અથવા મગજના લકવાનું (સરેબલ પાલ્સી) કોઈ સ્વરૂપ.

આમ અસ્થિવિષયક વિકલાંગતા એટલે શરીરના કોઈ હાડકાની કે સાંધાની કે સ્નાયુઓની એવી અસમર્થતા કે જે શરીરનું સામાન્ય હલનચલન અક્ષમ બનાવે છે. વ્યક્તિ લુલી-લંગડી બને છે. હાથ અથવા પગ કામ નથી કરતા અથવા શરીરના સાંધાઓ અને સ્નાયુઓ જકડાયેલા હોય છે, આ ઉપરાંત મગજના લકવાને પરિણામે જેને સામાન્ય પરિભાષામાં લકવો કહેવામાં આવે છે. (પેરાલીસીસ), (સેરેબલ પાલ્સી) કહેવામાં આવે છે. જેને પરિણામે શરીરનો એક ભાગ તદન ખોટો પડી જાય છે. અને વ્યક્તિ અસમર્થ બની જાય છે.

### ૩. માનસિક માંદગી

આ કાયદા અન્વયે માનસિક માંદગી એટલે માનસિક વિકાસનાં રૂંધાવા સિવાયની કોઈ માનસિક વિસંવાદી સ્થિતિ એટલે જેને મંદબુદ્ધિ કહેવામાં આવે છે તેના સિવાયની કોઈ માનસિક અસમર્થતાની પરિસ્થિતિ.

### ૪. માનસિક વિકાસનો રૂંધાવો/મંદબુદ્ધિતા.

આ કાયદા મુજબ મંદબુદ્ધિના એટલે વ્યક્તિના મનના વિકાસની થંભી ગયેલી અથવા અપૂર્ણ સ્થિતિ જે વિશેષ રીતે બુદ્ધિના સામાન્ય કરતા ઓછી હોવાનું લક્ષણ ધરાવતી હોય એટલે કે બુદ્ધિની ઉપસામાન્યતાનું પ્રમાણ ધરાવતી હોય. આ કાયદા અન્વયે મંદબુદ્ધિતા એટલે એવા પ્રકારની વ્યક્તિ કે જે સામાન્ય વ્યક્તિમાં જે બુદ્ધિનું સ્તર જોઈએ તે કરતા નીચુ બૌદ્ધિક સ્તર ધરાવતી હોય એટલે બુદ્ધિનો વિકાસ પુરતો થયો ન હોય. તેવી વ્યક્તિને મંદબુદ્ધિત્વ ધરાવતી વિકલાંગ વ્યક્તિ કહેવામાં આવે છે.

### ૫. અલ્પદ્રષ્ટિ/દ્રષ્ટિહીનતા

અલ્પદ્રષ્ટિ વિકલાંગતા એટલે એવા પ્રકારની દ્રષ્ટિની વિકલાંગતા કે જેના સારવાર

અથવા પ્રમાણિત વક્રીભવનના ક્ષતિ સુધારા પછી પણ દ્રષ્ટિની કામગીરીમાં ક્ષતિ હોય. આવા વિકલાંગતા ધરાવનાર વ્યક્તિ પરંતુ જે યથાયોગ્ય સહાયક ઉપકરણ સાથે દ્રષ્ટિના કાર્યોના આયોજન અને અમલ માટે ઉપયોગ કરે છે અથવા ઉપયોગ કરવા તે સક્ષમ છે.

દ્રષ્ટિહીનતા વિશે દ્રષ્ટિહીનતા નિયંત્રણ માટેના રાષ્ટ્રીય કાર્યક્રમમાં વ્યાખ્યા આપવામાં આવેલી છે. તે મુજબ દ્રષ્ટિહીનતા એટલે જ્યારે કોઈ વ્યક્તિ નીચે દર્શાવેલી વીગતોમાંથી કોઈપણ એક જેવો અનુભવ કરે ત્યારે તેને દ્રષ્ટિહીનતા ગણવામાં આવે છે.

➢ દ્રષ્ટિનો સંપૂર્ણ અભાવ હોવો.

➢ દ્રષ્ટિ સુધાર કૃત્રિમ કાચથી દ્રષ્ટિની સક્ષમતા ૬/૬૦ અથવા ૨૦/૨૦૦ સ્ટેલીન વધુ ન હોવી. અથવા દ્રષ્ટિના ક્ષેત્રથી મર્યાદા ૨૦ અંશ કોણ સુધીની અથવા તેનાથી વધારે ખરાબ હોવી. આમ આપણે જોઈએ છીએ કે અહી દ્રષ્ટિહીનતા નક્કી કરવા માટે દ્રષ્ટિની સક્ષમતા અને દ્રષ્ટિનુ ક્ષેત્ર બન્નેને ધ્યાનમાં લેવામાં આવે છે.

દ્રષ્ટિહીનતા અને અલ્પદ્રષ્ટિ વ્યક્તિ સંયુક્ત રીતે દ્રષ્ટિહીન નથી હોતી, પરંતુ તેની જોવાની ક્ષમતા (વીઝન) બહુઅલ્પ હોય છે. જ્યારે દ્રષ્ટિહીન વ્યક્તિની જોવાની ક્ષમતા (વીઝન) મહદ અંશે ગુમાવી દીધેલ હોય છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા અલ્પદ્રષ્ટિની કામકાજની વ્યાખ્યા નીચે મુજબ આપે છે.

'અલ્પ દ્રષ્ટિવાળી વ્યક્તિ એટલે એવી વ્યક્તિ કે જેને દ્રષ્ટિની કામગીરીમાં સારવાર લીધા પછી પણ અથવા પ્રમાણીત વક્રીભવનથી સુધારો કર્યા પછી પણ દ્રષ્ટિ ક્ષતિ થઈ હોય અને જેની પ્રકાશની પ્રતિતિ થવા માટે દ્રષ્ટિની સક્ષમતા ૬/૧૮થી ઓછી હોય અથવા જેનુ દ્રષ્ટિક્ષેત્ર નિશ્ચિત સ્થિર કરેલા બિંદુથી ૧૦ અંશ ઓછુ હોય છતા જે પોતાની દ્રષ્ટિનો ઉપયોગ કાર્યના આયોજન અને/અથવા અમલમાં કરતી હોય અથવા કરવા માટેની સુષુપ્ત શક્તિઓથી સંપન્ન હોય.

વિશ્વ આરોગ્ય સંસ્થાની દ્રષ્ટિ ક્ષતિ અને દ્રષ્ટિહીનતાની પ્રમાણભૂત વ્યાખ્યાઓને આધારે દ્રષ્ટિક્ષતિ અને તેનો પ્રકાર અને પ્રમાણ નીચે આપેલ કોઠામાં દર્શાવવામાં આવેલ છે.

| **પ્રકાર** | **સુધારો કર્યા પછીની દ્રષ્ટિની સક્ષમતા વધુ સારી આંખ** | **વિશ્વ આરોગ્ય સંસ્થાની વ્યાખ્યા** | | **ભારતની વ્યાખ્યા** |
|---|---|---|---|---|
| | | **પ્રમાણભૂત** | **કામકાજની (વ્યવહારમાં ઉપયોગીતા લેવાની)** | |
| ૦ | ૬/૬-૬/૧૮ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૧ | ૨૬/૧૮- ૬/૬૦ | દ્રષ્ટિક્ષતિ | અલ્પદ્રષ્ટિ | અલ્પદ્રષ્ટિ |
| ૨ | ૨૬/૬૦-૩/૬૦ | અતિશય | અલ્પદ્રષ્ટિ | દ્રષ્ટિહીન |
| ૩ | ૨૩/૬૦-૧/૬૦ | દ્રષ્ટિહીન | અલ્પદ્રષ્ટિ | દ્રષ્ટિહીન |
| ૪ | ૧/૬૦- પ્રકાશની પ્રતીતી થવી | દ્રષ્ટિહીન | અલ્પદ્રષ્ટિ | દ્રષ્ટિહીન |
| ૫ | પ્રકાશની પ્રતિતી ન થવી | દ્રષ્ટિહીન | સદંતર દ્રષ્ટિહીન | સદંતર દ્રષ્ટિહીન |

૧૯૯૫ના વિકલાંગધારા (સમાન તકો અધિકારોનું રક્ષાણ અને પૂર્ણ ભાગીદારી)માં જણાવ્યા મુજબ અંધધન્ય એટલે એવા પ્રકારની પરિસ્થિતિ કે જવા વ્યક્તિ નીચે જણાવેલ પરિસ્થિતિઓમાંથી કોઈ પરિસ્થિતિથી પિડાતી હોય જેવી કે

૧. દ્રષ્ટિનો સંપૂર્ણ અભાવ અથવા

૨. દ્રષ્ટિ સુધાર લેન્સીસવાળા સારી આંખમાં દ્રષ્ટિનું પ્રમાણ ૬/૬૦ અથવા ૨૦/૨૦૦ સ્ટેલીનથી વધુ ન હોય અથવા

૩. દ્રષ્ટિક્ષેત્રની મર્યાદા ૨૦ અંશ કોણ સુધીની કે તેથી વધારે ખરાબ હોય.

## ૬. રકતપીત: (મટેલ વ્યક્તિ)

રક્તપીત (મટેલ) વ્યક્તિ પણ આ કાયદા અન્વયે વિકલાંગ વ્યક્તિ ગણવામાં આવે છે જેની વ્યાખ્યા નીચે મુજબ આપવામાં આવેલી છે.

૧. હાથ અને પગોમાં સંવેદનના લોપ ઉપરાંત આંખ અને આંખની પાંપણોનો સંવેદન લોપ અને હળવો આંશીક લકવો પરંતુ કોઈ પ્રગટ કુરૂપતા નહી.

૨. પ્રગટ કુરૂપતા અને હળવો આંશીકલકવો પરંતુ સામાન્ય આર્થિક પ્રવૃતિઓ કરવા રોકાણ થઈ શકે તેવુ તેમના હાથ અને પગોમાં પુરતુ હલન-ચલન હોવું.

૩. અંતિમ કક્ષાની શારીરિક કુરૂપતા તેમજ વધેલી હોય જે તેને ઉપજાઉ વ્યવસાય કરતા અટકાવે.

વિકલાંગતા અગાઉ જણાવી ગયા તે મુજબ માનવ જીવન ઉપર એક બહુજ મોટા અભિશાપ રૂપ છે. સામાન્ય અને સ્વસ્થ માણસને વિકાલાંગ વ્યક્તિની વેદના અને લાચારીનો અંદાજ આવતો નથી. માનવ શરીરના એક એક અંગનું ચોક્કસ કાર્યક્ષેત્ર છે કે જે શરીરનું બીજુ અંગ કરી શકતુ નથી. આમ જે તે અંગની ક્ષતિ વિકલાંગ વ્યક્તિમાં સંવેદના ઉભી કરે છે અને સારવાર છતા પણ જો સુધારો ન જણાય તો આખી જીંદગી વિકલાંગ તરીકે પુરી કરવી પડે છે. વ્યક્તિના આર્થિક કે સામાજિક પ્રશ્નો વહેચી શકાય છે. પરંતુ વિકલાંગતા વહેચી શકાતી નથી. માંનું અંધત્વ દીકરો લઈ શકતો નથી અને દીકરાની શ્રવણહીનતા માતા લઈ શકતી નથી.

આતો શરીરના એક અંગની ખોટ ખાપણ ધરાવતી વિકલાંગતાની વાત થઈ જ્યારે માનવ સમાજમાં ઘણી એવી વ્યક્તિઓ હોય છે કે જેઓ બહુવિકલાંગતા ધરાવતી હોય કે જેમાં એક કરતા વધારે અંગોની વિકલાંગતા આવેલી હોય.

## ૧.૫ બહુવિકલાંગતા એક વિશ્લેષણ

બહુવિકલાંગતા, વિશ્લેષણની વ્યાખ્યા અને વિભાવનાઓ

વિકલાંગતા અને બહુવિકલાંગતા બન્ને કોઈપણ સમાજ માટે અભિશાપ રૂપ છે. વિકલાંગતા એકલી પણ જો વ્યક્તિનું જીવન પાંગળુ બનાવી દેતી હોય, તેને નિરાધાર અને લાચાર બનાવી દેતી હોય તો પછી બહુવિકલાંગ વ્યક્તિની વેદના, તેની લાચારી અને તેની અસહાયતા કલ્પનાતીત છે. કારણ કે તે એક કરતા વધારે અંગોની વિકલાંગતા ધરાવે છે. જેમકે મુક-બધીર વ્યક્તિ દ્દષ્ટિહીન પણ જો હોય તો તેની અસહાયતા ન કલ્પી શકાય તેટલી હોય છે તેવીજ રીતે અસ્થિવિષટક વિકલાંગ વ્યક્તિ દ્દષ્ટિહીન હોય તો તેની અસહાયતા પણ ખૂબજ હોય છે. તેવીજ રીતે મંદબુદ્ધિત્વ ધરાવતી વ્યક્તિ પણ જો મુકબધીર હોય અથવા અંધ હોય તો તેનું જીવન પણ એક ગંભીર સમસ્યા બની જાય છે.

➢ **વ્યાખ્યા**

એસ.વેંકટેશન પોતાના પુસ્તક "Children with Devlopmental disablilities" માં બહુવિકલાંગતાની વ્યાખ્યા આપતા જાણાવે છે કે બહુવિકલાંગતા એવા પ્રકારની પરિસ્થિતિનું સુચન કરે છે કે જેમાં બાળક એક સાથે વધારે વિકલાંગતાથી પીડાતુ હોય. આ વ્યાખ્યાને સ્પષ્ટ કરતા તે જાણાવે છે કે દ્રષ્ટિકોણથી પીડિત બાળક જ્યારે માનસિક અપંગપણાથી પીડાતુ હોય ત્યારે તેને બહુવિકલાંગતાની વ્યાખ્યામાં મુકી શકાય.

આમ બહુવિકલાંગ વ્યક્તિઓ એવી વ્યક્તિ કે જેનામાં બે અથવા વધુ પ્રમાણપત્ર આપી શકાય તેવી વિકલાંગતા એક સાથે થયેલી હોય તદઉપરાંત આ બહુવિકલાંગતાની અસર એટલી ઉંડી અને ગંભીર અસર હોય કે તેની શૈક્ષણિક જરૂરિયાતો કોઈ એક વિકલાંગતાની શરતો માટે રચાયેલા કાર્યક્રમથી પુરી કરી શકાય તેમ ન હોય. તેની શૈક્ષણિક જરૂરિયાતો માટે તેની એક કરતા વધારે વિકલાંગતાને ધ્યાનમાં રાખવી પડે. બહુવિકલાંગ વ્યક્તિની સારવાર

પણ અનેક ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. કારણ કે દ્રષ્ટીક્ષતિથી પીડાતુ બાળક જો બહેરુ-મુંગુ હોય તો તેની શિક્ષણનું માધ્યમ અને પરિભાષા કઈ રાખવી તે એક વિકટ પ્રશ્ન અને પડકાર છે. તેમ છતા બહુવિકલાંગ વ્યક્તિના અસ્તિત્વ અંગેના માનવીય અધિકારને નકારી શકાતો નથી. બહુવિકલાંગ વ્યક્તિ પણ સમાજનું એક બહુ મહત્વનું અંગ હોવાથી તેનું શિક્ષણ, તાલીમ અને શક્ય હોય તો સારવાર અને પુનર્વસનની વ્યવસ્થા એ એક બહુવિકલાંગતાના કારણો અત્યંત મહત્વના છે. બહુવિકલાંગતા જન્મગત પણ હોય છે અને જન્મોતર પણ હોય છે અને આ બન્ને પ્રકારમાંથી પરિણમતી બહુવિકલાંગતા એ બહુવિકલાંગ વ્યક્તિના કુટુંબ માટે સમસ્યાઓ અને પ્રશ્નોની હારમાળા સર્જે છે.

**૧. જન્મગત**

જન્મગત વિકલાંગતાઓએ જ્યારે માતાના ગર્ભમાંથી બાળક જન્મ લે છે ત્યારે જ ક્ષતિગ્રસ્ત હોય છે. એટલે કે ગર્ભાવસ્થા દરમ્યાન તેની શારીરિક ક્ષતિનો અંદાજ આવવો મુશ્કેલ છે. જન્મગત વિકલાંગતાના કારણોમાં અધુરા માસે જન્મ, વારસાગત પ્રશ્નો, અવિકસીત ગર્ભાશય, ગર્ભાવસ્થા દરમ્યાન માતાને થયેલ ઈજા અથવા ગર્ભાશયને લગતા ચેપી રોગો અથવા તો પ્રસુતીની ખામીયુક્ત પદ્ધતિ જવાબદાર હોય શકે. જન્મસમયની કોઈ ખામી ના હોય અને વારસાગત ખામી હોય તો પણ જન્મનાર બાળક બહુવિકલાંગ હોઈ શકે છે.

**૨. જન્મોતર**

જન્મસમયે બાળક સંપુર્ણ સ્વસ્થ હોય તો પણ જન્મ બાદ દવાની આડ અસર, નવજાત શિશુને તાવ આવવો, આંચકી આવવી અથવા કમળો થવો તેવા સંજોગોમાં જન્મનાર બાળકને જન્મ પછી વિકલાંગતા કે બહુવિકલાંગતા આવી શકે છે. મોટેભાગે તાવ અથવા આંચકી આવવી જેવા રોગોના પરિણામ સ્વરૂપ બાળકને અસ્થિવિષયક વિકલાંગતા જન્મી શકે છે. જન્મ બાદ નવજાત શિશુને અથવા ઉછરતા બાળકને કુપોષણને પરિણામે પણ

બહુવિકલાંગતા થવાની સંભાવનાઓ રહેલી છે. ઉછેરની નાની સરખી ભુલ પણ મોટુ સ્વરૂપ ધારણ કરી લે છે અને જ્યારે બાળકને થયેલ ક્ષતિનો ખ્યાલ આવે છે ત્યારે ઘણુ મોડુ થઈ ગયુ હોય છે. શારીરિક ખોડ ઉદભવવા માટે તાવ અને આંચકીની અસરને કારણે થતી વિકલાંગતાઓ વધારે પ્રમાણમાં જોવા મળે છે.

➢ નાનુ બાળક ચાલતા શીખે છે, દોડતા શીખે છે હરતો ફરતો થાય છે તે દરમ્યાન તેનો જો નાનો મોટો અકસ્માત થાય તો ઘણીવાર તેની અસરો ગંભીર અને દુરગામી હોય છે જે તેની શારીરિક ક્ષતિના રૂપમાં પરિવર્તન થઈ શકે છે. બહુવિકલાંગતા માટેનું એક મોટુ કારણ બાળકને નાની ઉંમરે થતો પોલીયોનો રોગ છે. ઘણી માતાઓ પોલીયોના રસીકરણના જ્ઞાનને અભાવે પોતાના બાળકને પોલીયોના ટીપા પીવડાવતી નથી જેને પરિણામે તાવમાંથી બાળકને પોલીયો થઈ શકે છે. શીતળા જેવા રોગો જો કે હવે ભારતમાંથી નાબૂદ થવા માંડે છે. તેમ છતાં અંધત્વ પાછળના મહત્વના કારણોમાંનું એક કારણ શીતળા પણ છે. આ ઉપરાંત પુરતા પોષણની ખામીને કારણે પણ અંધત્વ આવી શકે છે.

આ ઉપરાંત મોટી ઉંમરે થતા જામર જેવા રોગને કારણે પણ દ્રષ્ટિહીનતા આવી જાય છે. મોતીયાની જો સમયસર સારવાર કરવામાં ન આવે તો તેની આડ અસર પણ માનવીની દ્રષ્ટિ પર થાય છે.

➢ મુક બધીરના કારણો તપાસીએ તો કાન કે ગળાને લગતા દર્દ થવાથી કે સમયસર સારવાર ન કરવાથી મુકબધીરતા આવી શકે છે. મુકબધીરતા ઘણે અંશે વારસાગત હોય શકે છે. આ ઉપરાંત ઓળી, અછબડા કે શીતળાને કારણે તાવ આવવાથી પણ મુકબધીરતા આવી શકે છે. પરંતુ મુખ્ય તબીબી અભિપ્રાય અનુસાર ગળાના કાકડાની અને કાનની અન્ય તકલીફો અને કાનની ટ્યુબને સોજો આવવાથી કાળજી

લેવામાં ન આવે તો મુકબધીરતા આવી શકે છે.

➢ માનસિકક્ષતિ અને મંદબુદ્ધિતા એ અલગ-અલગ પ્રકારની વિકલાંગતા છે જેના કારણે પણ અલગ-અલગ હોય શકે. જન્મબાદ બાળક ઉપરના તબકકા પ્રમાણે વિકાસની સાધતો હોય તો તેને માનસિકક્ષતિ ગ્રસ્ત બાળક છે તેમ ગણી શકાય જ્યારે બૌદ્ધિક મંદતાને પરિણામે એ બાળક મંદબુદ્ધિ બને છે. જેના અનેક કારણોમાં ગર્ભાવસ્થા દરમ્યાન માતાને તાવ સાથે આંચકી આવવી કે હિસ્ટીરિયા થવો ગણી શકાય. જન્મ બાદ ઉછેરના સમયે જો બાળકના ઉછેર માટે પુરતો સમયના આપી શકાય તો તેની અસર પણ તેની માનસિકતા પર પડે છે. આ ઉપરાંત નવજાતશિશુને તાવ આવવો, આંચકી આવવી, પલંગ પરથી પડી જવુ કે જેને કારણે માથા પર ઈજા થાય તો બધાની અસર તેની માનસિકતા પર પડી શકે છે. આમ વિકલાંગતા કે બહુવિકલાંગ પાછળના કારણો કોઈપણ હોઈ શકે, બહુવિકલાંગની ગંભીરતા એવી ઓછી થતી નથી અને ઘણા કિસ્સાઓમાં બાળકના વિકાસ સાથે એ બહુવિકલાંગતા ઘટવાને બદલે વધતી જાય છે. ઘણીવાર જન્મ સમયની એકજ વિકલાંગતા ધરાવનાર બાળક ઉછેરના સમય દરમ્યાન બીજી વિકલાંગતાનો પણ ભોગ બને છે.

## ૧.૬ બહુવિકલાંગતાના લક્ષણો

બહુવિકલાંગતાના લક્ષણો નીચે મુજબ જણાવી શકાય.

૧. બેસ્ટ અને બ્રાઉનના મતાનુસાર બહુવિકલાંગ વ્યક્તિ બહુઈન્દ્રીય સંવેદનશક્તિ ગુમાવી બેસે છે.

૨. બહુવિકલાંગ વ્યક્તિ સ્વતંત્ર રીતે કોઈપણ કાર્ય શીખવા કે કોઈ કાર્ય કરવા અસમર્થ હોય છે.

૩. બહુવિકલાંગ બાળકો ગંભીર અને ઉંડી શીખવાની સમર્થતા ગુમાવી બેસે છે અને પરિણામે પર્યાવરણના પાસાઓમાંથી સંકેતોને જીલવામાં કે અલગ તારવવામાં મુશ્કેલી અનુભવે છે.

૪. બહુવિકલાંગ બાળકોની ટુંકાગાળાની સ્મૃતિમાં અને લાંબા ગાળાની સ્મૃતિમાં માહિતી સંગ્રહ કરવાની તકલીફ છે.

૫. આપેલ ચોક્કસ પરિસ્થિતિમાં માહિતીની પ્રક્રિયા કરવામાં અને સમસ્યા ઉકેલ માટેના પ્રતિભાવોને સંગઠીત કરવામાં વિક્ષેપ પડે છે.

૬. બહુવિકલાંગ બાળક બોડીલેંગ્વેજના એટલે કે શરીરના હાવભાવની ભાષાને સમજવામાં કે તે દ્વારા માહિતી મેળવવામાં અક્ષમ હોય છે.

૭. બહુવિકલાંગ બાળકો અર્મૂત વિચારો કરવામાં ત્રાસ અનુભવે છે.

૮. આવા બાળકોને ક્રમાનુસાર અને માળખાગત સુચનાઓની જરૂર પડે છે.

૯. બહુવિકલાંગ બાળકોને વિવિધ ટેકો આપનારાઓની, માર્ગદર્શન આપનારાઓની અને મદદ કરનારની જરૂર ઉપસ્થિત થાય છે.

૧૦. બહુવિકલાંગ વ્યક્તિ કે બાળક પોતાનો સ્વભાવ કે અનુભવના ભાથા પ્રમાણે ક્રિયા પ્રતિક્રિયા કરે છે.

૧૧. આવી ગંભીર પ્રકારની બહુવિકલાંગતામાં બહુવિકલાંગ બાળક શારીરિક ક્રિયાઓનું નિયમન કરી શકતા નથી અને તેમને તે માટે સહારાની જરૂર પડે છે.

૧૨. આમ સમગ્ર રીતે જોતા લાગે છે કે બહુવિકલાંગ બાળક એક યા બીજી રીતે અન્ય વ્યક્તિ ઉપર સહાય કે ટેકા માટે આધારીત છે. એટલું જ નહી

બહુવિકલાંગ બાળક ક્યારે કેટલા પ્રમાણમાં શુ શીખશે અને ભવિષ્યમાં પુખ્ત વયની વ્યક્તિ તરીકે શું કરી શકશે તેની ચોક્કસ આગાહી થઈ શકતી નથી.

## ૧.૭. બહુવિકલાંગતાના પ્રકારો

બહુવિકલાંગતાના એટલે સીધી સાદી માનવીય સમજ મુજબ એક કરતા વધારે શારીરિક વિકલાંગતા. જો કે માનસિક વિકલાંગતાને પણ બહુવિકલાંગતા સાથે સાંકળવામાં આવે છે. આમ બહુવિકલાંગતાનાં મુખ્ય પ્રકારો નીચે મુજબ છે.

### ૧. બહુવિકલાંગ અને દ્રષ્ટિક્ષતિ

એવી વ્યક્તિ છે જેણે પોતાની દ્રષ્ટિ ગુમાવી છે. સાથોસાથ બીજી અન્ય શારીરિક વિકલાંગતા પણ તે ધરાવે છે. ખાસ કરીને દ્રષ્ટિ ક્ષતિ ઉપરાંત હાથ કે પગની કે ગરદનની કોઈ અસ્થી વિષયક વિકલાંગતા ધરાવનાર વ્યક્તિ એક સાથે બે વિકલાંગતા ધરાવે છે. એટલે તેને બહુવિકલાંગ વ્યક્તિ ગણી શકાય.

### ૨. બહુવિકલાંગ અને માનસિક ક્ષતિ

મગજની અસમાનતાથી આ ક્ષતિ નીપજે છે. મગજની ક્ષતિ સાથે જો દ્રષ્ટિ ક્ષતિ હોય તો તેવી વ્યક્તિ પણ બહુવિકલાંગ કહેવાય છે. આ પ્રકારમાં દ્રષ્ટિક્ષતિ ધરાવનાર વ્યક્તિ મંદબુદ્ધિની હોય તો તે પણ બહુવિકલાંગ વ્યક્તિ ગણાય છે. તબીબી મત અનુસાર મગજની ક્ષતિ ઉપજવા બાબત મગજનો લકવો, આચકી, તાણ આવવી કે શરીર જકડાઈ જવુ એવી સમસ્યા સર્જાય છે. જેની માનસિક ક્ષતિ કહેવામાં આવે છે.

### ૩. બહુવિકલાંગ મુકબધિર

આપણે જાણીએ છીએ મુકબધીર વ્યક્તિઓ જો માનસિક રીતે સ્વસ્થ્ય હોય તો પોતાની અન્ય શારીરિક ક્રિયાઓ સારી રીતે કરી શકે છે. પરંતુ બોલવાની કે સાંભળવાની પ્રક્રિયા કરી શકતા નથી. આવી મુકબધીર વ્યક્તિ જો સાથોસાથ દ્રષ્ટિક્ષતિથી પીડાતી હોય

અથવા હાથ કે પગની કોઈ અસ્થિ વિષયક વિકલાંગતા ધરાવતી હોય તો તેને પણ બહુવિકલાંગતા કહી શકાય.

### ૪. બહુવિકલાંગતા અને રક્તપિત

ઘણીવાર રક્તપિત જેવા રોગમાંથી દર્દી સાજો થતો હોય પરંતુ કુદરતના અભિશાપને પરિણામે અન્ય કોઈ વિકલાંગતા ધરાવતા હોય તો તે પણ બહુવિકલાંગ વ્યક્તિ ગણી શકાય છે.

વિકલાંગતાની વ્યાખ્યા આપતા વિકલાંગ વ્યક્તિઓનો (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ સહભાગિતા) ધારો, ૧૯૯૫ જણાવે છે કે તબીબી સતા દ્વારા પ્રમાણિત કર્યા મુજબની ૪૦% કરતા ઓછી નહી એવી વિકલાંગતાથી પીડાતી કોઈપણ વ્યક્તિ તેથી જ્યારે કોઈ વ્યક્તિ બહુવિકલાંગતાથી પીડાય છે ત્યારે દરેક પ્રકારની વિકલાંગતાનું પ્રમાણ ૪૦% કરતા વધારે હોય છે.

## ૧.૮ બહુવિકલાંગતાની અસરો

ડો. જોગના અભિપ્રાય મુજબ બહુવિકલાંગ વ્યક્તિઓની સંખ્યા બે પ્રકારની જરૂરિયાતોનું પ્રતિનિધિત્વ કરતો હોવાનું ગણવું જોઈએ. આ બંને પ્રકારનું વર્ણન કરતા ચાવીરૂપ શબ્દો છે. સરવાળાત્મક અને પરસ્પર ક્રિયાત્મક અસર.

### ૧. સરવાળાત્મક ઉંડી અસર

આ જુથની અંદર બે કે તેથી વધુ વિકલાંગતાઓની જીવનશૈલી પરની અને શીખવા પરની ઉંડી અસરો, સરવાળાત્મક અથવા બે અલગ-અલગ વિકલાંગતાઓની ઉંડી અસરોના સરવાળા તરીકે ગણે છે અને એક વિકલાંગતાનું પ્રતિનિધિત્વ કરતી વિકલાંગ વ્યક્તિઓ માટે સંયોજનના અભિગમનો ઉપયોગ કરી શકશે.

દા.ત. એક બાળક જે દ્રષ્ટિક્ષતિ પામેલુ છે અને તેના બન્ને પગ કપાવાથી ગુમાવેલા

છે તો આ બાળકને કૃત્રિમ પગ બેસાડી પુરા પાડી શકાશે અમે તેને અન્ય દ્રષ્ટિક્ષતિ પામેલા બાળકોને જે પદ્ધતિથી શીખવવામાં આવે છે તેની પદ્ધતિ જ શીખવી શકાશે.

### ૨. પરસ્પર ક્રિયાત્મક ઉંડી અસર

આ જુથની અંદર જ બે કે તેથી વધુ વિકલાંગતાઓની જીવનશૈલી પરની અને શીખવા પરની ઉંડી અસરો પરસ્પર ક્રિયાત્મક હોવાનું ગણી શકાશે. દરેક એકાંકી વિકલાંગતા વિસ્તારનું સંયોજન કરવાનું અભિગમ વ્યક્તિની જરૂરિયાતોને જુદા પાડવા માટે પુરતો હશે નહી તેને બદલો વિશિષ્ટ અભિગમોની જરૂર પડશે.

દા.ત. બહુવિકલાંગ બાળકને જે તે હાથ-પગની પણ વિકલાંગ છે તેને મગજનો લકવો પણ છે. મગજના લકવાને લીધે આપમેળે કાર્યાન્વિત સ્નાયુઓનું સંકોચન થતા તેનાથી પદ્ધતિઓનો ઉપયોગ કરી શકાતો નથી. કારણ કે લકવામાં સ્પર્શ શક્તિનું સંવેદન થતુ નથી તેથી સ્પર્શજ્ઞાન માટે અન્ય અભિગમ વિકસાવવા પડશે.

જેમની વિકલાંગતાની જીવનશૈલી તેમજ કામગીરી પર પરસ્પર ક્રિયાત્મક ઉંડી અસરો હોય તેવા બાળકો માટે નવી સંભાળની અને અન્ય શિક્ષણની ખાસ પ્રકારની વ્યુહ રચના વિકસાવવી પડે છે. કારણ કે શિક્ષણની સામાન્ય વ્યુહ રચના તેમની સમજ અનેક્ષમતા બહારની છે તેથી શિક્ષણની અને તાલીમની તેમના માટે અલગ વ્યવસ્થા કરવી પડે છે. અલગ ભાષા વિકસાવવી પડે છે. અને અલગ-અલગ પદ્ધતિઓનો આસરો લેવો પડે છે. કોઈ એક જ વ્યુહ રચના અલગ-અલગ પ્રકારની વિકલાંગતા ધરાવનાર વ્યક્તિઓ માટે યોજી શકાતી નથી. જેમકે દ્રષ્ટિક્ષતિ ધરાવનાર કે અંધ વ્યક્તિઓ માટે બ્રેઈલલીપી હોય છે કે મુકબધીર વ્યક્તિઓ માટે આંગળીઓની ભાષા હોય છે. પ્રશ્ન ત્યારે ઉભો થાય કે જ્યારે દ્રષ્ટિક્ષતિ ધરાવનાર વ્યક્તિ સાથોસાથ મુકબધીર હોય ત્યારે તેને માટે ઉપર જણાવેલ તેમાંથી એકપણ વ્યુહ રચના સફળ નહી થાય.

## ૧.૯ બહુવિકલાંગ બાળકોની સમસ્યાઓ અને જરૂરિયાતો

બહુવિકલાંગ બાળકોની અનેકવિધ સમસ્યાઓ અનેક પ્રકારની જરૂરિયાતો તેના સમગ્ર જીવનનો એક ભાગ છે. આ બાળકોની સમસ્યાઓ અને જરૂરિયાતો સામાન્ય બાળકોની સમસ્યાઓ અને જરૂરિયાતો કરતા જુદી પડી આવે છે તેના અનેક કારણોમાનું એક કારણ જે આંખે ઉડીને વળગે તેવુ છે તે તેની લાચારી છે. સામાન્ય બાળકને જે સમસ્યા નથી તે બહુવિકલાંગ બાળક માટે અતિગંભીર સમસ્યા હોય શકે છે અને તેની બહુવિકલાંગતાના કારણે તેની જરૂરિયાતો પણ અલાયદી અને અનેકવિધ હોય છે. તેની બહુવિકલાંગતામાંથી જે સમસ્યાઓ નિર્માણ થાય છે તે નીચે મુજબની છે.

૧. બહુવિકલાંગ બાળકો મુખ્યત્વે હતાશાનો ભોગ બને છે અને આ હતાશાની સીધી અસર તેના રોજીંદા જીવન પર, જો શિક્ષાણ કે તાલીમ લેતો હોય તો તેના પર અને લાંબાગાળે તેમાં સમગ્ર જીવન પર પડે છે.

૨. બહુવિકલાંગતાની નિષેધક સહારોનો પણ બાળક ભોગ બને છે. શારીરિક ક્ષતિવાળા બાળકોને ઠંડી ઋતુમાં શારીરિક દુખાવાની ફરિયાદ રહે છે તો ઘણીવાર સાથોસાથ માનસિક ક્ષતિ હોય તો તાવ કે આંચકી પણ આવી શકે છે. આમ એક યા બીજા પ્રકારની શારીરિક પીડાની ફરિયાદ હંમેશા રહ્યા કરે છે અને પરિણામે જ્યારે તે શારીરિક બીમારીથી પીડાતો હોય ત્યારે સારવાર કરવામાં ખુબજ ધ્યાન રાખવું પડે છે.

૩. બહુવિકલાંગ બાળકોને રહેણીકરણીની પણ સમસ્યા હોય છે તેમની શારીરિક વિકલાંગતાને ધ્યાનમાં રાખીને ખાસ પ્રકારના કપડા તૈયાર કરવામાં આવે છે. આ પ્રકારના કપડા એ વિશિષ્ટ કપડા હોવાથી તેને ન ગમે એવુ બને. જેના પરિણામે વાલી અને બાળક વચ્ચે વૈચારિક સંઘર્ષ થાય. અત્યંત

મહત્વની બાબત એ છે કે કુટુંબના આમ સામાન્ય બાળકની માફક વિકલાંગ બાળકને રહેવાની ઈચ્છા થાય છે. પરંતુ સંજોગોને ધ્યાનમાં લેતા વાલી અને વિકલાંગ બાળક બન્ને લાચાર બની રહે છે.

૪. બહુવિકલાંગ બાળકમાં સામાજિકરણનો પ્રશ્ન પણ અત્યંત ગંભીર છે. ખાસ કરીને માતા-પિતા આવા બાળકોને જાહેર સમારંભોમાં કે અન્ય કુટુંબોમાં લઈ જવાનું ટાળે છે ત્યારે જો તે વિકલાંગ બાળક સાથે જવાની હઠ પકડે તો મા-બાપ માટે સમસ્યાનું સર્જન કરે છે અને જો વિકલાંગ બાળકને સામાજિક પ્રસંગોથી વંચિત રાખવામાં આવે તો તેનું યોગ્ય સામાજિકરણ થઈ શકતુ નથી.

૫. બહુવિકલાંગ બાળકી પોતાના કુટુંબમાં પણ કૌટુંબિક સમસ્યાઓ સર્જે છે. ખાસ કરીને તેમના કુટુંબમાં અન્ય બાળકો તેમના પ્રત્યે તિરસ્કાર કે ઉપેક્ષાની વૃતિ ધરાવતા હોય અથવા તેમના તરફથી બહુવિકલાંગ બાળકો પ્રત્યે બીનજરૂરી દયા કે સહાનુભુતિ દર્શાવવામાં આવે ત્યારે બહુવિકલાંગ બાળક હતાશ બની જાય છે અને માનસિક એકલતા અનુભવે છે.

૬. ઘણીવાર બહુવિકલાંગ બાળકોને પોતાની કુદરતી ક્રિયા ઉપર અંકુશ નથી હોતો અને આ પ્રશ્ન અતિ ગંભીર ત્યારે જ બને છે કે જ્યારે બહુવિકલાંગ બાળક વાચાહિન હોય છે. પરિણામે બહુવિકલાંગ બાળક સંજ્ઞાઓ દ્વારા જે કહેવા માંગતો હોય તે કુટુંબના અન્ય સભ્યો સમજી શકતા નથી. પરિણામે બહુવિકલાંગ બાળકની પ્રાથમિક જરૂરિયાતો પ્રત્યે દુર્લક્ષતા સેવવામાં આવે છે.

૭. બહુવિકલાંગ બાળક અન્ય બાળકો કરતા ખાઉધરી પ્રકૃતિનાં હોય છે અને

ગમે તેટલુ ખાય તેમ છતાં તેને સંતોષ થતો નથી એમ નિરીક્ષણ દ્વારા જણાયુ છે. પરિણામે ખાધેલા બધા જ ખોરાકનું પાંચન ન થવાને પરિણામે થતા શારીરિક ઉપદ્રવો બનવા પામે છે. જે તેને માટે તેની સારવારમાં રોકાયેલ કુટુંબમાં સદસ્યો માટે સમસ્યા બની જાય છે.

૮. બહુવિકલાંગ બાળક જે કુટુંબમાં હોય છે. તે કુટુંબની અપરણિત વ્યક્તિઓ માટે પણ આ વિકલાંગ બાળકો પ્રશ્નો સર્જે છે. ખાસ કરીને આવા કુટુંબો સાથે વૈવાહિક સંબંધો બાંધવામાં અનેક અવરોધો પેદા થાય છે. ખાસ કરીને બહુવિકલાંગ બાળકમાં કુટુંબની અપરણીત બહેનોની સગાઈ અને લગ્ન વખતે આ રોગની વારસાગતતા અંગે પ્રશ્નો ઉઠાવવામાં આવે છે અને જેનો ભોગ કેટલીકવાર અપરણીત બહેનોને બનવુ પડે છે.

૯. જે કુટુંબમાં બહુવિકલાંગ બાળકો અને વૃદ્ધજનો હોય તે ઘર અનેક સમસ્યાનો અખાડો બની જાય છે. પરિણામે કુટુંબના વડિલને સમસ્યાઓનું નિરાકરણ કરવામાં જ જીંદગી વિતી જાય છે. જેને લીધે પોતાની વૈકલ્પિક સમસ્યાઓનું નિરીક્ષણ કરી શકતો નથી. આમ અનેક સમસ્યાઓથી ઘેરાયેલ તે વડીલ પોતાની માનસિક સ્વસ્થતા પણ ગુમાવી બેસે.

૧૦. બહુવિકલાંગ બાળકોમાં જાતીય વિકાસ પણ બહુ જલદી શરૂ થાય છે. પરિણામે અનેક પ્રકારની જાતિય સમસ્યાઓ બહુવિકલાંગ બાળકો ભોગવે છે. માનસિક ક્ષતિવાળા બાળકો ઉંમરમાં દસમાં વર્ષેજ એટલે કે ઘણી નાની વયે જાતિય પરિપકવતા પ્રાપ્ત કરતા હોય છે અને ફ્રોઈડના સિદ્ધાંત મુજબ જાતિય ચેષ્ટાઓ પણ કરતા હોય છે.

૧૧. નાની વયે જાતીય સભાનતાને કારણે બહુવિકલાંગ બાળકો સજાતીય પ્રેમ

કરતા હોય છે. જે તેમનાં જીવન માટે ઘાતક નીવડે છે. બહુવિકલાંગતા ધરાવનાર બાળક શારીરિક શક્તિ ધરાવતો હોય છે તે અન્ય બહુવિકલાંગ બાળકો પર જો હુકમી કરે છે અને જાતીયતાને લગતો ત્રાસ આપે છે.

૧૨. બહુવિકલાંગ બાળકોની રચનાત્મક શક્તિઓને સમજવામાં અને ખીલવવામાં વાલીઓ મહદઅંશે નિષ્ફળ જાય છે. કારણ કે બહુવિકલાંગ બાળકોમાં રચનાત્મક શક્તિઓ હોઈ શકે છે. એ પ્રકારનું મા-બાપ સ્વીકારતા નથી હોતા. ઘણીવાર એવુ બને છે. અન્ય રીતે બહુવિકલાંગ બાળક પ્રચંડ રચનાત્મક શક્તિ કોઈ કળા બાબતમાં ધરાવતો હોય છે પછી તે રમતગમત હોય, સંગીત હોય, ચિત્રકામ હોય.

૧૩. બહુવિકલાંગ બાળકના ઉછેર અંગે ઘણીવાર માતા-પિતાનો અહમ ટકરાતો હોય છે. જેને કારણે માતા-પિતામાં પણ કૌટુંબિક સમસ્યાઓ સર્જાય છે. ખાસ કરીને જ્યારે બહુવિકલાંગ બાળકની સારવાર પાછળ દોરાધાગા, મંત્રતંત્ર, અથવા ઓપરેશન, દવાઓ અને અન્ય ડોક્ટરોની સુચના મુજબ થતી સારવાર પાછળનો ખર્ચ મહત્વનો મુદો બની જાય છે. આ ખર્ચને કારણે ઘરના બે છેડા ભેગા કરવા મુશ્કેલ બને છે અને સારવારના આર્થિક ખર્ચને પહોંચી વળવા સારુ એવુ આર્થિક આયોજન કરવુ પડે છે.

૧૪. બહુવિકલાંગ બાળકોની સારવાર કે ખાસ દેખરેખની નિષેધક અસરો કુટુંબના અન્ય બાળકો ઉપર પડવા પામે છે. જેને પરિણામે ક્યારેક તેઓ બહુવિકલાંગ બાળકની ઈર્ષા કરે છે. બહુવિકલાંગ બાળકની થતી અસામાન્ય સારવાર કે દેખરેખ કુટુંબના સભ્યો વચ્ચે ન્યાય અને અન્યાયના પ્રશ્નો ઉભા કરે છે.

૧૫. જ્યારે બહુવિકલાંગ બાળક કુટુંબના અન્ય બાળક જેટલું કે જેવું શિક્ષણ પ્રાપ્ત

ન કરે ત્યારે તેને વખોડી કાઢવામાં આવે છે. હડધુત કરવામાં આવે છે જે બહુવિકલાંગ બાળકના ભાવિ વિકાસ માટે સમસ્યાઓનું સર્જન કરે છે.

૧૬. ઘણીવાર અંધશ્રદ્ધા કે અન્ય સગાસંબંધીઓથી ગેરમાર્ગે દોરવાઈને વાલીઓ બહુવિકલાંગ બાળકોને સગાસંબંધીઓ કે મિત્રો સાથે મળવાની મનાઈ કરે છે. જે તેની સામાજિક કરણની પ્રક્રિયામાં બાધક બને છે.

## ૧.૧૦બહુવિકલાંગ બાળકોના સમાયોજનના પ્રશ્નો

બહુવિકલાંગ બાળકો સમાજનો એક અતિ મહત્વનો ભાગ હોવા છતા તેના સમાયોજનનાં પ્રશ્નો અત્યંત ગંભીર અને વિશાળ ફલક પર પથરાયેલા છે. બહુવિકલાંગ બાળકો જો તે માનસિક ક્ષતિવાળા ન હોય તો અન્ય માનવીઓની માફક સ્વસ્થ જીવન જીવવાની પાત્રતા ધરાવી શકે છે. ડો.આર.કે.પંચાલ પોતાના પુસ્તક Improvement of Disabled and others માં જણાવે છે કે કુદરત બહુવિકલાંગ બાળકો સાથે અન્યાયી રમત રમેલ છે. અથવા તો બહુવિકલાંગ બાળકો કમનસીબ અકસ્માતનો ભોગ બનેલ છે. ડો.આર.કે.પંચાલ વિશેષમાં જણાવે છે કે બહુવિકલાંગ વ્યક્તિઓનું કલ્યાણ એક પડકારરૂપ કાર્ય છે કે જે નાગરિકો, સ્વૈચ્છિક સંસ્થાઓ અને સરકારે ઉઠાવી લેવો જોઈએ અને સામુહિક રીતે બહુવિકલાંગ બાળકોના કલ્યાણની અને તેમના ઉત્કર્ષની અને તેમના સમગ્ર જીવનની જવાબદારી અદા કરવી જોઈએ. બહુવિકલાંગ બાળક અન્ય તંદુરસ્ત વ્યક્તિઓની માફક જ કોઈપણ સમાજનું એક મહત્વનો હિસ્સો છે. કુદરતે જેને અન્યાય કર્યો છે તેને ન્યાય આપવાની જવાબદારી જો કે કપરિ છે પણ એ સમાજની જવાબદારી બની રહે છે.

બહુવિકલાંગ બાળકોને સમાયોજનના પ્રશ્નો દરેક સમયે અને દરેક સ્થળે અવરોધ રૂપ બને છે. વિશ્વ આરોગ્ય સંસ્થાનાં અહેવાલ અનુસાર બહુવિકલાંગ વ્યક્તિઓનું પ્રમાણ વિશ્વમાં ઘણુ બધુ છે.

શ્રી બેરાકના મત અનુસાર માનવસમાજનો દસમો ભાગ બહુવિકલાંગતાથી પીડાય છે. ડો. આર.કે.પંચાલના મત અનુસાર સમાજની એ પ્રાથમિક ફરજ બને છે કે આ બહુવિકલાંગ વ્યક્તિ માટે તેમાં પુન: સ્થાપન માટે અને તેમના જીવનઉત્કર્ષ માટે સમાજે યોગદાન આપવુ જોઈએ. દરેક બહુવિકલાંગ વ્યક્તિને સામાન્ય જીવન જીવવાની જિજીવિષા હોય છે અને તે પણ સમાજના અન્ય માનવીની માફકજ સામાન્ય જીવન જીવવા માંગતો હોય છે.

બહુવિકલાંગ બાળકો કે વ્યક્તિઓમાં સામાન્ય સમજણ કે બૌદ્ધિક સ્તર બહુ નીચુ હોય છે. એ પ્રકારની પ્રચલિત પૂર્વધારણા સાચી નથી હોતી તેમનામાં પણ કુશળતા યોગ્યતા અને સમજદારી હોય છે. તેમનામાં પણ આત્મવિશ્વાસ જીવનનો વિકાસ કરવાની અગમ્ય અભિલાશા હોય છે કે જે દ્વારા તે સમાજના અન્ય માનવીઓની માફક સામાન્ય જીવન જીવે એને સમાજ પ્રવાહનો મહત્વનો  હિસ્સો બની રહે. આમ બહુવિકલાંગ બાળકોના સમાયોજનના પ્રશ્નોને સામાન્ય રીતે મુલવવાના બદલે વિશાળ ફલક પર ગંભીરતાથી મુલવવા જોઈએ.

## ૧. બહુવિકલાંગ બાળકોની જરૂરિયાતલક્ષી સેવાઓની ઝાંખી

બહુવિકલાંગ બાળકનાં સામાન્ય વિકાસમાં ઘણી રીતે અવરોધ ઉભા થાય છે. જે અવરોધો તેની તાલીમ અને ભાવિવિકાસમાં અડચણરૂપ બને છે. કેટલીકવાર વિકલાંગતાઓમાં સંયોજનની અસર અત્યંત વિશિષ્ટ અસરો હોય છે અને કેટલીક ચોક્કસ પરિસ્થિતિઓમાં તેમના વર્તન અને અભિગમ એકબીજા સાથે ઘર્ષણમાં આવે છે.

બહુવિકલાંગ બાળકોની જરૂરિયાતો અને સેવાઓની યાદી ઘણી લાંબી હોય છે. જેનું આયોજન અને સમાયોજન કૌટુંબિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે.

## ૨. નવજાત શિશુ અને નાના બાળકો

બહુવિકલાંગ નાના બાળકો વય મર્યાદા ૦-૮ વર્ષની પ્રાથમિક જરૂરિયાતોમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

- વિકલાંગ તરીકે સમય પહેલા નિશ્ચિત ઓળખ કરવાના અને બાળકો શોધવાના કાર્યક્રમો
- માતા-પિતાને સલાહ મસલત અને કુટુંબ સેવાઓ
- વિશિષ્ટ તાલીમ પામેલી વ્યક્તિઓ વડે પુરી પાડેલી ઘર આંગણે સેવાઓ
- આરોગ્ય સંભાળ, હલનચલન, માનસિક ક્ષતિ, દ્રષ્ટિક્ષતિ વગેરે ક્ષતિઓના સંદર્ભમાં બાળકનાં વિકાસની જરૂરિયાતો વધારવા તબીબી અને ઉપચારક સેવાઓ
- જેમ બને તેમ આવા પ્રકારનાં નવજાત શિશુ તથા નાના બાળકોને કષ્ટ ન પડે તે રીતે સહેલાઈથી સેવાઓ પુરી પાડવી જોઈએ.

## ૩. પૂર્વશાળા વયના બાળકો

- પૂર્વશાળા વયના બાળકોને સેવા આપતા પહેલા તેમનાં માતા-પિતાને સાંકળી લેવા જોઈએ અને શાળા પુર્વની વયના બાળકોની નીચેની સેવાઓ પુરી પાડવી જોઈએ.
- સમાન જુથના બાળકોની હોય છે તેવી દીવસ દરમ્યાન ચાલતા કાર્યક્રમોની રૂપરેખા બનાવવાની આયોજન પ્રમાણે આવા બાળકોને ભાગ લેવાની તક પુરી પાડવી જોઈએ.
- બાળકોની જરૂરિયાતોને અનુરૂપ વિશિષ્ટ શૈક્ષણિક અને તબીબી કર્મચારીઓનો સમાવેશ થવો જોઈએ.

- કામગીરી સાથેના અભ્યાસક્રમોની ઉપલબ્ધતા હોવી જોઈએ.
- વિશેષ નિષ્ણાંતો અને સારસંભાળ રાખનારાઓ (Care Taker) વચ્ચે સહકાર તેમજ સુમેળભર્યું વાતાવરણ હોવું જોઈએ.
- બહુવિકલાંગ બાળકોની લાગણીઓને પણ કાર્યકરો કે વાલીઓ દ્વારા વાચા અપાવવી જોઈએ જે તેની જરૂરિયાત તૃપ્તિ ઉપર મહદઅંશે આધાર રાખે છે.

### ૪. શાળા વયના બાળકો

શાળા વયના બાળકોની પ્રાથમિક જરૂરિયાતોમાં વિવિધ માળખા પ્રમાણે આપવામાં આવતી શૈક્ષણિક તકો અને સુવિધાઓનો સમાવેશ થાય છે.

### ૫. જાહેર શાળા

બહુવિકલાંગ બાળકોને શિક્ષણ માટેની જાહેર શાળાએ જવા-આવવા માટે નજીકનાં અંતરે શાળા હોવી જોઈએ. જેથી આવન-જાવન અને લેવા-મુકવામાં વધારે ખર્ચો ભોગવવો પડે નહી.

### ૬. શાળાના ઓરડાઓ

શાળાનાં ઓરડાઓમાં બહુવિકલાંગ બાળકોની વિકલાંગતાની મર્યાદાને ધ્યાનમાં રાખી તેઓ સહેલાઈથી આરામથી બેસી શિક્ષણ પ્રાપ્ત કરી શકે તેવી બેસવાની અલાયદી વ્યવસ્થા હોવી જોઈએ. સાથે-સાથે પીવાના પાણીની વ્યવસ્થા હોવી જરૂરી છે.

### ૭. વિશિષ્ટ શાળાઓ અને સંસ્થાઓ

**બહુવિકલાંગ બાળકો માટે વિશિષ્ટ શાળાઓ અને સંસ્થાઓ** સામાન્ય બાળકની સાથે બહુવિકલાંગ બાળકો સમાયોજન સાધી શકતા નથી. કારણ કે સામાન્ય બાળકો ક્યારેક તેમની ઉપેક્ષા દાખવતા હોય છે. હાંસી ઉડાવતા હોય છે તેથી ક્યારેક બહુવિકલાંગ બાળકો હતાશા, નિરાશા અને લઘુતાગ્રંથીનો ભોગ બને છે તેથી આવા બાળકો માટે વિશિષ્ટ ગૃહો

તથા Day Car Centre માં સેવા આપવામાં આવે છે. જેથી તેમનો નૈતિક અને સામાજિક વિકાસની તકોના દ્વાર ખુલી જાય છે.

### ૮. શૈક્ષણિક તકો

બહુવિકલાંગ બાળકોને સામાન્ય વિકલાંગ બાળકો કરતા સારી રીતે શિક્ષણ પ્રાપ્ય કરી શકે. શિક્ષણ પ્રત્યે ઉત્સાહ રહે અને અશિક્ષિત ન રહી જાય તે માટે વિવિધ શૈક્ષણિક તકો પૂરી પાડવામાં આવે છે. જેમાં શિષ્યવૃતિ, સાધન સહાય, સ્વૈચ્છિક સંસ્થાઓના સહકારથી કોમ્પ્યુટર, ઈલેકટ્રોનીક્સ ગુડઝ વગેરે યાંત્રિક શિક્ષણની પણ સુવિધા આપવામાં આવે છે.

બહુવિકલાંગ બાળકોને સીધી સેવામાં અથવા સલાહ-મસલતના ધોરણે યોગ્ય ચર્ચા-વિચારણા કરી વિકલાંગ બાળકની રસ-રૂચિ અને અભિયોગ્યતા અનુસાર તાલીમ પામેલા શિક્ષકો અને વિશિષ્ટ સેવાઓ પુરી પાડવી જ જોઈએ. બધા બાળકોને માલસામાન, સુવિધાઓ તેમજ યંત્રો અને ઓજારો ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા હોવી જ જોઈએ જેથી બહુવિકલાંગ બાળકોને શૈક્ષણિક તક સમાન રીતે પુરી પાડી શકાય અને શૈક્ષણિક વિકાસનો ગ્રાફ ઉંચે લાવી શકાય. આવા બાળકોની વિશિષ્ટ જરૂરિયાતોને પુરી કરી શકે તેવા યોગ્ય અભ્યાસક્રમો તથા તાલીમ વિકસાવવા ઉપર ભાર મુકવો જોઈએ.

આગળનાં મુદામાં ચર્ચા કરી ગયા તેમ બહુવિકલાંગ બાળકોની વ્યક્તિગત સમસ્યાઓ વાલીઓના ઉછેરની સમસ્યાઓનું સંયોજન કરીએ તો એક વાત સ્પષ્ટ તરી આવે છે કે એ તે એ છે કે કોઈપણ ભોગે આપણુ બહુવિકલાંગ બાળક લાચાર બને નહી. અયોગ્ય દયા અને સહાનુભૂતિનો ભોગ બને નહી. પરંતુ આપણુ બાળક સંઘર્ષનો સામનો કરે અને તેની આવક પ્રમાણે શિક્ષણની સુવિધા પ્રાપ્ત કરી યોગ્ય રચનાત્મક માર્ગે વિકાસ થાય તેવુ દરેક મા-બાપ વિચારે છે.

## ➢ બહુવિકલાંગ બાળકોની આકારણી

આગળ જણાવી ગયા તેમ દરેક બહુવિકલાંગ બાળક વિશિષ્ટ જરૂરિયાતોમાં સંયોજનમાં અનુભવમાં, તેમની તેમના પર થતી ઉંડી અસરોમાં અનન્ય હોય છે. આકારણી માટે અનેક પ્રમાણિત કસોટીઓ વિકસાવવામાં આવેલી છે. પરંતુ પ્રશ્ન એ થાય છે કે શું આ વૈધિક આકારણીના સાધનો પુરતા પ્રમાણમાં સર્વગ્રાહી છે ખરા? તો તેનો જવાબ હામાં હોય છે. પરંતુ દરેક બહુવિકલાંગ બાળકોમાં આકારણી થઈ શકે તે સર્વમાન્ય નથી. યોગ્ય ઉત્તરનો ઘણો બધો આધાર ક્ષતિના પ્રકાર અને આકારણીના હેતુ પર હોય છે.

વૈશ્વિક આકારણી મુખ્યત્વે શિક્ષણમાં બે પ્રકારે પ્રચલીત છે.

- ધોરણ સંબંધીત અને
- લક્ષણ સંબંધીત

લક્ષણ-સંબંધીત આકારણી કાર્યાનુસાર કરવામાં આવે છે. એટલેકે અમુક ચોક્કસ પ્રકારના કાર્યો સોપી તેની આકારણી કરવામાં આવે છે.

### ૧. આકારણીનું લક્ષ્ય

સર્વગ્રાહી પુર્નવસન કાર્યક્રમનાં આયોજનના હેતુઓ માટે આકારણીનાં પ્રમુખ ધ્યેય નીચે મુજબના હોવા જોઈએ.

### ૨. તુલના કરવા (પ્રગતિ માપવા)

આધારરેખા નક્કી કરવી જેથી સફળતા અને નિષ્ફળતાનું માપ નીકળી શકે.

### ૩. ફેરફારોની નોંધ લેવા

પુન: આકારણી કરવી જેની વિવિધ પ્રવૃતિ વિસ્તારોની પ્રગતિ નિશ્ચિત કરી શકાય અને અભ્યાસક્રમોનાં માળખામાં ફેરફારો કરી તુલના કરી શકાય.

- શીખવાના પગલાઓ વિશે માહિતી મેળવવી જેથી શીખનારાની આકારણી

માટે હવે પછી શા પગલા લેવા તેનું આયોજન કરી શકાય.

- શીખવાના અથવા અભ્યાસક્રમનાં ઉદ્દેશ સુચવવા.

કાર્યાનુસાર આકારણી એટલા માટે કરવામાં આવે છે કે શિખનાર સામે ઉભી થતી દરેક સંભવિત પરિસ્થિતિ માટે નિદાન સુચવવુ શક્ય જ નથી વાસ્તવમાં કોઈ માત્ર એક ખરો ઉતર જ (ઉકેલ) છે જ નહી તેથી કાર્યાનુસાર આકારણીમાં બે બાબતો સ્પષ્ટ તરી આવે છે.

૪. કાર્યાનુસાર આકારણીમાં શિખનારાની પોતાની સમર્થતાઓ અને અસમર્થતાઓનો સમુહ જ્ઞાન સંપાદનની ક્ષમતા, ઈન્દ્રોય સંવેદનની ક્ષમતાઓ સ્મૃતિ, સમસ્યા ઉકેલની ક્ષમતા, માહિતી વિનીમય તથા વિચાર વિનીમયની ક્ષમતાઓનો સમાવેશ કરવો જોઈએ.

૫. શિખનાર વિવિધ પર્યાવરણમાં કેવી રીતે કાર્ય કરે છે. જેમકે, ઘર, રમત-ગમતનું મેદાન, વાલી કે માતા-પિતા સાથેનો વર્તન વ્યવહાર, ઘરના કૌટુંબિક સભ્યો, મિત્રો કે જ્ઞાતિ સમુહ સાથેની વર્તન વિચારની આપ-લે શાળા, વિગેરેમાં બરોબર આયોજન કરે છે કે નહિ તેની તુલનાઓ કરવામાં આવે છે અને આ તુલના વિશિષ્ટ શિક્ષણની તાલીમ પામેલ શિક્ષણ દ્વારા પુછવામાં આવે છે.

## ૧.૧૧ બહુવિકલાંગ બાળકોના અભ્યાસ અને તાલીમના પ્રશ્નો

માનવીય અધિકારો અંગેના ૧૯૪૮ના વૈશ્વિક જાહેરનામા અનુસાર વિકલાંગ વ્યક્તિને બિમારી, બેરોજગારી, સલામતી, તબીબી સારવાર અને સામાજિક સેવાઓનો લાભ મળવો જોઈએ. આ ઘોષણા પત્રક અનુસાર વિકલાંગ વ્યક્તિઓના અધિકારો અને વિશેષ અધિકારોનું રક્ષણ કરવું જોઈએ. સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાના જણાવ્યા મુજબ વિકલાંગ વ્યક્તિઆને શિક્ષણ, બૌદ્ધિક-વિકાસ, રોજગારી, પુનઃસ્થાપન, તબીબી સંભાળ, નાગરીક સુવિધાઓ તેમજ

સામાજિક સલામતી મળવી જોઈએ. બેરીકના મત અનુસાર આ બધી જોગવાઈઓ અને સુવિધાઓ અર્થહીન બની જાય છે. જો બહુવિકલાંગ વ્યક્તિ સાથે સદ્ભાવ અને લાગણીપૂર્વક વર્તન કરવામાં ન આવે અને તેના પ્રશ્નો માનવીય ભૂમિકાના વલણ અનુસાર ઉકેલવામાં ન આવે.

બહુવિકલાંગ બાળકોની જીવન જીવવાની જેમ અદમ્ય ઈચ્છા હોય છે. જે તેના અસ્તિત્વ માટે અત્યંત મહત્વની હોય છે. તેટલીજ મહત્વની તેની સમસ્યા તેનું શિક્ષણ, સંસ્કારોનું ઘડતર, સુયોગ્ય તાલીમની પ્રાપ્તી તેમજ ભાવિ જીવનનાં સંતુલન માટે વ્યાવસાયિક પુન:સ્થાપન પણ અત્યંત મહત્વનાં છે. કુદરતે શારીરિક વિકલાંગતા આપીને ઘણો મોટો અન્યાય આ બાળકોને કરેલ છે. પરંતુ તેની સાથે તેમના જીવનનો અંત નથી આવી જતો. બહુવિકલાંગ બાળકોને તેમના ભાવિ જીવનના આયોજન માટે શિક્ષણ અને જરૂરી તાલીમ મળવા જોઈએ અને તે મેળવવાની તેમની તત્પરતા પણ હોય છે. પરંતુ તાલીમ આપતી સંસ્થાઓ માતાપિતા અને વડીલો તેમજ વિકલાંગ બાળકોના સમયનાં કે આર્થિક પાસાનાં સંકલનના અભાવે શિક્ષણ કે તાલીમ પ્રાપ્ત થઈ શકતા નથી.

બહુવિકલાંગ બાળકો માટે શિક્ષણ અને તાલીમની અનેક પ્રકારની યોજનાઓ ભારત સરકાર તેમજ રાજ્ય સરકારે કરેલ છે. જેમાં બહુવિકલાંગ બાળકોને તેમની વિકલાંગતા અને તેમની વયને ધ્યાનમાં લઈને અલગ-અલગ પ્રકારની તાલીમની યોજનાઓ આપવામાં આવે છે. પરંતુ બહુવિકલાંગ બાળકને તેમજ તેના કુટુંબોને આ તાલીમોનો લાભ લેવો તે ક્યારેક સમસ્યારૂપ બની જાય છે. બહુવિકલાંગ બાળકને સામાન્ય શાળાઓમાં પ્રવેશપાત્ર ન ગણતા તેમના માટેની ખાસ તાલીમી શાળાઓ ચલાવવામાં આવે છે. તેમાં પ્રવેશ મેળવ્યા બાદ વિકલાંગ બાળકોને ઘેરથી શાળાએ આવન-જાવનના પ્રશ્નો, તે શાળામાં અભ્યાસ કરતા બીજા બહુવિકલાંગ બાળક સાથે તેમજ શિક્ષકો સાથે સમાયોજનના પ્રશ્નો મહત્વના બની રહે છે.

બહુવિકલાંગ બાળકોની તંદુરસ્તી અને આરોગ્યના પ્રશ્નો પણ તેમના શિક્ષણ અને તાલીમ સાથે સંકળાયેલા છે. આ બહુવિકલાંગ બાળકો અન્ય સામાન્ય બાળકોની માફક સામાન્ય જીવન જીવી શકતા નથી, સામાન્ય શિક્ષણ પ્રાપ્ત કરી શકતા નથી અને તેમના જીવનમાં શિક્ષણ પ્રાપ્ત કરવા છતા કાંઈક ખુટે છે. એ વાતનો તેમને અહેસાસ હોય છે. જે મોટેભાગે હતાશામાં પરિણમે છે. મહત્વની વાસ્તુ એ છે કે બહુવિકલાંગ બાળકોની વ્યક્તિગત સમસ્યાઓ વાલીઓના તેમના ઉછેરની સમસ્યાઓનું સંયોજન કરીએ તો એક વાત સ્પષ્ટ તરી આવે છે અને તે એ કે દરેક વાલી એવુ ઈચ્છે કે આપણુ બહુવિકલાંગ બાળક લાચાર બને નહી, કોઈની સહાનુભૂતિનો ભોગ બને નહિ અને કોઈનું દયાપાત્ર બને નહી. કુદરતે જો બહુવિકલાંગ બાળકોને માનવ જીવન આપ્યુ હોય તો એ માનવ જીવન સંપૂર્ણ સ્વસ્થ પરિસ્થિતિમાં સુખમય રીતે જીવવાનો માનવીય અધિકાર પણ તે બહુવિકલાંગ બાળક પાસે છે એટલે બહુવિકલાંગ બાળકને એક બહુવિકલાંગ વ્યક્તિ તરીકે લાચારીથી મુલવવાને બદલે એક સંઘર્ષ કરતા માનવી તરીકે મુલવવાનો પ્રયાસ કરવો જોઈએ.

## ૧.૧૨ બહુવિકલાંગ બાળકોની આંકડાકિય માહિતી

ભારતમાં ૨૦૦૧ની વસ્તીગણતરીના આંકડા મુજબ વિકલાંગ અને બહુવિકલાંગ વ્યક્તિઓની કુલ સંખ્યા ૨ કરોડ ૧૯ લાખની થાય છે. ભારત જેવા વિશાળ દેશમાં દરેક વિવિધ જાતિ, ધર્મ, પ્રાંત અને ભાષાકીય વિવિધતા ધરાવતા લોકો હોય ત્યારે તેમની વિશેની સચોટ આંકડાકીય માહિતી આવશ્યક બની જાય છે. ભારતની વસ્તી ગણતરીના આંકડાઓ ભારતમાં વસતા ભારતીઓની વિવિધ લાક્ષણિકતાઓ આંકડાકીય સ્વરૂપમાં બતાવે છે જેમાં બહુવિકલાંગ ભારતીઓનો પણ સમાવેશ થાય છે.

૨૦૦૧ની વસ્તી ગણતરી દર્શાવે છે કે લગભગ ૨ કરોડ ૧૯ લાખ જેટલા લોકો એક યા બીજા પ્રકારની વિકલાંગતા ધરાવે છે. જે ભારતીય વસ્તીની ૨.૧% જેટલો હિસ્સો

છે. આ આંકડાઓ વિશેષમાં દર્શાવે છે કે દેશમાં કુલ વિકલાંગોમાં જેમાં પુરુષો ૧ કરોડ ૨૦ લાખ અને સ્ત્રીઓ ૯૩ લાખ છે. આમ કુલ વિકલાંગો ૨ કરોડ ૧૯ લાખ થાય છે. ૭૫% જેટલા વિકલાંગો ગ્રામીણ વિસ્તારોમાં રહે છે. જ્યારે ૨૫% જેટલા વિકલાંગો શહેરી વિસ્તારોમાંથી આવતા હોય છે. શિક્ષિત વિકલાંગોનું પ્રમાણ ૪૯% જેટલુ જણાયુ છે. જ્યારે રોજગારીકર્તા વિકલાંગોનું પ્રમાણ ૩૪% જેટલુ જણાયુ છે. ભારત સરકાર સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલ વિકલાંગો માટેની રાષ્ટ્રીય નીતિમાં એક અત્યંત મહત્વની બાબત મેળવવામાં આવી છે. તે એ છે કે બહુવિકલાંગ વ્યકિતઓનું તબીબી પુન:સ્થાપન થાય તે કરતા તેમનું સામાજિક પુન:સ્થાપન જરૂરી છે અને જેનાં પર ભાર દેવામાં આવેલો છે. બહુવિકલાંગ વ્યક્તિઓની ક્ષમતા અંગે સામાજિક સ્વીકૃતિનું પ્રમાણ વધતુ જાય છે અને પરિણામે તેમને તેમની ક્ષમતા મુજબ સમાજના મુખ્ય પ્રવાહમાં ભેળવવાના પ્રયાસો કરવામાં આવે છે.

## ૧.૧૩ ભારત તથા ગુજરાતની વિકલાંગોની આંકડાકીય માહિતી

ભારતમાં ૧૮૭૨ માં જયારે સૌ પ્રથમ વસ્તી ગણતરી કરવામાં આવી ત્યારથી માંડીને દર દશ વર્ષે વસ્તી ગણતરીના આંકડાઓ મેળવવામાં આવે છે. જે ભારત માટે એક વિશ્વાસપાત્ર અને સમયની કસોટીમાંથી પસાર થયેલ કાર્યવાહી છે. ભારતની વસ્તી ગણતરીમાં ૧૩૦ વર્ષનો ઈતિહાસ સંશોધન ક્ષેત્રમાં કામ કરતા સંશોધક, વિદ્વાનો, અર્થશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ અને માનવવંશ શાસ્ત્રીઓને અનેક સચોટ માહિતી આપે છે. ભારતની વધતી જતી વસ્તી અનેકવિધ ક્ષેત્રમાં અનેકવિધ પડકારો ઊભા કરે છે. કારણ કે ભારત એક રાષ્ટ્ર હોવા છતાં તેમાં વિવિધતા રહેલી છે. જેની અંગ્રજીમાં "Unity in Divercity" કહેવામાં આવે છ અને આ વિવિધતા ભારતનો સમૃધ્ધ ખજાનો છે.

૨૦૦૧ ની ભારતની વસ્તી ગણતરીએ નોંધ્યું છે કે ભારતમાં એક યા બીજા પ્રકારની

વિકલાંગતા ધરાવનાર વસ્તીનું પ્રમાણ ૨૧ મિલિયન જેટલું છે. જે કુલ વસ્તીના ૨.૧% જેટલું થવા જાય છે. આમાંથી ૧૨.૬ મિલિયન પુરુષ છે. અને ૯.૩ મિલિયન સ્ત્રીઓ છે. શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં વિકલાંગતાનું પ્રમાણ ઉંચું છે. આ વિસ્તારોમાં વિકલાંગતા વ્યક્તિઓનું પ્રમાણ કુલ વિકલાંગ વ્યક્તિઓના સંદર્ભમાં ૫૭% થી ૫૮% જેટલા પુરુષો અને ૪૨% થી ૪૩% સ્ત્રીઓનું પ્રમાણ જોવા મળે છે.

પાંચ પ્રકારની વિકલાંગતાના આંકડાઓ જણાવે છે કે સૌથી વધુ પ્રમાણ એટલે કે ૪૮.૫% જેટલું પ્રમાણ દષ્ટિક્ષતિની વિકલાંગતા ધરાવનાર વ્યક્તિઓનું છે. ત્યાર બાદ હલનચલનની વિકલાંગતા ધરાવનાર વ્યક્તિનું પ્રમાણ ૨૭.૯% જેટલું જણાયું છે. માનસિક પંગુતા ધરાવનાર વ્યક્તિનું પ્રમાણ ૧૦.૩% જેટલું જણાયું છે. જયારે મુંગા-બહેરાનું પ્રમાણ અનુક્રમે ૭.૫% અને ૫.૮% જેટલું જણાયું છે.

ભારતમાં વિકલાંગ વ્યક્તિનું સૌથી મોટું પ્રમાણ ૩.૬ મિલિયન જેટલું ઉત્તર પ્રદેશમાં જણાયું છે. જયારે બિહારમાં ૧.૯ મિલિયન, પશ્ચિમ બંગાળમાં ૧.૮ મિલિયન, તમીલનાડુમાં અને મહારાષ્ટ્રમાં દરેકમાં ૧.૬ મિલિયન જેટલું નોંધાયું છે. જયારે અરુણાચલ પ્રદેશમાં વિકલાંગ પુરુષોનું પ્રમાણ ઘણું ઉંચું જણાયું છે. એટલે કે ૬૬.૬% એવી વિકલાંગ સ્ત્રીઓનું પ્રમાણ ઘણું ઓછું જણાયું છે.

### ૧.૧૩.૧ રાષ્ટ્રીય સ્તરના વિકલાંગોના આંકડાઓ
### (૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ)

૨૦૦૧ ની વસ્તી ગણતરી અનુસાર ભારતમાં વિકલાંગના અલગ અલગ રાજ્ય મુજબના આંકડાઓ તેમજ કેન્દ્રશાસીત પ્રદેશોનાં આંકડાઓ પણ હવે પછીના કોષ્ટકમાં આપવામાં આવેલા છે. જે સ્વયં સ્પષ્ટ છે.

## Disability wise, State-wise number of persons with disabilities in the country as per the Census, 2001.

| No. | State/UT | Visual disability | Speech disability | Hearing disability | Locomotor disability | Mental disability | Total |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Jammu & Kashmir | 208,713 | 16,956 | 14,157 | 37,965 | 24,879 | 302,670 |
| 2 | Himachal Pradesh | 64,122 | 12,762 | 15,239 | 46,512 | 17,315 | 155,950 |
| 3 | Punjab | 170,853 | 22,756 | 17,348 | 149,758 | 63,808 | 424,523 |
| 4 | Chandigarh | 8,422 | 882 | 607 | 3,828 | 1,799 | 15,538 |
| 5 | Uttaranchal | 85,668 | 16,749 | 15,990 | 56,474 | 19,888 | 194,769 |
| 6 | Haryana | 201,358 | 24,920 | 27,682 | 151,485 | 49,595 | 455,040 |
| 7 | Delhi | 120,712 | 15,505 | 8,741 | 64,885 | 26,043 | 235,886 |
| 8 | Rajasthan | 753,962 | 73,147 | 75,235 | 400,577 | 109,058 | 1,411,979 |
| 9 | Uttar Pradesh | 1,852,071 | 255,951 | 128,303 | 930,580 | 286,464 | 3,453,369 |
| 10 | Bihar | 1,005,605 | 130,471 | 73,970 | 512,246 | 165,319 | 1,887,611 |
| 11 | Sikkim | 10,790 | 3,174 | 3,432 | 2,172 | 799 | 20,367 |
| 12 | Arunachal Pradesh | 23,079 | 2,429 | 3,072 | 3,474 | 1,261 | 33,315 |
| 13 | Nagaland | 9,968 | 4,398 | 5,245 | 4,258 | 2,630 | 26,499 |
| 14 | Manipur | 11,713 | 2,769 | 2,994 | 6,177 | 4,723 | 28,376 |
| 15 | Mizoram | 6,257 | 2,006 | 2,421 | 2,476 | 2,851 | 16,011 |
| 16 | Tripura | 27,505 | 5,105 | 5,699 | 13,970 | 6,661 | 58,940 |
| 17 | Meghalaya | 13,381 | 3,431 | 3,668 | 5,127 | 3,196 | 28,803 |
| 18 | Assam | 282,056 | 56,974 | 51,825 | 91,970 | 47,475 | 530,300 |
| 19 | West Bengal | 862,073 | 170,022 | 131,579 | 412,658 | 270,842 | 1,847,174 |
| 20 | Jharkhand | 186,216 | 39,683 | 28,233 | 138,323 | 55,922 | 448,377 |
| 21 | Orissa | 514,104 | 68,673 | 84,115 | 250,851 | 103,592 | 1,021,335 |
| 22 | Chhattisgarh | 160,131 | 30,438 | 34,093 | 151,611 | 43,614 | 419,887 |
| 23 | Gujarat | 494,624 | 66,534 | 70,321 | 310,765 | 103,221 | 1,045,465 |
| 24 | Daman & Diu | 1,898 | 189 | 120 | 690 | 274 | 3,171 |
| 25 | Dadra & Nagar Haveli | 2,346 | 295 | 337 | 795 | 275 | 4,048 |
| 26 | Maharashtra | 580,930 | 113,043 | 92,390 | 569,945 | 213,274 | 1,569,582 |
| 27 | Madhya Pradesh | 636,214 | 75,825 | 85,354 | 495,878 | 115,257 | 1,408,528 |
| 28 | Andhra Pradesh | 581,587 | 138,974 | 73,373 | 415,848 | 155,199 | 1,364,981 |
| 29 | Karnataka | 440,875 | 90,717 | 49,861 | 266,559 | 92,631 | 940,643 |
| 30 | Goa | 4,393 | 1,868 | 1,000 | 4,910 | 3,578 | 15,749 |
| 31 | Lakshadweep | 603 | 207 | 147 | 505 | 216 | 1,678 |
| 32 | Kerala | 334,622 | 67,066 | 79,713 | 237,707 | 141,686 | 860,794 |
| 33 | Tamil Nadu | 964,063 | 124,479 | 72,636 | 353,798 | 127,521 | 1,642,497 |
| 34 | Pondicherry | 10,646 | 1,818 | 2,277 | 8,830 | 2,286 | 25,857 |
| 35 | Andaman & Nicobar | 3,321 | 652 | 545 | 1,870 | 669 | 7,057 |
| | | | | | | | 21,906,76 |

## ૧.૧૩.૨ ગુજરાતમાં વિકલાંગ બાળકોનું જિલ્લા દીઠ પ્રમાણ (૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ)

૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતના અલગ અલગ જિલ્લાઓમાં વિકલાંગ બાળકોના આંકડાઓ હવે પછીના કોષ્ટકમાં દર્શાવવામાં આવેલા છે. જે સ્વયં સ્પષ્ટ છે.

**TABLE - 2**
**Category wise Disable Children**

| No. | District | VI | HI | OH | MR | OTHER | TOTAL |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૯૨૭ | ૩૪૧ | ૧૦૬૩ | ૧૨૨૦ | ૦ | ૩૫૫૧ |
| ૨. | અમદાવાદ કોર્પો. | ૧૩૪૨ | ૭૪ | ૩૦૪ | ૮૪ | ૧ | ૧૮૦૫ |
| ૩. | અમરેલી | ૫૭૪ | ૨૭૬ | ૧૫૫૭ | ૯૭૪ | ૯૩ | ૩૪૭૪ |
| ૩ | આણંદ | ૯૨૪ | ૫૫૦ | ૧૦૭૬ | ૧૦૩૦ | ૦ | ૩૫૮૦ |
| ૪ | બનાસકાંઠા | ૧૨૯૯ | ૮૧૨ | ૨૮૦૦ | ૧૬૬૯ | ૨૪૧ | ૬૮૨૧ |
| ૫ | ભરૂચ | ૨૩૯ | ૧૫૭ | ૬૫૩ | ૫૧૬ | ૯૨ | ૧૬૬૩ |
| ૬ | ભાવનગર | ૫૮૩ | ૫૬૬ | ૧૧૦૧ | ૮૩૬ | ૦ | ૩૦૮૬ |
| ૭ | દાહોદ | ૭૯૯ | ૩૬૨ | ૧૮૪૫ | ૪૯૫ | ૩૫ | ૩૫૩૬ |
| ૮ | ડાંગ | ૧૪૩ | ૧૨૫ | ૧૭૩ | ૧૦૨ | ૧૪૩ | ૬૯૦ |
| ૯ | ગાંધીનગર | ૪૪૭ | ૧૮૦ | ૭૬૮ | ૯૬૪ | ૧૦૬ | ૨૪૬૫ |
| ૧૦ | જામનગર | ૬૭૪ | ૧૩૧ | ૬૭૧ | ૯૩૭ | ૧ | ૨૪૧૪ |
| ૧૧ | જુનાગઢ | ૭૭૫ | ૪૯૧ | ૧૫૩૨ | ૧૩૨૬ | ૧૪૮ | ૪૨૭૨ |
| ૧૨ | ખેડા | ૧૬૩૩ | ૬૧૯ | ૧૨૯૮ | ૧૨૭૬ | ૩૭ | ૪૮૬૩ |
| ૧૩ | કચ્છ | ૫૦૯ | ૩૪૭ | ૧૦૭૮ | ૭૯૧ | ૬૫ | ૨૭૮૦ |
| ૧૪ | મહેસાણા | ૫૨૦ | ૨૫૨ | ૧૩૦૦ | ૮૪૮ | ૦ | ૨૯૨૦ |
| ૧૫ | નર્મદા | ૨૧૦ | ૮૫ | ૨૭૧ | ૧૪૦ | ૦ | ૭૦૬ |
| ૧૬ | નવસારી | ૩૩૬ | ૧૬૭ | ૫૩૫ | ૫૬૮ | ૬ | ૧૬૧૨ |
| ૧૭ | પંચમહાલ | ૭૮૯ | ૪૩૫ | ૧૩૫૨ | ૭૭૪ | ૬૩ | ૩૪૧૩ |
| ૧૮ | પાટણ | ૭૧૩ | ૨૭૬ | ૧૦૧૯ | ૬૧૦ | ૬૧ | ૨૬૭૯ |
| ૧૯ | પોરબંદર | ૧૨૬ | ૫૮ | ૧૮૬ | ૧૯૩ | ૪૧ | ૬૦૪ |
| ૨૦ | રાજકોટ | ૮૨૭ | ૧૭૪ | ૮૬૮ | ૮૪૮ | ૧૫૨ | ૨૮૬૯ |
| ૨૧ | રાજકોટ કોર્પો | ૧૨૭ | ૪ | ૨૩૩ | ૭૭ | ૫ | ૪૩૬ |
| ૨૨ | સાબરકાંઠા | ૮૩૩ | ૪૭૭ | ૧૩૪૨ | ૧૩૧૮ | ૮૩ | ૪૦૫૩ |
| ૨૩ | સુરત | ૫૭૩ | ૩૫૭ | ૯૮૬ | ૬૭૬ | ૧૩૩ | ૨૭૧૫ |
| ૨૪ | સુરત કોર્પો. | ૧૨૧ | ૫૬ | ૧૫૭ | ૧૦૭ | ૩ | ૪૪૪ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૧૦૦૦ | ૪૨૪ | ૧૪૩૦ | ૧૩૦૪ | ૦ | ૪૧૫૮ |
| ૨૬ | વડોદરા | ૮૪૩ | ૪૭૭ | ૧૩૧૮ | ૯૮૩ | ૦ | ૩૬૨૧ |
| ૨૭ | વડોદરા કોર્પો. | ૧૭૩ | ૩૮ | ૨૪૨ | ૨૧૯ | ૦ | ૬૭૨ |
| ૨૫ | વલસાડ | ૩૮૭ | ૧૯૮ | ૫૯૦ | ૪૧૫ | ૩૪ | ૧૬૨૪ |
| | કુલ | ૧૮૪૪૬ | ૮૫૦૯ | ૨૭૭૩૮ | ૨૧૨૯૪ | ૧૫૪૩ | ૭૭૫૨૬ |

## ૧.૧૩.૩ ગુજરાત રાજ્યમાં શાળાએ જતા અને ન જતા વિકલાંગોની યાદી

ગુજરાતમાં શાળાએ જતા અને શાળાએ ન જતા વિકલાંગ બાળકોની જિલ્લા દીઠ માહિતી હવે પછીના કોષ્ટકમાં ક્રમાનુસાર આપવામાં આવેલી છે. જે પણ સ્વયં સ્પષ્ટ છે.

**TABLE - 3**

**CATEGORY WISE DISABLED CHILDREN ENROLLED IN SCHOOLIN GUJARAT**

| No. | District | VI | HI | OH | MR | OTHER | TOTAL |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૮૧૭ | ૨૮૫ | ૯૫૨ | ૧૦૭૦ | ૦ | ૩૧૨૪ |
| ૨. | અમદાવાદ કોર્પો. | ૧૨૩ | ૨૬ | ૨૮૨ | ૫૪ | ૧ | ૧૫૭૫ |
| ૩. | અમરેલી | ૪૮૮ | ૨૨૧ | ૧૧૮૫ | ૭૭૫ | ૭૨ | ૨૭૪૧ |
| ૩ | આણંદ | ૮૦૪ | ૪૭૩ | ૯૧૭ | ૯૧૦ | ૦ | ૩૧૦૪ |
| ૪ | બનાસકાંઠા | ૧૨૧૧ | ૭૨૫ | ૨૪૧૬ | ૧૪૮૦ | ૧૯૬ | ૬૦૨૮ |
| ૫ | ભરૂચ | ૨૦૭ | ૮૮ | ૪૩૨ | ૪૧૭ | ૮૭ | ૧૨૩૧ |
| ૬ | ભાવનગર | ૫૧૧ | ૪૭૪ | ૮૭૩ | ૭૫૭ | ૦ | ૨૬૧૫ |
| ૭ | દાહોદ | ૭૦૦ | ૨૯૩ | ૧૬૪૩ | ૪૨૬ | ૩૫ | ૩૦૯૭ |
| ૮ | ડાંગ | ૧૨૨ | ૧૦૯ | ૧૬૩ | ૯૦ | ૧૪૩ | ૬૨૭ |
| ૯ | ગાંધીનગર | ૩૫૯ | ૧૩૩ | ૬૪૧ | ૬૧૦ | ૭૭ | ૧૮૨૦ |
| ૧૦ | જામનગર | ૬૧૫ | ૧૨૩ | ૬૦૨ | ૮૪૫ | ૧ | ૨૧૮૬ |
| ૧૧ | જુનાગઢ | ૬૯૮ | ૪૩૪ | ૧૨૫૫ | ૧૦૯૧ | ૧૧૧ | ૩૫૮૯ |
| ૧૨ | ખેડા | ૧૫૧૧ | ૫૫૧ | ૧૧૩૦ | ૧૦૭૦ | ૦ | ૪૨૬૨ |
| ૧૩ | કચ્છ | ૪૭૨ | ૨૮૮ | ૮૬૭ | ૬૬૮ | ૬૫ | ૨૩૬૦ |
| ૧૪ | મહેસાણા | ૪૯૬ | ૨૧૦ | ૧૧૪૯ | ૭૫૬ | ૦ | ૨૬૧૧ |
| ૧૫ | નર્મદા | ૨૦૨ | ૮૨ | ૨૬૨ | ૧૩૯ | ૦ | ૬૮૫ |
| ૧૬ | નવસારી | ૨૩૮ | ૧૧૪ | ૩૮૬ | ૩૪૭ | ૬ | ૧૦૯૧ |
| ૧૭ | પંચમહાલ | ૭૩૭ | ૩૯૫ | ૧૨૨૦ | ૭૧૨ | ૪૪ | ૩૧૦૮ |
| ૧૮ | પાટણ | ૬૯૮ | ૨૬૨ | ૯૮૩ | ૫૭૦ | ૫૯ | ૨૫૭૨ |
| ૧૯ | પોરબંદર | ૯૦ | ૪૧ | ૧૨૪ | ૧૨૫ | ૩૧ | ૪૧૧ |
| ૨૦ | રાજકોટ | ૭૭૭ | ૧૨૮ | ૭૬૩ | ૭૨૮ | ૧૨૭ | ૨૫૨૩ |
| ૨૧ | રાજકોટ કોર્પો | ૮૯ | ૧ | ૧૩૮ | ૨૫ | ૨ | ૨૫૮ |
| ૨૨ | સાબરકાંઠા | ૭૫૭ | ૩૩૦ | ૧૩૧૦ | ૧૧૫૫ | ૮૩ | ૩૬૩૫ |
| ૨૩ | સુરત | ૪૦૭ | ૧૮૧ | ૫૪૦ | ૪૦૬ | ૬૩ | ૧૫૯૭ |
| ૨૪ | સુરત કોર્પો. | ૯૨ | ૩૧ | ૧૩૩ | ૭૮ | ૦ | ૩૩૪ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૮૦૮ | ૩૧૬ | ૧૧૮૬ | ૯૯૧ | ૦ | ૩૩૦૧ |
| ૨૬ | વડોદરા | ૭૫૫ | ૪૦૫ | ૧૨૦૦ | ૮૬૬ | ૦ | ૬૨૨૬ |
| ૨૭ | વડોદરા કોર્પો. | ૧૦૮ | ૧૭ | ૧૬૭ | ૧૪૯ | ૦ | ૪૪૧ |
| ૨૫ | વલસાડ | ૩૨૭ | ૧૬૧ | ૫૧૧ | ૩૭૯ | ૨૮ | ૧૪૦૬ |
| | કુલ | ૧૬૩૨૮ | ૬૮૭૭ | ૨૩૪૩૦ | ૧૭૬૯૨ | ૧૨૩૧ | ૬૫૫૫૮ |

**TABLE - 4**
**CATEGORY WISE OUT OF SCHOOL DISABLED CHILDREN IN GUJARAT**

| No. | District | VI | HI | OH | MR | OTHER | TOTAL |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૧૧૦ | ૫૬ | ૧૧૧ | ૧૫૦ | ૦ | ૪૨૭ |
| ૨. | અમદાવાદ કોર્પો. | ૧૧૦ | ૬૮ | ૨૨ | ૩૦ | ૦ | ૨૩૦ |
| ૩. | અમરેલી | ૮૬ | ૫૫ | ૩૭૨ | ૧૧૯ | ૨૧ | ૭૩૩ |
| ૩ | આણંદ | ૧૨૦ | ૭૭ | ૧૫૯ | ૧૨૦ | ૦ | ૪૭૬ |
| ૪ | બનાસકાંઠા | ૮૮ | ૮૭ | ૩૮૪ | ૧૮૯ | ૪૫ | ૭૯૩ |
| ૫ | ભરૂચ | ૩૨ | ૬૯ | ૨૨૧ | ૯૯ | ૫ | ૪૨૬ |
| ૬ | ભાવનગર | ૭૨ | ૯૨ | ૨૨૮ | ૭૯ | ૦ | ૪૭૧ |
| ૭ | દાહોદ | ૯૯ | ૬૯ | ૨૦૨ | ૬૯ | ૦ | ૪૩૯ |
| ૮ | ડાંગ | ૨૧ | ૧૬ | ૧૦ | ૧૬ | ૦ | ૬૩ |
| ૯ | ગાંધીનગર | ૮૮ | ૪૭ | ૧૨૭ | ૩૫૪ | ૨૯ | ૬૪૫ |
| ૧૦ | જામનગર | ૫૯ | ૮ | ૬૯ | ૯૨ | ૦ | ૨૨૮ |
| ૧૧ | જુનાગઢ | ૭૭ | ૫૭ | ૨૭૭ | ૨૩૫ | ૩૭ | ૬૮૩ |
| ૧૨ | ખેડા | ૧૨૨ | ૬૮ | ૧૬૮ | ૨૦૬ | ૩૭ | ૬૦૧ |
| ૧૩ | કચ્છ | ૩૭ | ૫૯ | ૨૧૧ | ૧૧૩ | ૦ | ૪૨૦ |
| ૧૪ | મહેસાણા | ૨૪ | ૪૨ | ૧૫૧ | ૯૨ | ૦ | ૩૦૯ |
| ૧૫ | નર્મદા | ૮ | ૩ | ૯ | ૧ | ૦ | ૨૧ |
| ૧૬ | નવસારી | ૯૮ | ૫૩ | ૧૪૯ | ૨૨૧ | ૦ | ૫૨૧ |
| ૧૭ | પંચમહાલ | ૫૨ | ૪૦ | ૧૩૨ | ૬૨ | ૧૯ | ૩૦૫ |
| ૧૮ | પાટણ | ૧૫ | ૧૪ | ૩૬ | ૪૦ | ૨ | ૧૦૭ |
| ૧૯ | પોરબંદર | ૩૬ | ૧૭ | ૬૨ | ૬૮ | ૧૦ | ૧૯૩ |
| ૨૦ | રાજકોટ | ૫૦ | ૪૬ | ૧૦૫ | ૧૨૦ | ૨૫ | ૩૪૬ |
| ૨૧ | રાજકોટ કોર્પો | ૩૮ | ૩ | ૮૫ | ૪૯ | ૩ | ૧૭૮ |
| ૨૨ | સાબરકાંઠા | ૭૬ | ૧૪૭ | ૩૨ | ૧૬૩ | ૦ | ૪૧૮ |
| ૨૩ | સુરત | ૧૬૬ | ૧૭૬ | ૪૪૬ | ૨૭૦ | ૭૦ | ૧૧૨૮ |
| ૨૪ | સુરત કોર્પો. | ૨૯ | ૨૫ | ૨૪ | ૨૯ | ૩ | ૧૧૦ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૧૯૨ | ૧૦૮ | ૨૪૪ | ૩૧૩ | ૦ | ૮૫૭ |
| ૨૬ | વડોદરા | ૮૮ | ૭૨ | ૧૧૮ | ૧૧૭ | ૦ | ૩૯૫ |
| ૨૭ | વડોદરા કોર્પો. | ૬૫ | ૨૧ | ૭૫ | ૭૦ | ૦ | ૨૩૧ |
| ૨૫ | વલસાડ | ૬૦ | ૩૭ | ૭૯ | ૩૬ | ૬ | ૨૧૮ |
| | કુલ | ૨૧૧૮ | ૧૬૩૨ | ૪૩૦૮ | ૩૬૦૨ | ૩૧૨ | ૧૧૯૭૨ |

## ૧.૧૪બહુવિકલાંગ બાળકો માટેની સરકારી યોજનાઓ

વિકલાંગ વ્યક્તિઓનો (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ સહભાગીતા) ધારો, ૧૯૯૫ અન્વયે બહુવિકલાંગ વ્યક્તિઓને ભારત સરકાર દ્વારા અને/અથવા રાજ્ય

સરકાર દ્વારા અનેક પ્રકારની સહાય મળે છે. જેમાં બહુવિકલાંગ બાળકોનું શિક્ષણ, તાલીમ, પુન:સ્થાપનનો સમાવેશ થાય છે. બહુવિકલાંગ બાળકો સામાન્ય બાળકોની માફક જ જ્યારે સમાન કક્ષાએ સામાન્ય જીવન જીવવા માંગતા હોય ત્યારે તેમનું શિક્ષણ, તાલીમ અને પુન:સ્થાપન અત્યંત મહત્વના બની જાય છે. બહુવિકલાંગ બાળકોનો ઉછેર અને સારવાર પાછળ સારા એવા ખર્ચનું આયોજન વાલીઓએ કરવુ પડતુ હોવાથી તેમાં સરકાર તરફથી આર્થિક સહકારની અપેક્ષા રહે તે સ્વાભાવિક છે. તેથી સરકારે આવા કાયદા અન્વયે બહુવિકલાંગ બાળકોને અનેક પ્રકારની સહાયની યોજનાઓ બહાર પાડી છે જે ટુંકમાં નીચે મુજબ જાણાવવામાં આવેલ છે.

૧. વિકલાંગ ધારા ૧૯૯૫ મુજબ જોગવાઈઓના અમલીકરણનાં મોનીટરીંગ માટે સમિતિની રચના.

૨. રાષ્ટ્રીય વિકલાંગ, આર્થિક સહાય અને વિકાસ નિગમ દ્વારા વિકલાંગ ઔદ્યોગીક રોકાણકારોને આર્થિક સહાય આપવામાં આવે છે.

૩. વિકલાંગ ક્ષેત્રે વિવિધ પ્રકારની કામગીરી માટે પાંચ પ્રકારના એવોર્ડ આપવામાં આવે છે.

૩.૧ રાજ્ય સરકાર તરફથી વ્યક્તિગત પારિતોષિક અને સંસ્થાકીય પારિતોષિક

૩.૨ રાષ્ટ્રીય પારિતોષીક

(અ) અપંગ વ્યક્તિઓ માટે કામ કરતી વ્યક્તિઓ માટે

(બ) અપંગ વ્યક્તિઓ માટે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ માટે.

૩.૩ ભારત સરકાર તરફથી નીચે મુજબના રાષ્ટ્રીય પારિતોષિક આપવામાં આવે છે.

અ. નોકરીમાં રાખનાર દાતાઓ માટે.

બ. ક્ષતિવાળા શ્રેષ્ઠ કર્મચારીઓ માટે.

ક. સ્વરોજગાર કરતી ક્ષતિવાળી વ્યક્તિઓ માટે

ડ. નોકરી અપાવવાની કામગીરી કરતા શ્રેષ્ઠ અધિકારીઓ માટે

ઈ. ટેકનોલોજીકલ સંશોધન કરનાર વ્યક્તિઓ માટે.

૪. શ્રેષ્ઠ શિક્ષકને

૫. કાર્ય કુશળતા બદલ વિકલાંગ પારિતોષિક

૬. ધોરણ ૮થી૧૨ના વિદ્યાર્થીઓને અભ્યાસમાં શિષ્યવૃતિ

૭. એસ.એસ.સી. કે એચ.એસ.સી. પરિક્ષામાં અંધ અગર હાથથી કપાયેલ અપંગ વિદ્યાર્થીને અપાતી લહિયાની મદદ તથા નિર્ધારિત સમય કરતા ૩૦ મીનીટનો વધારાનો સમય.

૮. વિકલાંગ વ્યક્તિઓ માટે ઉદારીકરણ સહાય યોજના.

૯. ભારત સરકારના કલ્યાણ મંત્રાલય દ્વારા મળતી અપંગ સાધન સહાય.

૧૦. રાજ્ય સરકારનાં કલ્યાણ મંત્રાલય દ્વારા મળતી અપંગ સાધનો અંગેની સહાય.

૧૧. ગુજરાતની હદોમાં એસ.ટી.બસમાં મુસાફરીના મળતા લાભ.

૧૨. રેલ્વે દ્વારા વિકલાંગ વ્યક્તિઓને મળતા લાભ.

૧૩. વિકલાંગ બાળકોની સંકલિત શિક્ષાણ યોજના.

૧૪. શૈક્ષણિક સંસ્થાઓમાં વિકલાંગો માટે પ્રવેશમાં ૩% બેઠકો અનામતની સુવિધા.

૧૫. પ્રત્યેક વિકલાંગ બાળક ૧૮ વર્ષની થાય ત્યાં સુધી મફત શિક્ષાણ.

૧૬. સંત સુરદાસ યોજના દ્વારા ૭૫% કે તેથી વધુ વિકલાંગ વ્યક્તિઓને માસિક સહાય યોજના.

૧૭. સુદામા ગૌરવમિતિ યોજના અન્વયે નિરાધાર અપંગોને નિભાવ માટે માસિક ૨૦૦ રૂપિયાની આર્થિક સહાય યોજના.

૧૮. લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશનમાં વિકલાંગો માટે ૩% અનામતની સુવિધા.

૧૯. પી.ટી.સી. પ્રવેશમાં વિકલાંગો માટે ૩% બેઠકો અનામત

૨૦. ઈજનેર અને ફાર્મસીના ડિગ્રી અને ડિપ્લોમા અભ્યાસક્રમોમાં વિકલાંગો માટે ૩% અનામતની સુવિધા.

૨૧. સ્પર્ધાત્મક પરિક્ષાઓમાં અરજીના ફોર્મની ફી તથા પરિક્ષા ફીમાંથી મુક્તિ.

૨૨. વિકલાંગોની આર્થિક ઉન્નતિ માટે શ્રી બાજપાઈ યુવા રોજગાર યોજના.

૨૩. વિકલાંગ વ્યક્તિઓને વિવિધ હેતુઓ માટે નક્કી પડતર જમીન કોઈપણ જાતની હરાજી સિવાય રાહત દરથી આપવાની સુવિધા.

૨૪. વિકલાંગ સરકારી કર્મચારીને વ્હીલચેરની સહાય.

૨૫. વિકલાંગોને પરિવહન ભથ્થુ.

૨૬. વિકલાંગોને વ્યવસાય વેરામાંથી મુક્તિ આપવાની યોજના.

૨૭. અંધ-અપંગ કરદાતાઓ અને તેના અસ્તિત્વ સંબંધોમાં આવક વેરાના કાયદાની કલમ ૮૦ ડીડી અને ૮૦ નીચે મળતા લાભો.

૨૮. અંધ-અપંગ સરકારી કર્મચારીઓને સરકારી કર્મચારી ક્વાર્ટરમાં ભોંય-તળીયાના મકાનો ફાળવવાની સુવિધા.

૨૯. પેન્શનનો લાભ મેળવતા કર્મચારીઓના મેન્ટલી ચેલેન્જ્ડ વારસદારને ફેમીલી પેન્સનની સુવિધા.

૩૦. અંધ-વિકલાંગ કર્મચારીઓને રજા-પ્રવાસ રાહતમાં છુટછાટ.

૩૧. માનસિક વિકલાંગ વ્યક્તિ માટે ગાર્ડીયન (વાલી)ની સરળ જોગવાઈ.

૩૨. શારીરિક ખોડખાપણવાળા સરકારી કર્મચારીઓને વાહન સહાય.

૩૩. વિકલાંગોને વાહનકરમાંથી મુક્તિ આપવાની જોગવાઈ.

૩૪. વાહન વિમા પ્રીમીયમમાં પણ ૩૩% રાહતની જોગવાઈ.

૩૫. વિકલાંગ વ્યક્તિને સેલટેક્ષમાં રાહત.

૩૬. ઘરવપરાશ માટે ગેસ જોડાણમાં પ્રથમ અગ્રતા.

૩૭. યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાની અપંગોના લાભાર્થે ખાસ યોજના.

૩૮. લાઈફ ઈન્સ્યોરન્સના કોર્પોરેશનની અપંગોના લાભાર્થે યોજના.

૩૯. વિશ્વ અપંગ દિન અને વિશ્વ અંધ દિનની ઉજવણી.

૪૦. બહેરી, મુંગી, વ્યક્તિ દ્વારા દુરદર્શન ઉપર સમાચાર.

૪૧. અંધ વ્યક્તિઓ દ્વારા દુરદર્શન ઉપર સમાચાર.

૪૨. અંધ અને અપંગ વ્યક્તિઓ માટે મલ્ટીકેટેગરી વર્કશોપ

૪૩. મંદબુદ્ધિના બાળકો માટે મલ્ટીકેટેગરી વકર્કશોપ.

૪૪. સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતા માનસિક સ્વાસ્થ્ય કેન્દ્રો

૪૫. અપંગ વ્યક્તિઓને પર્વતારોહણના કાર્યક્રમોમાં ફીમાં રાહત.

૪૬. અપંગ વ્યક્તિઓને કસ્ટમ અને સેન્ટ્રલ એકસાઈઝમાં રાહત.

૪૭. વિકલાંગો માટેના આર્થિક પુન:વર્સન માટે સંસ્થાઓ દ્વારા સહાય.

૪૮. વિકલાંગો માટે ડીસેબલ્ડ સ્પોર્ટ કલબની સ્થાપના.

૪૯. ભૂકંપને કારણે કાયમી અપંગ બનેલા દર્દીઓ માટે પ્રોત્સાહનની યોજના.

૫૦. બહેરાશ અને મુંગાપણુ દુર કરવા નહી નફો નહી નુકશાનના ધોરણે રાજકોટમાં અદ્યતન સારવાર કેન્દ્રો

૫૧. બહુવિકલાંગો માટે પુન:વર્સન કેન્દ્રો

૫૨. અપંગોને ઓળખકાર્ડ

## ૧.૧૫બહુવિકલાંગ બાળકોની સુરક્ષા અંગેના પ્રશ્નો

બહુવિકલાંગ બાળકોની સુરક્ષા શિક્ષણ કૌટુંબિક અને સામાજિક પુન:સ્થાપન અને સામાજિકરણ એ કોઈપણ યુગમાં અત્યંત મહત્વનાં છે. લોકશાહી સમાજ વ્યવસ્થામાં વિકલાંગ બાળકને પણ અન્ય નાગરિકોની માફક જ સામાન્ય જીવન જીવવાનો મુળભુત અધિકાર છે. જે ભારતના વિકલાંગ બાળકને પણ આપવામાં આવે છે. વિકલાંગ બાળકો સમાજ તરફથી અન્ય કોઈ અપેક્ષા ન રાખતા સામાજિક સ્વીકૃતિની જ (Social Recognition) ની છે. વિકલાંગ બાળક સમાજ તરફથી નથી દયાની ભીખ માંગતો કે નથી જુઠી સહાનુભૂતિ માંગતો. તે સમાજના એક અગત્યના અંગ તરીકે પોતાની ઓળખ માંગે છે. પોતે બહુવિકલાંગ છે, અન્ય નાગરીકોની માફક અંગ ઉપાંગો ધરાવતો નથી, કુદરતે અન્યાય કર્યો છે. એટલે માત્ર લાચારીને પાત્ર છે તે પ્રકારની દયા ભાવનાને બદલે સમાજ પાસે પોતાનો હકક અને પોતાના અધિકારો માંગે છે.

વિકલાંગ બાળકોને તેમના અધિકારની પ્રાપ્તિ માટે શક્તિમાન બનાવવા જોઈએ, જેથી પોતાના અધિકારો લાચારીથી પ્રાપ્ત કરવાને બદલે પોતાની શક્તિના બળે, સંગઠનની ભૂમિકા પર પ્રાપ્ત કરી શકે. ભારતના બંધારણમાં સમાનતાનો અને સમાન તકોની પ્રાપ્તિનો અધિકાર આપવામાં આવ્યો છે. જે બહુવિકલાંગ બાળકોને પણ લાગુ પડે છે. કારણ કે મૂળભૂત રીતે જોવા જઈએ તો વિકલાંગતાને તેમની નાગરિકતાને કશી અસર થતી નથી. જેથી શિક્ષણ, વ્યવસાય, તબીબી સારવાર, કૌટુંબિક અને સામાન્ય જીવન દરેક બાબતમાં તેઓ સમાજપ્રવાહના એક ભાગરૂપ જ છે. તેમ સમજીને અધિકારો પ્રાપ્ત કરી શકે છે અને ભોગવી શકે છે.

વિકલાંગોને તેમના માનવીય અધિકારોની પ્રાપ્તિ અને જાળવણી કરવા બાબતમાં સમાજના દરેક સંગઠન અને સમુદાયની જવાબદારી રહેલી છે. ખાસ કરીને બહુવિકલાંગતાના

ક્ષેત્રોમાં કામ કરતી બિનસરકારી એન.જી.ઓ.ની ચોકકસ ભૂમિકા રહેલી છે. આ સંસ્થાઓએ વિકલાંગોને તેમના નાગરિક અધિકારો અને કાનુની અધિકારોની સમજાણ આપવી જોઈએ. બહુવિકલાંગ બાળકોમાં પોતાના નાગરિક અધિકારોની અને માનવીય અધિકારોની સમજ કેળવાય તે માટેની ભૂમિકા બિનસરકારી સંગઠનોએ બજવાની રહે છે.

બહુવિકલાંગ બાળકો જો નિચલા સામાજિક સ્તરમાંથી અને આર્થિક રીતે અક્ષમ કુટુંબમાંથી આવતા હોય તો તેમનું શિક્ષણ, તાલીમ, સારવાર તેમજ વ્યાવસાયિક તેમજ પુનઃસ્થાપનના પ્રશ્નો ત્યાં સુધી નહી ઉકેલાય કે જ્યાં સુધી એની ગરીબી દુર ન થાય અને સામાજિક સ્તર ઉંચુ ન આવે એના અનેક કારણોમાંનું એક કારણ એ છે કે આવા કુટુંબો બહુવિકલાંગ બાળકોને દૈવીઅભિશાપ માને છે અને તેમની સામાજિક જવાબદારીમાંથી મુક્ત થઈ જાય છે. આને પરિણામે સરકારી કે બિનસરકારી સામાજિક સંસ્થા દ્વારા બહુવિકલાંગ બાળકોના ઉછેર, શિક્ષણ, પુનઃસ્થાપનના અંગેના પ્રયત્નોને સહકાર મળતો નથી. આ ઉપરાંત સામુદાયિક વિકાસલક્ષી સંસ્થાઓએ તેમના તમામ વ્યુહાત્મક કાર્યક્ષેત્રોમાં વિકલાંગો અને સામાન્ય લોકો વચ્ચેની અસમાનતા દુર કરવામાં મહત્વની ભૂમિકા ભજવવાની છે. 'વિચાર'ના જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૦૧ના અંકમાં સુશ્રી કેથરીન નાઉટન અને સુશ્રી પ્રિયાવરદાન તેમના વિકલાંગતા અને આપતિ અંગેના લેખમાં જાણાવે છે કે વિકલાંગોને તેમના સમુદાયમાં સંપૂર્ણ ઉત્પાદક જીવન જીવવામાં અવરોધરૂપ બનતા ગરીબી અને સામાજિક બાદબાકીના ચક્રો વિશે વિચારીએ છીએ ત્યારે એ સ્પષ્ટ થઈ જાય છે કે હાલના સામુદાયિક વિકાસલક્ષી કાર્યક્રમોમાં વિકલાંગ લોકોનો સમાવેશ કરવામાં આવે તો તેમને છેવાડે ફેકાઈ જતા બચાવી શકાય. બહુવિકલાંગ બાળકોને સામાજિક જીવનથી અલગ કરીને હાંસિયામાં ન ફેકી દેવાય.

બહુવિકલાંગ બાળકોને તેમના જીવન શિક્ષણ, વ્યવસાય તેમજ સામાજિક જીવન જીવવા અંગે તેમના મૂળભૂત અધિકારને ઉજાગર કરવા તેમજ તેમને તેમના હકકોની સમજાણ

પ્રાપ્ત થાય તે અંગે સમાજે, સમુદાયોએ બિનસરકારી સંગઠનોએ અને શૈક્ષણિક સંસ્થાઓએ મહત્વની કામગીરી બજાવવાની રહે છે. બહુવિકલાંગ બાળકોની સુરક્ષા અત્યંત મહત્વની છે. જેમાં તેમના જીવનની અને વ્યાવસાયિક પુન:સ્થાપનની સુરક્ષા અત્યંત મહત્વની અને સંવેદનશીલ છે.

વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓનું તારીખ ૧૬,૧૭ નવેમ્બરે ૨૦૦૭ના રોજ ગાંધીનગરમાં જે રાજ્યકક્ષાનું વાર્ષિક સંગઠન મળેલુ તેમાં બહુવિકલાંગતા ધરાવનાર માનવીઓ માટે અને તેમની સુરક્ષા માટે નીચેના મુદાઓની ચર્ચા કરવામાં આવી હતી જેમાં બહુવિકલાંગોને આરોગ્યનો હકક, સામાજિક સુરક્ષાનો હકક, સમાજમાં યોગદાનનો હકક અને કોઈપણ જાતના અવરોધ રહિત સમાજનો હકકનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આ વાર્ષિક સંમેલનમાં વિકલાંગોમાં શિક્ષણનો હકક અને કુટુંબનો હકકનો સમાવેશ થાય છે. બહુવિકલાંગોને તેમના શૈક્ષણિક અને સામાજિક હકક ઉપરાંત આર્થિક અને રાજકીય હકક પણ પ્રાપ્ત થવા જોઈએ. જેની સમજદારી આપવાની જવાબદારી તેમના માતા-પિતા શિક્ષણ સંસ્થાઓ, બિનસરકારી સંગઠનોની રહેલી છે. બહુવિકલાંગતા ધરાવનાર બાળક હોય કે પુખ્ત વયની વ્યક્તિ હોય, તેનુ પુન:સ્થાપન અને તેની સામાજિકરણની પ્રક્રિયામાં વર્તમાન પત્રોની પણ બહુ મહત્વની ભૂમિકા રહેલી છે. જેમકે વર્તમાન પત્રો તેમની બહુવિકલાંગતા બંને તેમજ તેમનામાં છુપાયેલી ગર્ભિત શક્તિઓ વિશે સમાજનું ધ્યાન દોરી શકે, સમાજની ધનાઢ્ય વ્યક્તિને ઉજાગર કરી શકે અને સામાજિક સહાય અને સદભાવ બહુવિકલાંગ ધરાવતા પ્રત્યે વાળી શકે.

## ૧.૧૬બહુવિકલાંગ બાળકો માટેની વિમા સુરક્ષા યોજના, સામાજિક સુરક્ષાનાં ભાગરૂપે

આધુનિક યુગ સામાજિક યુગ તરીકે ઓળખાય છે. વ્યવસાયનાં દરેક ક્ષેત્રમાં કામ

કરતા કર્મચારીઓને તેમના ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સામાજિક સુરક્ષાનું કવચ પુરુ પાડવામાં આવેલ છે. સામાજિક સુરક્ષાની વિભાવના ઈંગ્લેન્ડના વિદ્વાન સર બિવરીજે આપી છે જે સમસ્ત વિશ્વમાં અને વ્યવસાયના બહુ મોટા ક્ષેત્રમાં અમલમાં છે.

સામાજિક સુરક્ષાની વિભાવના બહુ જ વિશાળ છે તેમજ માનવકલ્યાણલક્ષી છે. વ્યવસાયનાં વિવિધ ક્ષેત્રમાં તે અમલમાં છે. તેમાં કર્મચારીઓને તેનું આર્થિક ભાવિ સુરક્ષિત કરવા, અકસ્માત કે બિમારી સામે રક્ષણ પૂરુ પાડવા, સ્ત્રી કર્મચારીઓને માતૃત્વનાં લાભો આપવા વિગેરેનો સમાવેશ થાય છે.

સામાજિક સુરક્ષાની વિભાવના આજે વ્યવસાયનાં ક્ષેત્રો પૂરતી જ મર્યાદીત નથી રહી, અસંગઠિત ઉદ્યોગો, સંગઠિત ઉદ્યોગો અને નાની-નાની સંસ્થાઓમાં પણ સામાજિક સુરક્ષાની વિભાવનાઓ વ્યાપ્ત બનતી જાય છે. આમ જ્યારે રાષ્ટ્રનાં નાગરિકો સુધી સામાજિક સુરક્ષાની વિભાવના વ્યાપ્ત હોય અને તેમના અમલીકરણનો વ્યાપ વિસ્તૃત થતો હોય ત્યારે બહુવિકલાંગ બાળકો કે જે રાષ્ટ્રની ભાવિ મૂડી છે. તેને કેમ વંચિત રાખી શકાય? વિસ્તૃતઃ આ બાળકોને સામાજિક સુરક્ષાના તેમજ તેમાંથી મળતા લાભોની સૌથી વધુ જરૂર છે. બહુવિકલાંગ બાળકોનાં નિરંતર વિકાસ માટેના કેટલાક સિદ્ધાંતો હેડીપ્ટ ઈન્ટરનેશનલ સંસ્થાએ દર્શાવેલ છે જે નીચે મુજબ છે.

### ૧. સામાજિક સુરક્ષા

વિકલાંગોને પાયાની સામાજિક સુરક્ષા પ્રાપ્ત થવી જોઈએ. વિકલાંગોને ગૃહનિર્માણ, આરોગ્ય સેવાઓ, પુન:વર્સનની સેવાઓ અને સહયોગની પ્રવૃત્તિમાં સાંકળી લેવા જોઈએ કે જેથી તેમને પણ આ સુવિધાઓ પ્રાપ્ત થઈ શકે.

### ૨. પહોંચ

શિક્ષણ, ધિરાણ, માહિતી અને આવક સર્જનની તકો સહિતનાં તમામ વિકાસલક્ષી

કાર્યક્રમોમાં વિકલાંગોની સમાન પહોંચ હોવી જોઈએ. જેથી આપણે બધા જે જીવન જીવીએ છીએ તેની બધી જ બાબતો વિકલાંગ વ્યક્તિઓને થવી જોઈએ.

**૩. સભાનતા**

જ્યાં શક્ય હોય ત્યાં વિકલાંગ લોકો પોતાની જરૂરિયાતો અને તેનાં અધિકારો વિશે સભાન બને છે તે જોવું જોઈએ. આ ઉપરાંત અવગણના અને ભેદભાવજનક વલણોનાં પરિણામો આવે તે વિશે પણ જાગૃત થવા જોઈએ.

**૪. નિષ્પક્ષ**

વિકલાંગ લોકોને તેમનો પ્રભાવ પાડવા અને તેમના અધિકારોની જાગૃતિને પ્રોત્સાહન આપવા માટે તેને પગલા લેવાનો હક છે. વિકલાંગ લોકો પોતે જ પોતાના વિશે બોલતા થાય કે જેથી તેમનાં માનવ અધિકારોની સ્થિતિ મજબૂત બને તે જોવું જોઈએ.

બહુવિકલાંગ બાળકો માટે તેમનાં ભાવિને સુરક્ષિત કરવાના આશય માટે યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડીયા એ તેમજ જીવન વિમા નિગમે યોજનાઓ અમલમાં મુકી છે જે નીચે મુજબની છે.

**અ. યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાની અપંગોના લાભાર્થે ખાસ યોજના**

ભારત સરકારની મંજુરીથી આ સંસ્થાએ ૧ માર્ચ ૧૯૯૬ થી અમલમાં આવે તે રીતે શારીરિક અપંગ અને માનસિક ખામીવાળા લોકોના લાભાર્થે ખાસ યોજના પ્રસ્તુત કરી છે જે અન્વયે નિશ્ચિત વાર્ષિક આવક અને દર ત્રણ વર્ષે ડિવિડન્ટ આપવામાં આવશે. જેમાં રોકાણકારની હયાતી દરમ્યાન વાર્ષિક ડિવિડન્ડ અને ત્રિવાર્ષિક ડિવીડન્ડ પુન:રોકાણ કરવામાં આવશે. આ યોજના વિકલાંગોનાં ભાવિને તેમજ તેમનાં આશ્રિતોને ધ્યાનમાં રાખીને ઘડવામાં આવે છે.

### બ. જીવન વીમા નિગમની અપંગોનાં લાભાર્થે વિમા યોજના

શારીરિક અપંગો અને માનસિક ખામીવાળા લોકોનાં લાભાર્થે આ સંસ્થાએ જીવન આધાર નામની યોજના અમલમાં મુકી છે. આ યોજના અન્વયે કોઈપણ વ્યક્તિ કે હિન્દુ અવિભક્ત કુટુંબના કોઈપણ સભ્ય તેમનાં એ અપંગ આશ્રિતને ઉચ્ચક રકમ અને વર્ષાશનની ચૂકવણી કરી શકાય તે માટે તેમનો જીવનવીમો લઈ શકે છે. આ પોલીસી હેઠળ નાણાની ચૂકવણી અપંગ આસરીતનાં લાભાર્થે અન્ય વ્યકિત કે ટ્રસ્ટને ચૂકવવામાં આવશે. આ યોજના હેઠળ વિમાની રકમનાં  ૨૦% જેટલી રકમ ઉચક આપવામાં આવશે અને બાકીની ૪૦% રકમ વર્ષાસિન તરીકે ૧૫ વર્ષ પછી અપંગ આશ્રિતને આપવામાં આવશે. આ બધી રકમ ઈન્કમટેક્ષની કલમ ૮૦ ડીડી હેઠળ આવકવેરા માંથી મુક્તિ મેળવે છે.

## ૧.૧૭ બહુવિકલાંગ બાળકોની વિકાસ યોજનામાં પ્રાથમિકતા

કોઈપણ રાષ્ટ્ર કે સમાજમાં બહુવિકલાંગતાને એક અભિશાપ માનીને બેસી રહેવાય નહી. કારણ કે બહુવિકલાંગો પણ સમાજનું અભિન્ન અંગ છે. સમાજના વિવિધ સ્થળોમાંથી ગ્રામ્ય કે શહેરી વિસ્તારોમાંથી, ધનવાન કે ગરીબોમાંથી, શિક્ષિત કે નિરક્ષર વર્ગોમાંથી જે બહુવિકલાંગ બાળકો આવે છે તેઓ આ ધરતી પર બોજ બનીને આવતા નથી. તેમને તેમનું જીવન સામાન્ય માનવીની માફક જ જીવવુ છે અને તે માટે સમાજ પાસે કે રાષ્ટ્ર પાસે તેમની અનેક અપેક્ષાઓ હોય છે. શ્રી એસ.બોરિક પોતાનાં પુસ્તક Disableal Indian માં જણાવે છે કે માનવીય બહુવિકલાંગતાનાં અનેકવિધ પ્રથમ માત્ર તબીબ શાસ્ત્રની સારવારનાં દ્રષ્ટિકોણથી નહીં પરંતુ સામાજિક સભાનતા, સામાજિકવિધિ અને માનવીય અધિકારોના સંદર્ભનાં માનવીય સાતત્યપૂર્ણ વિકાસના મુદાઓનાં સંદર્ભમાં મુલવવા જોઈએ.

ડો.બેરિફ વિશેષમાં જાણાવે છે કે સુખ એક માનસિક અવસ્થા છે જેમાં વ્યક્તિ અને વ્યક્તિ, સમાજ અને સમાજ તેમજ સંસ્કૃતિ અને સંસ્કૃતિ વચ્ચે તફાવત રહેલો હોય છે તેમ

છતાં એક વાત તો સ્પષ્ટ છે કે સુખી જીવન માટે સારુ સ્વાસ્થ્ય એક અત્યંત મહત્વપૂર્ણ શરત છે.

બહુવિકલાંગ બાળકોની તબીબી સારવાર અત્યંત મહત્વની છે. તેની ના પાડી શકાય તેમ નથી. પરંતુ તેટલા માત્રથી જ તેમના માનવીય અધિકારોની સમાપ્તી થતી નથી. ડો.બેરેક જે જણાવે છે કે બહુવિકલાંગ બાળકોનો આવો પ્રશ્ન તેમના માનવીય અધિકારો, તેમનું ગૌરવપૂર્ણ જીવન, તેમનું ગૌરવપૂર્ણ પુન:સ્થાપન તેમજ માનવીય સાતત્ય પુર્ણ વિકાસની દ્રષ્ટિએ મૂલવવું જોઈએ. બહુવિકલાંગતા કુદરતી અભિશાપ છે એમ માનીને બેસી ન રહેવું જોઈએ. બહુવિકલાંગતામાંથી પરિણમતા અનેક જટીલ માનવીય પ્રશ્નોનો ઉકેલ તેમના પ્રત્યેના માનવીય અભિગમમાં રહેલો છે.

માનવીય અધિકારો અંગેના ૧૯૪૮ના વૈશ્વિક ઢંઢેરામાં બહુવિકલાંગ વ્યક્તિનો માનવીય અધિકાર સ્વીકારવામાં આવેલો છે. આ ઢંઢેરો જણાવે છે કે બહુવિકલાંગોની બીમારી બેરોજગારી, સલામતી, તબીબી સંભાળ અને સામાજિક સેવાઓ નિશ્ચિત રીતે મહત્વના છે. પરંતુ ખરી જરૂર છે તેમના પ્રત્યે દયા-ભાવના, કરુણા કે રહેમનઝર બતાવવાને બદલે તેમનું ગૌરવપૂર્વક સન્માન થવું જોઈએ. સમાજના બિજા નાગરીકોની માફક જ સામાન્ય જીવન જીવવા તરફ પ્રેરવા જોઈએ, તે માટેની અનુકુળતાઓ સમાજે કરી આપવી જોઈએ. આ માટે સુયોગ્ય કાનુની અને વહીવટી પગલાઓ જે તે જરૂરી લાગે તે લેવાવા જોઈએ.

સરકારશ્રીની વિકલાંગ બાળકો માટેની અનેક યોજનાઓ ભારતમાં પ્રવર્તમાન છે. ભારતમાં વિકલાંગ વ્યક્તિઓ માટે ખાસ કાયદો અમલમાં છે. જે "Equal Oppoutunitles, Proteation of Rights and Full participation Act. 1995" શીખવા (૧૯૯૫નો વિકલાંગ ધારો)

આ ઉપરાંત 'સ્વલીનતા', 'મગજનો લકવો' મંદબુદ્ધિતા અને બહુવિકલાંગગ્રસ્ત

વ્યક્તિઓના વ્યક્તિ માટેનો ૧૯૯૯નો રાષ્ટ્રીય ટ્રસ્ટ ધારો પણ છે. જે આ પ્રકારની વિકલાંગતાથી પીડાતી વ્યક્તિઓ હોય તેમની સુવિધાઓ અને સુખાકારી માટે કાર્યરત છે. કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા બાબતના મંત્રાલયે સંસદમાં પસાર કરેલા કાયદા વિભાગ દ્વારા 'સ્વલીનતા', 'મગજનો લકવો', 'મંદબુદ્ધિતા' અને બહુવિકલાંગગ્રસ્ત વ્યક્તિઓના કલ્યાણ માટે રાષ્ટ્રીય ટ્રસ્ટ ધારા ૧૯૯૯ને રાષ્ટ્રપતિશ્રીની મંજુરી મળી. આમ ભારત સરકારના આ કાયદાએ મગજ અંગેની બહુવિકલાંગતાથી પીડાતી વ્યક્તિઓ માટે અનેક પ્રકારની યોજનાઓ અને સુવિધાઓ દાખલ કરી.

આ ધારા અન્વયે કેન્દ્ર સરકાર 'સ્વલીનતા', 'મગજનો લકવો', 'મંદબુદ્ધિતા' અને 'બહુવિકલાંગ'ના કલ્યાણ માટેના ટ્રસ્ટ એકમની સ્થાપના કરશે. જે કાયદાકીય હેતુ માટે નોંધાયેલી સંસ્થા હશે. જેનું મુખ્ય કાર્યાલય નવી દિલ્હી રહેશે. આ ટ્રસ્ટ સ્થાનિક વિસ્તાર સમિતિઓ તેમજ નોંધાયેલા સંગઠનો તેમજ વાલીઓ માટે નીચેના ઉદેશો પાર પાડશે.

૧. વિકલાંગ વ્યક્તિઓ જે સમુદાયમાંથી આવતી હોય તેમાં અથવા તેના જેવા જ તેની નજીકનાં હોય એવા સમુદાયમાં સ્વતંત્ર રીતે ચાલે, સંપૂર્ણ રીતે રહી શકે તે માટે તેમને શક્તિમાન બનાવવા અને તેઓમાં અધિકાર ચિંતન કરવું.

૨. વિકલાંગ વ્યક્તિઓ પોતાના જ કુટુંબમાં રહી શકે તે માટે તેને ટેકો પુરો પાડવાની સુવિધાઓ સક્ષમ બનાવવી.

૩. વિકલાંગ વ્યક્તિઓના કુટુંબમાં તેમની તીવ્ર મુશ્કેલીઓના સમય દરમ્યાન જરૂરિયાતના આધારે સેવાઓ પુરી પાડવા, નોંધાયેલા સંગઠનો સુધી વિસ્તારવો અથવા સેવાઓનું વિસ્તરણ કરવું.

૪. કુટુંબનો ટેકો ન હોય તેવી વિકલાંગ વ્યક્તિઓની સમસ્યા હલ કરવી.

૫. વિકલાંગ વ્યક્તિઓની તેમના માતા-પિતા અથવા વાલીનું મૃત્યુ થતા સંભાળ

અને રક્ષણના પગલાઓને પ્રોત્સાહન આપવું.

૬. આવા રક્ષણની જરૂર હોય તેવી વિકલાંગ વ્યક્તિઓ માટે વાલીઓ અને ટ્રસ્ટીઓની નિમણુંક કરવાની કાર્યવિધિ વિકસાવવી.

૭. વિકલાંગ વ્યક્તિઓની સમાન તકો, અધિકારોનું રક્ષણ અને સંયુક્ત સહભાગીદારી સીદ્ધ થાય તે માટે સુવિધાઓ પુરી પાડવી.

૮. ઉપરોક્ત ઉદેશો પાર પાડવા માટે જે કંઈ આનુસંગિક પગલાની જરૂર હોય તે ભરવા.

આ ટ્રસ્ટ તેના ઉદેશો મુજબની પ્રવૃતિ કરવા માટે કેન્દ્ર સરકાર પાસેથી શરૂઆતનું સ્થાયી મુડીભંડોળ રૂા.૧૦૦ કરોડ મેળવશે. તે ઉપરાંત અનુદાન, દાન, સખાવતો, વારસાઓ અને અન્ય હેરફેરથી વધારાના નાણાકીય સાધનો મેળવી શકશે. આ ટ્રસ્ટની વ્યવસ્થા કરનાર બોર્ડ તેની નિયત ફરજો બજાવે અને તેમાં નીચેની બાબતોનો સમાવેશ આ ધારાના અમલ કરવા માટે કરવામાં આવશે.

૧. એવો કાર્યક્રમ કે જે બહુવિકલાંગ વ્યક્તિને તેના સમુદાયમાં કે સ્વતંત્ર રીતે જીવન જીવવાને પ્રોત્સાહન આપે.

૨. સમુદાયમાં અનુકુળ વાતાવરણ સર્જે.

૩. બહુવિકલાંગ વ્યક્તિઓના કુટુંબના સભ્યોને સલાહ આપે અને તાલીમ આપે.

૪. બહુવિકલાંગ વ્યક્તિના સંદર્ભમાં વિવિધ પ્રકારની સંભાળ અંગેની સેવાઓને પ્રોત્સાહન આપે.

૫. બહુવિકલાંગ વિદ્યાર્થીઓ માટે, વિદ્યાર્થીગૃહો (છાત્રાલયો), શિશુગ્રહો, અને વિશિષ્ટ પ્રકારની શાળાઓ અને રહેઠાણ માટેના નિવાસસ્થાનો બનાવવા.

૬. બહુવિકલાંગ વ્યકિતઓના સ્વાવલંબી જુથોનો સશક્તિકરણની દીશામાં વિકાસ કરે.

૭. સ્થાનિક કક્ષા સમિતિની વાલીપણાની અરજીઓને મંજુર કરવા રચના કરે.

૮. એવા અન્ય કાર્યક્રમો હાથ ધરે જે ટ્રસ્ટના ઉદેશોને પ્રોત્સાહન આપે.

આ ધારો મંજુર કરીને ભારતની સંસદે રાષ્ટ્રીય ટ્રસ્ટની રચના કરી તેના ઉદેશો અને કાર્યક્રમોને પ્રોત્સાહન આપવા 'સ્વલીન', 'મગજનો લકવો', 'મંદબુધ્ધિતા' અને બહુવિકલાંગ વ્યક્તિઓના કલ્યાણના ક્ષેત્રે એક અત્યંત મહત્વનું સીમાચિહન ઉભુ કર્યુ છે તેમજ સામાજિક સુરક્ષાના ક્ષેત્રે હરણફાળ ભરી છે. આ ધારાનો અમલ જુલાઈ ૨૦૦૦થી.

### ➢ વિદ્યા સાગર (એન.જી.ઓ.) ચેનલ

કેન્દ્ર સરકારની સંસ્થાઓ, કેન્દ્ર શાસિત પ્રદેશો અને રાજ્યોને આ કાયદાના અમલ માટે કાર્યાન્વિત કરવા બોર્ડના અધ્યક્ષની અને સભ્યોની નિમણુંક થઈ છે. ગુજરાત રાજ્યમાં આ ધારાનો અમલ સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ ગાંધીનગર દ્વારા સમાજ સુરક્ષા પાસુ ગુજરાત રાજ્ય ગાંધીનગરને સોંપાયેલ છે. જે ગુજરાત રાજ્યમાં પથરાયેલ પોતાની શાખાઓ-પ્રશાખાઓ દ્વારા આ ધારાનો અમલ કરી ગુજરાત રાજ્યના બહુવિકલાંગોને સામાજિક સુરક્ષા આપે છે તેમજ માનવીય ગૌરવ પણ પ્રદાન કરે છે.

### ➢ રીહેબીલીટેશન કાઉન્સીલ ઓફ ઈન્ડીયા એકટ ૧૯૮૬ :

ભારત સરકારે ૧૯૮૬ માં ભારતીય પુર્નવસન પરીષદની સ્થાપના કરી હતી. એક સોસાયટી તરીકે આ સંસ્થા વિકલાંગ લોકોના પુર્નવસન અંગેની તાલીમ, નિતીઓ અને કાર્યક્રમો ઉપર નિયમન રાખવાનું કામ કરતી હતી. શિક્ષણ, વ્યવસાયીક તાલીમ અને સલાહ સાથે સંબંધીત એવી વ્યકિતઓએ આ અંગેના લઘુત્તમ ધોરણો ઘડાય તેની જરૂરીયાત દર્શાવી હતી તેના સંદર્ભમાં આ પરીષદની સ્થાપના કરવામાં આવી હતી. ૧૯૯૩ માં સંસદે રીહેબીલીટેશન કાઉન્સીલ ઓફ ઈન્ડિયાનો કાયદો પસાર કર્યો ત્યારથી આ પરિષદને એક કાનૂનિ સંસ્થા તરીકે દરજ્જો પ્રાપ્ત થયો પરીષદના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે.

૧. વિકલાંગતા ધરાવતી વ્યકિતઓ સાથે કામ કરનારા વ્યવસાયો માટેના તાલીમના કાર્યક્રમોનું ધોરણીકરણ કરવું.

૨. વિકલાંગતા ધરાવતી વ્યકિતઓ સાથે કામ કરનારા વિવિધ શ્રેણીઓના વ્યવસાયોના તાલીમ અને શિક્ષણ માટેના લઘુત્તમ ધોરણો નક્કી કરવા.

૩. સમગ્ર દેશમાં તમામ તબીબી સંસ્થાઓમાં આ ધોરણોનું નિયમન કરવું.

૪. પુર્નવર્સન અને વિશિષ્ટ શિક્ષણ ક્ષેત્રે સંશોધનને પ્રોત્સાહન આપવું.

➢ **વ્યવસાયોની નોંધણી કરવા માટે કેન્દ્રીય પુર્નવસન રજીસ્ટર રાખવું.**

રીહેબીલીટેશન કાઉન્સીલ ઓફ ઈન્ડિયા ૧૬ (સોળ) પ્રકારના પુર્નવસન કાર્યકરો માટે તાલીમ ના ધોરણોનું નિયમન કરે છે મુખ્ય પ્રવાહની શૈક્ષણિક સંસ્થાઓ તેમજ વિશેષ પ્રકારની સંસ્થાઓના અનુભવનો ઉપયોગ કરીને ભારતીય પુર્નવસન પરીષદ તાલીમ અને સંશોધનની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન પુરૂ પાડે છે. આ પરીષદની સ્થાપના થઈ એ અગાઉ વ્યાવસાયીક તાલીમ અને સલાહ તથા શિક્ષણ માટે કોઈ નિશ્ચિત ધોરણો હતા નહી ઉપરાંત વિકલાંગતા ધરાવતી વ્યકિતઓ સાથે કામ કરનારા લોકો વ્યાવસાયીક રીતે લાયકાત પણ ધરાવતા ન હતા આ પરીષદે આ પરિસ્થિતિમાં ઘણો સુધારો કર્યો છે અને તાલીમ તથા શિક્ષણના ક્ષેત્રે ધોરણીકરણ ઉભુ થયું છે.

## ૧.૧૮ બહુવિકલાંગ બાળકોની સામાજિક સમસ્યા અને સામાજિક જવાબદારી

બહુવિકલાંગ બાળકો એ સમાજનો જ એક અત્યંત મહત્વનો હિસ્સો છે અને તેથી તેમના પ્રશ્નોની મુલવણી કરતી વખતે તેમને સમાજથી અલગ રીતે મુલવી શકાય નહી. કારણ કે ફ્રેન્ચ ફિલસુફ રસ્કિન વિચારે છે તેમ, તે કોઈ પણ સમાજનો છેવાડાનો અને ઉપેક્ષીત વર્ગ નથી. કોઈ પણ સમાજનો એ અગત્યનો હિસ્સો છે અને સમાજના ભાગરૂપ જ છે.

બહુવિકલાંગતાને જ્યારે ગરીબી, નિરક્ષરતા સાથે સાંકળવામાં આવે છે. ત્યારે પ્રશ્નોના ઉકેલ ઘણા ગંભીર અને મહત્વના બની જાય છે. ગ્રામીણ સમાજમાંથી આવતા બહુવિકલાંગ બાળકો, શહેરી સમાજના સામાજિક કે આર્થિક પછાત વર્ગોમાંથી આવતા બહુવિકલાંગ બાળકો, ગરીબી રેખા નીચે જીવતા ગ્રામીણ કે શહેરી મજુરોના કુટુંબોમાંથી આવતા બહુવિકલાંગ બાળકો તેમની આંખોમાં અનેક પ્રશ્નો સાથે સમાજ પાસે આવે છે. તેમની આંખોમાં ન પુછાયેલા અનેક પ્રશ્નો સમાજ માટેના હોય છે. બહુવિકલાંગ બાળકો પોતાનું શિક્ષણ સારવાર, પુનઃસ્થાપન, માનવીય ગૌરવ અંગે જાણવા માંગે છે. તેઓ એ જાણવા માંગે છે કે કુદરતે તેમને અન્યાય કર્યો છે તો ભલે કર્યો. તેનો આ જન્મમાં કદાચ વિકલ્પ ના હોય શકે, પરંતુ સમાજે શા માટે તેમને સામાન્ય બાળકોને મળતા લાભોથી વંચીત રાખીને વધુ અન્યાય કરવો? તેઓ કુદરતે કરેલા અન્યાયનો ઉકેલ જો સમાજ પાસે માંગતા હોય તો સમાજની એ પ્રાથમિક ફરજ બને છે કે તેમને યોગ્ય ન્યાય આપવો, તેમને સ્વીકારવા અને સામાન્ય માનવપ્રવાહમાં તેમને ભેળવવા.

બહુવિકલાંગતા એ ગરીબીનું કારણ પણ હોઈ શકે અને તેનું પરિણામ પણ હોઈ શકે એ જે હોય તે પણ ગરીબીને કારણે જ્યારે બહુવિકલાંગતાઓ હોય છે, તેની સારવાર અને શિક્ષણ પ્રાપ્ત નથી થતા, પુનઃ સ્થાપના પ્રશ્નો ઉભા થાય છે ત્યારે ગરીબીનું વિષચક્ર વધુ ગંભીર બને છે. આમ બહુવિકલાંગતા અને ગરીબી, બહુવિકલાંગતા અને સામાજિક પછાતપણુ અને બહુવિકલાંગતા અને સામાજિક ઉપેક્ષાનું વિષચક્ર ચાલ્યા કરે છે.

બહુવિકલાંગતાના આ વિષચક્રને અટકાવવાની જવાબદારી રાષ્ટ્રની, સરકારની, સમાજની અને સમુદાયની છે. બહુવિકલાંગ બાળકોના કુટુંબની તો જવાબદારી છે જે તે નિભાવવા સંઘર્ષ કરે છે પરંતુ તે સંઘર્ષમાં એ સમાજનો સહકાર અને સહાનુભૂતિ માંગે છે. કારણ કે સંઘર્ષ એ એક રીતે જોઈએ તો કુદરત સામેનો સંઘર્ષ છે. કુદરતે જે અન્યાય કર્યો

છે તે પડકાર ઉઠાવી લેવા માટે સમાજની જવાબદારી આ બહુ વિકલાંગ બાળકો માટેની અત્યંત મહત્વની બની જાય છે.

➢ વિકલાંગો અને બહુવિકલાંગો માટે કાર્ય કરતી આંતરરાષ્ટીય, રાષ્ટ્રીય અન્ય સ્થાનિક સંસ્થાઓ અને તેમની સાથે ભારતનું જોડાણ અને સહકાર

૧. એશિયાઈ દેશોના વિકલાંગો માટે શિક્ષણ, તાલીમ, પુર્નવસન તેમજ સારવાર અંગે કામ કરતી એશિયાઈ સંસ્થા એશિયા, પેસીફીક રીજીયન છે. ભારત આ સંસ્થાનું સક્રીય સભ્ય છે. આ સંસ્થા વિકલાંગોની સમાનતા, સહભાગીદારી અને માનવીય ગૌરવની પુન: સ્થાપના અંગે કામ કરે છે.

૨. તદઉપરાંત વિકલાંગો અને બહુવિકલાંગતા ક્ષેત્રે કામ કરતી ‘બિવાઠો મિલેનીયમ ફ્રેમ વર્ક’ નામની સંસ્થાનો પણ ભારત સભ્ય છે. આ સંસ્થા એશિયા અને પેસીફીકના દેશોમાં વસતા વિકલાંગ લોકો માટે કાર્ય કરી રહેલ છે. આ સંસ્થાના કાર્યક્ષેત્રનો વ્યાપ ઘણોજ વિશાળ છે જેમાં વિકલાંગોની સારવાર, શિક્ષણ, તાલીમ, પુન:સ્થાપન, સામાજિક ભાગીદારી વિગેરેનો સમાવેશ થાય છે.

૩. આ ઉપરાંત સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાનાં વિકલાંગોના અધિકારો અને માનવીય ગૌરવના રક્ષણ અને સંર્વધન અંગેના ઠરાવમાં પણ ભારતનો હિસ્સો છે.

૪. આ ઉપરાંત વિશ્વ આરોગ્યક્ષેત્રે કામ કરતી વિશ્વ આરોગ્ય સંસ્થા (Who) પણ વિકલાંગોની સારવાર ક્ષેત્રે કામ કરી રહેલ છે. આ ઉપરાંત સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાની એક બીજી શાખા જેને UNICEF કહેવામાં આવે છે તે પણ વિકલાંગોના ક્ષેત્રે અપ્રતિમ કામગીરી કરી રહેલ છે.

આ ઉપરાંત વિકલાંગો અને બહુવિકલાંગોના ક્ષેત્રે ખૂબજ ઉમદા કામ કરનાર સંસ્થા

International wheelchair foundation છે. જે વસ્તુત: વિકલાંગોના ક્ષેત્રે કામ કરનાર સંસ્થાઓ માટે નાણાકીય સ્રોતો પુરી પાડવાની જવાબદારી અદા કરે છે. જે દ્વારા બહુવિકલાંગ વ્યક્તિઓ માટે wheel chair ખરીદી શકાય.

વિશ્વઆરોગ્ય સંસ્થા વિકલાંગતા અને બહુવિકલાંગતા અંગે જણાવે છે કે

"Impairment is any structural loss, disability is functional incapability and Handicapped is disadvantage experionced by person.

એટલે કે શારીરિક નુકશાન કે નબળાપણુ એ શરીરને થતુ એક પ્રકારનું નુકશાન છે, જ્યારે જન્મજાત કામ કરવાની અક્ષમતા અને ડીસએબીલીટી (વિકલાંગ), કહેવાય છે જ્યારે સામાજિક રીતે કોઈ વ્યક્તિ ગેરલાભની પરિસ્થિતિમાં મુકાય છે ત્યારે તેને અપંગપણુ કહેવામાં આવે છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાંના અહેવાલ મુજબ વિકસતા રાષ્ટ્રોની વસ્તીના ૫.૨૧% વિકલાંગ છે. આ ઉપરાંત આ સંસ્થાના અહેવાલ મુજબ ભારતમાં ૧૬.૧૫ લાખ લોકો એક યા બીજા પ્રકારની અપંગતાથી પીડાય છે.

### ➢ રાષ્ટ્રીય સ્તરે કાર્ય કરતી સંસ્થાઓ

ભારતમાં વિકલાંગો કે બહુવિકલાંગો માટે કાયદાકીય માળખાઓ ઉપરાંત તેમને માટે રાષ્ટ્રીય સ્તરે કામ કરતી કેટલીક સંસ્થાઓ આવેલી છે. આ સંસ્થાઓ અલગ-અલગ વિકલાંગો માટે કામ કરી રહેલ છે. જે ભારતના અલગ-અલગ શહેરોમાં સ્થાપિત થયેલી છે. પરંતુ તે રાષ્ટ્રીય કક્ષાની સંસ્થા હોવાથી તેમના કાર્યક્ષેત્રનો વ્યાપ પણ વિકલાંગતાના પ્રકાર પ્રમાણે સમગ્ર રાષ્ટ્રમાં ફેલાયેલો છે.

આ સંસ્થાઓ નીચે મુજબની છે.

૧. Institue for physicaley Handicapped, New Delhi.

(શારીરિક અપંગો માટેની સંસ્થા, નવી દીલ્હી)

૨. National Institue of Visually Handlapped Dehradun,

(દ્રષ્ટિક્ષતિ અપંગો માટેની રાષ્ટ્રીય સંસ્થા, દેહરાદુન)

૩. National Institute for ortropaedacally Hanaicapped, kolkotta

(અસ્થિવિષયક અપંગો માટેની રાષ્ટ્રીય સંસ્થા, કલકતા)

૪. National Institute for mentally Hendicapped Secunderabad

(માનસિક અપંગો માટેની રાષ્ટ્રીય સંસ્થા સિકંદરાબાદ)

૫. National Institue for hearing Handicapped

(શ્રવણક્ષતિ અપંગો માટેની રાષ્ટ્રીય સંસ્થા, મુંબઈ)

૬. National Institute of Rehabilitation, tranning and Research Cuttack.

(પુનઃ સ્થાપન તાલીમ અને સંશોધન અંગેની રાષ્ટ્રીય સંસ્થા, કટક)

આ ઉપરાંત, રાષ્ટ્રીય વિકલાંગો અને નાણાકીય વિકાસ નીગમ

(National Handicapped and finance development Corporation)

આ સંસ્થા વિકલાંગો માટે સ્વરોજગારીના વ્યવસાયો કરવા હોય તો રાજ્ય સરકારની એજન્સીઓ મારફત રાહતના દરે લોન આપવાની ઉમદા કામગીરી કરી રહી છે.

આ ઉપરાંત જિલ્લા સ્તરે અને ગ્રામીણ સ્તરે પંચાયતી રાજની સંસ્થાઓ વિકલાંગ વ્યક્તિઓ માટે કલ્યાણકારક કામગીરી કરે તેની જવાબદારી તેમને સોંપવામાં આવેલ છે.

આ ઉપરાંત પાંચ(૫) સંયુક્ત પુનઃસ્થાપન કેન્દ્રો ચાર (૪) પ્રાદેશીક પુનઃ સ્થાપન કેન્દ્રો અને ૧૦૦ જિલ્લા કક્ષા પુનઃ સ્થાપન કેન્દ્રો સ્થાપવામાં આવેલા છે કે જેઓ વિકલાંગ વ્યક્તિઓ માટે વિવિધ પ્રકારની પુનઃસ્થાપનની કામગીરી કરી રહેલ છે. આ ઉપરાંત કેન્દ્ર સરકારના સ્વાસ્થ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય અન્વયે વિભિન્ન રાષ્ટ્રીય

સંસ્થાઓ પુન:સ્થાપનના ક્ષેત્રમાં કામ કરી છે. જેમાં બેંગ્લોરની માનસિક સ્વાસ્થ્ય અને ન્યુરો સાયન્સ સંસ્થા, મુંબઈની શારીરિક ચિકિત્સા અને પુન: સ્થાપન સંસ્થા, મૈસુરની ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ સ્પીચ એન્ડ હીયરીંગ અને રાંચીની મનોચીકીત્સા અંગેની કેન્દ્રીય સંસ્થા આમ રાષ્ટ્રીય સ્તરે અને રાજ્ય સ્તરે અનેક સંસ્થાઓ વિકલાંગો માટે પુન: સ્થાપનના ક્ષેત્રમાં કાર્ય કરી રહેલી છે.

### o રાજ્યસ્તરે કામ કરતી સંસ્થાઓ

વિકલાંગતા અને બહુવિકલાંગતાના ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓમાં ગુજરાતમાં નીચેની સંસ્થાઓ કામ કરી રહી છે. જેમાં

૧. અંધજન મંડળ, અમદાવાદ

૨. અંધકલ્યાણ કેન્દ્ર, અમદાવાદ

૩. અપંગ માનવ મંડળ, અમદાવાદ

૪. સોસાયટી ફોર ક્ષેત્રફળ હેન્ડીકેપ્ડ, અમદાવાદ

૫. વિકલાંગ વ્યવસાયિક પુનર્વાસકેન્દ્ર, અમદાવાદ

૬. The Tata agriculturar and Rural trainning center. (ફણાસા)

૭. ગાંધીધર, કથોલી સંચાલિત દેવબાળ છાપશાળા, કથોલી

૮. શ્રી શાહ ખીમચંદ લક્ષ્મિચંદ બહેરા મુંગા શાળા ભાવનગર

૯. મહિલા વિકલાંગ વ્યાવસાયિક પુન:વસન કેન્દ્ર, બરોડા.

જેવી સંસ્થાઓ વિકલાંગોના પુન: સ્થાપનક્ષેત્રમાં કામ કરી રહી છે. આ યાદી ઘણી લાંબી થવા જાય છે. કારણ કે વિકલાંગોના ક્ષેત્રે ગુજરાતમાં ઘણી સંસ્થાઓ કામગીરી બજાવી રહી છે. અન્ય સંસ્થાઓમાં

૧. સેરીબ્રલ પાલ્સીડ ચીલ્ડ્રન ડેવલપમેન્ટ ટ્રસ્ટ, ગાંધીનગર

૨. યુવા વિકાસ ટ્રસ્ટ, ગાંધીનગર

૩. ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન અમદાવાદ

૪. હેન્ડીક્રેકેપ્ટ વેલફેર ફેડરેશન, અમદાવાદ

૫. મીટ ધી ઈન્ટરનેશનલ ડીસએવીબીલીટી હેલ્પલાઈન, અમદાવાદ

૬. સેવા રૂરલ જઘડીયા વિકલાંગ એકશન કમીટી, રાજકોટ

૭. શ્રી આશાદીય વિકલાંગ કલ્યાણકારી ટ્રસ્ટ જામનગર

૮. બ્લાઈન્ડ વેલફેર કાઉન્સીલ, દાહોદ

૯. વિકલાંગ કલ્યાણ સોસાયટી ટ્રસ્ટ, સુરત

૧૦. ગુજરાત રકતપીત નિવારણ સેવા સંઘ, તરસાલી

આ સંસ્થાઓ વિકલાંગોના ક્ષેત્રે કામ કરતી મહત્વની સંસ્થાઓ છે.

**o સ્થાનિક સ્તરે કામ કરતી સંસ્થાઓ.**

વિકલાંગો અને બહુવિકલાંગોના કલ્યાણના ક્ષેત્રે રાજકોટનું મહત્વનું પ્રદાન છે. ખાસ કરીને વિકલાંગોના શિક્ષણ, તાલીમ અને પુર્નવસનના ક્ષેત્રે એટલે કે વિકલાંગોના સમાજ સુરક્ષા ક્ષેત્રે રાજકોટે હરણફાળ ભરી છે. રાજકોટમાં વિવિધ પ્રકારની સામાજિક સેવાઓ આપતી સંસ્થાઓ કાર્યરત છે જેમાં સરકારી સંસ્થાઓ જેવી કે,

અપંગ બાળગૃહ, માનસિક ક્ષતિવાળા બાળકોનું ગૃહ, વિકલાંગ રોજગાર વિનીમય કચેરી, જિલ્લા વિકલાંગ પુર્નવસન કેન્દ્ર અને વિકલાંગો માટેની અન્ય કલ્યાણકારી યોજનાઓ જેવી કે અપંગ ઓળખકાર્ડ, અપંગ શિષ્યવૃતિ, સાધન સહાય, પેટ્રોલ-અનુદાન વિકલાંગોને મકાન બાંધકામ વગેરેનો સમાવેશ થાય છે.

સ્વૈચ્છિક ક્ષેત્રે પણ વિકલાંગોની કલ્યાણકારી કામગીરીમાં રાજકોટની પ્રગતી નોંધનીય

છે જેમાં મુખ્યત્વે અંધ મહિલા વિકાસ ગૃહ, વિરાણી બહેરામૂંગા શાળા, સ્નેહનિર્ઝર (માનસિક ક્ષતિવાળા બાળકોની દીનશાળા) નવજીવન ટ્રસ્ટ સંચાલીત નવશક્તિ વિદ્યાલયનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત અંધ-અપંગ વૃદ્ધાશ્રમ, અંધજન કલ્યાણ મંડળ જેવી સંસ્થાઓ પણ વિકલાંગોના ક્ષેત્રે અમુલ્ય સેવાઓ આપી રહી છે.

વિકલાંગોના સામાજિક કલ્યાણના ક્ષેત્રે રાજકોટની ખાનગી સંસ્થાઓ અને ખાનગી મંડળો પોતાની સામાજિક ફરજ સમજીને અમુલ્ય સેવાઓ આપી રહી છે જેમાં રામકૃષ્ણ આશ્રમ, દીવ્ય જીવન સંઘ, સ્વામીનારાયણ ગુરુકુળ, સરગમ કલબ, બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ, માધવ ફાઉન્ડેશન ટ્રસ્ટ, મેડી વિકાસ ટ્રસ્ટ, લાયસન્સ અને લાયોનેશ કલબ, જેસીસ કલબ, રોટરી અને રોટરી મીડટાઉન કલબ, કમાણી ફાઉન્ડેશન અને શ્રી પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ મુખ્ય છે.

આમ, વિકલાંગોની સેવા, શિક્ષણ, સારવાર અને પુન:વસનના ક્ષેત્રે રાજકોટ પોતાની જવાબદારી અદા કરી રહેલ છે.

### ૧.૧૯ સંયુકત રાષ્ટ્રોનો ઠરાવ અને ભારતના કાયદા વચ્ચેની કેટલીક વિશેષતાઓ:

ભારતે સંયુકત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યકિતઓના અધિકારો અંગેના ઠરાવ ઉપર સહી કરી છે અને એને માન્ય રાખ્યો છે તેથી દેશના કાયદાઓ આ ઠરાવ અનુસાર હોય તે જોવાની સરકારની ફરજ છે. વિકલાંગતા ધરાવતી વ્યકિતનો કાયદો ૧૯૯૫ ની કેટલીક જોગવાઈઓ એવી છે કે જે આ ઠરાવની જોગવાઈઓથી વિરુદ્ધની જણાય છે અને તેથી તેમાં સુધારો કરવાની આવશ્યકતા છે આ વિગતો નીચે મુજબ છે.

## ૧. વિકલાંગ વ્યકિતઓ વિશેનો અભિગમ :

ભારતના કાયદામાં અમુક પ્રકારની વિકલાંગતા ધરાવતી વ્યકિતઓને હકો આપવામાં આવ્યા છે અને તેમના હિતોનું રક્ષાણ કરવામાં આવ્યું છે. આ કાયદા અનુસાર વિકલાંગતા તબીબી રીતે નક્કી કરવામાં આવે છે. જ્યારે સંયુકત રાષ્ટ્રના ઠરાવમાં વિકલાંગતા વિશે સાર્વત્રીક અભિગમ અપનાવામાં આવે છે.

## ૨. અધિકારોની સાર્વત્રીકતા :

ભારતના કાયદામાં વિકલાંગતા ધરાવતી વ્યકિતઓના સામાજીક અને આર્થિક અધિકારો ઉપરજ ધ્યાન કેન્દ્રીત કરાયું છે તેમાં નાગરિક અને રાજકીય અધિકારો વિશે કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી આ ઠરાવ મુજબની વિકલાંગતા ધરાવતી વ્યકિતઓના તમામ અધિકારોના ભોગવટાની બાબત જાણાવવામાં આવી છે અને તે વ્યકિત સમાનધોરણે બધા જ અધિકારો ભોગવી શકે છે તે જાણાવવામાં આવ્યું છે.

## ૩. જીવનની ગુણવત્તા :

ભારતમાં કાયદામાં વિકલાંગતા આવતી અટકાવવી અને તેની પહેલી ઓળખ કરવી એ વિશે જોગવાઈઓ કરાય છે તેમાં એવી ધારણા કરાય છે વિકલાંગતા ધરાવતી વ્યકિતઓના જીવનની ગુણવત્તા મૂળભુતરીતે ખરાબ છે અને મુશ્કેલ છે અને તેથી તમામ પ્રકારની અપંગતાઓ દૂર કરવી જોઈએ જ્યારે સંયુકત રાષ્ટ્રોના ઠરાવમાં એમ જાણાવાયું છે કે જો સામાજીક પર્યાવરણ અવરોધમુક્ત હોય અને સમાન સહભાગીતા ઉભી થતી હોય તો જીવનની ગુણવત્તા ઉભી કરવી મુશ્કેલ નથી.

## ૪. ભેદભાવ :

સંયુકત રાષ્ટ્રોના ઠરાવમાં વ્યાજબી સમાયોજનનો જે સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે તે ભારતના કાયદામાં દેખાતો નથી. કામના સ્થળે વિકલાંગતા ધરાવતી વ્યકિતઓ સાથે ભેદભાવ રાખવો જોઈએ એ પ્રકારની જે જોગવાઈઓ ભારતના કાયદામાં કરવામાં આવી છે

તેના સંદર્ભમાં એમ કહી શકાય કે આ સિદ્ધાંત ભારતના કાયદામાં પણ અમલમાં છે પરંતુ આ જોગવાઈ માત્ર જાહેરક્ષેત્રની નોકરીદાતા પુરતી મર્યાદીત છે.

**૫. એક સમાન શ્રેણી :**

સંયુકત રાષ્ટ્રના ઠરાવમાં સ્ત્રી-પુરૂષના ભેદભાવના સંદર્ભમાં વિકલાંગતા એ બાળપણ તથા વિકલાંગતાને ધ્યાનમાં લેવામાં આવી છે. પરિણામે વિકલાંગતા ધરાવતી મહિલાઓ અને બાળકો માટે વિશેષ પગલાની ભલામણ તેમાં કરવામાં આવી છે.

વિકલાંગતા ધરાવતી વ્યકિતનો કાયદો ૧૯૯૫ ના અમલના સંદર્ભમાં ભારતના ન્યાયતંત્રએ સક્રિય ભૂમિકા ભજવી છે. એમ કહી શકાય અને ભારતના ન્યાયતંત્રે વારંવાર આ કાયદાના ઈતિહાસ, હેતુ અને મહત્વને ધ્યાનમાં લઈને તેની જોગવાઈઓનું અર્થઘટન કર્યુ છે તેમજ ભારતનું ન્યાયતંત્ર સંયુકત રાષ્ટ્રોના આ ઠરાવને પૂરક જોગવાઈઓ તરીકે ધ્યાનમાં લઈને એથી આ કાયદાની જોગવાઈઓનું અર્થઘટન કરે એ અપેક્ષીત છે.

**૧.૨૦ બહુવિકલાંગતાનો મુખ્ય પ્રવાહમાં સમાવેશ અધિકાર આધારીત દષ્ટિકોણ**

વિકલાંગતા કે બહુવિકલાંગતા એક એવી સ્થિતિ છે જેનો સામનો આપણે બધા જ જીવનમાં ગમે તે સમયે ગમે તેવા સંજોગોમાં કરતા હોઈએ છીએ. કારણ કે વિકલાંગતા એક એવી પરિસ્થિતિ છે કે જેમાં જ્ઞાતિ,ધર્મ, સંપ્રદાય, સ્ત્રી, પુરૂષ કે ધર્મના ભેદભાવ હોતા નથી. વિકલાંગતા આ બધા અવરોધોથી પર હોય છે કારણ કે તે પોતે જ માનવજીવનનો અવરોધક હોય છે. સમાજમાં વિકલાંગતાને તબીબી કે સખાવતી દષ્ટીકોણથી જોવામાં આવી છે માનવ અધિકાર આધારીત દષ્ટિકોણ થી જોવામાં આવેલ નથી એ નોંધવું જરૂરી છે કે સંયુકત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યકિતઓ અંગેના ૨૦૦૭ ના ઠરાવ ઉપર ભારતે સહી કરી હતી અને તેને ૨૦૦૮ માં માન્ય કર્યો હતો કે જેમાં વિકલાંગોને અને બહુવિકલાંગોને દયાપૂર્ણ દષ્ટિએ જોવાને બદલે માનવ અધિકારનાં દષ્ટિકોણથી જોવાનો નવો માર્ગ કંડારવામાં આવ્યો.

ભારતમાં કુલ કેટલા લોકો વિકલાંગ છે તેને વિશે ચોક્સાઈપૂર્વક માહિતી આપનારા સ્ત્રોતો નથી ભારતની ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ વસ્તીમાં વિકલાંગતાનું પ્રમાણ અને વિશ્વ આરોગ્ય સંસ્થાના અંદાજ મુજબના પ્રમાણમાં સારોએવો તફાવત છે. ચોક્સાઈ પૂર્વકની માહિતી પ્રાપ્ત ન થવામાં અનેક કારણોમાંનું કારણ એ છે કે હજુ સુધી વિકલાંગતાને કલંક સમજવામાં આવે છે પરંતુ વિકલાંગતા એ એક કુદરતી અભિશાપ છે એટલે તેના અંગે સંવેદનશીલતા ઉભી થવી જોઈએ. ભારતમાં વિકલાંગતા ધરાવતી વ્યકિતઓ અંગેના અનેક કાયદાઓ છે, તેના અમલીકરણ અંગેના વ્યવસ્થાતંત્રો છે. પરંતુ મુખ્ય પ્રશ્ન છે વિકલાંગો અને બહુવિકલાંગો પ્રત્યેની આપણી માનસીકતામાં પરીવર્તનના કારણ કે વિકલાંગો એ કોઈ બિચારા માનવીયો નથી, તેઓ દયા કે કરૂણા યાચતા નથી તેઓ જે યાચે છે તે માનવ અધિકાર આધારીત દષ્ટીકોણ. ભારતમાં પ્રવર્તમાન સમયમાં જે કંઈ કાનૂનો વિકલાંગો અંગેના છે તેમનો ઈરાદો વિકલાંગોને સેવાઓ પૂરી પાડવાનો છે પરંતુ કમનસીબી એ છે કે આ બધા જ કાનૂનો તબીબી અને સખાવતી મોડલ પર આધારીત છે માનવ અધિકાર આધારીત અભિગમ પર નહી.

ઈતિહાસ સાક્ષી પૂરે છે કે સમાજનો વિકાસ અંતે તો લોકોના આરોગ્ય સાથે સંબંધીત છે. વધારે સારુ આરોગ્ય વિકાસના નિર્દેશકો અને ગરીબીમાં ઘટાડામાં પ્રગતિ કરવા તરફ દોરી જાય છે. ગરીબી અને વિકલાંગતાનું વિષચક્ર સમજવુ અને તોડવું અઘરૂ છે. ગરીબી અને વિકલાંગતા એકબીજાના કારણો અને પરિણામો પણ છે. પ્રવર્તમાન સમયમાં એ જરૂરી છે કે વિકલાંગો અને બહુવિકલાંગોને સમાજથી અલગ મુલવવાને બદલે સમાજના મુખ્ય પ્રવાહમાં લઈ આવવા કે જેથી સમાજના સામાન્ય પ્રવાહની સાથે તેઓ પ્રવાહીત થઈ શકે અને તે માટે જરૂરી છે સરકારી સંસ્થાઓ, નાગરીક સમાજના સંગઠનો, સામાજીક કાર્યકરો અને વિકલાંગ વ્યકિતઓ અને તેમના સંગઠનોના સંકલનની. આ બાબતમાં જેટલા સમયસર

પગલા ભરાય અને પરીવર્તન લાવવા પ્રયાસો થાય તેટલા પ્રમાણમાં વિકલાંગતા ધરાવતી વ્યકિતઓના જીવનમાં ગુણવતા સભર પરિવર્તન આવે.

## ૧.૨૧ સંયુકત રાષ્ટ્રોનો વિકલાંગતા અંગેનો ઠરાવ અને ભારતની ભૂમિકા :

ભારતે વિકલાંગતા ધરાવતી વ્યકિતઓના અધિકારો અંગેના સંયુકત રાષ્ટ્રોના ઠરાવ ઉપર સહી કરી છે અને માન્ય રાખ્યો છે. આ ઠરાવ ૨૧ મી સદીની માનવ અધિકારોની પ્રથમ સંધી છે એમ કહેવામાં આવે છે અને મે ૨૦૦૮ થી તે લાગુ થઈ છે. એ નોંધવું આ તબક્કે મહત)વનું છે કે ભારતમાં જે ૭ કરોડ વિકલાંગતા ધરાવતી વ્યકિતઓ છે તેમના અધિકારોને આથી માન્યતા મળે છે. આ ઠરાવની કલમ ૧૨ માં નીચે મુજબની જોગવાઈઓ કરવામાં આવી છે.

૧. આ સંધીમાં સહી કરનારા દેશો (ભારત પણ) એ બાબતે પુર્નઉચ્ચાર કરે છે કે વિકલાંગતા ધરાવતી વ્યકિતઓને બધે જ સ્થળે કાયદા સમક્ષ વ્યકિતઓ તરીકે માન્યતા પ્રાપ્ત કરવાનો અધિકાર છે.

૨. આ સંધી પર સહી કરનારા તમામ દેશો તે બાબતને સ્વીકારશે કે વિકલાંગતા ધરાવતી વ્યકિતઓ જીવનના તમામ પાસામાં અન્ય વ્યકિતઓની સાથે સમાનતાના ધોરણે કાનૂની ક્ષમતા ધરાવશે.

૩. આ સંધી પર સહી કરનારા તમામ દેશો વિકલાંગતા ધરાવતી વ્યકિતઓ પહોંચક્ષમ બને તે પ્રકારના પગલા લેશે કે જેથી વિકલાંગતા ધરાવતી વ્યકિતઓ તેમની કાનૂની ક્ષમતાનો ઉપયોગ કરી શકે તે માટે જરૂરી ટેકો સરકાર દ્વારા પ્રાપ્ત કરી શકે.

૪. આ સંધી પર સહી કરનારા તમામ દેશો એ બાબત સુનિશ્ચિત કરશે કે વિકલાંગતા ધરાવતી વ્યતિઓની ક્ષમતાઓનું પાલન થાય તેવા તમામ પગલા ભરવામા આવશે.

આંતરરાષ્ટ્રીય માનવ અધીકાર કાનૂનનો ભંગ થતો અટકાવવા માટે તમામ જરૂરી અને અસરકારક સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવામાં આવશે આવી સુરક્ષા વ્યવસ્થામાં કાનુની ક્ષમતા ઉભી કરવા સંબંધી પગલા લેવાનું સુનિશ્ચિત કરવામાં આવશે કે જેથી વિકલાંગતા ધરાવતી વ્યકિતઓના અધિકારોના સન્માન પ્રાપ્ત થાય, માનવ અધિકારની વાત કરવામાં આવે છે અને તેવી વ્યકિતની ઇચ્છાઓ અને પસંદગીને માન્યતા મળે.

આ કલમની જોગવાઇઓને આધિન રહીને આ સંધી પર સહી કરનારા તમામ દેશો વિકલાંગતા ધરાવતી વ્યકિતઓને મિલ્કત ધરાવવાનો, વારસામાં મેળવવાનો, પોતાની નાણાકીય બાબતો ઉપર અંકુશ ધરાવવાનો અને બેંકોમાંથી સમાન ધોરણે લોન માંગવાનો અને લોન મેળવવાનો અધિકાર મળે તે માટે યોગ્ય અને અસરકારક પગલા ભરશે અને તમામ સભ્ય દેશો એ સુનિશ્ચિત કરશે કે વિકલાંગતા ધરાવતી વ્યકિતઓને તેમની મિલ્કતથી વંચિત કરવામાં નહીં આવે.

સંયુકત રાષ્ટ્રોના આ ઠરાવમાં વિકલાંગતા ધરાવતી વ્યકિતઓની સંપૂર્ણ કાનૂની ક્ષમતાનો સ્વીકાર કરવામાં આવ્યો છે અને તે મુજબ તમામ દેશોમાં વ્યવસ્થાઓ ઉભી થાય એ પ્રકારની કાનૂની જોગવાઇઓ કરવા માટે હાકલ કરવામાં આવી છે. ભારતમાં વ્યાપારી કાયદાઓ તથા લગ્ન અને બાળકને દત્તક લેવા સંબંધી સામાજીક બાબતોને સ્પર્શક કાયદાઓમાં આ ઠરાવ જેવો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે.

વિકલાંગતા ધરાવતી વ્યકિતઓ સંપૂર્ણત્ત કાનૂનિ ક્ષમતા અને સમાનતા ધરાવે તે માટે કાયદાઓમાં જે અવરોધો અત્યારે છે. તે તમામ અવરોધો તોડવા પડે તેમ છે. કારણ કે તે સિવાય વિકલાંગતા ધરાવતી વ્યકિતઓને મૂળભૂત અધિકારો પણ પ્રાપ્ત થશે નહી. આ રીતે વિકલાંગતા ધરાવતી વ્યકિતઓએ માત્ર ભૌતિક, પર્યાવરણીય કે વર્તનલક્ષી સંશોધનનો સામનો કરવાનો હોય છે એવું નથી પરંતુ કાનૂની અવરોધોનો એમને સામનો કરવો પડે છે અને આ

કાર્ય માટે તેમના સશકિતકરણની આવશ્યકતા છે.

## ૧.૨૨ભારતમાં વિકલાંગતાલક્ષી અધિકારોનું કાનુની માળખું :

વિકલાંગતાધરાવતી વ્યકિતઓ ભારતમાં તેમના અધિકારો ભોગવવાના સંદર્ભમાં અને વિકાસ કરવાના સંદર્ભમાં અનેક પ્રકારના અવરોધોનો સામનો કરે છે. આ અવરોધો સામાન્ય રીતે ભૌતિક અને પર્યાવરણીય છે. એમ સમજવામાં આવે છે જેની વિશેષ ચર્ચા આગળ છે.

ભારતના બંધારણમાં મુળભૂત અધિકારો વ્યાપક અને મજબૂત સ્વરૂપે આપવામાં આવ્યા છે. ઉપરાંત બંધારણમાં જે વિધેયાત્મક પગલા વિવિધ વંચીત સમુદાયો માટે આપવામાં આવ્યા છે તેમાં પણ વિકલાંગતા ધરાવતી વ્યકિતઓનો સમાવેશ કરવામાં આવ્યો નથી. માત્ર બંધારણમાં આપવામાં આવેલા રાજ્યનિતીમાં માર્ગદર્શક સિધ્ધાંત્તોમાં કલમ ૪૧ માં વિકલાંગતા ધરાવતી વ્યકિતઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને જાણાવવામાં આવ્યું છે કે વિકલાંગતાના કિસ્સામાં સહાય આપવાની જવાબદારી રાજ્યની એટલે કે સરકારની છે. માનીસક આરોગ્યના સંદર્ભ માં કાનુની જોગવાઈઓ ઘણા લાંબા સમયથી કરવામાં આવી હતી પરંતુ ૧૯૯૨ સુધી શારીરિક વિકલાંતાના સંદર્ભમાં કોઈ કાયદો ન હતો. ૧૯૧૨ માં ભારતમાં પાગલપન અંગે એક કાયદો ઘડવામાં આવ્યો હતો તેને બદલે હવે ૧૯૪૭ માં માનસીક આરોગ્ય કાયદો ઘડવામાં આવ્યો છે.

૧૯૯૫ માં ભારત સરકારે વિકલાંગતા ધરાવતી વ્યકિતઓ માટે અલગ કાયદો ઘડ્યો જેને વિકલાંગતા ધરાવતી વ્યકિત ધારો, ૧૯૯૫ તરીકે ઓળખવામાં આવે છે. આ કાયદામાં સૌથી વધારે જોગવાઈઓ કલ્યાણકારી સેવાઓ અને વિશેષ યોજનાઓ માટે કરવામાં આવી છે અને તે બધાની જવાબદારી સરકાર પર નાખવામાં આવી છે અલબત્ત, આ કાયદામાં અનેક પ્રકારની અવ્યવસ્થાઓ છે જેને પરિણામે વિકલાંગતા ધરાવતી વ્યકિતઓના અધિકારો અને રક્ષણ ઉપર વિપરીત અસરો થઈ શકે છે જો કે તેનો આધાર ન્યાયતંત્ર કાયદાની

જોગવાઈઓનું કેવું અર્થઘટન કરે છે તેના ઉપર પણ રહે છે. અત્રે એ નોંધવું જોઇએ કે ન્યાયતંત્રે ઘણી જોગવાઈઓનું સર્જનાત્મક અને હેતુપૂર્વક અર્થઘટન કર્યું છે અને તેથી આ કાયદો વધારો કાર્યગત નિવડે છે.

## ૧.૨૩ ઉપસંહાર

બહુવિકલાંગપણું એ કુદરતી અકસ્માત કે અભિશાપ છે. બહુવિકલાંગ વ્યક્તિ માટે અત્યંત દયનીય છે. પરિણામે જ્યારે જ્યારે અપંગ વ્યક્તિ પ્રત્યે ધૃણા યા અસહિષ્ણુતા દર્શાવવામાં આવે ત્યારે ત્યારે વિકલાંગતા તેને શ્રાપરૂપ લાગે છે. બહુવિકલાંગ બાળકને અનુકંપા, થોડી સુવિધા, થોડીક તક કે દયાની જરૂર નથી. તેને જરૂર છે એક એવી સહાનુભૂતિપૂર્વકની પ્રેરણાની કે જે તેમનામાં દૃઢ આત્મવિશ્વાસ જન્માવી શકે. બહુવિકલાંગ બાળકો આજે અને આવતીકાલે પૂર્ણ જીવન જીવવા કટીબદ્ધ થાય અને ગૌરવયુક્ત નાગરિક બની સ્વમાનભેર જીવન જીવતા થાય તે માટેનો અભિગમ નિર્માણ થવો જોઈએ અને થઈ રહ્યો છે. શ્રી મલકાણી વિશેષમાં જણાવે છે કે પ્રકૃતિએ તેમને પુર્ણતા બક્ષી નથી છતા એમનો તો નિર્ધાર છે કે જીવનને પૂર્ણ પણે જીવી લેવું તેમને પળે પળ તે જીવંતતાથી ભરી દેવી છે, ઉમંગ અને સક્રિયતાથી ભરી દેવી છે અને હતાશાને નિર્મુળ કરવી છે.

સામાન્ય જનસમાજમાં એક રૂઢ માન્યતા છે કે જ્યારે ઈશ્વર એક શક્તિ છીનવી લે છે. બહુવિકાલાંગોમાં એકથી વિશેષ શક્તિઓ છીનવી લે છે ત્યારે તેના જીવનની કોઈ અગમ્ય શક્તિ પુર્ણપણે ખીલી ઉઠે છે જે તેના જીવનને પૂર્ણપણે અને સભર રીતે ભરે છે. ઈતિહાસ સાક્ષી છે કે વિકલાંગતા કે બહુવિકલાંગતા એ ઘણીવાર ક્ષતિ બનવાને બદલે એક શક્તિ બનીને બહાર આવે છે. હેલનકેલરને કોણ નથી ઓળખતું? વિશ્વામાં જ્યાં સુધી દૃષ્ટિહીનો રહેશે ત્યાં સુધી હેલનકેલરને યાદ કરવામાં આવશે. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન અમેરિકાના બહુશક્તિશાળી પ્રમુખ શ્રી રૂઝવેલ્ટ અપંગ હતા. ઈંગ્લેન્ડના વર્તમાન ભૌતિકશાસ્ત્રી

જે આઈનસ્ટાઈન પછીના મહાન વૈજ્ઞાનિક ગણાય છે. સ્ટીફન હોકીંગ એ સંપૂર્ણપણે બહુવિકલાંગ-વ્યક્તિ છે.

બહુવિકલાંગ વ્યક્તિ ઉતરતી કોટીની છે, હીન છે, કે દયાને જ લાયક છે એવી કોઈ હિલયતની ભાવના તેના પ્રત્યે દાખવવી ના જોઈએ. કારણ કે તેનાથી તેનો આત્મવિશ્વાસ ડગી જાય છે કે હિણપતની ભાવના તેના જીવનમાં કાયમી બની જાય છે. બહુવિકલાંગ બાળક એ ઓશિયાળુંવળુ પણ નથી અને લાચાર પણ નથી અને બહુવિકલાંગ હોવા છતાં એ ભવિષ્યમાં વિકાસ નહી સાધી શકે. ગૌરવપૂર્ણ જીવન જીવી નહી શકે એમ માનવામાં કોઈ કારણ નથી.

અત્યાર સુધી અપંગોને માત્ર તબીબી મોડેલના સંદર્ભમાં જ જોવામાં આવતા હતા. તેમની અપંગતા, શારીરિક, માનસિક ક્ષતિની સમકક્ષ મુકવામાં આવતી હતી. પરંતુ બદલાતા જતા સમયમાં તેમના સામાજિક મોડેલ પર એટલે કે માનવીય અભિગમના મોડેલ પર ભાર મુકવામાં આવે છે અને આ સામાજિક મોડેલની અનિવાર્યતા પણ છે. ૧૯૮૧ના વર્ષને સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા આંતરરાષ્ટ્રીય વિકલાંગ વર્ષ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં વિકલાંગોની પુર્ણ ભાગીદારી અને સમાનતાને કેન્દ્રમાં રાખવામાં આવી હતી. બહુવિકલાંગ વ્યકિતઓ પણ પોતાના  સમાજ અને જીવન વિકાસમાં સંપૂર્ણપણે સામીલ થાય અને અન્ય નાગરિકોની માફક પ્રાપ્ય અધિકારોનો લાભ ઉઠાવી શકે તેમજ સામાજિક, આર્થિક વિકાસથી ઉત્પન્ન થયેલ જીવન કે વ્યવસાય અંગેની તકોમાં સમાનપણે ભાગ લઈ શકે તે ઉદ્દેશ સંપૂર્ણ રાષ્ટ્ર સંસ્થાનો અને આંતરરાષ્ટ્રીય વિકલાંગ વર્ષનો હતો.

દર વર્ષે ૩ જી ડિસેમ્બરે આંતરરાષ્ટ્રીય વિકલાંગ વ્યકિત દીનની ઉજવણી કરવામાં આવે છે અને આ ઉજવણી ૧૯૮૧ ની સાલથી કરવામાં આવે છે. વિકલાંગતા સંબંધી પ્રશ્નો વિશે વિશેષ સમજ ઉભી થાય એ આ ઉજવણીની પાછળનો હેતુ હોય છે. સમુદાયો

તેમના રાજકીય, સામાજીક, આર્થિક અને સાંસ્કૃતિક જીવનના તમામ પાસામાં વિકલાંગતા ધરાવતી વ્યકિતઓનો સમાવેશ કરે તે જરૂરી છે અને માટે જ આ દિવસની ઉજવણી કરીને તે વિશે જાગૃતિ ફેલાવવામાં આવે છે. ૧૯૮૨ માં સંયુકત રાષ્ટ્રોની સામાન્ય સભાએ વિકલાંગ વ્યકિતઓ વિશે એક કાર્યક્રમ ઘડી કાઢ્યો છે અત્રે એ નોંધવું જોઈએ કે આંતરરાષ્ટ્રીય વિકલાંગતાવ્યકિતદીનની ઉજવણીમાં નીચે જણાવેલ બાબતો અગત્યની છે.

સરકારો, સંગઠનો, નાગરીક સમાજ, વિકલાંગ વ્યકિતઓ અને તેમના સંગઠનને, સહસ્ત્રાબ્ધી વિકાસલક્ષાંકો પાર પાડવા માટે કામ કરે, તેમજ વિકલાંગતા ધરાવતી વ્યકિતઓના વિકાસ એન વિકલાંગતા સંબંધી પ્રશ્નો વિશે જાહેર ચર્ચાઓ થાય. ઝુંબેશો ચલાવાય વિગેરે. આ ઉપરાંત વિભિન્ન સમુદાયોમાં વિકલાંગતા ધરાવતી વ્યકિતઓ પોતાના અને સમુદાયોનપ+ વિકાસમાં તથા પરિવર્તનમાં ઘણીવાર મહત્વની ભૂમિકા ભજવે છે તો આવી વ્યકિતઓને ઓળખી કાઢવામાં આવે અને તેમની કામગીરીને બિરદાવવામાં આવે એ બાબત અગત્યની છે. આ ઉપરાંત વિકાસના તમામ પાસામાં મુખ્ય પ્રચારમાં વિકલાંગતાનો સમાવેશ થાય અને સામાજીક જીવનમાં તેમની સહભાગીતા વધે તે માટે પગલા લેવા અને પ્રોત્સાહન આપવું.

અંતમાં, બહુવિકલાંગોને એમનો આત્મવિશ્વાસ પ્રેરી સુયોગ્ય શિક્ષણ અને તાલીમ દ્વારા ગૌરવમય જીવન જીવવા તરફ પ્રેરી શકાય છે. ઈશ્વરની કૃપા, માનવી પ્રયત્નો અને સામાજિક સહાય હોય તો સંસ્કૃતમાં ઈશ્વર સ્તુતીનો જે શ્લોક છે તે આ સ્થળે સુયોગ્ય લાગે છે.

मुकम् करोती वाचालम, पंगुम् लंधपले गीरीम् ।
वन् कृपा तम् अहं वंदे परमानंदम् माधवम् ॥

એટલે કે ઈશ્વર કૃપા હોય તો મુક બાળકો પણ વાચાળ બની શકે છે, અપંગ હોય તો એવરેસ્ટ ઓળંગી શકે છે. આમ બહુવિકલાંગ બાળકોને સુયોગ્ય તાલીમ અને શિક્ષણ તેમને પુનર્વસન તરફ દોરી જાય છે.

# પ્રકરણ-૨
# સંશોધન પદ્ધતિ

૨.૧ પ્રસ્તાવના

૨.૨ બહુવિકલાંગતા એક સામાજિક પડકાર

૨.૩ સંશોધન આયોજન

૨.૪ વિષય પસંદગી

૨.૫ વ્યાપવિશ્વ

૨.૬ સમસ્યાકથન

૨.૭ પરિવર્ત્યો (ચલ)

૨.૮ અભ્યાસના હેતુઓ

૨.૯ ઉપકલ્પનાઓ

૨.૧૦ સંશોધનનું મહત્ત્વ

૨.૧૧ માહિતી એકત્રીકરણ

૨.૧૨ સંશોધન ક્ષેત્ર પરિચય (રાજકોટ શહેર)

૨.૧૩ અભ્યાસની પદ્ધતિ

૨.૧૪ માહિતી એકત્રીકરણના ઉપકરણો

૨.૧૫ વ્યાપવિશ્વ

૨.૧૬ પૂર્વેક્ષણ

૨.૧૭ માહિતીનું પૃથક્કરણ

૨.૧૮ તારણો, સૂચનો અને અનુભવો

૨.૧૯ સંશોધન અહેવાલ લેખન

૨.૨૦ ઉપસંહાર

# પ્રકરણ-૨

# સંશોધન પદ્ધતિ

## ૨.૧ પ્રસ્તાવના

ભારતીય ધર્મશાસ્ત્રોમાં બહુજ વિદ્વાન, બહુ શ્રુત અને બ્રહ્મનિષ્ઠ ઋષિની વાત આવે છે. અષ્ટાવક્ર એમનું નામ છે. કારણ કે તેઓ સંપૂર્ણ રીતે બહુવિકલાંગ છતા જનકરાજા સાથેના તેમના આધ્યાત્મિક વાર્તાલાપોમાં તેમના જ્ઞાનનું ઉંડાણ અને ગહનતા જાણાય આવે છે. તેમની આધ્યાત્મિક સાધનામાં તેમની બહુવિકલાંગતા બાધક નથી બનતી.

ભગવાનની કૃપા હોય તો ગમે તેવી અપંગ વ્યક્તિ પણ પર્વત ચડી શકે છે, મુક વ્યક્તિ વાચાળ બની શકે છે. આમ બહુવિકલાંગતા માનવીના જીવનની લાચારી બનવાને બદલે તેના જીવનને એક નવી દીશા સાથે તેમજ તેનામાં હિંમત અને ધૈર્ય જોવા મળે તે જરૂરી છે.

બહુવિકલાંગતા કોઈપણ પ્રકારની હોય એ કુટુંબ માટે, સમાજ માટે અને વસ્તુતઃ બહુવિકલાંગ વ્યક્તિ માટે એક સમસ્યા છે તેમજ એ સમસ્યાને હલ કરવા માટે એક પડકાર પણ છે. કારણ કે વિકલાંગતા કે બહુવિકલાંગતાને કારણે તે વ્યક્તિઓને કે બાળકોને જે વધારાની વિશિષ્ટ પ્રકારની સમસ્યાઓ સહન કરવી પડે છે તે સામાન્ય માણસોને નડતી નથી. ગુજરાતના સુવિખ્યાત કવી દયારામે પોતાની કાવ્ય પંક્તિ દ્વારા દર્શાવ્યું છે કે,

'વિકટ પરાધીન પીડા પ્રજાને અંતરનું દુઃખ જાણો, આંતર બંધુ
સહીષ્ણુ, અભયકર, નવગુણી ઉરનવહારો,
હરી જેવો હું દાસ તમારો, કરુણા સિંધુ ગ્રહો કર મારો.'

આ કાવ્ય પંક્તિમાંથી બહુવિકલાંગો પ્રેરણા લઈ શકે છે અને સમાજને કહી શકે છે કે અમારે દયાની જરૂર નથી, અમારે અશિયાળા બનવું નથી, અમારે જરૂર છે પ્રેમ અને

સહાનુભૂતિની અને અમે માત્ર માગીએ છીએ તમારી ટચલી આંગણીનો ટેકો કે જે દ્વારા અમે ઉભા થઈ અમારૂ જીવન જીવી શકીશું. બહુવિકલાંગ વ્યક્તિને સમાજમાં હડધુત કરવામાં આવે છે, તેમની પ્રત્યે લાચારી ભર્યુ વર્તન દાખવવામાં આવે છે. એ માનવ સમાજ માટે અસહ્ય છે તેમના સ્વમાનને આગળ વધારવાનું છે. તેને ઠેસ પહોચાડવાની નથી.

આપણે જાણીએ છી કે બહુવિકલાંગ વ્યક્તિઓને કુદરતે તો અન્યાય કર્યો છે, તેને અભિશ્રાપિત કર્યા છે તેવા સંજોગોમાં તેની સાથે માનવીય અભિગમની જરૂર છે, જે તેના નિરાશમય જીવનમાં નવી આશાઓ સંચાર કરશે.

બહુવિકલાંગ બાળકો જન્મથી બહુવિકલાંગ હોઈ કે જન્મ પછી, બહુવિકલાંગ અને તેમાં તે બાળકનો કોઇ દોષ નથી. દોષ છે તેના જન્મપૂર્વના સમયના અને જન્મબાદના કૌટુંબીક અને અન્ય સંજોગો કે જેને કારણે બાળક બહુવિકલાંગ તરીકે જન્મ લે છે અથવા બાદમાં બહુવિકલાંગ બને છે. તબીબી દ્દષ્ટિએ એવું માનવામાં આવે છે કે ગર્ભાવસ્થા દરમ્યાન માતાને અપુરતુ પોષણ મળ્યું હોય, યોગ્ય સારવાર કે આરામનો અભાવ હોય, માનસિક તાણ કે શારીરિક બીમારી હોય અથવા તે સમય દરમ્યાન માતાને કોઈ અકસ્માત નડ્યો હોય તો આ બધાની અસર જન્મનાર બાળક પર થઈ શકે છે.

## ૨.૨ બહુવિકલાંગતા એક સામાજિક પડકાર

પ્રત્યેક સમાજમાં, પ્રત્યેક સમયે વિકલાંગોની અને બહુવિકલાંગોની સમસ્યાતો હોય છે. પ્રાચીનકાળમાં પણ બહુવિકલાંગો સમાજમાં તો હતા જેનો આપણા ધર્મશાસ્ત્રોમાં પણ ઉલ્લેખ છે. મહાભારતમાં ધૃતરાષ્ટ્રનું પાત્ર છે જે અંધ રાજવી હતા અને તેમને મદદ કરવા માટે તેમના રાજ્યમંત્રી સંજય હતા. પાંડવોના પિતાશ્રી પાંડુરાજા પોતે એનેમિક હતા. ભાગવતમાં શ્રીકૃષ્ણે કુપજા નામની એક બહુવિકલાંગ સ્ત્રીને સાજી કરી હતી. રામાયણમાં પણ કાક ભુસુંડીજીનો ઉલ્લેખ કરવામાં આવેલો છે કે જેઓ બહુવિકલાંગ હતા તેમ છતા આ

બહુવિકલાંગતા એમની ભક્તિ, એમની સાધના અને સિદ્ધીમાં બાધક બનેલ નથી.

સમયના વહેણ સાથે વિકલાંગતા અને બહુવિકલાંગતાનું સ્વરૂપ અને કાર્યશૈલીમાં પરિવર્તન થતુ આવ્યુ છે. તેમ છતા સમાજમાં તેમનું સ્થાન તેમનો મોભો, તેમનું સ્વમાન અને ગૌરવની સ્થાપના અત્યંત મહત્વના છે. સમાજે તેમને તિરસ્કાર કરવાને બદલે પોતાનું એક વિભીન્ન અંગ માનીને સ્વીકાર કરવાની જરૂર છે, બહુવિકલાંગતા એ વ્યક્તિએ પોતે સ્વીકારેલી આવશ્યકતા નથી, પરંતુ કુદરતે કરેલો અન્યાય છે તો અન્યાયનો ભોગ બનેલ બહુવિકલાંગોને ન્યાય આપવાની સમાજની નૈતીક અને સામાજિક જવાબદારી બની રહે છે.

આપણે જાણીએ છીએ કે જે કુટુંબમાં બહુવિકલાંગ બાળક જન્મે તે કુટુંબની મનોદશા બહુજ ગંભીર હોય છે. કારણ કે બહુવિકલાંગ બાળકની સારવાર, ઉછેર, શિક્ષણ અને કુટુંબના અન્ય સભ્ય સાથેનું સમાયોજન એક પડકાર રૂપ છે. વસ્તુત: તે કુટુંબ માટે અગ્નિ પરિક્ષા છે. કારણ કે બહુવિકલાંગ બાળકની ઉપેક્ષા કરવામાં આવે તો પણ સમસ્યા સર્જાય છે અને વધુ પડતી સંભાળ કે વાત્સલ્ય બતાવવામાં આવે તો પણ એક સમસ્યા સર્જાય છે. કારણ કે તેનાથી કુટુંબના અન્ય બાળકો સાથેના લાગણીના સમાયોજનના પ્રયત્નો સર્જાય છે.

કોઈપણ રાષ્ટ્ર કે સમાજ માટે 'તંદુરસ્ત બાળક જો સંપતિ છે, તો વિકલાંગ અને બહુવિકલાંગ બાળક જવાબદારી છે.' જે સમાજે તંદુરસ્ત સમાજની સ્થાપના માટે અદા કરવાની છે અને વિકલાંગ બાળક પણ ઉંમરલાયક થતા શિક્ષણ, તાલીમ, સુયોગ્ય વ્યવસાય પ્રાપ્ત કરી પોતાનું જીવન સ્વમાનપૂર્વક જીવી શકે તે અત્યંત આવશ્યક છે.

માનવ શરીરનું એક અંગ વિકૃત હોય તો તેને કાપીને ફેકી દેતા નથી, તેની સારવાર કરીએ છીએ. ખાસ સંભાળ લઈએ છીએ. તેવીજ રીતે બહુવિકલાંગો પણ સમાજ જીવનનું એક અંગ છે. વિભીન્ન અંગ છે. જે વિકલાંગતાની સમસ્યાઓથી પીડિત છે તો તેની પણ સારવાર અને ખાસ સંભાળ રાખવી એ કુટુંબની અને સમાજની આગવી જવાબદારી છે.

સમાજ સમક્ષ આવેલ આ પડકારને જીલવા સમાજ એટલો સક્ષમ હશે, સજાગ અને સભાન હશે તો તે સમાજ વિકાસ કરી શકશે અને કોઈપણ રાષ્ટ્રના વિકાસની આધારશીલા સામાજિક વિકાસ પર રહેલી છે.

## ૨.૩ સંશોધન આયોજન

સામાજિક વિજ્ઞાનોમાં સંશોધન જેવા ગહન વિષયમાં પૂર્વ આયોજન એ અત્યંત મહત્વનું સોપાન ગણાય છે. વસ્તુતઃ માનવજીવનમાં જ આયોજનની આવશ્યકતા રહે છે કે જેથી આયોજન કાર્યો તેમની અગ્રતાક્રમ પ્રમાણે કરી શકાય. સંશોધન જેવા વિષયમાં પૂર્વ આયોજન એટલા માટે જરૂરી છે કે સંશોધકે સંશોધન વિષયના મુળમાં ઉતરવાનું રહે છે, તેને સ્પર્શતા પરિબળો, કારણો અને પરાવર્ત્યોની છણાવટ કરવી પડે છે. તેથી સંશોધન આયોજન એ સંશોધન પ્રક્રિયાને સરળ તેમજ તર્કબધ્ધ કરી આપે છે.

બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાઓ જેવા ગંભીર વિષયના સંશોધનમાં સંશોધન આયોજન સંશોધકે કરેલ છે જે નીચે મુજબ છે.

A. વિષયની પસંદગી

B. સંશોધન દરખાસ્ત

C. માર્ગદર્શક શ્રી સાથે ચર્ચા વિચાર વિનીમય

D. પ્રકરણ આયોજન

E. અનુસૂચિની રચના

F. અનુસૂચિનું પૂર્વેક્ષાણ

G. અનુસૂચિનું યથાર્થીકરણ

H. ઉતરદાતાઓની પસંદગી દ્વારા વ્યાપ વિશ્વમાંથી નિદર્શ પદ્ધતિના આધારે

I. માહિતીનું પૃથ્થકરણ, કોષ્ટકીકરણ, અર્થઘટન

J. તારણો, સૂચનો વગેરે.

## A. વિષયની પસંદગી

બહુવિકલાંગ બાળકોનો ઉછેર એ કૌટુંબિક અને સામાજિક સમસ્યા છે જેના પરિમાણો ઘણા ગંભીર હોય છે તેમનો ઉછેર માત્ર એક કૌટુંબિક સમસ્યાના રહેતા સામાજિક સમસ્યા બની જાય છે. કારણ કે તેમને સારવાર, શિક્ષણ, લગ્ન, જીવન અને પુન:સ્વાયત એ સમાજ સાથે સંકળાયેલ પ્રશ્નો છે તેથી બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યા સમસ્ત સમાજના સંદર્ભમાં થવી જોઈએ. સંશોધકે પ્રસ્તુત વિષયની પસંદગી એટલા માટે કરી કે વિકસતા સમાજમાં અને કૌટુંબિક વિઘટનના સંદર્ભમાં બહુવિકલાંગ બાળકો પોતે જ એક પ્રશ્ન બનીને ઉભા રહે છે. કુદરતે જેમને અન્યાય કર્યો છે તેમને આધુનિક સમાજ અને સુખ સગવડના સાધનો કઈ રીતે સાચવી શકે છે એ વિષયમાં અભિરૂચી હતી. જટીલ બનતા સમાજમાં બહુવિકલાંગ બાળકોનો ઉછેર એ ખરેખર અભિરૂચીનો મુદ્દો છે.

## B. સંશોધન દરખાસ્ત

બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યા વિશે વિષય અંગેની સંશોધન દરખાસ્ત એ સંશોધન  પ્રક્રિયાનું અત્યંત મહત્વનું એવું પ્રથમ સોપાન છે. જેમાં સંશોધકે પ્રસ્તુત વિષય અંગેની સંપૂર્ણ વિગતો દરખાસ્તના સ્વરૂપમાં પ્રસ્તુત કરવાની રહે છે.

સંશોધન દરખાસ્ત એ સંશોધકની પ્રસ્તુત વિષયની પસંદગી અંગેના કારણોની છણાવટ કરે છે અને સંશોધક પ્રસ્તુત વિષયનું સંશોધન કઈ રીતે કરવા માંગે છે. કેટલા સમયમાં કરવા માંગે છે, ક્યા પ્રકારનું સંબંધીત સાહિત્યનો કેવી રીતે અવલોકન કરવા માંગે છે તે અંગેનો સંપૂર્ણ ચીતાર સંશોધન દરખાસ્તમાં આપવાનો રહે છે. જેમ કોઈ ઉદ્યોગપતિ ઉદ્યોગની સ્થાપના કરવા માંગતો હોય ત્યારે સંબંધીત અધિકારીઓ પાસે જે રીતે પ્રોજેક્ટ રીપોર્ટ રજુ કરે છે તેજ રીતે સંશોધન એ પણ એક ગંભીર બાબત હોવાથી તેને અંગેનું પૂર્વઆયોજન જરૂરી બને છે.

સંશોધન દરખાસ્તમાં સંશોધન પદ્ધતિ અંગેના પરિબળોનો સમાવેશ કરવાનો રહે છે. ખાસ કરીને સંશોધકના સંશોધન વિષયની પસંદગી તેના હેતુઓ સંશોધન વિષયનું મહત્વ તેમજ સંશોધનના મહત્વના સોપાનો જેવી ઉપકલ્પનાને દર્શાવવાની રહે છે. સંશોધક સંશોધન વિષયનું કાર્યક્ષેત્ર તેમજ વ્યાપવિશ્વ અને નિદર્શનની પદ્ધતિ દ્વારા કેટલા ઉતરદાતાની પસંદગી કરે છે તેની સમગ્ર વિગત સંશોધન દરખાસ્તમાં જાણાવવાની રહે છે અને પૂર્વેક્ષણ જો જરૂરી જણાય તો તેને અંગેની પણ જોગવાઈ સંશોધન દરખાસ્તમાં દર્શાવાની રહે છે.

### C. માર્ગદર્શકશ્રી સાથે ચર્ચા-વિચાર વિનીમય

વિષયની પસંદગી થયા બાદ સંશોધકે માર્ગદર્શકશ્રી સાથે મુલાકાતો કરી આ મુલાકાતો દરમ્યાન બહુવિકલાંગ બાળકોનાં સમાયોજનના અનેકવિધ પ્રશ્નો અને તેમાંથી ફલીત થતા વાલીઓના પ્રશ્નો એમ અનેક પરિમાણોથી બહુવિકલાંગ બાળકોની ઉછેરની સમસ્યાની છણાવટ કરવામાં આવી. વિષયની ગંભીરતા અને વ્યાપકતાના સંદર્ભમાં વાલીઓની સમસ્યાઓને કઈ રીતે મુલવવી,  તેમજ તેમની અનેકવિધ સમસ્યાઓને અગ્રતાક્રમ કઈ રીતે આપવો તે અંગે વિચાર વિનીમય થયો. આ વિચાર વિનીમયની પ્રક્રિયા દરમ્યાન માર્ગદર્શકશ્રીનું માર્ગદર્શન સતત મળતુ રહ્યું. ખાસ કરીને ઉતરદાતાઓની પસંદગી અને તેમના વ્યાપવિશ્વના મુદા, અનુસૂચિની રચના હેતુ પૂર્વેક્ષણ તેમજ તેની યથાર્થતા અંગે માર્ગદર્શકશ્રીએ બહુમંગી અને સમયસર માર્ગદર્શન પુરુ પાડયું છે.

વિશેષમાં પ્રસ્તુત સંશોધન વિષય અંગેની માહિતી એકત્રીકરણની પ્રક્રિયા દરમ્યાન પર માર્ગદર્શકશ્રીનું માર્ગદર્શન મળતુ રહેલ છે. દરેક ચર્ચા એક નવા દ્રષ્ટિકોણથી થતી હતી અને પ્રસ્તુત સંશોધન વિષયને સમજવામાં એક નવી બારી ઉઘડતી હતી. માહિતીના કોષ્ટકીકરણમાં પણ તેમજ તેના અર્થઘટનની લાંબી પ્રક્રિયા દરમ્યાન માર્ગદર્શકશ્રી માર્ગદર્શન આપેલ છે. મહત્વની બાબત એ છે કે વિવિધ પરાવર્ત્યોના સહસંબંધ અંગે માર્ગદર્શકશ્રીએ કીમતી

માર્ગદર્શન આપ્યું. જેના આધારે સંશોધન વિષયના તારણો વધુ ચોકકસાઈ ભરેલા વ્યવસ્થીત અને તાર્કીત થઈ શકયા.

## D. પ્રકરણ આયોજન

બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યા અંગેના પ્રસ્તુત સંશોધન વિષયમાં પ્રકરણ આયોજન એક મહત્વનું સીમાચિન્હ છે. સામાજિક શાસ્ત્રોમાં સંશોધન પ્રક્રિયામાં સંશોધીત વિષયની પ્રસ્તુતરકરણ સમયે પ્રકરણ આયોજન બહુચોકકસાઈ પૂર્વક થવું જોઈએ. પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે પ્રકરણ આયોજનમાં ચોકકસાઈ રાખેલ છે અને પ્રસ્તુત સંશોધનનું પ્રકરણ આયોજન નીચે મુજબ છે.

પ્રકરણ-૧ બહુવિકલાંગતા એક સમસ્યા

પ્રકરણ-૨ સંશોધન પદ્ધતિ

પ્રકરણ-૩ સંબંધિત સાહિત્યની સમીક્ષા

પ્રકરણ-૪ માહિતીનું કોષ્ટકીકરણ અને અર્થઘટન

પ્રકરણ-૫ સંશોધનનાં તારણો અને સુચનો

## E. અનુસૂચીની રચના

બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યા અંગેના પ્રસ્તુત સંશોધન વિષયમાં અનુસૂચિની રચના એક મહત્વનું પરિબળ બની રહેલ છે. સામાજિક શાસ્ત્રોમાં સંશોધન હોય કે સર્વેક્ષણ કરવાનું હોય, પ્રશ્નાવલી કે અનુસૂચિ માહિતી એકત્રીકરણનાં અગત્યનાં ઉદાહરણો છે.

સંશોધકે પ્રસ્તુત સંશોધનમાં અનુસૂચિની રચના બહુજ કાળજીપૂર્વક અને આયોજનબાદ કરેલ છે. બહુવિકલાંગ બાળકોના ઉછેરની અનેકવિધ સમસ્યાઓને પ્રતિબિંબ કરતા પ્રશ્નો અનુસૂચિમાં યોગ્ય સ્તરે મુકવામાં આવેલ છે. વાલીની સમસ્યાઓ અનેકવિધ હોઈ શકે છે.

બહુવિકલાંગ બાળકોની સારવાર, ઉછેર, શિક્ષણ, સમાયોજન વિગેરેને લગતા પ્રશ્નો

તો હોય છે જ. પરંતુ આ બધામાંથી ફલીત થતી આર્થિક સમસ્યા પણ એટલીજ ગંભીર હોય છે. આ બધાની સંકલીત અસર કૌટુંબિક સમાયોજન પર પડતી હોય છે. કુટુંબમાં કોઈ બીમાર પડે તો તેની સારવાર ટુંકા સમય માટે હોય છે અને તેના આર્થિક પરિણામો પણ એટલા ઘેરા નથી હોતા જ્યારે બહુવિકલાંગતા એ કુટુંબ માટે કાયમી સમસ્યા છે. વસ્તુત: બહુવિકલાંગ બાળકને કારણે આપણું કુટુંબ પણ એક પ્રકારે બહુવિકલાંગતા અનુભવે છે.

આ બધી બાબતોને અનુસૂચિમાં મુકવામાં આવેલ છે. બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાએ કુટુંબ અને વાલીની સમસ્યા છે. તેથી અનુસૂચિના મોટાભાગના પ્રશ્નો વાલીને સ્પર્શતા છે. અનુસૂચિ દ્વારા પૂછાયેલ પ્રશ્નોના મૌખિક કે લેખીત જવાબોમાં તેમની વેદનાની ગંભીરતા કે ઉંડાણ પ્રતિબિંબીત ન થાય તે સ્વાભાવિક છે. પરંતુ પ્રશ્નોતરી દરમ્યાન ઉતરદાતાના હાવભાવ ઘણુ સુચવે છે. જેની સંશોધકે નોંધ લીધેલ છે.

## F. અનુસૂચિનું પૂર્વેક્ષણ

સામાજિક શાસ્ત્રોમાં સંશોધનના ઉપકરણ તરીકે અનુસૂચી કે પ્રશ્નાવલીની રચના કર્યા બાદ તેનું પૂર્વેક્ષણ જરૂરી છે કે જેમાં પસંદ થયેલ ઉતરદાતાઓમાંથી નમૂનારૂપ દસ જેટલા ઉતરદાતાઓને પસંદ કરી તેમની પાસે આ અનુસૂચી ભરાવવાની રહે છે. જેના આધારે અનુસૂચીની યથાર્થતા ચકાસી શકાય અને જો ફેરફારને અવકાશ હોય તો જરૂરી ફેરફાર કરી શકાય.

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે પસંદ કરેલ ઉતરદાતાઓમાંથી ૧૦ ઉતરદાતાઓ પાસે અનૂસુચી ભરાવી તેમના પ્રતિભાવો જાણ્યા અને થોડા ઘણા પ્રશ્નોમાં ફેરફાર કરવો પડ્યો અમુક પ્રશ્નોનું સ્વરૂપ પણ બદલાવું પડ્યું.

## H. નમૂના પસંદગી

સામાજિક શાસ્ત્રોમાં સંશોધનની પ્રક્રિયા દરમ્યાન ઉતરદાતાઓની પસંદગીએ બહુજ

મહત્વનું અને નિર્ણાયિક પરિબળ છે. કારણ કે ઉતરદાતાઓની ચોક્કસાઈપૂર્વકની પસંદગી અને પૂર્વઆયોજીત અનુસૂચિને આધારે પ્રશ્નોના મળેલા તેમના પ્રતિભાવોને આધારે સંશોધક પોતાના તારણો તારવી શકે છે. બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાનાં આ સંશોધન અભ્યાસને સંશોધન વિશ્વસનીયતા મળે તે માટે વ્યાપવિશ્વમાંથી પ્રતિનિધિરૂપ નમૂનો નીચે પ્રમાણે પસંદ કર્યો છે. ૪૦૦ જેટલા ઉતરદાતાઓની પસંદગી કરવામાં આવશે. વાલીઓનું વ્યાપવિશ્વ તો રાજકોટ શહેરના સંદર્ભમાં ઘણુ મોટુ કહી શકાય. પરંતુ તેમાંથી નિદર્શન પદ્ધતિને આધારે ૪૦૦ વાલીઓને ઉતરદાતા તરીકે પસંદ કરીને તેમની પાસે અનુસૂચિ ભરાવવામાં આવશે. આ ઉતરદાતાઓના પ્રતિભાવો તેમના બહુવિકલાંગ બાળકોના ઉછેરની અનેકવિધ સમસ્યાઓ અનુસૂચિમાં પ્રતિબીંબીત કરશે તે ચોક્કસ છે. પરંતુ તેની પાછળ રહેલી વેદના અને દર્દ અને સમસ્યાની ગંભીરતા રજૂ કરવા માટેના કોઈજ ઉપકરણ સંશોધન પદ્ધતિમાં નથી તે એક મર્યાદા સંશોધન પદ્ધતિની ગણી શકાય.

## I. માહિતીનું પૃથક્કરણ

સંશોધન અનુસૂચીને આધારે સંશોધીત વિકાસ અંગેની જે માહિતી કે આંકડાઓ સંશોધક મેળવશે તેનું વર્ગીકરણ કરીને પરાવર્ત્યાના આધારે કોષ્ટકીકરણ કરવામાં આવશે. આ કોષ્ટકોનું કોષ્ટક પ્રમાણે અર્થઘટન કરવામાં આવશે. સામાજિક વિજ્ઞાનોમાં અનુસૂચિ દ્વારા મળેલ માહિતીનું પૃથ્થકરણ કરતા જે કોષ્ટકો પ્રાપ્ત થાય છે તેનું અર્થઘટન કરવામાં આવે છે તેમજ જરૂરી કોષ્ટકોનો ગ્રાફ પણ બનાવવામાં આવશે કે જેથી પ્રાપ્ય માહિતીનું ચિત્ર વધુ સ્પષ્ટ બને.

## J. તારણો-સૂચનો

સંશોધન નિબંધના છેલ્લા પ્રકરણમાં સંપૂર્ણ સંશોધનના તારણો એટલે કે નિષ્કર્ષો રજૂ કરવામાં આવશે. માહિતીના કોષ્ટકીકરણ અને અર્થઘટનને આધારે બહુવિકલાંગ બાળકોના

ઉછેરની સમસ્યાથી પીડાતા વાલીઓના જે જવાબો આવશે તેમાંથી તારણો તારવવામાં આવશે. સંશોધન પ્રક્રિયામાં આ તારણો અત્યંત મહત્વના હોય છે. કારણ કે સમગ્ર સંશોધનના અર્ક સમાન તે હોય છે. વસ્તુત: આ તારણો એ જ સંશોધનમાં પરિણામો હોય છે તેથી આ તારણોને બહુ વ્યવસ્થિત રીતે અને ચોક્કસાઈ પૂર્વક રજુ કરવામાં આવશે.

સંશોધન પ્રક્રિયા દરમ્યાન અને સંશોધનને આધારે જે પરિણામો મળશે તેને આધારે જે કંઈ સૂચનો હશે તે આ પ્રકરણમાં તારણો પછી મુકવામાં આવશે જે આ વિષયના ભાવિ સંશોધક માટે માર્ગદર્શક બની શકે.

## ૨.૪ વિષય પસંદગી

આ વિશાળ વિશ્વમાં ગોચર, અગોચર એમ ઘણા ક્ષેત્રો આવેલા છે. જ્ઞાનની ક્ષિતિજો જેમ-જેમ વિસ્તરણ થતી જાય છે તેમ-તેમ દરેક ક્ષેત્રમાં નવું નવું જાણવાની જિજ્ઞાશા, જિજ્ઞાસુઓના મનમાં સર્જાતી હોય છે. આ જિજ્ઞાશાઓને સંતોષવા માટે તે ક્ષેત્રોમાં સંશોધનો કરવાના રહે છે. મહાસાગરમાં મોતી શોધનાર મરજીવાઓની માફક સંશોધનના ઉંડા ક્ષેત્રમાં ડુબકી મારનારા અભ્યાસુ મરજીવાઓ પણ હોય છે. આ વિશ્વમાં વિજ્ઞાન, ટેકનોલોજી, તબીબીશાસ્ત્ર કે સામાજિક વિજ્ઞાનોમાં જે કંઈ પ્રગતિ થઈ છે તેનું શ્રેય મહદઅંશે આવા સંશોધક મરજીવાઓને જાય છે.

માનવ સમાજમાં બહુવિકલાંગતા પોતે એક સમસ્યા છે જે બહુવિકલાંગ વ્યક્તિ પોતે અને તેના કુટુંબીજનો ભોગવી રહ્યા છે. બહુવિકલાંગતાને દુર ન કરી શકાય એ મુદ્દો ચર્ચામાં ન લેતા તેની સમસ્યાઓને ઉજાગર કરી સમાજના ધ્યાન ઉપર લાવી શકાય છે કે જેથી બહુવિકલાંગોને તેના કુટુંબીજનોને જે સમસ્યાઓનો સામનો કરવો પડે છે તે તરફ સમાજનું ધ્યાન દોરી શકાય.

## ‘બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાનો અભ્યાસ’

## (રાજકોટ શહેરના સંદર્ભમાં)

વિષય પરના પ્રસ્તુત સંશોધનમાં બહુવિકલાંગ બાળકોના ઉછેર, સારવાર, સમાધાન, શિક્ષણ અને કૌટુંબિક, સામાજિક સમાયોજનના બહુઆયામી પ્રશ્નોનો અભ્યાસ કરવામાં આવેલ છે. બહુવિકલાંગ બાળકોની ઉછેરની અનેકવિધ સમસ્યાઓ તરફ અંગુલી નિર્દેશ કરવાનો આ નમ્ર પ્રયત્ન એટલા માટે છે કે જે કુટુંબોમાં બહુવિકલાંગ બાળકો હોતા નથી. તે કુટુંબોને બહુવિકલાંગતા ધરાવનાર બાળકોના કુટુંબોના પ્રશ્નો સમજાતા નથી. બહુવિકલાંગ બાળકો મહદઅંશે જન્મથીજ હોય છે, અને મહદઅંશે એક કરતા વિશેષ વિકલાંગતા ધરાવતા હોય છે જેના કારણે તેની સમસ્યાઓનો વ્યાપ ઘણો વિશાળ હોય છે અને ગંભીર હોય છે. પ્રસ્તુત અભ્યાસક્રમમાં સંશોધનનો પ્રયાસ બહુવિકલાંગ બાળકોના ઉછેર અંગે માતા-પિતા જે સંઘર્ષ કરી રહ્યા છે, સમસ્યાઓ સાથે સમાધાન કરી રહ્યા છે એ તરફ સમાજનું ધ્યાન દોરવાનું છે. પ્રત્યેક રાષ્ટ્રમાં અને પ્રત્યેક સમાજમાં અને પ્રત્યેક સમયે વિકલાંગોની સમસ્યાઓ હોય છે. આ વિકલાંગતા કુદરત દત હોય છે એમ સ્વીકારીને રાખીએ તો પણ એમના હિતોની સામાજિક જવાબદારીનું પ્રમાણ ઓછુ થતુ નથી અને તે એટલા માટે કે જે કુટુંબોમાં વિકલાંગતા હોય છે, (એક વિકલાંગપણુ કે બહુવિકલાંગપણુ) તે કુટુંબો મૂળભૂત રીતે સમાજનો જ એક હિસ્સો છે અને આ પ્રકારની સમસ્યાઓથી પીડાતા કુટુંબોને રોબીન્સન ક્રુઝોની માફક સમુદ્રમાં એકલા ટાપુની માફક અલગ કરી શકાય નહિ. સિકકાની આ એક બાજુ થઈ તો બીજી બાજુ સામાજિક જવાબદારી પણ એટલી જ મહત્વની છે. વિકલાંગતા વાળુ કુટુંબ પોતાના વિકલાંગ સંતાનોની શારીરિક સમસ્યાઓ અને તેમાંથી નિષ્પન્ન થતા આર્થિક, સામાજિક અને મનોવૈજ્ઞાનિક પ્રશ્નોથી ઘેરાયેલા હોય છે. આવા સમયે તેમની સામાજિક હુંફ અને સામાજિક સહાયની અત્યંત આવશ્યકતા હોય છે.

વિકલાંગતા કે બહુવિકલાંગતાને સરકારી રાહે સહાય કરવાના પ્રયત્નો તો ચાલુ છે. ભારત સરકારે આ અંગે કાયદાઓ, નિયમો અને ધારા-ધોરણ નકકી કર્યા છે. દેશમાં ઘણી બધી સામાજિક સંસ્થાઓ સરકારી સહાય મેળવીને આ દિશામાં સહાય મેળવી રહી છે તે ગૌરવની બાબત છે અને તે સાથે એ નોંધવું પણ જોઈએ કે સરકાર પણ સામાજિક સુરક્ષા વિભાગ દ્વારા અનેક પ્રકારની સહાય, શૈક્ષણિક, આર્થિક અને પુન:સ્થાપન અંગે કરી રહી છે. તે પણ વિકલાંગ અને બહુવિકલાંગ બાળકોના સર્વાંગી કલ્યાણ માટે રાજ્યની વધતી જતી ભૂમિકાનું સૂચક છે.

સમયાંતરે વિકલાંગ વ્યક્તિનું સ્વરૂપ અને કાર્યશૈલીમાં પરિવર્તન થતુ રહ્યુ છે. ઝડપથી પરિવર્તન પામતા સમાજમાં વિકલાંગ વ્યક્તિઓને હવે તિરસ્કારનો સામનો કરવો પડતો નથી તેમજ તેમની ભૂતકાળમાં થતી હતી તેટલી ઉક્તિ પણ થતી નથી. વિકલાંગતા ધરાવનાર કુટુંબ પ્રત્યે હવે લાચારીનો ભાવ ધરાવવાને બદલે સમાજ સહાયની દ્રષ્ટિ વિચારણ થયા છે. કારણ કે વિકલાંગ વ્યક્તિના કુટુંબનો વિચાર કરતી વખતે વિચાર કરનાર વ્યક્તિ પોતાની જાત ને સાક્ષીના પાંજરામાં (Witness Box) મુકીને વિચારે છે કે જો મારા કુટુંબમાં વિકલાંગ બાળક હોત તો શું થાત? પરિવર્તન પામતી સામાજિક વિચારધારામાં વિકલાંગ વ્યક્તિને ટાપુની માફક અલગ પાડવાને બદલે  તેણે શિક્ષણ, તાલીમ, સંસ્કારી અને શકય સહાય દ્વારા સામાજિક જીવનમાં પુન:સ્થાપિત કરવાના પ્રયત્નો થઈ શકે એ પ્રકારની વિચારધારા સમાજમાં સ્વીકૃત બનતી આવી છે. આવા જણાયેલ તબકકે વિકલાંગ અને બહુવિકલાંગ બાળકો, તેમની વિકલાંગતાના કારણો અને ઉપચારો તેમાથી પરિવર્તનના અનેકવિધ પ્રશ્નો અને સતત વહેતો રહેવી જોઈતો સહાયનો પ્રવાહ આ બાબતમાં સમાજ વિચારણા કાંતો થાય અને સમાજનો જે હિસ્સો આ પ્રકારના પ્રશ્નોથી અજ્ઞાન છે તે લોકોના ધ્યાન પર આ સમસ્યાઓ મુકી શકાય તેવા ઉચ્ચ, ઉમદા અને માનવીય હિતોને ધ્યાનમાં રાખીને આ અભ્યાસ સંશોધન

માટે પસંદ કરવામાં આવે છે. વિષયની પસંદગી માત્ર માનવીય ધોરણો કે લાગણીમાં તણાયને પસંદ કરવાની ન હોય પરંતુ પ્રશ્નનાં મૂળમાં જઈને, અનેકવિધ પાસાઓ તપાસીને તાર્કીક રીતે પસંદ કરવામાં આવવો જોઈએ અને સંશોધનનો આ વિષય આ બધા પરિમાણોથી યુક્ત છે.

## ૨.૫ વ્યાપવિશ્વ

વ્યાપવિશ્વ એટલે સંશોધનની પરિભાષામાં જે ક્ષેત્રની જે ઘટનાનો અભ્યાસ કરવાનો હોય તે ક્ષેત્રમાં સમાવિષ્ટ થતી બધી ઘટનાઓનો સમગ્ર જથ્થો આ સમગ્ર જથ્થામાં સંશોધકે સુયોગ્ય પદ્ધતિ દ્વારા એટલે કે નમૂના પસંદગી દ્વારા સમગ્ર જથ્થાનો એક હિસ્સો લેવાનો રહે છે.

સંશોધન એ કોઈ ઉપલબ્ધ માહિતીનો ઢગલો નથી, હાથ ધરેલ સંશોધન એ ભાવિ સંશોધન માટે માર્ગદર્શક બનતુ હોય છે. તેથી સંશોધનનું સિમાંકન થવુ જરૂરી છે. વ્યાપવિશ્વ ખૂબજ વિશાળ હોય છે તેથી નિદર્શની પસંદગી કરી સંશોધનનો વ્યાપ નક્કી કરવો જોઈએ. બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાનો અભ્યાસ વિશેના આ સંશોધનમાં રાજકોટ શહેરના બહુવિકલાંગ બાળકોના વ્યાપને ખ્યાલમાં રાખવામાં આવેલ છે. રાષ્ટ્ર અને રાજ્ય કક્ષાએ બહુવિકલાંગતાનું પ્રમાણ અને પરિમાણ ઘણા ઉંચા છે તેથી ઉપરોક્ત સંશોધનને રાજકોટ શહેર પુરતુ જ સિમીત કરવામાં આવેલ છે.

રાજકોટ શહેરમાં બહુવિકલાંગ બાળકોના ક્ષેત્રે કામ કરતી સરકારી તેમજ બિનસરકારી સામાજિક સંસ્થાઓ એમ કરી રહી છે સંસ્થાઓ પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ બને છે.

## ૨.૬ સમસ્યાકથન

કોઈપણ સમાજમાં વિકલાંગ અને બહુવિકલાંગ બાળકોની અને તેમના ઉછેરની અને તેમના કુટુંબીજનોની અનેકવિધ સમસ્યાઓ હોય છે. આ સમસ્યાઓના સમાધાન બહુવિકલાંગ

બાળકોના શિક્ષણ, તાલીમ અને સામાજિક પુનઃસ્થાપનના સંદર્ભમાં થવા જોઈએ, સામાજિક વિજ્ઞાનોના ક્ષેત્રોમાં જે વિષય પર સંશોધન કરવાનું હોય છે તે સામાજિક પરિસ્થિતિઓના સંદર્ભમાં હોવું જોઈએ. બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યા તેના કુટુંબની સમસ્યા ન રહેતા સમાજની સમસ્યા બને તે પ્રકારનો પ્રતિભાવ સામાજિક સંદર્ભો સુચવે છે. 'તંદુરસ્ત બાળક એ તંદુરસ્ત સમાજ'ની નિશાની છે. જે 'તંદુરસ્ત રાષ્ટ્ર' ના વિકાસ માટે પાયાની આવશ્યકતા છે. પણ વિકલાંગ કે બહુવિકલાંગ બાળક એ કોઈપણ સમાજ કે રાષ્ટ્ર માટે નકારાત્મક મુખ્ય ધરાવનાર એક જવાબદારી છે. એ પ્રકારની ભાવના સમાજનો અને રાષ્ટ્રનો તંદુરસ્ત વિકાસ રૂંધે છે.

જાણીતા ડો. અનંતરાય મહેતા જાણાવે છે કે, અપંગ કે વિકલાંગ સપ્તાહ મનાવવામાં વાંધો નથી પણ અપંગ બાળક જન્મે જ નહી તેવુ જો વિચારી શકાય તો ઘણુ જ સારૂ. વિકલાંગ કે બહુવિકલાંગ બાળકોની સમસ્યાઓ તો છે જ. જે પ્રત્યે સમાજનું ધ્યાન ઉજાગર કરવું જોઈએ. વિકલાંગતા એ કોઈ ચમત્કારથી દૂર થાય એવી ક્ષતિ નથી કે નથી કોઈ એ દવા-દારૂ પી મટે એવો રોગ કારણ કે વિકલાંગતા એ કોઈ શારીરિક રોગ નથી પરંતુ જેને આપણે ઈન્વરદત ગણીએ છીએ તેથી એક પ્રકારની મોટેભાગે જન્મ સાથે મળેલ શારીરિક ક્ષતિ છે. વિકલાંગ બાળકો કરતા બહુવિકલાંગ બાળકોના પ્રશ્નો વધુ જટીલ અને વધુ ગંભીર હોય છે. બહુવિકલાંગતાને કારણોને એક કરતા વધારે ક્ષતિઓ ભોગવતો હોય ત્યારે ઉપચાર પદ્ધતિની સાથોસાથ તેના માનસિક પુનઃસ્થાપન માટે તેને શક્ય સહાય કરવાની પાયાની આવશ્યકતા છે.

બહુવિકલાંગ બાળકોની અનેકવિધ સમસ્યાઓના ઉંડાણમાં ન જતા તે સમસ્યાઓનો અછતનો ખ્યાલ મેળવીએ. બહુવિકલાંગ બાળકોની પ્રાથમિક જરૂરિયાતો સંતોષવામાં મુશ્કેલી અનુભવાય છે, તેના કુદરતી આવેગો સંતોષવામાં પણ ઘણીવાર તેઓ મુશ્કેલી અનુભવે છે,

અસ્થિ વિષયક વિકલાંગતાઓ ધરાવનાર બાળક હલન-ચલન કરી શકતું નથી અથવા ચાલવાની મુશ્કેલી અનુભવે છે તો દૃષ્ટિવિષયક વિકલાંગતા ધરાવનાર બાળક જોઈ શકતું, મુકબધીર બાળકો બીજી બધી રીતે તંદુરસ્ત અને સ્વસ્થ હોવા છતાં માહિતી વિનીમય (communica-tions) કરી શકવા સક્ષમ હોય છે તેથી પોતાની સમસ્યાઓ, મુશ્કેલીઓ અને જરૂરિયાતોની અભિવ્યક્તિ થઈ શકતી નથી. વિચારવિનીમયના અભાવે આ બાળક ઘણીવાર પ્રાથમિક સેવાઓથી વંચીત રહી જાય છે. આ ઉપરાંત બહુવિકલાંગ બાળકોને તેમના કુટુંબમાં એમના ભાઈ બહેનો સાથે અને ઘણીવાર દુરના સંબંધીઓ સાથે સમાયોજનના પ્રશ્નો ઉપસ્થિત થાય છે. પાડોશીઓ સાથે કે શેરી મિત્રો સાથે પણ સમાયોજનના વિકટ પ્રશ્નો ઉપસ્થિત થાય છે. બહુવિકલાંગ બાળકોની સારવારમાંથી જન્મથી આર્થિક સમસ્યાઓ  મધ્યમવર્ગના અને ગરીબ પરિવારો માટે આર્થિક સમસ્યાઓના અનેક પરિણામો ઉભા કરે છે. બહુવિકલાંગ બાળકોની સારવારમાં તબીબોની જવાબદારી અતિ મહત્ત્વની છે પોતાના વ્યવસાયમાં વ્યસ્ત તબીબો પાસેથી આ પ્રકારની જવાબદારીનું વહન કરવાની અપેક્ષાઓ પરિપૂર્ણ ન થાય ત્યારે બહુવિકલાંગ બાળકોના માતાપિતા નિરાશ બની જાય છે અને પોતાના પરિબળોનો વાંક કાઢે છે.

બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાઓ પ્રત્યે સમાજનું ધ્યાન દોરવા તેમજ બહુવિકલાંગતાના કારણો ઉપચારો તેમનું પુન:સ્થાપન જેવી મહત્વની સમસ્યાઓ સાથે સમાજનું સંકલન કરવા આ સંશોધકે વિષયની પસંદગી કરેલી છે. બહુવિકલાંગ બાળકોની સમસ્યાઓના અનેક પરિમાણો માનવીય ભૂમિકાથી સમજવાની જરૂર છે. બહુવિકલાંગતા તો દૂર ન થઈ શકે એ જેટલુ સત્ય છે એટલું જ સત્ય એ પણ છે કે બહુવિકલાંગતામાંથી પરિણમતી સમસ્યાઓ તો સામાજિક સહકાર અને સહાય દ્વારા હલ થઈ શકે છે.

## ૨.૭ પરિવર્ત્યો (ચલ) :

સંશોધનની પરિભાષામાં ચલોને પરિવર્ત્યો કહેવામાં આવે છે. પરિવર્ત્યો એટલે કે જે પરિવર્તનને આધીન છે. સંશોધનની પ્રક્રિયા અને પદ્ધતિમાં પરિવર્ત્યોની ભૂમિકા એટલા માટે મહત્ત્વની બની જાય છે કે પરિવર્ત્યો કોઈ એક ઘટના કે બનાવને અસર પહોંચાડે છે.

ડી. અમેટોની પરિભાષામાં ‘‘વસ્તુઓ, ઘટનાઓ અથવા વ્યક્તિઓના માપી શકાય તેવા કોઈપણ ગુણધર્મ કે લક્ષણને પરિવર્ત્ય કહે છે.’’

પરિવર્ત્યોને મુખ્યત્વે બે પ્રકારમાં વહેંચવામાં આવે છે.

(૧) સ્વતંત્ર પરિવર્ત્ય

(૨) પરતંત્ર પરિવર્ત્ય

જેમાં સ્વતંત્ર પરિવર્ત્ય એવું પરિવર્ત્ય છે કે જેના પર સંશોધનકર્તાનું નિયંત્રણ હોય છે. એટલે કે સંશોધનકર્તા પસંદગી દ્વારા આ પરિવર્ત્યનું પ્રમાણ વધારી ઘટાડી શકે છે. સ્વતંત્ર પરિવર્ત્યોની અસર પરતંત્ર પરિવર્ત્ય ઉપર પડતી હોય છે. અને આ પડતી અસરનો અભ્યાસ જ સંશોધનકર્તા કરે છે. જ્યારે પરતંત્ર પરિવર્ત્યો એટલે એવા પરિવર્ત્યો કે જેના ગુણધર્મોની સ્વતંત્ર પરિવર્ત્ય અસર કરે છે. પરતંત્ર પરિવર્ત્ય પર સંશોધનકર્તાનું નિયંત્રણ હોતું નથી. પરંતુ સ્વતંત્ર પરિવર્ત્યનું નિયંત્રણ હોય છે.

પ્રસ્તુત સંશોધનમાં સંશોધક દ્વારા જે સ્વતંત્ર પરિવર્ત્ય લેવામાં આવેલા છે તે નીચે મુજબ છે.

- માતા-પિતાનું શિક્ષણ
- આર્થિક પરિસ્થિતિ
- દામ્પત્ય જીવન
- કુટુંબમાં બાળકોનું પ્રમાણ

- અન્ય બાળકના ઉછેરની સમસ્યા
- બહુવિકલાંગતાને કારણે સર્જાતી સામાજિક સમસ્યાઓ

પ્રસ્તુત સંશોધનમાં ઉછેરની સમસ્યાઓ એ બહુ મહત્ત્વના પરતંત્ર પરિવર્ત્ય તરીકે દૃષ્ટિગોચર થાય છે.

સ્વતંત્ર ચલોની અસર પરતંત્ર ચલ પર થતી હોય છે. તે સંદર્ભમાં પ્રસ્તુત સંશોધનમાં જે સ્વતંત્ર ચલો આપવામાં આવેલા છે તેની અસર પરતંત્ર ચલ ઉપ રથાય છે. બહુવિકલાંગ બાળકના ઉછેરની સમસ્યા એ પરતંત્ર પરિવર્ત્ય પર સ્વતંત્ર પરિવર્ત્યોની અસર થતી જોવા મળે છે.

જેમાં માતા-પિતાનું શિક્ષણ, તેમની આર્થિક પરિસ્થિતિ, તેમનું દામ્પત્ય જીવન તેમના કુટુંબમાં કુલ બાળકોનું પ્રમાણ, તેમના અન્ય બાળકોના ઉછેરની સમસ્યાઓ અને અંતમાં બહુવિકલાંગતાને કારણે સર્જાતી સામાજિક સમસ્યાઓ બહુવિકલાંગ બાળકોના ઉછેર ઉપર અસર કરે છે કે જેમાંથી સર્જાય છે. બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાઓ, બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યા એ પરતંત્ર પરિવર્ત્ય તરીકે એવા પ્રમાણનું પરિવર્ત્ય છે કે જેની પર પ્રસ્તુત સંશોધનમાં સંશોધનકર્તાનું નિયંત્રણ નથી પરંતુ સ્વતંત્ર પરિવર્ત્યોનું નિયંત્રણ છે.

## ૨.૮ અભ્યાસના હેતુઓ

બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાઓના એક અભ્યાસ એ વિષય સંશોધન માટે પસંદ કરવામાં આવ્યો જેમાં હેતુઓ નીચે મુજબ જાણાવેલ છે.

૧. બહુવિકલાંગ બાળકોનું કૌટુંબિક વાતાવરણ જાણવું.

૨. બહુવિકલાંગ બાળકોની જન્મગત અને જન્મ બાદ આવેલ બહુવિકલાંગતા સમજવી તેમજ તેના કારણો જાણવા.

૩. બહુવિકલાંગ બાળકોની બહુવિકલાંગતાની તેમના માતા-પિતા પર થતી અસરો જાણવી.

૪. બહુવિકલાંગ બાળકોમાં દ્રષ્ટિક્ષતિ અને માનસિક અક્ષમતાવાળા બાળકોના ઉછેરની ખાસ સમસ્યાઓ સમજવી.

૫. બહુવિકલાંગ બાળકોના શિક્ષણ તાલિમ તેમજ શૈક્ષણિક સમાયોજનને જાણવું.

૬. બહુવિકલાંગ બાળકોના ઉછેરને પરિણામે સર્જાતી કૌટુંબિક તંગદીલી જાણવી.

૭. બહુવિકલાંગ બાળકોને કારણે તેમના માતા-પિતાનું સામાજિક સમાયોજન જાળવવું.

૮. બહુવિકલાંગ બાળકોના સામાજિક શૈક્ષણિક અને વ્યવસાયિક પુન: સ્થાપન અને તેના પ્રશ્નો સમજવા.

## ૨.૯ ઉપકલ્પનાઓ

➢ **પ્રસ્તાવના**

સામાજિક વિજ્ઞાનોના સંશોધનમાં ઉપકલ્પનાએ અત્યંત આવશ્યક સોપાન છે. એટલે કે સમગ્ર સંશોધનનો કેન્દ્રબિંદુ છે. કારણ કે સંશોધન દ્વારા સંશોધક જે પ્રતિપાદીત કરવા માંગે છે તે પ્રક્રિયાનો આધાર સંશોધનની કેટલીક પુર્વકલ્પનાઓ એટલે કે ઉપકલ્પનાઓ પર રહેલો છે.

આ ઉપકલ્પનાઓ દ્વારા સંશોધક જે સિદ્ધ કરવા માંગે છે તે હકીકત ઉપકલ્પનાના સામાન્ય મતને અનુરૂપ પણ હોઈ શકે કે વિરુદ્ધ પણ હોઈ શકે, વસ્તુત: સંશોધન ચકાસણીના અંતે સંશોધકે કલ્પેલી ઉપકલ્પનાઓમાંથી કેટલીક ઉપકલ્પનાઓ આવી પણ પુરવાર થાય અથવા ખોટી પણ પુરવાર થાય.

સંશોધકના સંશોધન વિષયની સમસ્યાના સંદર્ભમાં ઉપકલ્પનાઓની રચના કરવામાં

આવે છે. જે સમસ્યાના હાર્દનને સમજીને બહુ ચોકકસાઈપૂર્વક ઘડવી પડે છે. કારણ કે માહિતી એકત્રીકરણના સાધન તરીકે મુલાકાત અનુસૂચિ કે પ્રશ્નોતરીની રચના વખતે ઉપકલ્પનાઓની સંદર્ભ અત્યંત મહત્વનો છે. કહી શકાય કે મુલાકાત અનુસૂચિ કે પ્રશ્નાવલીનો આધાર ઘણે ખરે અંશે ઉપકલ્પનાઓ પર રહેલો હોય છે.

## ➢ ઉપકલ્પનાઓની રચના

- બહુવિકલાંગ બાળકના જન્મપુર્વે માતાને કોઈ બીમારી ચોકકસ ગંભીર બીમારી લાગુ થયેલ હશે કે જે જન્મનાર બાળકના સ્વાસ્થ પર અસર કરતો હોઈ.
- સગર્ભા અવસ્થા દરમ્યાન માતાને કોઈ અકસ્માત નડેલો હશે.
- પોલિયો ડ્રોગ્સની અનિયમિતતાને કારણે પણ બહુવિકલાંગતા આવી હશે.
- શિશુ અવસ્થામાં બહુવિકલાંગ બાળકને કોઈ ગંભીર બિમારી આવી હશે. જે બહુવિકલાંગતામાં પરિણમી હોઈ.
- શિશુ અવસ્થામાં બહુવિકલાંગતા દ્દષ્ટીગોચર થવા છતાં યોગ્ય નિદાન અને સારવારનો અભાવ જાણાયો હોય.
- બહુવિકલાંગતાને કારણે કુટુંબમાં કૌટુંબિક સમસ્યાઓ સર્જાતી હશે.
- બહુવિકલાંગ બાળકને દવાખાનામાં સારવાર દરમ્યાન અનેક સમસ્યાઓનો સામનો કરવો પડતો હશે.
- અન્ય સંતાનોના ઉછેર ઉપર બહુવિકલાંગ બાળકના ઉછેરની અસર પડે છે.
- બહુવિકલાંગ બાળકના ઉછેર અને સારવાર પાછળ માતા-પિતા પુરતુ ધ્યાન અને સમય આપે છે.
- બહુવિકલાંગ બાળકના સ્વાસ્થ ઉપર બહુવિકલાંગતાની બેવડી અસર હોય છે.

- બદલાતા ઋતુચક્રની બહુવિકલાંગ બાળકો ઉપર અસર પડે છે.
- બહુવિકલાંગ બાળકની સારવાર માટે પરિવહનની સમસ્યાઓ માતા-પિતાને પડતી હશે.
- બહુવિકલાંગ બાળકને સરકાર તરફથી પ્રાપ્ત શિક્ષણ અને તાલીમની માતા-પિતાને જાણ હશે.
- બહુવિકલાંગ બાળકને શાળામાં અભ્યાસ દરમ્યાન શિક્ષક તરફથી સહકાર મળતો હશે.
- બહુવિકલાંગ બાળકોને શૈક્ષણિક સંસ્થામાં અન્ય બાળકો સાથે સમાયોજનનાં પ્રશ્નો નડતા હશે.
- બહુવિકલાંગ બાળકના શિક્ષણ અંગેના ખર્ચની માતા-પિતાને સમસ્યા નહી નડતી હોય.
- બહુવિકલાંગ બાળક તાલીમને અંતે પોતાનો મનોભાવ વ્યક્ત કરતા હશે.
- બહુવિકલાંગ બાળકને તાલીમ દરમ્યાન વિકલાંગતા નડતરરૂપ થતી હશે.
- બહુવિકલાંગ બાળકની તાલીમ અંગે નાણાકીય સહાય મળતી હશે.
- બહુવિકલાંગ બાળકને સ્વ-રોજગારીની સુયોગ્ય તાલીમ આપવામાં આવતી હશે.
- બહુવિકલાંગ બાળક માટેની વિમા પોલીસીઓ માતા-પિતાએ લીધેલ હશે.
- બહુવિકલાંગ બાળકની તાલીમ પુર્ણ કર્યા બાદ વ્યવસાયમાં પુનઃ સ્થાપન થયુ હશે.
- બહુવિકલાંગ બાળકની સારવારના ખર્ચને કારણે અન્ય બાળકોના શિક્ષણ ઉપર અસર પડેલ હશે.

- બહુવિકલાંગ બાળકની સારવારની પરિસ્થિતિ અંગે જ્ઞાતિજનો તરફથી સુયોગ્ય પ્રતિભાવ મળતો હશે.
- બહુવિકલાંગ બાળકના આડોશપાડોશના બાળકો સાથે સમાયોજનના પ્રશ્નો હશે.
- બહુવિકલાંગ બાળકો પ્રત્યે કુટુંબના અન્ય બાળકોનું વર્તન સહાનુભૂતિપૂર્વકનું નહી હોય.
- બહુવિકલાંગ બાળકને કારણે સામાજિક પ્રસંગોમાં સમાયોજનના પ્રશ્નો સર્જાતા હશે.
- બહુવિકલાંગ બાળકના કારણે કુટુંબના અન્ય સંતાનોના લગ્નસંબંધોના પ્રશ્નો સર્જાતા હશે.
- બહુવિકલાંગ બાળક પોતાની વિકલાંગતાને કારણે પોતાના વિશે નકારાત્મક લાગણીઓ ધરાવતો હશે.
- બહુવિકલાંગ બાળકના માતા-પિતા અન્ય બહુવિકલાંગ બાળકના માતા-પિતા પ્રત્યે સહાનુભૂતીપુર્વકનો પ્રતિભાવ દાખવતા હશે.

## ૨.૧૦ સંશોધનનું મહત્ત્વ

બહુવિકલાંગતાના ક્ષેત્રે સંશોધનનું મહત્ત્વ એટલા માટે રહેલું છે કે બહુ જટીલ અને છતા અત્યંત મહત્ત્વના, માનવી જીવન સાથે સંકળાયેલ આ ક્ષેત્રમાં સંશોધનનું ખેડાણ બીજા ક્ષેત્રોની સરખામણીમાં ઓછું થયેલ છે. બહુવિકલાંગ વ્યક્તિઓની મનોવેદના બહુવિકલાંગ પોતે અનુભવતી હોય છે અને સાથોસાથ તેના માતા-પિતા અને તેનો ઉછેર સંભાળનાર વ્યક્તિઓ સંભાળતી હોય છે. સમાજમાં તે અંગે હજુ સંવેદના વિકસીત થયેલ નથી કારણ કે હજુ સુધી સમાજ આવી બાબતોને સામાજિક સમસ્યાને બદલે કૌટુંબિક સમસ્યા તરીકે

મૂલવે છે. અને તેથી જ સમાજનું ધ્યાન દોરવા માટે આ પ્રકારના સંશોધનનું મહત્ત્વ રહેલું છે.

## ૨.૧૧માહિતી એકત્રીકરણ

કોઈપણ પ્રકારના સંશોધન અભ્યાસ માટે આવશ્યક એવી ભૂતકાલીન કે વર્તમાનકાલીન વિગતો માહિતી આંકડાઓ લેખીત કે અલેખીત સ્વરૂપે પણ જ્યા પણ વેર-વિખેર પડી હોય તે એકત્ર કર્યા બાદ તેનું વિશ્લેષણ, અર્થઘટન કરીને તેમાંથી નિષપન્ન થતા તારણો તારવવામાં આવે છે. આથી ઉપરોક્ત માહિતી સીવાય સંશોધન આધારીત અભ્યાસ થઈ શકે નહી. બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાઓના પ્રસ્તુત અભ્યાસમાં બે પ્રકારની માહિતીનો ઉલ્લેખ કરવામાં આવે છે જે નીચે મુજબ છે.

### ૧. પ્રાથમિક માહિતી

સંશોધન વિષય એ સંલગ્ન સમગ્ર હકીકતો શોધવા તેમજ સંશોધન સમસ્યાનો સમગ્ર ચિતાર મેળવવા અને ઉપકલ્પનાની ચકાસણી કરવા માટેનો અંતિમ સાધન છે. સંશોધન વિષયને સ્પર્શતી હકીકતો, માહિતી, વિગતો અને આંકડાઓ ઉતરદાતાઓ પાસેથી મેળવવાના હોય છે. આ આંકડાઓ અને વિગતો વિગેરે સંશોધકે ઉતરદાતાઓની રૂબરૂ મુલાકાત લઈને અનુસૂચિના આધાર પર મેળવેલ હોય છે.

સંશોધકે સ્થળ પર જઈને પ્રાથમિક તબક્કે જે માહિતી મેળવી હોય છે તે સંશોધનના પાયારૂપ હોય છે. પ્રાથમિક માહિતી વિશે પ્રોફેસર રોર્બટસ અને રાઈટસ જણાવે છે કે અમુક સંશોધન સમસ્યાના ચોક્કસ હેતુ માટે એકઠી કરવામાં આવેલી માહિતીને પ્રાથમિક માહિતી કહેવાય. આથી કહી શકાય કે પ્રાથમિક માહિતી એટલે એવી માહિતી કે જે સંશોધન વિષયના કેન્દ્રબિંદુ સમાન હોય, જેના પર સમગ્ર સંશોધનનો આધાર હોય અને જે સંશોધકે જાતે એકત્રીત કરેલ હોય.

પ્રાથમિક માહિતી નિરીક્ષણ, પ્રશ્નાવલી, અનુસૂચિ અને મુલાકાત પ્રયુક્તિ દ્વારા એકત્ર કરેલ માહિતી આંકડાઓની કહેવાય છે કે જેના આધારે સંશોધન હાથ ધરી શકાય.

બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાઓના સંશોધન અભ્યાસમાં સંશોધક મુલાકાત અનુસૂચિની રચના દ્વારા ઉતરદાતાઓ પાસેથી રૂબરૂ મુલાકાત લઈને પ્રાથમિક માહિતી હકીકતો વિગેરે મેળવેલ છે. આમ પ્રસ્તુત સંશોધનમાં બહુવિકલાંગ બાળકોના ઉછેરની વાલીની સમસ્યાઓને ઉજાગર કરવા સંશોધકે મુલાકાત અનુસૂચિ સાધનનો ઉપયોગ કરેલ છે અને મહત્વની વાત તો એ છે કે બહુવિકલાંગ બાળકોના ઉછેરને સારવાર દરમ્યાન જે અનેકવિધ સામાજીક, આર્થિક અને મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ ઉભી થાય છે તેના સમગ્ર ફલકનો ચિતાર મેળવવામાં આવેલ છે.

મુલાકાત અનુસૂચિમાં બહુવિકલાંગ બાળકોના વાલઓની અનેકવિધ સમસ્યાઓ અંગેની વિગતો અને આંકડાઓ પપ્રાપ્ત કરવા માટે મુલાકાત અનુસૂચિ ચોકકસાઈ પુર્વક તૈયાર કરવામાં આવેલ છે અને આ અનુસૂચી દ્વારા ઉતરદાતા પાસેથી એટલે કે બહુવિકલાંગ બાળકોની વાલીઓ પાસેથી વિગતો અને હકીકતો મેળવવામાં આવેલ છે.

પ્રાથમિક માહિતી મેળવવાનાં ઉપકરણોમાં નિરીક્ષણ, પ્રશ્નાવલી અને મુલાકાત અનુસૂચિ અત્યંત મહત્વના છે અને પરિણામગામી છે આમ બહુવિકલાંગ બાળકોના વાલીઓની મુલાકાત લઈને મુલાકાત અનુસૂચિ દ્વારા સંશોધકે જે માહિતી મેળવેલ છે જે સંશોધનની પરિભાષા અનુસાર પ્રાથમિક માહિતી છે.

### ૨. ગૌણ માહિતી

સંશોધન પ્રક્રિયામાં ગૌણ માહિતીને દ્વિતીય કક્ષાની માહિતી કહેવામાં આવે છે. જે પ્રાથમિક માહિતી દ્વારા પ્રાપ્ત કરેલ સંશોધન વિષયને સ્પર્શતા આંકડાઓ, વિગતો, હકીકતોનું અનુમોદન કરે છે. અને સહાય કરે છે. પોલીન યંગના મત મુજબ મુળસ્રોતમાંથી સંપાદીત

થયેલી માહિતીને ગૌણ માહિતી કહેવાય. લેખીત અહેવાલો, સરકારી દસ્તાવેજો, સરકારી આંકડાઓ, પુર્વપ્રકાશીત સાહિત્ય, અંગત દસ્તાવેજો, ડાયરીઓ વિગેરે ગૌણ માહિતીના સ્ત્રોતો છે. સંશોધકે પોતાના સંશોધન વિષયને સ્પર્શતા અને અગાઉ સંશોધન થઈ ગયેલ સંશોધનોમાંથી માહિતી પ્રાપ્ત કરવી જોઈએ. સંશોધન સમસ્યાનું વિશ્લેષણ કરવામાં અર્થઘટન કરવામાં અને સંશોધનને વધુ સ્પષ્ટ અને ચોકકસાઈવાળુ કરવા ગૌણ માહિતી ઉપયોગી છે. ગૌણ માહિતી ગ્રંથાલયોમાંથી સરકારી કે અર્ધસરકારી કચેરીઓમાંથી ઉતરદાતાઓએ કરેલ અંગત નોંધમાંથી પુર્વ પ્રકાશત સાહિત્યમાંથી અને ઝડપથી વિકસતા જતા સોફ્ટવેરના યુગમાં ઈન્ટરનેટ પરથી સંશોધન વિષયને સ્પર્શતી ગૌણ માહિતી મેળવી શકાય છે.

બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાના પ્રસ્તુત અભ્યાસમાં વિષયને સ્પર્શતી ગૌણ માહિતી મેળવવા પ્રયાસ થયેલ છે. જેમાં ગ્રંથાલયમાંથી પ્રાપ્ત સાહિત્ય, પુસ્તકો, સામાયીકો, અહેવાલો, પત્રીકાઓનો સમાવેશ થાય છે.

ગૌણ માહિતીને સંશોધન વિષયને સ્પર્શતી અને મુલાકાત અનુસૂચિ દ્વારા મેળવેલ આંકડાઓ અને હકીકતોની (Support Information) પૂરક માહિતી કહેવામાં આવે છે. જેમાં વિષયને સ્પર્શતા અગાઉ થઈ ગયેલા સંશોધનો જો પ્રાપ્ય હોય તો સંશોધકને તેમાંથી દિશા સુજે છે અને માર્ગદર્શન મળે છે.

## ૨.૧૨ સંશોધન ક્ષેત્ર પરિચય (રાજકોટ શહેર)

કોઈપણ ચોક્કસ વિષયની પસંદગી કરવા માટે ક્ષેત્રની અગત્યતા ખૂબજ મહત્વનો ભાગ ભજવે છે. સંશોધક જ્યાં સુધી ક્ષેત્રના માધ્યમ સુધી ન પહોંચે ત્યાં સુધી સમસ્યાના મૂળ સુધી પહોચી શકતો નથી, ક્ષેત્રની તમામ ગતીવિધિઓથી માહિતગાર બની શકતો નથી. તેથી એમ કહી શકાય કે ક્ષેત્રના માધ્યમ વિના સંશોધન શક્ય જ ન બને. વૈજ્ઞાનિક સંશોધનનો પાયો એ ક્ષેત્ર છે તે માટે સંશોધકે સંશોધનના વિષયની પસંદગી કરતી વખતે

વિષયના ક્ષેત્રને અને તેના ગંભિરતાને સમજવાની પોતાની શક્તિને ધ્યાને રાખવી જોઈએ. સંશોધક સંશોધનમાં 'સમગ્ર'નો અભ્યાસ કરવા માંગે છે કે સમગ્રના કોઈ 'ભાગનો અભ્યાસ કરવા માંગે છે. તે બાબત સ્પષ્ટ કરવી જોઈએ એટલે કે જે કોઈ વિષયનો અભ્યાસ કરવાનો હોય તેની સ્પષ્ટતા સંશોધનમાં હોવી જોઈએ.

પ્રસ્તુત સંશોધનના અભ્યાસમાં રાજકોટ શહેરને પસંદ કરવામાં આવેલ છે અને રાજકોટ શહેરની માહિતી તથા પરિચય નીચે પ્રમાણે છે.

## ➢ રાજકોટ શહેરનો પરિચય

રાજકોટ શહેર સૌરાષ્ટ્ર રાજ્યની રાજધાની તરીકે પ્રસ્થાપિત થયેલ હાલમાં પણ રાજકોટ શહેરનું મહત્વ ઘણી રીતે આંકવામાં આવે છે.

આઝાદી બાદ ૧૯૪૮માં એપ્રિલ ૧૫મીથી દેશી રજવાડાઓનું અસ્તિત્વ વિખેરાયું અને તેનું વિલીનીકરણ થતા સૌરાષ્ટ્ર રાજ્ય અમલમાં આવ્યું અને રાજકોટ સૌરાષ્ટ્ર રાજ્યની રાજધાની તરીકે અસ્તિત્વમાં આવ્યું અને તેથી ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્ર પ્રદેશમાં રાજકોટે પોતાની આગવી ઓળખ ઉભી કરી. સાથોસાથ ૧ ઓકટોબર ૧૯૪૯ના રોજ રાજકોટ શહેરની પ્રજાએ ચુંટેલી સુધરાઈ અસ્તિત્વમાં આવી. સમયના તાલની સાથે કદમ મીલાવતા ૧૯૭૩થી રાજકોટને મહાનગર પાલિકાનો દરજ્જો મળ્યો.

રાજકોટ સૌરાષ્ટ્રનું સૌથી મોટુ શહેર હોવાથી આરોગ્ય ક્ષેત્રે પણ ખૂબજ મહત્વનું સ્થાન ધરાવે છે. તબીબી ક્ષેત્રે રાજકોટને ઘણી સુવિધાઓ પ્રાપ્ત થઈ છે. જેમાં રાજ્ય સરકારની તબીબી અને આરોગ્ય સેવા હસ્તક સરકારી સીવીલ હોસ્પીટલ, બાળકો માટે કે.ટી. ચીલ્ડ્રન હોસ્પીટલ, જી.ટી.શેઠ હાડકાની હોસ્પીટલ, આંખની હોસ્પીટલ અને પંડિત દીન-દયાલ ઉપાધ્યાય મેડીકલ કોલેજ આવેલી છે. આ ઉપરાંત વિરાણી વોકહાર્ટ હોસ્પીટલ, એચ.જે.દોશી હોસ્પીટલ, જસાણી ટી.બી.હોસ્પીટલ, કેન્સર હોસ્પીટલ, જયનાથ હોસ્પીટલ,

સ્વામીનારાયણ ગુરૂકુળ હોસ્પીટલ, વિસા શ્રીમાળી હોસ્પીટલ, ધકાણ હોસ્પીટલ, બી.ટી.સવાણી કીડની હોસ્પીટલ, સત્યસાઈ હાર્ટ હોસ્પીટલ, શીવાનંદ આંખની હોસ્પીટલ આમ રાજકોટ તબીબી સારવાર ક્ષેત્રે ખૂબજ મહત્વનું સ્થાન ધરાવે છે.

આ ઉપરાંત રાજકોટ શહેરમાં બ્લડ બેંકની સુવિધા પણ છે જેમાં સરકારી હોસ્પીટલમાં આવેલ બ્લડબેંક, સૌરાષ્ટ્ર મેડીકલ એન્ડ રીસર્ચ સેન્ટર દ્વારા સંચાલીત રાજકોટ વોલન્ટરી બ્લડબેંક, ફીલ્ડમાર્શલ, બ્લડબેંક વિગેરે.

આ ઉપરાંત રાજકોટ શહેરની અંદર વિકલાંગો અને બહુવિકલાંગ બાળકો માટે પણ અનેક સંસ્થાઓ કામ કરે છે. જેનો ઉલ્લેખ અહીં કરવો જ રહ્યો.

સૌ પ્રથમ સરકારી સંસ્થાઓ, જેમાં ગુજરાત રાજ્યના સમાજ સુરક્ષા ખાતાઓ દ્વારા સંચાલીત સંસ્થાઓ કાર્યરત છે. જેમાં અપંગબાળગૃહ માનસિક ક્ષતિવાળા બાળકોનું ગૃહ, વિકલાંગ રોજગાર વિનીમય કચેરી, જિલ્લા વિકલાંગ પુર્નવસન કેન્દ્ર અને વિકલાંગો માટેની કલ્યાણકારી યોજનાઓ જેવી કે અપંગ ઓળખકાર્ડ, અપંગ શિષ્યવૃતિ, સાધન સહાય, પેટ્રોલ અનુદાન, વિકલાંગોને મકાન બાંધકામ તથા વિકલાંગોને આવન-જાવનમાં મુશ્કેલી ન પડે તે માટે સરકારશ્રી દ્વારા નગરપાલીકાઓ, ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો, મહાનગરપાલીકાઓ અને સરકારી કચેરીઓમાં મકાન બાંધકામોમાં વિશિષ્ટ સુવિધાઓ વધારવા આદેશ કરેલ છે જેનું મોનીટરીંગ સમાજ સુરક્ષાખાતા  દ્વારા કરવામાં આવેલ છે.

સ્વૈચ્છિક ક્ષેત્રે પણ વિકલાંગોની કલ્યાણકારી કામગીરીમાં રાજકોટે ઘણીજ પ્રગતિ કરી છે. જેમાં અંધ મહીલા વિકાસ ગૃહ, વિરાણી બહેરામુંગા શાળા, સ્નેહનિર્ઝર- માનસિક ક્ષતિવાળા બાળકોની શાળા, નવજીવન ટ્રસ્ટ સંચાલીત માનસિક ક્ષતિવાળા બાળકોની શાળા, નવશક્તિ વિદ્યાલય, અંધ અપંગ વૃદ્ધાશ્રમ, અંધજન કલ્યાણ મંડળ જેવી સંસ્થાઓ વિકલાંગતા ક્ષેત્રે કાર્યરત છે.

વિકલાંગોએ ફકત સરકારી કે તબીબી કે સરકારી સંસ્થાઓની જવાબદારી નથી પરંતુ સમગ્ર સમાજની જવાબદારી છે. તેમાં રાજકોટ શહેરના શહેરીજનોનો પણ પુરેપુરો સાથ-સહકાર છે અને આના માટે રાજકોટ શહેરની અન્ય સંસ્થાઓ પણ તેમની અમુલ્ય સેવાઓ આપે છે. જેમકે રામકૃષ્ણ આશ્રમ, માધવ ફાઉન્ડેશન ટ્રસ્ટ, શ્રી વિકાસ ટ્રસ્ટ, લાયન્સ કલબ, બાયોનેસ કલબ, જેસી, રોટરી તથા રોટરી મીડટાઉન, કમાણી ફાઉન્ડેશન, પુજીત રૂપાણી, બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ વિગેરે ઉલ્લેખનીય છે.

આમ વિકલાંગો ક્ષેત્રે રાજકોટનું સ્થાન મોખરાનું છે.

## ➢ રાજકોટ જિલ્લાનો પરિચય

રાજકોટ જિલ્લો સૌરાષ્ટ્ર પ્રદેશની મધ્યમાં આવેલો છે અને જેમાં સાત જિલ્લાઓ પૈકીમાંનો એક જિલ્લો છે. રાજકોટ જિલ્લો ૨૦.૫૮ ઉતર અક્ષાંશથી ૨૩.૦૮ ઉતરકક્ષાની વચ્ચે તેમજ ૭૦.૨૦ પૂર્વ રેખાંશથી ૭૧.૪૦ પુર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. સૌરાષ્ટ્ર પ્રદેશની બરોબર મધ્યમાં આવેલા રાજકોટ જિલ્લાની ઉતરે કચ્છનો અખાત તથા કચ્છનું રણ આવેલું છે. પુર્વમાં સુરેન્દ્રનગર જિલ્લો તથા ભાવનગર જિલ્લો દક્ષિણમાં જુનાગઢ જિલ્લો તથા અમરેલી જિલ્લાનો થોડોક ભાગ અને પશ્ચિમે જામનગર જિલ્લો આવેલો છે.

## રાજકોટ જિલ્લાની વસ્તી

| | | |
|---|---|---|
| ○ | કુલ વસ્તી | ૩૧,૬૯,૮૮૧ |
| | પુરુષ | ૧૬,૪૨,૦૧૮ |
| | સ્ત્રી | ૧૫,૨૭,૮૬૩ |
| ○ | ગ્રામીણ વસ્તી | ૧૫,૪૪,૦૧૯ |
| | શહેરી | ૧૬,૨૫,૮૬૫ |

## રાજકોટ જિલ્લામાં સાક્ષરતાદર

| | | |
|---|---|---|
| ○ | કુલ સાક્ષરતા વસ્તી | ૨૦,૩૩,૯૪૬ |
| ○ | પુરુષ સાક્ષરતા | ૧૧,૬૬,૧૨૨ |
| ○ | સ્ત્રી સાક્ષરતા | ૮,૬૭,૮૨૪ |
| ○ | કુલ સાક્ષરતા દર | ૭૪.૧૬% |
| ○ | પુરુષ સાક્ષરતા દર | ૮૨.૬૧% |
| ○ | સ્ત્રી સાક્ષરતા દર | ૬૫.૨૦% |

## રાજકોટ જિલ્લાની ઉમર આધારીત વસ્તી

| | | |
|---|---|---|
| ○ | ૦થી૪ વર્ષ | ૨,૯૭,૮૬૩ |
| ○ | ૫થી૧૪ વર્ષ | ૬,૭૯,૮૧૨ |
| ○ | ૧૫થી૫૯ વર્ષ | ૧૯,૪૨,૪૭૦ |
| ○ | ૬૯ થી ઉપર | ૨,૪૯,૭૩૬ |

## શિક્ષણ આધારીત સાક્ષરતા

| | | |
|---|---|---|
| ○ | કુલ શિક્ષિત | ૨૦,૩૩,૯૪૬ |
| ○ | માત્ર લખી વાંચી શકે છે તેવા | ૧૯,૩૩૯ |
| ○ | પ્રાથમિક કક્ષાથી નીચે | ૪,૮૯,૪૯૭ |
| ○ | પ્રાથમિક સ્તર સુધી | ૫,૬૧,૨૩૧ |
| ○ | હાઈસ્કુલ સુધીનું શિક્ષણ | ૩,૪૧,૫૮૦ |
| ○ | મેટ્રીક, ઉચ્ચતર માધ્યમિક અને ડિપ્લોમા | ૪,૯૨,૨૬૩ |
| ○ | સ્નાતક અને અનુસ્નાતક | ૧,૨૯,૫૪૩ |

## શ્રમિકો અંગેની માહિતી

| | | |
|---|---|---|
| ○ | કુલ શ્રમિકો | ૧૨,૪૪,૮૦૬ |
| ○ | મુખ્ય શ્રમિકો | ૧૦,૭૬,૪૩૬ |
| ○ | સીમાંત શ્રમિકો | ૧,૬૮,૩૭૦ |
| ○ | બીન શ્રમિકો | ૧૯,૨૫,૦૭૫ |

## રાજકોટ જિલ્લામાં સ્ત્રી-પુરુષનું પ્રમાણ

| | | |
|---|---|---|
| ○ | પુરુષ | સ્ત્રી |
| ○ | ૧૦૦૦ | ૯૩૦ |
| ○ | ૧૦૦૦ | ૮૫૪ (૦-૬ વર્ષ સુધી) |

## રાજકોટ જિલ્લાની ધર્મ આધારીત વસ્તી

| | | |
|---|---|---|
| ○ | હિન્દુ | ૨૮,૪૧,૩૦૨ |
| ○ | મુસ્લીમ | ૨,૯૨,૬૭૬ |
| ○ | જૈન | ૩૦,૬૨૯ |

## રાજકોટ જિલ્લાના મુખ્ય શહેરોની વસ્તી

| | | |
|---|---|---|
| ○ | રાજકોટ શહેર | ૯,૬૭,૪૭૬ |
| ○ | મોરબી | ૧,૪૫,૭૧૯ |
| ○ | જેતપુર | ૧,૦૪,૩૧૨ |

## રાજકોટ જિલ્લાના આવાસ પ્રકારોની માહિતી

| | | |
|---|---|---|
| ○ | કાયમી આવાસ | ૮૫.૬૦% |
| ○ | અર્ધ કાયમી | ૧૩,૦૧% |
| ○ | કામ ચલાઉ | ૧.૩% |
| ○ | આવાસ ધરાવનારાઓની સંખ્યા | ૫,૯૭,૯૯૦ |

## રાજકોટ જિલ્લામાં ઘરવપરાશની વિજળીના ઉપયોગની માહિતી

| કુલ | વિગત | ઘરોની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | ગ્રામ્ય | ૨,૪૮,૧૯૬ | ૯૦.૬% |
| ૨. | શહેરી | ૨,૯૬,૦૯૪ | ૯૫.૩% |
| ૩. | કુલ | ૫,૪૪,૨૯૦ | ૯૩.૧% |

## કુલ નિવાસી ગામડાઓમાં સુવીધાઓ અને પાયાની સગવડો સુવીધા પ્રાપ્ત ગામડાઓ-૮૪૪

| | સુવિધા | ગામડાની સંખ્યા |
|---|---|---|
| ○ | પીવાના પાણીની સગવડો | ૮૪૪ |
| ○ | પીવાનું ચોખ્ખુ પાણી | ૮૪૪ |
| ○ | વિજળી (પાવર સપ્લાય) | ૮૪૪ |
| ○ | વિજળી (ઘર વપરાશ) | ૯૯ |
| ○ | વિજળી (ખેતીવાડી) | ૭૮ |
| ○ | પ્રાથમિક શાળાઓ | ૮૪૨ |
| ○ | માધ્યમિક શાળાઓ અને ઉ.માધ્યમિક શાળાઓ | ૨૧૪ |
| ○ | કોલેજ | ૧ |
| ○ | તબીબી સુવિધાઓ | ૫૪૨ |
| ○ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૫૮ |
| ○ | પ્રાથમિક આરોગ્ય ઉપકેન્દ્ર | ૩૪૧ |
| ○ | તાર-ટપાલ અને ટેલીફોન સુવીધા | ૭૨૩ |
| ○ | બસ સેવાઓ | ૮૩૦ |
| ○ | પાકા રસ્તાઓ | ૬૯૦ |
| ○ | માટીના રસ્તાઓ | ૪૮૩ |

## રાજકોટ જિલ્લાનું વહીવટી માળખું

| ક્રમ | વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧. | જિલ્લા પંચાયત | ૧ |
| ૨. | જિલ્લા તાલુકા | ૧૪ |
| ૩. | જિલ્લા તાલુકા પંચાયતો | ૧૪ |
| ૪. | મહાનગરપાલિકા | ૦૧ |
| ૫. | નગરપાલીકાઓ | ૦૮ |
| ૬. | ગ્રામપંચાયતો | ૮૪૪ |
| ૭. | ગામોની સંખ્યા | ૮૪૬ |
| ૮. | શહેરોની સંખ્યા | ૦૧૦ |

## રાજકોટ જિલ્લામાં જમીનનું વર્ગીકરણ

| ક્રમ | વિગત | વિસ્તાર (હેકટરમાં) |
|---|---|---|
| ૧. | કુલ ખેડાણ વિસ્તાર | ૭,૫૯,૮૪૫ |
| ૨. | એકંદરે વાવેતર વિસ્તાર | ૭,૫૮,૧૫૮ |
| ૩. | એકંદરે પાક હેઠળનો વિસ્તાર | ૭,૫૮,૧૫૮ |
| ૪. | એકંદરે પાક હેઠળ સામે સિંચન વિસ્તાર | ૩,૫૩,૪૦૪ |
| ૫. | અનાજ પાક હેઠળનો વિસ્તાર | ૧,૧૫,૮૪૮ |

૦ ઉપરોક્ત વિસ્તાર હેક્ટરમાં દર્શાવવામાં આવેલ છે.

## રાજકોટ જિલ્લાના ખેડુતોનું વર્ગીકરણ

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | વ્યક્તિગત ખેડૂતો | ૬,૫૧,૭૪૪ | ૮૫.૬૧ |
| ૨. | સંયુક્ત ખેડુતો | ૧,૦૪,૯૫૫ | ૧૩,૭૯ |
| ૩. | સંસ્થાકીય ખેડૂતો | ૪,૫૫૦ | ૦.૬૦ |
| ૪. | કુલ ખેડુતો | ૭,૬૧,૨૯૦ | ૧૦૦.૦૦ |

## રાજકોટ જિલ્લામાં નોંધાયેલા મધ્યમ-મોટા ઉદ્યોગોની માહિતી

| તાલુકાના નામ | પ્રોજેક્ટ સંખ્યા | મૂડી રોકાણ (લાખમાં) | રોજગારી |
|---|---|---|---|
| માળિયા-મિયાણા | - | - | - |
| મોરબી | ૩૦ | ૧૧૮૯૭.૪૬ | ૨૯૧૧ |
| ટંકારા | ૦૬ | ૧૦૪૬૨.૩૫ | ૯૭૫૨ |
| વાંકાનેર | ૦૭ | ૫૫૪૧.૫૩ | ૯૮૬ |
| પડધરી | ૦૫ | ૬૧૬૫.૧૯ | ૧૦૧૨ |
| રાજકોટ | ૧૬ | ૧૦૬૨૦.૨૧ | ૨૯૬૧ |
| લોધીકા | ૦૬ | ૩૩૪૩.૪૭ | ૪૩૫ |
| કોટડા-સાંગાણી | ૨૧ | ૭૭૯૬.૯૯ | ૨૫૭૧ |
| જસદણ | - | - | - |
| ગોંડલ | ૦૩ | ૩૨૨.૦૭ | ૧૧૦ |
| જામકંડોરણા | - | - | - |
| ઉપલેટા | ૦૨ | ૨૧૭૭.૬૭ | ૪૮ |
| ધોરાજી | ૦૪ | ૫૪૯.૪૨ | ૨૯૨ |
| જેતપુર | - | - | - |
| **કુલ** | | **૫૮,૭૬,૭૫૦** | **૨,૧૦,૭૯૦** |

## રાજકોટ જિલ્લામાં નોંધાયેલા લઘુ ઉદ્યોગો

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ કુલ એકમો |
|---|---|---|
| ૧. | માળિયા-મિયાણા | ૧૦૨૪ |
| ૨. | મોરબી | ૩૩૯૪ |
| ૩. | ટંકારા | ૨૨૩ |
| ૪. | વાંકાનેર | ૧૭૩૭ |
| ૫. | પડધરી | ૫૭૭ |
| ૬. | રાજકોટ | ૧૧૫૯૪ |
| ૭. | લોધીકા | ૬૬૦ |
| ૮. | કોટડા સાંગાણી | ૧૩૭૦ |
| ૯. | જસદાણ | ૧૧૩૧ |
| ૧૦. | ગોંડલ | ૨૨૦૨ |
| ૧૧. | જામકંડોરણા | ૪૬૩ |
| ૧૨. | ઉપલેટા | ૭૭૧ |
| ૧૩. | ધોરાજી | ૧૦૬૬ |
| ૧૪. | જેતપુર | ૪૨૨૪ |
| | **કુલ** | **૩૦૪૩૯** |

## રાજકોટ જિલ્લામાં ઉદ્યોગ જુથ પ્રમાણે નોંધાયેલ લઘુઉદ્યોગો

| ક્રમ | ઉદ્યોગ જુથ | ઉદ્યોગોની માહિતી |
|---|---|---|
| ૧. | ખાદ્ય પદાર્થ | ૧૯૮૭ |
| ૨. | તંબાકુ ઉદ્યોગ | ૪૦૯ |
| ૩. | કાપડ ઉદ્યોગ | ૪૩૮૯ |
| ૪. | લાકડાનો ઉદ્યોગ | ૪૦૩ |
| ૫. | કાગળ અને તેની બનાવટો | ૬૨૩ |
| ૬. | ચર્મ ઉદ્યોગ | ૩૨૮ |
| ૭. | રબ્બર અને તેની બનાવટી | ૯૨૬ |
| ૮. | રસાયણ ઉદ્યોગ | ૭૦૮ |
| ૯. | કાચી માટી અને સીમેન્ટ ઉદ્યોગ | ૧૭૬૨ |
| ૧૦. | બીનલોહ ધાતુ ઉદ્યોગ | ૧૨૪૮ |
| ૧૧. | ધાતુકામ | ૧૮૧૯ |
| ૧૨. | યંત્રો (વિજળી-વાહનવ્યવહાર સિવાય) | ૫૨૮૩ |
| ૧૩. | વીજળીના યંત્રો, સાધનો | ૫૬૫ |
| ૧૪. | અન્ય ઉદ્યોગો | ૩૭૦ |
| | **કુલ** | **૩૦૪૫૯** |

## રાજકોટ જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓની માહિતી

| ક્રમ | સંસ્થાઓ | સંખ્યા |
|---|---|---|
| ૧. | વિશ્વવિદ્યાલય | ૧ |
| ૨. | વિનીયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજો | ૮૬ |
| ૩. | શિક્ષકોની તાલીમ કોલેજો | ૦૨ |
| ૪. | માધ્યમિક/ઉ.માધ્યમિક શાળાઓ | ૪૧૭ |
| ૫. | પ્રાથમિક શાળાઓ | ૧૮૮૫ |
| ૬. | શિક્ષકો (જિલ્લા પંચાયત કક્ષ) | ૧૨૩૪ |
| ૭. | આંગણવાડી કેન્દ્રો | ૭૨૫૨ |

રાજકોટ જિલ્લામાં આરોગ્યની સવલતોની માહિતી

| ક્રમ | વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧. | સરકારી હોસ્પીટલો | ૧૨ |
| ૨. | સામુહિક આરોગ્ય કેન્દ્ર | ૧૩ |
| ૩. | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૪૩ |
| ૪. | પેટા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૩૫૮ |

## ૨.૧૩અભ્યાસની પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે નીચેની સંશોધન પદ્ધતિઓનો સમાવેશ કરેલ છે.

૧. સર્વેક્ષણ પદ્ધતિ

૨. નમૂના પસંદગી પદ્ધતિ

### ૧. સર્વેક્ષણ પદ્ધતિ

સર્વેક્ષણ પદ્ધતિ એવી પદ્ધતિ છે જે કોઈપણ સમુહની વર્તમાન પરિસ્થિતિનું સામાન્ય

ચીત્ર મેળવે છે. સર્વેક્ષણ પદ્ધતિ સામાજિક વિજ્ઞાનોની માફક જ સમાજકાર્ય વિષયના સંશોધનમાં અત્યંત મહત્વનો ભાગ ભજવે છે. સામાજિક વિજ્ઞાનોમાં જ્યારે વિશાળ પાયા પર એટલે કે સમગ્ર સમષ્ટિના સંદર્ભમાં સંશોધન કરવાનું હોય ત્યારે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

સમાજકાર્ય એક એવું ક્ષેત્ર છે જેમાં સંશોધનને બહોળો અવકાશ છે. કારણ કે સમાજકાર્ય સમાજ સાથે સંકળાયેલ હોવાથી અનેક પ્રકારની સામાજિક સમસ્યાઓમાં અને તેને સ્પર્શતા પરિબળોમાં સંશોધનને પુરતો અવકાશ છે.

વર્તમાન સમયમાં જે અનેક પ્રકારની સમસ્યાઓ રહેલી છે તેનો સમગ્ર ચિતાર મેળવવા માટે સર્વેક્ષણ પદ્ધતિ ખૂબજ ઉપયોગી નીવડી હતી.

બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાઓના પ્રસ્તુત સંશોધન વિષયને ન્યાય આપવા માટે સંશોધકે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરેલ છે જેમાં સર્વેક્ષણ પ્રક્રિયાની નિર્દેશ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ છે. પ્રસ્તુત સંશોધનમાં રાજકોટ શહેરમાં આવેલી સામાજિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને ગુજરાત રાજ્યના સામાજિક સુરક્ષા વિભાગ અન્વયે આવેલ સંસ્થાઓમાં નોંધાયેલ બહુવિકલાંગ બાળકોમાંથી (૪૦૦) બાળકોના વાલીઓને ઉપર્યુક્ત સંશોધન માટે પસંદ કરવામાં આવેલ છે.

## ૨. નમૂના પસંદગી પદ્ધતિ

રાજકોટ શહેરમાં આવેલ અલગ-અલગ સંસ્થાઓમાં જીવન વ્યાપ કરતા કે શિક્ષણ અને તાલીમ લેતા બહુવિકલાંગ બાળકોના વાલીઓના વ્યાપ વિશ્વમાંથી ૪૦૦ વાલીઓને પસંદ કરવામાં આવેલ છે. આ પસંદગી નમૂના પસંદગીની પદ્ધતિ એટલે કે નિર્દેશ પદ્ધતિ દ્વારા પસંદ કરાયેલ છે.

## ૨.૧૪માહિતી એકત્રીકરણના ઉપકરણો

કોઈપણ પ્રકારના સંશોધન અભ્યાસ માટે વિગતો કે આંકડાઓ પ્રાપ્ત કરવાના હોય જેને આધારે ઉપકલ્પનાઓની ચકાસણી થઈ શકે તે માહિતી કે આંકડાઓ ચોકકસ રીતે અને વૈજ્ઞાનિક પદ્ધતિ અનુસાર પ્રાપ્ત કરાવાના હોય છે. માહિતી એકત્રીકરણના ઉપકરણો, પ્રસ્તુત માહિતીના આંકડાઓ સંશોધકને મેળવી આપે છે. માહિતી એકત્રીકરણના ઉપકરણો દ્વારા જે માહિતી પ્રાપ્ત કરવામાં આવે છે. તેનું વિશ્લેષણ કે અર્થઘટન કરવામાં આવે છે. માહિતી એકત્રીકરણના ઉપકરણો નીચે મુજબના છે.

### ૧. મુલાકાત અનુસૂચિ

બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાઓ અંગેના પ્રસ્તુત અભ્યાસક્રમ માટે જે વિગતો હકીકતો અને આંકડાઓ પ્રાપ્ત કરવાના છે તે પ્રાપ્ત કરવા માટેના પ્રાપ્ય ઉપકરણોમાં પ્રશ્નાવલી અને મુલાકાત અનુસૂચિનો સમાવેશ થાય છે. પ્રશ્નાવલી અને મુલાકાત અનુસૂચિમાં ઉતરદાતાઓ પણ સમાન હોય છે અને પ્રશ્નોનું સ્વરૂપ પણ સમાન હોય છે. તફાવત માત્ર પ્રશ્નાવલી અને મુલાકાત અનુસૂચિ ભરાવવાની પદ્ધતિઓનો છે. પ્રશ્નાવલી ઉતરદાતાને ટપાલ કે કુરીયર દ્વારા મોકલી શકાય છે અથવા વૈકલ્પિક વ્યવસ્થા કરીને ઉતરદાતાઓ પાસે ભરાવી શકાય છે. આ એવી પદ્ધતિ છે જેમાં સંશોધક અને ઉતરદાતા વચ્ચે સીધુ કોઈ સંકલન ન હોય જ્યારે મુલાકાત અનુસૂચિમાં મહદ અંશે સંશોધક અને ઉતરદાતા વચ્ચે સંકલન રહેલુ હોય છે. સંશોધક મુલાકાત અનુસૂચિની સંશોધનના હેતુઓ અને ઉપકલ્પનાઓને લક્ષમાં રાખીને મુલાકાત અનુસૂચીની રચના કરે છે કે જેમાં સંશોધન સમસ્યાને ઉજાગર કરવા માટેના પ્રશ્નો આવેલા હોય છે.

મુલાકાત અનુસૂચિ દ્વારા મુલાકાતી સંશોધક સંશોધન વિષય માટે આવશ્યક આંકડાકીય માહિતી, આનુસંગીક હકીકતો પ્રાપ્ત કરે છે. મુલાકાત અનુસૂચિ એ ઉતરદાતાઓ પાસેથી

એટલે કે પ્રસ્તુત સંશોધન વિષયમાં બહુવિકલાંગ બાળકોના વાલીઓ પાસેથી હકીકતો, વિગતો અને આંકડાઓ મેળવી શકે છે જેના વિશ્લેષણ અને અર્થઘટન પર સંશોધનનો આધાર રહેલ છે. મુલાકાત અનુસૂચિમાં મોટાભાગના પ્રશ્નો સમસ્યાઓને ઉજાગર કરવા માટેની હોય છે અને થોડા પ્રશ્નો ઉતરદાતાની અંગત અને કૌટુંબિક માહિતીને સ્પર્શતા હોય છે. મુલાકાત અનુસૂચિનું કદ કેટલું હોવું જોઈએ તે અંગેના કોઈ ચોકકસ ધારા-ધોરણના અભાવમાં જરૂરી માહિતી કે આંકડા પ્રાપ્ત થઈ શકે તેટલુ તો હોવું જોઈએ.

**૨. મુલાકાત**

સંશોધક ઉતરદાતા પાસે મુલાકાત અનુસૂચિ ભરાવા માટે જાય છે ત્યારે ઉતરદાતાની પૂર્વસંમતિ અને સમય મેળવીને મુલાકાત કરે છે.

સંશોધન પ્રક્રિયાનું એક મહત્વનું સોપાન એ ઉતરદાતા સાથેની સંશોધકની મુલાકાત છે. મુલાકાત અનુસૂચિ ભરવા માટે સંશોધકે નિદર્શન પદ્ધતિ દ્વારા પસંદ કરેલ ઉતરદાતાઓ પાસે, જવાનું છે અને તેમની પૂર્વસંમતી દ્વારા મેળવેલ સમય અને સ્થળે તેમની મુલાકાત લેવાની રહે છે. આ મુલાકાતનો હેતુ ઉતરદાતા સાથે રૂબરૂ વાતચીત દ્વારા મુલાકાત અનુસૂચિ ભરાવાનો છે. આવી રીતે રૂબરૂ મુલાકાત દ્વારા જે મુલાકાત અનુસૂચિ ભરાવવામાં આવે છે તે વધુ ચોકકસ અને પદ્ધતિસરની હોય છે. કારણ કે મુલાકાત દરમ્યાન ઉતરદાતાને પૂછેલ પ્રશ્નોના જવાબ સંશોધક મુલાકાત અનુસૂચીમાં નોંધે છે. આ પ્રક્રિયાનું જમા પાસુ એ છે કે પ્રશ્નોતરી દરમ્યાન ઉતરદાતાના જવાબો જો અધુરા હોય, અસ્પષ્ટ હોય તો તે સુધારીને મુલાકાત અનુસૂચિમાં નોંધી શકાય છે.

આ ઉપરાંત મુલાકાત દરમ્યાન વાતચીતની આંતરપ્રક્રિયા જે થાય છે તેને પરિણામે ઉતરદાતાની બોડી-લેંગ્વેજ પરથી પણ સંશોધક જવાબ તારવી શકે છે.

બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાઓ અંગેના પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે જે

મુલાકાત અનુસૂચિ તૈયાર કરેલ છે તે ઉતરદાતાઓની પૂર્વસંમતીથી મંજુરી મેળવીને વાતચીતના માધ્યમ દ્વારા મુલાકાત અનુસૂચિમાં માંગેલ વિગતો કે હકીકતો એકત્રીત કરવામાં આવેલ છે.

બહુવિકલાંગ બાળકોના માતા-પિતાના બાળવિશ્વમાંથી નિદર્શન પદ્ધતિ દ્વારા જે (૪૦૦) વાલીઓ નકકી કરવામાં આવેલા છે તે પ્રસ્તુત સંશોધનની ઉતરદાતાઓ છે. તેઓની પૂર્વસંમતિ મેળવીને સમય અને સ્થળનું આયોજન કરીને અને પ્રસ્તુત સંશોધનના વિષય અંગે અને તેમાં તેમની ભૂમિકા અંગે તેમને આગોતરા જાણ કરી ને મુલાકાત માંગેલ હતી. રાજકોટ જેવા વિશાળ શહેરમાં અલગ-અલગ સ્થળોએ પથરાયેલ અને અલગ-અલગ જ્ઞાતિ, ધર્મ અને વ્યવસાયિમાં રોકાયેલા વાલીઓનો સંપર્ક અને તેમની મુલાકાત એક સમસ્યા હતી. તેમ છતાં પ્રસ્તુત સંશોધન વિશેની માહિતી એકત્રીકરણની ગંભીર અને મહત્વને ધ્યાનમાં લેતા ઉતરદાતાઓની મુલાકાતો માંગવામાં આવેલ હતી અને ઉપરોક્ત મુલાકાતો દરમ્યાન તેમને મુલાકાત અનુસૂચિમાં નિર્દીષ્ટ પ્રશ્નો પૂછીને તેમના પ્રતિભાવો મેળવવામાં આવતા હતા તેમજ મુલાકાત અનુસૂચિમાં નોંધવામાં આવતા હતા.

ઉતરદાતાઓની મુલાકાત દરમ્યાન મુલાકાત અનુસૂચિ ભરાવતી વખતે પ્રશ્નો પ્રત્યેની તેમના પ્રતિભાવો જે ઘણાખરા તેમની બોડી લેંગ્વેજ દ્વારા પ્રતિબીંબીત થતા હતા તે પણ માહિતી એકત્રીકરણના મહત્વના સાધન તરીકે બહુસુચક છે. અંતમાં કહી શકાય કે મુલાકાતી દરમ્યાન મુલાકાત અનુસૂચિની પ્રશ્નોતરી દરમ્યાન તેમનું મૌન પણ ઘણુ કરી જતુ હતું જેમાં તેમની વેદના અને અસહાયતા પ્રતિબિંબિત થતા હતા.

### ૩. નિરીક્ષણ

મુલાકાત અનુસૂચિ ભરાવવાની પ્રક્રિયા માટે જ્યારે ઉતરદાતાઓની મુલાકાત લેવામાં આવે છે ત્યારે વાતચીતના માધ્યમ દ્વારા ઘણી હકીકતો માહિતીઓ અને આંકડાઓ મેળવી જે અનુસૂચિમાં ભરવાની હોય છે પરંતુ મુલાકાત અનુસૂચિ ભરવાની પ્રક્રિયા દરમ્યાન માત્ર

નિરીક્ષણ દ્વારા પણ ઘણુ  જાણી શકાય છે. ઘણીવાર ઉતરદાતાઓ અમુક પ્રશ્નોની સંવેદનશીલતાને જાણીને પ્રતિભાવો આપવાનું ટાળતા હોય છે. તેવા સંજોગોમાં સંશોધક નિરીક્ષણ દ્વારા ઘણુ જાણી શકે છે. આમ, નિરીક્ષણ એ મુલાકાત પદ્ધતિનો એક વિભિન્ન અંગ છે. અંગ્રેજીમાં એક કહેવત છે.

"Some times The silence is a great Answer"

મુલાકાત દરમ્યાન ઉતરદાતાઓની અંગ-ભંગીમાઓ દ્વારા ઉતરદાતાના પ્રતિભાવો જાણી શકાય છે. બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાઓ ઉપરના આ સંશોધન વિષયની પ્રક્રિયાના એક ભાગરૂપે જ્યારે ૪૦૦ ઉતરદાતાઓની મુલાકાત લેવામાં આવી ત્યારે ઉતરદાતાઓના પ્રતિભાવો મુલાકાત અનુસૂચિમાં પુછાયેલા પ્રશ્નોના જવાબ આપવાના સાનુકુળ હતા તેમ છતાં પ્રશ્નોના પ્રતિભાવો આપતી વખતે તેમની આંખો અને એમાં છુપાયેલી મૌન વેદના સુચક હતા. પોતાના બહુવિકલાંગ સંતાનોના ઉછેરથી તો તેઓ પીડિત હતા જ. સાથોસાથ બહુવિકલાંગ બાળકોના ભાવિ અંગે પણ તેઓ વિશેષ ચિંતીત હતા તે પ્રકારના પ્રતિભાવ તેમની અંગ ચેષ્ટાઓ એટલે કે નિરીક્ષણની પદ્ધતિ દ્વારા જાણવા મળેલ. આમ મુલાકાત અનુસૂચિ ભરાવવાની કામગીરી માટે ઉતરદાતાઓની જે મુલાકાતો માંગવામાં આવેલ હતી તે દરમ્યાન સંશોધકે નિરીક્ષણ દ્વારા પણ જે પ્રતિભાવો મળેલ છે તેનું ઉંડાણ સમજવા માટે પ્રયત્ન કરેલ છે.

## ૨.૧૫ વ્યાપવિશ્વ

સંશોધન ક્ષેત્રમાં વ્યાપવિશ્વનું અત્યંત મહત્વ છે. કારણ કે સમસ્યા સંશોધકના મુળ તેમાંથીજ  મેળવવાના છે. વ્યાપવિશ્વને વ્યાખ્યાયિત કરતા કહી શકાય કે વ્યાપવિશ્વ એટલે જે ક્ષેત્રની જે ઘટનાનો અભ્યાસ કરવાનો હોય તે ક્ષેત્રમાં સમાવિષ્ટ થતી બધીજ ઘટનાઓનો સમગ્ર જથ્થો. આ સમગ્ર જથ્થામાંથી સંશોધકે નમૂના પસંદગી દ્વારા સંશોધન કાર્ય માટે

ઉતરદાતાઓની પસંદગી કરવાની રહે છે.

બહુવિકલાંગ બાળકોનાં ઉછેરની સમસ્યાનો અભ્યાસ એ વિષયના સંશોધનમાં સંશોધકે રાજકોટ શહેરમાં વિકલાંગો અને બહુવિકલાંગોના કાર્યકરની સેવા સંસ્થાઓ તેમજ રાજ્ય સરકારશ્રીની વિકલાંગો અને બહુવિકલાંગો ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓમાંથી પ્રાપ્ય સમગ્ર બહુવિકલાંગો વ્યાપવિશ્વ બને છે. રાજકોટ બહુ ઝડપથી વિકાસ પામતું શહેર છે. તેને પરિણામે વધતી જતી વસ્તીની સાથોસાથ બહુવિકલાંગ બાળકનું પ્રમાણ પણ વધતું જાય એ સ્વાભાવિક છે.

## ૨.૧૬પુર્વેક્ષણ

મુલાકાત-અનુસૂચિની રચના બાદ તેની યથાર્થતા અને ચોકસાઈની ચકાસણી માટે કેટલાક ઉતરદાતાઓને પસંદગી તેમની સાથે વાતચીત દ્વારા મુલાકાત-અનુસૂચિ ભરવામાં આવે છે. તેને પૂર્વેક્ષણ કહેવામાં આવે છે. પૂર્વેક્ષણ દ્વારા થયેલ પરિણામો દ્વારા મુલાકાત-અનુસૂચિની યથાર્થતા તપાસી શકાય છે તથા તેમાં સંભવિત સુધારા-વધારાઓની શક્યતા તપાસી શકાય છે.

બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાઓના પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે રાજકોટ શહેરના નિદર્શન દ્વારા પસંદ કરાયેલ ૪૦૦ ઉતરદાતાઓમાંથી ૧૦ ઉતરદાતાઓને પસંદ કરી તેમની મુલાકાત લઈને મુલાકાત-અનુસૂચિ ભરાવી. તેમના જવાબો અને પરિણામો દ્વારા મુલાકાત અનુસૂચિમાં ભરી આવેલ ભાષાની ક્ષતિઓ દુર કરવામાં આવી અને કેટલાક પ્રશ્નોનું સ્વરૂપ બદલી મુલાકાત અનુસૂચિને આખરી ઓપ આપવામાં આવ્યો છે.

## ૨.૧૭માહિતીનું પૃથક્કરણ

મુલાકાત-અનુસૂચિ દ્વારા મળેલ આંકડાકીય વિગતો, માહિતીઓ, હકીકતોનું સુયોગ્ય પૃથ્થકરણ કરવામાં આવે છે. આ પૃથ્થકરણ એ ઉપરોક્ત માહિતીનું વિવિધ સ્વરૂપે કહેવામાં

આવેલ વર્ગીકરણ છે જેમાં પ્રાપ્ય માહિતી અને આંકડાઓને વિવિધ પરાવર્ત્યોના આધાર પર વર્ગીકૃત કરવામાં આવે છે. સામાજિક-વિજ્ઞાનોમાં સંશોધનની કામગીરી અને પ્રક્રિયામાં માહિતીનું પૃથ્થકરણ અગત્યનું અંગ છે. જે દ્વારા પ્રાપ્ય હકીકતોને વર્ગીકૃત કરીને અસરકારક રીતે સંશોધન દ્વારા રજૂ કરી શકાય.

બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાઓના પ્રસ્તુત સંશોધનમાં બહુવિકલાંક બાળકોના માતાપિતા/વાલીઓ દ્વારા મુલાકાત અનુસૂચિના આધારે પ્રાપ્ય માહિતીનું પૃથ્થકરણ કરવામાં આવ્યું. આ પૃથ્થકરણ દ્વારા બહુવિકલાંગ બાળકોની ઉછેરની કેવા કેવા પ્રકારની સમસ્યાઓનો માતાપિતાને સામનો કરવો પડે છે, તે જાણી શકાયું. સમાજમાં બહુવિકલાંગ બાળકોમાં સમાયોજની અનેકવિધ સમસ્યાઓ હોય છે તો તેમના ઉછેરની પણ અનેકવિધ સમસ્યાઓનો માતાપિતાને સામનો કરવાનો હોય છે. જે અનેક પડકારો ઉઠાવવા પડે છે તે માહિતી પૃથ્થકરણ દ્વારા જાણી શકાયું.

## ૨.૧૮તારણો, સૂચનો અને અનુભવો

બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાઓના પ્રસ્તુત સંશોધનમાં માહિતીનું પૃથ્થકરણ કરતા તારણો ઉપસી આવેલ છે. બહુવિકલાંગ બાળકોની શિક્ષણ, તાલીમ અને સામાજિક સમાયોજનની તેમજ તેમના વાલીઓની અનેકવિધ સમસ્યાઓના અનુસૂચિતને આધારે કરેલ અભ્યાસ બાદ જે તારણો સ્પષ્ટ રીતે તરી આવેલ છે એ પ્રસ્તુત સંશોધન નિબંધમાં યોગ્યસ્તરે રજુ કરેલ છે. આ તારણો માહિતીના પૃથ્થકરણને આધારે મેળવેલ હોવાથી બહુ તટસ્થ રીતે તરી આવેલ છે. આ તારણો તટસ્થ રીતે મુલવવામાં આવેલ છે. બહુવિકલાંગ બાળકોના સમાયોજનની સમસ્યાઓની ગંભીરતા કદાચ તારણોમાં પ્રતિબિંબીત ના થતી હોય તેમ છતાં તે ગંભીરતા ઓછી નથી હોતી. સંશોધકની સંશોધન અંગેની મર્યાદાઓને લક્ષમાં લેતા બહુવિકલાંગ બાળકોની સમસ્યાઓને જરૂરી ઉંડાણપૂર્વક મુલવી ન શકાણી હોય તેનાથી

સમસ્યાનું ઉંડાણ કે તેની ગંભીરતા ઓછા નથી થતાં.

સામાજિક વિજ્ઞાનોમાં જે સંશોધનો કરવામાં આવે છે તેમાં સંશોધનની મર્યાદાઓ રહેતી હોય છે. માહિતી મેળવવાના ઉપકરણ તરીકે મુલાકાત અનુસૂચીની અપૂર્ણતા કે પ્રશ્નોની અસ્પષ્ટતા  પ્રશ્નની ગંભીરતા તરફ નિર્દેશ કરતા નથી. પરિણામે ઉતરદાતાઓની સમસ્યાઓ કદાચ સંપૂર્ણપણે પ્રતિબીંબ ન થાય એ ભયસ્થાન રહેલું છે. ઘણીવાર સીક્કાની એક જ બાજુ હજુ થઈ શકતી હોય છે જે પુરી સમસ્યાનું પ્રતિબિંબ કરી શકતી નથી તેમ છતાં બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યા અંગેના પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે શક્ય તેટલા ઉંડાણથી સમસ્યાઓને સમજવા પ્રયાસ કરેલ છે અને તેને આધારે જે તારણો ઉપસેલ છે તે તટસ્થ રીતે રજુ કરેલ છે.

પ્રસ્તુત સંશોધન દરમ્યાન કેટલાક પરિબળો સંશોધકની નજરમાં ઉપસી આવ્યા. સંશોધીત પ્રક્રિયા એકવાર શરૂ થયા પછી અને મુલાકાત અનુસૂચીને આધારે મેળવેલ વિગતો અને આંકડાઓનું પૃથ્થકરણ થયા બાદ તેમાં ફેરફારો શક્ય નથીહોતા. પૂર્વેક્ષણનો તબક્કો પસાર કર્યા બાદ ફેરફારો અશક્ય હોય છે તેમ છતાં ઉપસી આવેલ પરિબળો સીધી યા આડકતરી રીતે સંશોધન સાથે સંકળાયેલા હોવાથી તેની ઉપેક્ષા થઈ ના શકે તેથી બહુવિકલાંગ બાળકોના ઉછેરની વાલીઓની સમસ્યાઓ જેવા વિષય પર કે આનુષંગીક વિષય પર ભાવિ સંશોધકો આ પરિમાણનો વિચાર કરી શકે એ માટે તારણો બાદ જરૂરી સૂચનો પણ જણાવામાં આવેલ છે. આ સૂચનો સંશોધકને સંશોધન પ્રક્રિયા દરમ્યાન થયેલ અનુભવોમાંથી મળેલ હોવાથી તેની તટસ્થતા કે પારદર્શીતા કદાચ શંકાશીલ જણાય તેમ છતાં તેમ છતાં તે સુચનો સંશોધકની દ્રષ્ટિએ જરૂરી જણાવાથી મુકવામાં આવેલા છે.

પ્રસ્તુત વિષયના સંશોધનની પ્રક્રિયા દરમ્યાન સંશોધકને કેટલાક અનુભવો થયેલ છે. જે ભાવિ સંશોધકને આ દીશામાં માર્ગદર્શન આપી શકે તે માટે જણાવામાં આવેલ છે.

મુલાકાત અનુસૂચિને લઈને ૪૦૦ જેટલા ઉતરદાતાઓ પાસે જવાનું હોઈ ત્યારે સમયની મર્યાદાને ધ્યાનમાં લઈને પૂર્વઆયોજન જરૂરી બને છે. ઘણીવાર પુર્વ આયોજન હોવા છતાં યોગ્ય સંકલનના અભાવે જરૂરી પરિણામો મળતા નથી જેમાંથી ખાટામીઠા અનેક પ્રકારના અનુભવોમાંથી સંશોધકે પસાર થવું પડે છે. જે યોગ્ય જગ્યાએ પ્રસ્તુત સંશોધનમાં જણાવામાં આવેલ છે.

## ૨.૧૯સંશોધન અહેવાલ લેખન

સંશોધનનું આ અંતિમ અને અત્યંત મહત્વનું સોપાન છે. કારણ કે સંશોધનને સમગ્ર અહેવાલ કોષ્ટકીકરણ, વિશ્લેષણ, અર્થઘટન અને તેમાંથી ફલીત થતા તારણો અને સુચનો અહેવાલ લેખન પર આધારિત છે. પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સંશોધીત વિષયનીસમગ્ર માહિતી પ્રાપ્ત કર્યા બાદ તેને વ્યવસ્થિત સ્વરૂપે ગોઠવી છે ને ત્યારબાદ સંશોધનનું અહેવાલ લેખન હાથ પર ધરવામાં આવેલ છે. બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાઓ પરનાં સંશોધનનાં અહેવાલ લેખનમાં ખૂબ જ ચોક્કસાઈ રાખવામાં આવેલ છે અને ખૂબજ વ્યવસ્થિત રીતે અહેવાલ લેખન કરવામાં આવેલ છે.

સામાજિક શાસ્ત્રોમાં કે અન્ય વિજ્ઞાનમાં જે સંશોધનો કરવામમાં આવે છે તેમજ તેનું અહેવાલ લેખન અત્યંત અગત્યનો દસ્તાવેજ બને છે. સંશોધનના અહેવાલ લેખનમાં જે કેટલીક બાબતોની કાળજી લેવાની હોય છે તે નિચે મુજબની હોય છે.

સંશોધન અહેવાલ લેખનમાં અલબત પારીભાષીક શબ્દોનો ઉપયોગ કરવાનો હોય છે. પરંતુ બહુજ કાળજીપૂર્વક તે કરવો જોઈએ. સંશોધન ભારતની ભાષા સાદી હોવી જોઈએ. સંશોધન લેખનમાં જોડણીકોષનો ઉપયોગ એટલા માટે કરવો જોઈએ કે જેથી લેખનની ક્ષતિઓ દુર કરી શકાય અને બિનજરૂરી શબ્દો અને વાક્યોથી દુર રહી શકાય.

સંશોધન અહેવાલ લેખનમાં કાળનું સાતત્ય જળવાઈ રહેવું જોઈએ કે જેથી સંશોધનની

વિગતો અને તારણો સાચા પરિમાણમાં પ્રતિબીંબીત થાય આ ઉપરાંત સંશોધન અહેવાલનું એક અગત્યનું પાસુ એ પણ છે કે જ્યાં જ્યાં જરૂર હોય ત્યાં જરૂરી ફૂટનોટ અને સંદર્ભો મુકવા જોઈએ જેથી પ્રાપ્ય વિગતોના સંદર્ભો મેળવી શકાય. આ ઉપરાંત પ્રકરણો પેટા પ્રકરણો, મુદ્દાઓ, પેટા મુદ્દાઓ સ્પષ્ટપણે દર્શાવવા જોઈએ.

બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યા પરનાં પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે અહેવાલ લેખનની આ બધી મર્યાદાઓ ધ્યાનમાં રાખેલ છે તેમજ આવી ક્ષતિઓને સમજીને અહેવાલ લેખનની વસ્તુ લક્ષીતા સમજી અહેવાલ લેખન કરવામાં આવેલ છે. બહુવિકલાંગ બાળકોના ઉછેરની અતિ ગંભીર સમસ્યાઓનું થોડું ઘણુ પણ પ્રતિબિંબ પ્રસ્તુત સંશોધનમાં થયેલ છે. જે પ્રસ્તુત સંશોધનની સફળતાનું લક્ષ્યાંક ગણી શકાય.

## ૨.૨૦ ઉપસંહાર

બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાઓ પરના વિષય પર સંશોધન કરવું તે દરિયામાં મોતી શોધવા સમાજ મુશ્કેલ અને ગહન છે. મોતી શોધનાર મરજીવાઓ દરિયાના ઉંડાણ સુધી જાય છે. અને સમુદ્રના પ્રવાહોના અનેક તબકકાઓમાંથી પસાર થાય છે. સમુદ્રી પ્રાણીઓના પડકારો જીલે છે અને મોતી શોધે છે. પ્રસ્તુત વિષયના સંશોધનમાં સંશોધન વિષયની પસંદગીથી માંડી તારણો સુધી પહોચવા સુધીની સંશોધનયાત્રા એ દરિયામાં મોતી શોધવા સમાન છે. આ યાત્રા હવે પછીના પ્રકરણોમાં ક્રમશ: આગળ વધશે. પ્રસ્તુત પ્રકરણમાં આપણે સંશોધન પદ્ધતિનો સંપૂર્ણ ચિતાર મેળવ્યા બાદ સંશોધકે હવે સંશોધનના દરિયામાં ડુબકી મારવાની છે જેમાં સંશોધન સાહીત્યની સમીક્ષાનો પણ સમાવેશ થાય છે. સંશોધન સાહિત્યની સમીક્ષા પ્રસ્તુત સંશોધનને એક નવુ પરિમાણ આપશે અને દિશા ચીંધશે.

# પ્રકરણ-૩

# સંબંધિત સાહિત્યની સમીક્ષા

૩.૧ પ્રસ્તાવના

૩.૨ ગ્રંથોની સમીક્ષા

૩.૩ લઘુપુસ્તિકાની સમીક્ષા

૩.૪ સરકારી તથા અર્ધસરકારી અહેવાલો અને આનુસંગીક કાયદાઓની સમીક્ષા

૩.૫ બિન સરકારી સંસ્થાના અહેવાલોની સમીક્ષા

૩.૬ અનુસ્નાતક સંશોધન નિબંધોની સમીક્ષા

૩.૭ સંબંધિત સાહિત્યની સમીક્ષા અને પ્રસ્તુત સંશોધન એક નવા પરિમાણનો પરિચય

# પ્રકરણ-૩
# સંબંધિત સાહિત્યની સમીક્ષા

## ૩.૧ પ્રસ્તાવના

સામાજિક વિજ્ઞાનમાં સંશોધનકાર્યનું જેટલું મહત્ત્વ રહેલું છે તેટલું જ મહત્ત્વ સંશોધન સાહિત્યમાં સંબંધિત સાહિત્યનું અવલોકન અને સમીક્ષા રહેલા છે. દરેક સંશોધન પોતાના સંશોધનકાર્યને અંતે ભાવિ સંશોધક માટે અલ્પવિરામ મૂકીને જાય છે કે જેના અનુસંધાનમાં ભાવિ સંશોધક સંશોધન કરી શકે સંશોધનકાર્યની ઈમારતનો પાયો સંબંધિત સાહિત્ય છે. સંશોધકે પોતાના સંશોધન કાર્યક્ષેત્રમાં યથાર્થ તપાસ માટે માહિતી એકત્ર કરતાં પૂર્વે મનોમંથનમાંથી પસાર થવું પડે છે. તેના સંશોધન વિષય પર અગાઉ જે કઈ સંશોધન થયું હોય, પુસ્તકો પ્રકાશિત થયા હોય, તપાસ સમિતિના અહેવાલો હોય કે અન્ય કોઈપણ પ્રકારે સંશોધન વિશે સંબંધિત જે કંઈ સાહિત્ય પ્રકાશ થયું હોય તે સંશોધકે પોતાની વિચારણામાં લેવું પડે છે. અને પોતાના સંશોધન વિષયને કેન્દ્રમાં રાખીને પ્રાપ્ત સંબંધિત સાહિત્યની સમીક્ષા કરવી પડે છે.

## ૩.૨ ગ્રંથોની સમીક્ષા

1. Disabled in India

S. Barik

અધ્યયન પબ્લીસર્સ એન્ડ ડીસ્ટ્રીબ્યુટર્સ,

ન્યુ દિલ્હી, ૨૦૦૯.

રાષ્ટ્રના આર્થિક વિકાસ અને સામાજિક પરિવર્તનની પ્રક્રિયાના ભાગરૂપે દેશના વિવિધ નબળા વર્ગોના ઉત્કર્ષ માટે અનેકવિધ કાર્યો હાથ ધરાઈ રહ્યા છે કે જે દ્વારા તેમને રાષ્ટ્રના વિકાસની મુખ્ય ધારામાં લાવવા અથાગ પ્રયત્નો થઈ રહ્યા છે. સમાજના એક અવિભિન્ન

ભાગ એવા વિકલાંગ વર્ગના ઉત્કર્ષ અને કલ્યાણ માટે પૂર્વ આયોજન અત્યંત આરવશ્યક છે. ભારત સરકારે વિકલાંગો અને બહુવિકલાંગો માટે અનેક પ્રકારની યોજનાઓ કરી છે જેને કાર્યાન્વિત કરવા માટે કાયદાઓ પણ ઘડવામાં આવેલા છે. બહુવિકલાંગો અને વિકલાંગોને રાષ્ટ્રના સમાજજીવનની મુખ્યધારામાં ભેળવવા માટે સરકારી પ્રયત્નો ઉપરાંત અનેક સામાજિક સંસ્થાઓ, યોજનાઓ અને કાર્યક્રમો કરી રહી છે અને અનેક પ્રકારના અભ્યાસો આ દિશામાં હાથ ધરાઈ રહ્યા છે. વિકલાંગો અને બહુવિકલાંગો વિશે સંશોધન અભ્યાસો ઉપરાંત સારા એવા પ્રમાણમાં સાહિત્ય પ્રગટ થઈ રહ્યુ છે. જેના એક ભાગ રૂપે ડો. એસ.બેરીકે ઉપરોક્ત પુસ્તક લખેલ છે.

ડો. બેરીકે પોતાના લખાણને ૧૦ પ્રકરણોમાં વહેચેલ છે. જેમાં ચર્ચાનો જોક વિકલાંગ, બહુવિકલાંગતા, તેમના અધિકારો, તેમની અપેક્ષાઓ અને આશાઓ તેમજ તે અંગેના સંબંધીત કાયદાઓ પર આપેલ છે. ડો.બેરીકે પ્રથમ પ્રકરણમાં વિકલાંગતાની વ્યાખ્યા કરી છે તેમજ તે અંગેના વિદેશોમાં કાર્યક્રમો, રોજગારી વિગેરે પરિબળો પણ ધ્યાનમાં લીધા છે. ડો. બેરીક બીજા પ્રકરણમાં વિકલાંગતાની દુનિયામાં ડોકીયુ કરાવે છે અને આગળ આપેલ વિકલાંગતાની વ્યાખ્યાની વિશેષ છણાવટ કરેલ છે. આ પ્રકરણના અંતમાં વિકસીત અને વિકાસમાન દેશોમાં પ્રવર્તમાન વિકલાંગતા વિશેની ચર્ચા કરે છે. ત્રીજુ પ્રકરણ મહત્વનું એટલા માટે છે કે તેમાં વિકલાંગતાઓ અંગેના કાયદાઓનો પરિચય આપવામાં આવ્યો છે જેમાં બંધારણની જોગવાઈઓનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. આ ઉપરાંત વિકલાંગતા અંગેના ચોકકસ કાયદાઓની ચર્ચા કરવામાં આવી છે તે ઉપરાંત અન્ય કાયદાઓમાં કરવામાં આવેલ વિકલાંગતા અંગેની જોગવાઈઓનો સમાવેશ પણ થાય છે. વિદેશોમાં વિકલાંગતાઓ અંગેના પ્રવર્તમાન કાયદાઓની પણ ચર્ચા ડો.બેરીકે કરી છે તેમજ વિકલાંગો અંગે કેવા પ્રકારના કાયદાઓ હોવા જોઈએ તેની ચર્ચા કરી છે. ચોથા અને પાંચમા પ્રકરણમાં માનસિક

ક્ષતિવાળી વ્યક્તિઓ તેમજ વિકલાંગો માટેની સંસ્થાઓની અનુક્રમે ચર્ચા કરવામાં આવી છે. પ્રકરણ પાંચમા આ ઉપરાંત આ ક્ષેત્રમાં કામ કરતી અન્ય સંસ્થાઓ જેવી કે India Redcross Society, Lions International અને Rotary International ની ચર્ચા કરવામાં આવી છે. પ્રકરણ છમાં વિકલાંગતા અંગેના જટિલ પાસાની છણાવટ કરવામાં આવી છે.

પ્રકરણ ૭માં માનવીય વિકલાંગતાની વિભાવના અને સારસંભાળનું પાસુ ચર્ચવામાં આવ્યું છે તો ભારતમાં વિકલાંગતા અંગેના અનુભવોની ચર્ચા પ્રકરણ ૮માં કરવામાં આવી છે. આ પ્રકરણમાં જ વિકલાંગતા અંગેના જરૂરી ડેટા વર્ગીકરણ કરીને આપવામાં આવેલા છે તો પ્રકરણ ૯-૧૦માં બહુવિકલાંગતા અંગેના કાયદાની ચર્ચા કરવામાં આવેલ છે. પ્રકરણના અંતમાં બિડાણના રૂપમાં બહુવિકલાંગતા અંગેના આંકડાઓ આપવામાં આવેલા છે જે ભારતમાં પ્રવર્તમાન બહુવિકલાંગતા અને એના અનેકવિધ પરિમાણોનો ખ્યાલ આવે છે.

**૨. Improvement of Disabled and others**

**Dr. R.K. Panchal**

**મહાવીર એન્ડ સન્સ, નવી દિલ્હી, ૨૦૦૮**

ડો. પંચાલે ઉપરોક્ત ગ્રંથમાં ભારતીય સમાજજીવનના અનેક એવા પાસાઓની ચર્ચા સમાજજીવનના અનેક એવા પાસાઓની ચર્ચા કરી છે. જેઓ એક યા બીજી રીતે સામાન્ય જીવન પ્રવાહથી વિચલીત હોય, માનવસર્જીત કે કુદરત પ્રેરિત અન્યાયનો ભોગ બન્યા હોય અથવા રાષ્ટ્રજીવનમાં બહુજ કિંમતી યોગદાન આપ્યા બાદ નિવૃત થયા હોય છતા રાષ્ટ્ર કે સમાજ પાસેથી એમની અપેક્ષાઓ સંતોષાણી ન હોય તેવા વંચીત વર્ગની વિષદ છણાવટ કરે છે.

ડો. પંચાલ પ્રસ્તુત ગ્રંથમાં ભારતીય સમાજ જીવનની યુવા પેઢી, નિવૃત લશ્કરી અધિકારી, વૃદ્ધો, જીવનસાથીઓ, બાળમજુરો જેવા વિષયોની તાત્વિક ચર્ચા કરી છે.

સાથો-સાથ સ્ત્રીઓ પરની હિંસા, વસ્તી-વિસ્ફોટ, ગુન્હેગારો, વિકલાંગો અને રમતવિરોની ચર્ચા કરી છે. આધુનિક યુગના એઈડ્સ જેવા ભયંકર રોગનો ઉલ્લેખ પણ ન કરવામાં આવે એ અશકય છે. એથી ડો.પંચાલે આ ગ્રંથમાં એઈડ્ઝ વિશે પણ ચર્ચા કરી છે. અંતમાં ડો. પંચાલ પંચવર્ષીય યોજનાઓના સમયગાળા દરમ્યાન ઉપરોક્ત પ્રશ્ન અંગેના ઉકેલો અને પગલાઓની ચર્ચા કરી છે.

ડો.પંચાલ પ્રસ્તુત ગ્રંથમાં વિકલાંગો વિશેની ચર્ચા કરે છે. વિકલાંગો વિશે વાત કરતા જે મહત્વના મુદા પ્રત્યે ધ્યાન દોરે છે તે એ છે કે વિકલાંગો એ કોઈપણ સમાજનું તંદુરસ્ત માણસોની માફક જ મહત્વનું અંગ છે અને સમાજની એ નૈતિક ફરજ છે કે તેમના ઉત્કર્ષ અને પુન: સ્થાપન કરવું જોઈએ. આમ વિકલાંગોના પુન: સ્થાપન અને ઉત્કર્ષની જવાબદારી એ સામાજિક જવાબદારી છે એ કહેવાની સાથે તેઓ એક મહત્વની વાત જણાવે છે કે આ વિકલાંગોને જીવન વહાલુ લાગતુ હોય છે અને બીજા માનવીઓની માફક જ સામાન્ય જીવન જીવવા માંગતા હોય છે.

ડો. પંચાલના જણાવ્યા મુજબ ભારત સરકારના કલ્યાણ મંત્રાલયે નેશનલ સેમ્પલ સર્વે કરાવેલો જેના અહેવાલ મુજબ ભારતની કુલ વસ્તીના ૧.૮% જેટલા લોકો એક યા બીજા પ્રકારની વિકલાંગતાથી પીડાતા હોય છે. ડો. પંચાલ પ્રસ્તુત ગ્રંથમાં આગળ ચર્ચા કરતા જણાવે છે કે વિકલાંગતા અંગેના ક્યા અસરકારક પગલાઓ હોય શકે જે એમની ઉપચાર પદ્ધતિ અને પુન:સ્થાપનમાં ઉપયોગી નિવડે. આ કામગીરીમાં બિનસરકારી સંસ્થાઓની ભૂમિકા વિશે પણ ડો. પંચાલે ચર્ચા કરી છે. આ ઉપરાંત વિકલાંગો માટેની રાષ્ટ્રીયકક્ષાએ આવેલી સંસ્થાઓની કામગીરીની પણ તેમણે ચર્ચા કરી છે.

**3. Children with developmental Disablities (A traning guide for Parents, Teachers care givers)**

**-S. Venkatesan**

**Maysore (Karnatak)**

**(SAGE Pablication, New Delhi, 2008)**

મૈસુરમાં આવેલી ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ સ્વીચ એન્ડ હીઅરીંગના ચિકિત્સા મનોવિજ્ઞાન વિભાગના પ્રાધ્યાપક એસ. વેંકટેશને ઉપરોક્ત શિર્ષક અંગેનો માહિતીસભર ગ્રંથ લખેલ છે. જે ખરેખર તો વિકાસ અંગેની અક્ષમતા ધરાવતા છ વર્ષ ઉમર સુધીના બાળકોના માતા-પિતા, શિક્ષકો અને સંભાળ લેનારાઓ માટે એ પ્રકારની માર્ગદર્શિકા છે. જેમાં માત્ર વિકાસ અંગેની વિવિધ પ્રકારની અક્ષમતાઓનું જ વિવેચન કરવામાં આવેલ નથી. પરંતુ આ પ્રકારના બાળકોનું સામાન્ય જન પ્રવાહમાં ભેળવવાની પ્રક્રિયા માટે જે કંઈ પ્રયત્નો કે પ્રયાસો કરવા પડે ત્યાંનો સંપૂર્ણ ચિતાર આપવામાં આવેલો છે એટલે એમ કહી શકાય કે આ ગ્રંથ માત્ર માહિતી નથી આપતો પરંતુ આ પ્રકારના બાળકોની ક્યા પ્રકારની તાલીમો, શિક્ષણ, વર્તન અને અભિગમો આપી શકાય તેની મુદાસર અને ચિત્રાત્મક છણાવટ કરેલ છે.

પ્રસ્તુત ગ્રંથ ત્રણ વિભાગોમાં વહેચવામાં આવેલો છે.

૧. પ્રથમ વિભાગમાં નબળાઈ, અકસ્માત અને વિકલાંગતાના વિશાળ ન્યાયમાં આવેલા બાળકો, તેમના પ્રતિભાવો અને લક્ષણોની ચર્ચા કરવામાં આવેલી છે. લેખક આ વિભાગમાં આ પ્રકારના બાળકોને તાલીમ આપવાના સમય દરમ્યાન તેમના નકારાત્મક અને વર્તન અંગેના પ્રશ્નોની પણ ચર્ચા કરે છે.

૨. બીજા વિભાગમાં શાળા જીવન પહેલાના આ પ્રકારના બાળકો માટે અનેક પ્રકારની રચનાત્મક પ્રવૃતિઓની યાદી આપવામાં આવેલી છે કે જે દ્વારા આ પ્રકારના

બાળકોને તેમની છ વર્ષ સુધીની ઉંમર સુધીમાં તેમની ઉંમરને લક્ષમાં લઈને રચનાત્મક પ્રવૃતિઓમાં જોડી શકાય કે જે દ્વારા તેમનું શિક્ષણ થાય. લેખકે આ વિભાગમાં આ પ્રકારની યાદી માટે ACPC- DD (Activity Check list for pre-school children Developmental Disablities) શબ્દ આપવામાં આવેલ છે. આ પ્રકારની અક્ષમતાઓથી પીડાતા બાળકો માટે જે પ્રવૃતિઓની વિશાળ યાદી આપવામાં આવેલી છે તે બધી કસોટીમાંથી પાર ઉતરેલ છે.

૩. ત્રીજો વિભાગ બે વિભાગોમાં વહેચાયેલો છે પહેલા વિભાગમાં તમારી 'જાતે કરો' (Do it your self) એ પ્રકારની પ્રવૃતિઓ ચર્ચવામાં આવેલી છે કે જે આ બાળકોને તાલીમ આપનારાઓને, શિક્ષકોને, સંભાળ લેનારાઓને અને માતા-પિતાને સહાય કરવા માટેની માર્ગદર્શીકા સમાન છે. છેલ્લા પ્રકરણમાં ડો. વેંકટેશેને ભારતમાં વિકાસ અંગેની અક્ષમતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો અને વિશેષ અધિકારો સાથે સંકળાયેલા પ્રશ્નોની ચર્ચા કરી છે.

**૪. Children with cerebral palsy (A Manual for Therapist, Parents Commutity workers)**

**(second edition)**

**-Archie Hinchliffe.**

**(Sage Publication, New Delhi) 2008**

વિકલાંગતાથી પીડાતા બાળકોમાં સેરોબ્રલ યાલ્સીથી પીડાતા બાળકોનો પણ સમાવેશ થાય છે. સેરેબ્રલ યાલ્સી એટલે સામાન્ય પરિભાષામાં મગજને થતી ઈજાને પરિણામે થતો લકવો, આપણે જાણીએ છીએ કે શરીરનું સમગ્ર રચનાતંત્ર મગજ આધારીત હોય છે. જેને ચેતાતંત્ર કહેવામાં આવે છે. શરીરની સમગ્ર પ્રવૃતિઓનું નિર્માણ સંચાલન આ ચેતાતંત્ર દ્વારા

થાય છે. તેવી તેની તંદુરસ્તી અને સ્વાસ્થ્ય પર શરીરની તંદુરસ્તી અને સ્વાસ્થ્ય પર બહુ મોટો આધાર રહેલો છે.

પ્રસ્તુત પુસ્તક આ રોગથી પીડાતા બાળકો, તેમનો જીવન વ્યવહાર, તેમની ખાસીયતો, તેમના ગમા-અણગમા અને તેની અભિવ્યક્તિ તેમની સારવારની પદ્ધતિ તેમજ તેમના કુટુંબો, તેમની સારવાર કરનારાઓના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવેલી છે.

પ્રસ્તુત પુસ્તકમાં સેરેબ્રલ પાલ્સીની વ્યાખ્યા આપવામાં આવેલી છે, તે રોગ વિશેની જાણકારી આપવામાં આવી છે, કઈ રીતે બાળકોને તે લાગુ પડે છે તેમજ આ રોગના કયા લક્ષણો છે અને રોગનું નિદાન કઈ રીતે થઈ શકે છે તેની ચર્ચા કરવામાં આવી છે. વિશેષમાં દર વર્ષે જન્મતા બાળકોમાંથી કેટલા બાળકોને આ રોગ લાગુ પડે છે, તેમજ તેની પાછળના કેવા કારણો હોય શકે તેની ચર્ચા કરવામાં આવી છે, સાથો-સાથ ઉપચારપદ્ધતિ અને દવાઓ કઈ રીતે ઉપયોગી થઈ શકે છે તેની પણ જાણકારી આપવામાં આવી છે. સેરેબ્રલ પાલ્સીથી પીડાતા બાળકોનું કઈ રીતે નિરીક્ષણ કરવું અને કઈ રીતે સંભાળવા તેની વિસ્તૃત અને ચિત્રાત્મક છણાવટ કરવામાં આવી છે. તે ઉપરાંત નિરીક્ષણનું પૃથ્થકરણ પણ ચર્ચવામાં આવ્યું છે. સેરેબ્રલ પાલ્સીને કારણે બાળકોમાં આવતી વિકૃતતાઓ કે અવિકાસ પણ જણાવવામાં આવેલો છે. આ પુસ્તકનું મહત્વનું પાસુ સેરેબ્રલ પાલ્સીથી પીડાતા બાળકોની સારવારના સિદ્ધાંતો આપવામાં આવેલા છે. તેમજ બાળક, કુટુંબ અને સારવાર કરનાર વ્યક્તિ એક ટીમ તરીકે કઈ રીતે કામ કરી શકે તેનું વિશ્લેષણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત આવા બાળકોની સારવાર માટે ઘેર રાખવાના અને સારવાર કેન્દ્રના ઉપયોગી સાધનોની પણ માહિતી આપવામાં આવી છે. આ બધી માહિતી સંયુક્ત પણે ચિત્રાત્મક સ્વરૂપની હોવાથી આવો અઘરો વિષય પણ વાચકને ગળે ઉતરી જાય છે. આ ઉપરાંત ઈન્દ્રીયોના સંકલનના પ્રશ્નો પણ ઉદભવે છે તો તેની પણ ચર્ચા કરવામાં આવેલી છે.

સેરેબ્રલ પાલ્સીથી પીડાતા બાળકોને જમવાની અને પીવાની જે મુશ્કેલીઓ પડતી હોય છે તેમનું વ્યવસ્થાપન પણ ચર્ચવામાં આવેલ છે. સાથો-સાથ પેપર બેઈઝ ટેક્નોલોજીમાંથી કઈ રીતે સાધનો બનાવવા તેની પણ સંપૂર્ણપણે ચિત્રાત્મક માહિતી આપવામાં આવેલી છે અંતમાં સારવારના એક ભાગરૂપે આ રોગથી પીડાતા બાળકોને કઈ રીતે રમત-ગમતની પ્રવૃતિઓમાં રોકવા તેની પણ ચર્ચા કરવામાં આવેલી છે.

**૫. દ્રષ્ટિક્ષતિ માર્ગદર્શીકા**

**-ભુષણ પુનાણી**

**-નંદીની રાવળ**

**(અંધજન મંડળ, અમદાવાદ, ૧૯૯૩)**

અમદાવાદની પ્રસિદ્ધ બીનસરકારી સમાજકાર્યની સંસ્થા અંધશાળા, દ્દષ્ટીહીન, બધીર, અસ્થીવિષયક ક્ષતિગ્રસ્ત, મંદબુદ્ધિ, માનસિક બિમારી અને બહુવિકલાંગતા ધરાવતા હોય તેવા સૌ લોકોને તેમજ વિકલાંગ વૃદ્ધજનોને અવિરત સેવા પુરી પાડે છે. આ સંસ્થાઓની કામગીરીનો ફલક અને મુલ્ય આધારીત સેવા પ્રવૃતિઓને કારણે ભારતભરમાં પ્રસીદ્ધ છે. એટલું જ નહી. દ્દષ્ટક્ષતિની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે આ સંસ્થા અગ્રગણ્ય સ્થાન ધરાવે છે.

આ સંસ્થાની વિવિધ પ્રવૃતિઓ વિશે એક વિશાળ દ્દષ્ટિબિંદુ ધરાવતા સંશોધન સમકક્ષ ગ્રંથની રચના કરવામાં આવેલી છે.

પ્રસ્તુત પુસ્તક દ્દષ્ટીક્ષતિની વિસ્તૃત વ્યાખ્યા આપવાની સાથે સંકળાયેલા પદો વિશે સમજૂતી પણ આપે છે. તેમજ વિશ્વ આરોગ્ય સંસ્થાના પ્રમાણો અનુસાર વિકલાંગતાના ક્રમ પણ જાણાવે છે. દ્દષ્ટિક્ષતિના કારણો, તેનુ નિવારણ અને ઉપાયની ચર્ચા કરતા, આંખની રચના અને કામગીરી, વક્રીભવનની કામક્ષતિઓ, દ્દષ્ટીક્ષતિના કારણોનું વર્ગીકરણ, તેનું નિવારણ

અને ઉપાયો પણ ચર્ચે છે. વિશેષમાં દ્દષ્ટીક્ષતિ પામેલાઓની આંકડાકીય માહિતી પણ આપવામાં આવેલ છે જેમાં ભારતમાં દ્દષ્ટીક્ષતિ પામેલાઓની કુલ કેટલી વસ્તી છે તે પણ જણાવવામાં આવે છે.

દ્દષ્ટીક્ષતિ ધરાવનાર વ્યક્તિઓના દૈનિક જીવનની પ્રવૃતિઓ અને તેનુ ગૃહઅર્થકારણ ચર્ચવાની સાથે તેમને અને તાલીમની વ્યુહરચના, તેના ઘટકો તેમજ તેના પુર્નવસન માટે કાર્યકર્તાગણને આપવામાં આવતા વિશેષ સુચનોનો સમાવેશ થાય છે. દ્દષ્ટીક્ષતિ ધરાવતા માણસોને શિક્ષણ આપવાનો પ્રશ્ન અત્યંત ગંભીર અને પેચીદો છે. કારણ કે તેઓ સાંભળી શકે છે પણ દ્દષ્ટીન હોવાથી વાંચી કે લખી શકતા નથી તેથી તેમને માટે ખાસ લીપી શોધાણી છે જેની શોધ ફ્રાન્સના અંધ સંશોધક લુઈ બ્રેઈલે બ્રેઈલ લિપીની શોધ કરી જેને દ્દષ્ટીક્ષતિ વાળા માણસોના શૈક્ષણિક વિકાસ માટે એક ચમત્કાર અને આશીર્વાદરૂપ માનવામાં આવે છે. જેના પરિણામે દ્દષ્ટીક્ષતિ ધરાવતી અનેક વ્યક્તિઓ શિક્ષણ અને તાલીમ પ્રાપ્ત કરીને વ્યવસાયોના અલગ-અલગ ક્ષેત્રે બહુજ ઉચ્ચ હોદા સુધી પહોચેલ છે.

વિશેષમાં દ્દષ્ટિક્ષતિ પામેલ વ્યક્તિના શિક્ષણ અંગેની સંપૂર્ણ માહિતી આપવામાં આવેલ છે જેમાં દ્દષ્ટીક્ષતિ ધરાવતી વ્યક્તિઓને શિક્ષણ આપતી સંસ્થાઓના ભાવિ વિશેષ જન્મક્ષરી આપવામાં આવેલી છે. બ્રેઈલલીપી એ દ્દષ્ટીક્ષતિ ધરાવતી વ્યક્તિઓના શિક્ષણમાં અને તેની વિકાસની પ્રક્રિયામાં યુટર્ન આપેલ છે. આવી વ્યક્તિઓને શિક્ષણ અને તાલીમ બાદ રોજગારીની શક્યતાઓ અંગેની ચર્ચા કરવામાં આવેલ છે તેમજ તેઓના સમુદાય આધારિત પુર્નવસન વિશે પણ વિગતવાર છણાવટ કરવામાં આવેલી છે. વિશેષ જરૂરિયાત મંદ દ્દષ્ટીક્ષતિ ગ્રસ્ત વ્યક્તિઓ વિશે પણ છણાવટ કરવામાં આવેલી છે જેમાં અલ્પ દ્રષ્ટિ વ્યક્તિઓ, બધીર અને અંધ વ્યક્તિઓ તેમજ દ્દષ્ટીક્ષતિગ્રસ્ત બહુવિકલાંગ બાળકો વિશેષણ ચર્ચા કરવામાં આવેલી છે. અંતમાં કહી શકા કે દ્દષ્ટીક્ષતિગ્રસ્ત વ્યક્તિઓ વિશે જે કોઈ જાણકારી ઈચ્છે છે

તેને માટે આ ગ્રંથ એક એનસાઈક્લોપીડીયા સમાન છે.

**૬. વિકલાંગ ઉત્થાન**

**- જે.એમ.મલકાણ**

**- સી.ડી.પરિખ**

**(નવસર્જન પબ્લીકેશન, અમદાવાદ- ૨૦૦૧)**

વિકલાંગતા અને બહુવિકલાંગતાના ક્ષેત્રે દાયકાઓથી જોડાયેલ તજજ્ઞો, બહુવિકલાંગતાના ઉત્કર્ષ અંગે એક માહિતીસભર પુસ્તક રજુ કરે છે. ઉપરોક્ત ગ્રંથમાં લેખકો વિકલાંગતાને બહુવિકલાંગતાને સામાજિક સંદર્ભમાં મુલવતા જણાવે છે કે અપંગ એ હિત કે નાના માનવાની જરૂર નથી જે વ્યક્તિઓને કુદરતે શારીરિક અક્ષમતાઓ, ખોડ-ખાપણ, અંધાપો, બહેરાશ અને મંદબુદ્ધિતા આપી હોય અને આ પ્રકારની શારીરિક અપંગતાઓ જન્મથી અથવા કોઈ કારણસર પાછળથી વિકલાંગ થયા હોય તો તેઓ માનવવિકાસના લાભોથી વંચિત રહ્યા છે. આથી સમગ્ર માનવસમાજ તેમના તરફ કુણી લાગણી ધરાવે છે અને એની સહાયતા અને નૈસર્ગીક માનવ અધિકારી માટે તેના માનવી તરીકેના મુળભુત અધિકારો આપવા તરફ પોતાનું ધ્યાન કેન્દ્રીત કરતો રહ્યો છે.

૨૦૦૧ની ભારતની વસ્તીગણતરી મુજબ વિકલાંગતાની વ્યાખ્યા આપવામાં આવેલી છે તેમજ પ્રવર્તમાન સમયના વિશ્વના મહાન ભૌતિકશાસ્ત્રી ડો. સ્ટીફન હોકીંગનું દ્દષ્ટાંત આપવામાં આવેલું છે. સંપૂર્ણપણે વિકલાંગ એવી આ મહાન વ્યક્તિના તમામ અંગો નિષ્ક્રીય છે, માત્ર હાથની આંગળીઓમાંજ હલન છે કે જે દ્વારા તેઓ કોમ્પ્યુટર ચલાવી દુનિયા સાથે સંપર્કમાં રહે છે.

ઉપરોક્ત ગ્રંથમાં આઠ વિભાગો આપવામાં આવેલા છે જેમાં પહેલા વિભાગમાં શારીરિક અપંગતા ધરાવતી વ્યક્તિઓ માટે ભારત સરકાર અને રાજ્ય સરકારની કલ્યાણની

યોજનાઓ, શિક્ષણ અને તાલીમની યોજનાઓ, વ્યાવસાયીક રાહત વિશે જાણકારી આપવામાં આવેલ છે. આ ઉપરાંત આવી વ્યક્તિઓને જો સરકારી કર્મચારી હોય તો વ્હેલચેરની સહાય, ક્વાટરની પસંદગી મકાન અંગે પેશગી, શિક્ષણ ભથ્થુ વગેરે મળે છે, તેની જાણકારી આપવામાં આવેલી છે. અપંગ વ્યક્તિઓને મળતા પ્રસસ્તી એવોર્ડ અને રોકડ પુરસ્કાર વિશેની માહિતી આપવામાં આવેલી છે અને વિશ્વ અપંગદિનની પણ ચર્ચા કરવામાં આવેલી છે. આ ઉપરાંત અપંગ વ્યક્તિઓને મળતી અલ્પ આર્થિક સહાય માટેની યોજનાઓ અને અન્ય સવલતોની પણ જાણકારી આપવામાં આવેલી છે.

વિભાગ-૨માં અંધ અને નેત્રહિન માટેની ભારત સરકારની અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ શિક્ષણ અને તાલીમ માટે યોજનાઓ, મુસાફરીમાં મળતા લાભોમાં નોકરીમાં અનામત અને અપંગ એવા સરકારી કર્મચારીઓને મળતી વિશેષ પ્રકારની પેસગીઓની માહિતી આપવામાં આવેલી છે.

વિભાગ ત્રીજામાં બહેરા-મુંગા વ્યક્તિઓ માટેની ભારત અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓ, શિક્ષણ અને તાલીમની યોજનાઓ અને મુસાફરીમાં મળતા લાભોની જાણકારી આપવામાં આવેલી છે. વિભાગ-૪માં મંદબુદ્ધિની વ્યક્તિઓ માટેની પણ ભારત સરકાર અને રાજ્ય સરકારની વિવિધ પ્રકારની કલ્યાણકારી યોજનાઓ આપવામાં આવેલી છે. જેમાં મુસાફરીમાં મળતા લાભો, શિક્ષણ અને તાલીમની જોગવાઈ તેમજ જો આવી વ્યક્તિઓ સરકારી કર્મચારી હોઈ તો તેમને મળતુ શિક્ષણ ભથ્થુ વિગેરેની ચર્ચા કરવામાં આવેલી છે. આ ઉપરાંત વિભાગ ૬માં વિકલાંગ (સમાન તકો અધિકારોનું રક્ષણ અને પુર્ણ ભાગીદારી ધારો ૧૯૯૫) આપવામાં આવેલ છે. વિભાગ ૯માં પરિશીષ્ટ આપવામાં આવેલુ છે જેમાં વિવિધ પ્રકારની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટેની યોજનાઓનો લાભ લેવા માટેની અરજી અને પ્રમાણપત્રની જાણકારી આપવામાં આવેલી છે.

## ૩.૩ લઘુપુસ્તિકાની સમીક્ષા

**'વિકલાંગની વિકાસ ગાથા'**

**ડૉ. રમેશ ભટ્ટ**

**ડૉ. મંજુલા ભટ્ટ**

**પ્રકાશક: કુસુમ પ્રકાશન, અમદાવાદ-૨૦૦૬**

ઉપરોક્ત લઘુપુસ્તિકામાં સર્વશિક્ષા અભિયાન અંતર્ગત વિકલાંગ બાળકો માટેના સંકલીત શિક્ષણને કેન્દ્રસ્થ રાખીને શાળામાં આવતા બધા બાળકોમાં જેમ એની સાથે બેસીને ભણે જો મુકબધીર કે અંધ ન હોય તો. આમ મુકબધીરતા કે અંધત્વ સિવાયની કોઈપણ પ્રકારની વિકલાંગતા ધરાવતા બાળક માટે સર્વ શિક્ષા અભિયાનમાં ભાગ લેવા અંગેની આ લઘુપુસ્તિકા છે. પ્રસ્તુત લઘુપુસ્તિકાની અંદર કથાત્મક સ્વરૂપમાં બહુવિકલાંગતાથી પીડાતા બાળકોની જીજ્ઞાશા, તેમનુ શિક્ષણ, તેમની વ્યાવસાયિક તાલીમ અને તેનો આત્મવિશ્વાસ વધારવા માટેના દ્રષ્ટાંતો આવેલા છે. ૧૩ પ્રકરણોમાં વિકલાંગ બાળકોનો જીવન પ્રત્યેનો અભિગમ બદલાય અને વિકલાંગતા હોવા છતાં તેની વાસ્તવિકતા સ્વીકારીને જીવન પ્રત્યે હકારાત્મક અભિગમ અપનાવે અને આધુનિક યુગમાં પ્રાપ્ય એવી એમને માટેની શિક્ષણ અને તાલીમની પદ્ધતિ દ્વારા શિક્ષણ અને તાલીમ મેળવે આ બધા સંકલીત પ્રયત્નોને પરિણામે જીવન પ્રત્યેનો તેનો અભિગમ આશાસ્પદ અને હકારાત્મક બનતો જશે જેને પરિણામે તે સામાન્ય માનવ પ્રવાહમાં ભળી શકશે.

ઉપરોક્ત લઘુપુસ્તિકામાં એવા અસંખ્ય દ્દષ્ટાંતો આપવામાં આવેલા છે કે જેમાં કોઈને કોઈ પ્રકારની વિકલાંગતા ધરાવતુ બાળક કઈ રીતે વિકલાંગતાના સ્વીકાર સાથે જીવનનો પણ સ્વીકાર કરે છે અને એક અંગ વિકલાંગ આપ્યુ છે તેને ભુલીને શરીરના બિજા અંગોની શક્તિને તે ખીલવે છે, માનવ સમાજમાં એક રૂઢ માન્યતા છે કે આવી વ્યક્તિઓને ભગવાને

છઠ્ઠી ઈન્દ્રીયોનું જ્ઞાન આપેલુ હોય છે જેથી ઘણીવાર બીજી સામાન્ય વ્યક્તિ કરતા આવી વ્યક્તિ બૌધ્ધિક અને આત્મિક રીતે વધારે સક્ષમ હોય છે. સીવાય કે માનસિક ક્ષતિવાળા બાળકો. પ્રસ્તુત લઘુ પુસ્તિકા દ્વારા લેખક દંપતીએ ખરેખર વિકલાંગ બાળકો ઉપર ઉપકાર કરેલ છે અને વિકલાંગ સમાજની બહુ મોટી સેવા કરી છે.

## ૩.૪ સરકારી તથા અર્ધસરકારી અહેવાલો અને આનુસંગિક કાયદાઓની સમીક્ષા

### ૧. 'વિકલાંગો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓ'

**'માહિતી નિયામકશ્રી', સરકારી મુદ્રણાલય અને પ્રકાશક, રાજકોટ**

**વર્ષ: ફેબ્રુઆરી ૨૦૦૯ પાંચમી આવૃતિ સુધારેલી**

ગુજરાત સરકારશ્રીના વિકલાંગો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગેના અહેવાલમાં જણાવ્યા મુજબ આ અહેવાલમાં દ્રષ્ટિહીન, શ્રવણમંદ, ચારિત્ર્યવિષયક, માનસિક ક્ષતિ, નિરાધાર વૃદ્ધ ભાઈઓ અને બહેનો તથા વિધવા-બહેનો માટેની ગુજરાત અને ભારત સરકારની કલ્યાણકારી યોજનાઓ આપવામાં આવેલી છે. આ અહેવાલમાં શરૂઆતમાં વિકલાંગતાનો દાખલો અને વિકલાંગોને ઓળખપત્ર અંગેની ચર્ચા કરવામાં આવેલી છે જે વિકલાંગ વ્યક્તિઓ માટે અત્યંત મહત્વની અને જરૂરી છે.

ત્યારબાદ અપંગ વ્યક્તિઓને, મંદબુદ્ધિવાળી વ્યક્તિઓને, બહેરી, મુંગી વ્યક્તિઓને અને અંધ વ્યક્તિઓને ગુજરાતની હદમાં એસ.ટી.બસમાં મુસાફરીના લાભો તેમજ અમદાવાદની શહેરી બસ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસમાં મુસાફરીમાં મળતા લાભો જણાવેલા છે. આ ઉપરાંત અપંગ વ્યક્તિઓને, બહેરી મુંગી વ્યક્તિઓને, અંધવ્યક્તિઓને અને સિનીયર સિટીઝન્સને રેલ્વે દ્વારા મુસાફરીમાં મળતા લાભો ચર્ચવામાં આવ્યા છે.

આ ઉપરાંત અંધ વ્યક્તિઓને અને સિનિયર સિટીઝન્સને વિમાની (એરલાઈન્સ) સેવાના મુસાફરીના લાભો જણાવેલા છે, આજ રીતે સ્ટીમર સેવામાં પણ મુસાફરીના લાભો

આપવામાં આવેલા છે. વિશેષમાં રાજ્ય સરકાર તરફથી તેમજ ભારત સરકારના કલ્યાણ મંત્રાલય દ્વારા મળતી અપંગ સાધન સહાય યોજનાની માહિતી આપવામાં આવેલી છે. તે ઉપરાંત વિકલાંગ બાળકોની સંકલીત શિક્ષણ યોજના, શૈક્ષણિક સંસ્થાઓમાં ત્રણ ટકા બેઠકોનું અનામત, પ્રત્યેક વિકલાંગ બાળકને અઢાર વર્ષનું થાય ત્યાં સુધી નિ:શુલ્ક શિક્ષણ અભ્યાસ કરતી વિકલાંગ વ્યક્તિ અને મુકબધીર વ્યક્તિઓ, શિષ્યવૃતિની યોજના સમજાવવામાં આવેલ છે. સેકન્ડરી બોર્ડની પરિક્ષાઓમાં અંધ અને હાથ કપાયેલ અપંગ વિદ્યાર્થીને લહિયાની મદદ અને ત્રીસ મીનીટના વધુ સમયની ફાળવણી, વિકલાંગ વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ સહાય યોજના તેમજ વિકલાંગ તથા અંધવ્યક્તિઓને ઘેર બેઠા અભ્યાસ (ડીસ્ટન્સ એજ્યુકેશન) કરવાની તક પુરી પાડતી યુનિવર્સિટીઓની માહિતીઓ આપવામાં આવેલી છે. આ ઉપરાંત વિકલાંગો અને અંધો માટે અલગ-અલગ પ્રકારની માસિક સહાયની યોજનાઓ પણ ચર્ચવામાં આવેલી છે. સૌથી મહત્વની બાબત એ છે કે અલગ-અલગ શિક્ષણ સંસ્થાઓમાં વિકલાંગો માટે અનામતની જોગવાઈ કરવામાં આવેલી છે.

ગુજરાત રાજ્યમાં આવેલી રોજગારલક્ષી તાલીમ આપતી સંસ્થાઓની સંપૂર્ણ માહિતી આ અહેવાલમાં આપવામાં આવેલી છે. તેમજ રાજ્યમાં ચાલતા તાલીમ કેન્દ્રો અને એપ્રેન્ટીસના કાયદા મુજબ વિકલાંગ વ્યક્તિઓ માટે ત્રણ ટકા અનામતની પણ જોગવાઈ કરવામાં આવેલી છે. વિકલાંગ વ્યક્તિઓ માટે સરકારી નોકરીઓમાં અનામત, ઉંમર મર્યાદામાં છુટછાટ, સ્પર્ધાત્મક પરિક્ષા ફીમાંથી મુક્તિ, પ્રાથમિક શાળામાં અંધજન શિક્ષણ તરીકે પસંદગી અને અપંગ વ્યક્તિઓ માટે ટેલીફોન બુથની યોજનાઓ જણાવવામાં આવેલ છે.

નેત્રહીન વ્યક્તિને ટેલીફોન ભાડામાં રાહત તેમજ વિકલાંગ વ્યક્તિઓને વિવિધ હેતુઓ માટે સરકારી પડતર જમીનની યોજના પણ સમજાવવામાં આવેલી છે. વિકલાંગ વ્યક્તિઓને તેમની શ્રેષ્ઠતા માટે રાજ્યસરકાર તરફથી ભારત સરકાર તરફથી અલગ એવોર્ડોની જાણકારી

આપવામાં આવેલી છે. આવકવેરામાં રાહત આપવામાં આવેલી છે.

શારીરિક ખોડખાપણવાળા અપંગ સરકારી કર્મચારીઓને વાહનપેસગી, વાહન કરમાંથી મુક્તિ, વાહન વિમા પ્રીમીયમમાં રાહત, મકાન માટે અનામતની જોગવાઈ, વેચાણવેરામાં રાહત, ઘરવપરાશ માટે ગેસ જોડાણ આમ વિકલાંગ વ્યક્તિઓને તેમના વ્યવસાય તેમજ તેમના જીવન અંગે અનેક પ્રકારની રાહતો અને સહાયોની યોજનાઓ આપવામાં આવેલી છે. વિશેષમાં રાજ્યની હોસ્પીટલોમાં અગ્રતાક્રમે સારવાર, અપંગોના લગ્ન અંગે મદદરૂપ સંસ્થાઓ, વિકલાંગોના શિક્ષણ અને પુન:સ્થાપન માટે મહર્ષી અષ્ટાવક્રયોજના, યુનીટ ટ્રસ્ટ ઓફ ઈન્ડીયા અને એલઆઈસીની અપંગો માટેની યોજનાઓ પણ આપવામાં આવેલી છે.

આ ઉપરાંત ગુજરાતમાં આવી બ્રેઈલ લાઈબેરીયો, સરકારી અને સ્વૈચ્છિક માનસિક સ્વાસ્થ કેન્દ્રો, અંધ અપંગ અને મંદબુદ્ધિના બાળકો માટે મલ્ટી કેટેગરી વર્કશોપ, અપંગ વ્યક્તિઓને પર્વતારોહણના કાર્યક્રમની ફીમાં રાહત અને અંધજનો માટે રાજ્યકક્ષાની સ્પર્ધાઓ પણ ચર્ચવામાં આવેલી છે. વિકલાંગોને માટે માર્ગદર્શન આપતા મેગેઝીનો પણ પ્રસિધ્ધ થાય છે તેની જાણ કરવામાં આવી છે તો પોલીયો ફાઉન્ડેશન અને અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પણ કામગીરી અને તેની લાંબી યાદી આપવામાં આવેલી છે. બહુવિકલાંગો માટે પુર્નવસનની યોજના, અપંગો માટે વિજબીલમાં રાહત અને આ ક્ષેત્રે રાષ્ટ્રીયસ્તરે કામ કરતી ટોચની સંસ્થાઓની યાદી આપવામાં આવેલી છે. ગુજરાત રાજ્યમાં રાજ્યસ્તરે અપંગોના કલ્યાણનું કામ કરતી કચેરીઓ અને અન્ય અગત્યની યોજનાઓની માહિતી આપવામાં આવેલી છે. સાથોસાથ અપંગો માટેના ઓળખચિત્રો, વિકલાંગોને ઉપયોગી નિશાનીઓ, કૃત્રિમ અવયવો અને અપંગોને ઉપયોગી સાધનોની માહિતી પણ આપવામાં આવેલી છે. અંધવ્યક્તિઓ માટે આશિર્વાદ સમાન નિવડેલ બ્રેઈલલીપી તેમજ તેના મુળાક્ષરો સમજાવવામાં આવેલા છે તેમજ બહેરી-મુંગી વ્યક્તિઓ માટે હાથના ઈશારાની ભાષા પણ સમજવામાં આવેલી છે. વિશેષમાં

અંધજનો માટે શૈક્ષણિક અને અન્ય વિશિષ્ટ સાધનો વિશેની માહિતી આપવામાં આવી છે તેમજ બહુવિકલાંગતા અંગે તેમજ તેના કારણો અંગે માહિતી આપવામાં આવેલી છે. આ ઉપરાંત આ અહેવાલમાં વિકલાંગધારો ૧૯૯૫ તથા તેના અનુસંધાને થયેલા નિયમો, ઠરાવો, પરિપત્રો અને નોટીફીકેશનથી સમજાવામાં આવેલી છે.

**૨. વિકલાંગો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓ**

**પ્રકાશક: માહિતી કમીશ્નર ગુજરાત રાજ્ય ૫મી આવૃતિ, ૨૦૦૯**

ગુજરાત રાજ્ય માહિતી કમીશ્નર દ્વારા પ્રકાશીત થયેલ ઉપરોક્ત અહેવાલની પાંચમી આવૃતિ બતાવી આપે છે કે ગુજરાતના માનવ સમાજમાં અને આ ક્ષેત્રે કામ કરતી સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓમાં આ અહેવાલની કેટલી બધી જરૂર છે. વસ્તુત: આ એક માત્ર સરકારી અહેવાલ ન રહેતા વિકલાંગો માટેની સંપૂર્ણ માહિતીસભર માર્ગદર્શિકા બની જાય છે. માનવીનો જન્મ એ કુટુંબમાં બનતી અદભુત ઘટના છે. પરંતુ જન્મજાત ખોડખાપણ કે કુદરતી અથવા માનવસર્જીત વિકલાંગતાએ સમાજમાં બનતી આકસ્મિક ઘટના છે. આ અહેવાલ જાણાવે છે કે આવી પ્રત્યેક ઘટનામાં કુદરત જો એક હાથે લઈ લે છે તો બીજા હાથે તેના જીવનમાં છુપી શક્તિ અને તાકાતનો સંચાર કરે છે. તેથી વિકલાંગ વ્યક્તિને દયાની નહી પણ પ્રેમ અને હુંફની જરૂર છે. સહકાર અને સહવાસની જરૂર છે કે જેથી વિકલાંગ વ્યક્તિઓ પણ આમ આદમીની માફક સમાજમાં સરળ અને સહજ રીતે જીવંત વ્યતિત કરી શકે.

પ્રસ્તુત પુસ્તિકામાં રાજ્ય સરકાર અને ભારત સરકારની વિકલાંગો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓ, અગત્યના ઠરાવો, રેલ્વે અને બસોમાં મફત મુસાફરી અને ઓળખપત્રો, વિમાની (એરલાઈન્સ) સેવા અને સ્ટીમર મારફત મુસાફરી, વિવિધ સાધન સહાય અને શૈક્ષણિક યોજનાઓ, રાષ્ટ્રીય અને રાજ્ય પારિતોષીક યોજના, બ્રેઈલ લાઈબ્રેરી,

નિરાધાર વૃદ્ધો, અપંગો વિધવાઓને આર્થિક સહાય, સરકારી નોકરીઓમાં અનામત, વાહન-મકાન, નોકરી, વેચાણવેરો આવકવેરો વિગેરેમાં રાહત અને સહાય તેમજ તેમના સર્વાંગી વિકાસને સ્પર્શતી યોજનાઓનો સમાવેશ કરવો.

પ્રસ્તુત પુસ્તિકા સંપાદકીય કોલમમાં જણાવે છે કે લુઈ અને નાઈટિંગલ વિકલાંગ હોવા છતા આટલુ મહાન કાર્ય કરી શક્યા તો જે શારીરિક રીતે સ્વસ્થ છે તે બીજા માટે શુ ન કરી શકે? લુઈ બ્રેઈલ પોતે અંધ હોતો છતા તેણે વિકલાંગોના ઈતિહાસમાં અમર બની ગયેલ બ્રેઈલલીપીની શોધ કરી છે. જેને કારણે દ્રષ્ટિહીન વિકલાંગો માટે શિક્ષણના દ્વાર ખુલ્યા છે. તેવીજ રીતે ફ્લોરેન્સ નાઈટિંગલ વિકલાંગ હોવા છતાં સેવા અને સુરક્ષાના મહાન કાર્યો કરીને વિશ્વ ઈતિહાસમાં અમર થઈ ગયા છે તો સુરદાસ અને મિલ્ટન અંધ હોવા છતાં સાહીત્યના ક્ષેત્રે અમર બની ગયા છે.

**૩. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીની યોજનાકિય માહિતી.**

**પ્રકાશક: જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, રાજકોટ**

રાજકોટ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી કચેરી દ્વારા ગુજરાત રાજ્યની સમાજ સુરક્ષા વિભાગની વિકલાંગો, બહુવિકલાંગતાને નિરાધાર વિધવાઓ, નિરાધાર વૃદ્ધો અને મહીલાઓ માટે જે અનેક પ્રકારની યોજનાઓ કાર્યાન્વિત છે તે અંગે સંપૂર્ણ માહિતી વર્ગીકરણ દ્વારા આપવામાં આવેલી છે.

ઉપરોક્ત માહિતી પત્રિકામાં જે આર્થિક સહાય યોજનાઓ દર્શાવવામાં આવેલી છે. તેમાં નિરાધાર વૃદ્ધ મહીલાઓના પુન:સ્થાપન માટેની તેમજ આ વિધવા મહીલાઓની તાલીમ દ્વારા પુન:સ્થાપન માટેની યોજના દર્શાવામાં આવેલ છે. વિશેષમાં આ અહેવાલમાં વિકલાંગ, અંધ, બહેરા-મુંગા, મંદબુદ્ધિવાળી વ્યક્તિ માટે વિકલાંગ ઓળખકાર્ડ આપવાની યોજના, વિકલાંગ વ્યક્તિઓને એસ.ટી.બસમાં મફત મુસાફરી કરવાની યોજના, વિકલાંગ

વ્યક્તિઓને સાધન સહાય આપવાની યોજના, વિકલાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવાની યોજના, તિવ્ર વિકલાંગતા ધરાવતી વ્યક્તિને આર્થિક સહાય આપવા અંગેની યોજના કે જે સંતસુરદાસ યોજના તરીકે જાણીતી છે, રાષ્ટ્રીય વિકલાંગ આર્થિક સહાય અને વિકાસ નિગમ દ્વારા આપવામાં આવતી સહાય, નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના, રાષ્ટ્રીય કૌટુંબિક આર્થિક સહાય યોજના, નારી સંરક્ષણ ગૃહ અને કેન્દ્રની યોજના, શિશુગૃહો તેમજ જુવેનાઈલ જસ્ટીસ એક્ટ ૨૦૦૦ અન્વયે બાળગૃહો, વિશિષ્ટ ગૃહો અને અનાથ આશ્રમોની યોજના આપવામાં આવેલ છે. આમ ગુજરાતના માનવ સમાજમાં જે-જે વ્યક્તિઓ એક યા બીજા પ્રકારની વિકલાંગતા ધરાવતી હોય નિરાધાર કે વૃદ્ધ હોય તો તેમને માટેની અનેક યોજનાઓ કાર્યાન્વીત છે.

**૪. વિકલાંગ વ્યક્તિ (સમાનતક, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ સહભાગીતા) અધીનિયમ ૧૯૯૫**

**(૧૯૯૬નો પહેલો)**

**પ્રકાશક: સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગર**

ભારત સરકારના ઉપરોક્ત બાબત પરત્વેના અધીનિયમની ગુજરાતી નકલ ગુજરાત સરકારે સમાજ સુરક્ષાની કચેરી દ્વારા ગુજરાતના વિકલાંગો, વિકલાંગોના વાલીઓ, વિકલાંગ ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ, સમાજ કાર્યકરો, કાયદાના અભ્યાસુઓ તેમજ વિકલાંગો સાથે એક યા બીજી રીતે સંકળાયેલ વ્યક્તિઓ માટે આ પ્રકાશન અત્યંત મહત્વનું છે.

આ કાયદામાં વિવિધ પ્રકારની વિકલાંગતા અંગેની વ્યાખ્યાઓ આપવામાં આવેલી છે, આ કાયદા અન્વયે વિકલાંગતા નિવારણના ક્ષેત્રે કામ કરતી સંસ્થા તેના અધિકારીઓ, સંકલન સમિતિઓ, તેમના કાર્યો આપવામાં આવેલા છે જે રાષ્ટ્રીય કક્ષાએ કામ કરે છે.

તેવીજ રીતે રાજ્યકક્ષાએ કામ કરતી સરકારી સંકલન સમિતિ તેના નિયમો, કાર્યોની

ચર્ચા કરવામાં આવેલી છે. આ ઉપરાંત આ કાયદામાં વિકલાંગ બાળકોના શિક્ષણ, રોજગાર વિગેરેની પણ જોગવાઈઓ કરવામાં આવેલી છે.

વિકલાંગ વ્યક્તિઓ માટે જાહેર સ્થળોએ કોઈપણ પ્રકારનો ભેદભાવ ન રાખવો તે અંગેની જોગવાઈઓ પણ કરવામાં આવેલ છે તેમજ વિકલાંગ વ્યક્તિઓ માટે કામ કરતી સંસ્થાઓને માન્યતા આપવાની જોગવાઈ અને ગંભીર વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટેની જોગવાઈ પણ કરવામાં આવેલી છે. આ ઉપરાંત વિકલાંગતાના ક્ષેત્રે કામ કરતી વ્યક્તિઓ કે સંસ્થાઓ અશુદ્ધ બુદ્ધિથી કામ કરતી હોય તો તે અંગેની દંડાત્મક જોગવાઈઓ પણ આપવામાં આવેલી છે.

**૫. સ્વલીનતા, મગજનો લકવો, મંદબુદ્ધિતા અને બહુવિકલાંગતા ગ્રસ્ત વ્યક્તિઓના કલ્યાણ માટેનો રાષ્ટ્રીય ધારો ૧૯૯૯**

**પ્રકાશક: ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, નવી દિલ્હી.**

આ કાયદા અન્વયે, કેન્દ્ર સરકાર સ્વલીનતા, મગજનો લકવો, મંદબુદ્ધિતા અને બહુવિકલાંગતાઓની વ્યાખ્યાઓ આપ્યા બાદ તેમના કલ્યાણ માટેનું ટ્રસ્ટ આપવા અંગેની જોગવાઈઓ કહે છે જે કાયદાકીય હેતુઓ માટે નોંધાયેલી સંસ્થા જેવા સ્વરૂપનું હશે. આ ટ્રસ્ટ સ્થાનિક વિસ્તારની સમિતિઓ તેમજ નોંધાયેલા સંગઠનો અને વાલીઓ માટે નીચેના ઉદેશો પાર પાડશે.

વિકલાંગ વ્યક્તિઓ જે સમુદાયમાંથી આવતી હોય તેમાં અથવા તેના જેવા જ તેની તદન નજીકના સમુદાયમાં સ્વતંત્ર રીતે અને સંપૂર્ણ રીતે રહી શકે તે માટે તેમને શક્તિમાન બનાવવા અને તેઓમાં અધિકાર સિંચન કરવું. આ ઉપરાંત વિકલાંગ વ્યક્તિઓ પોતાના કુટુંબમાં રહી શકે તે માટે તેને ટેકો પુરો પાડવાની સુવિધાઓ સક્ષમ બનાવવી અને વિકલાંગ

વ્યક્તિઓના કુટુંબમાં તેની તીવ્ર મુશ્કેલીઓના સમય દરમ્યાન જરૂરિયાતના આધારે સેવાઓ પુરી પાડવા નોંધાયેલા સંગઠનો સુધી સેવાઓનું વિસ્તરણ કરવું. વિશેષમાં કુટુંબનો ટેકો ન હોય તેવી વિકલાંગ વ્યક્તિઓની સમસ્યા હલ કરવી અને વિકલાંગ વ્યક્તિઓના માતા-પિતા અથવા વાલીનું મૃત્યુ થતા તેની સાર-સંભાળ અને રક્ષણના પગલાઓને પ્રોત્સાહન આપવું. આવા રક્ષણની જરૂર હોય તેવી વિકલાંગ વ્યક્તિઓ માટે વાલીઓ અને ટ્રસ્ટીઓની નિમણુંક કરવાની કાર્યવિધિ વિકસાવવી અને વિકલાંગ વ્યક્તિઓનો સમાન તકો, અધિકારોનું રક્ષણ અને સંયુક્ત સહભાગીદારી સિદ્ધ થાય તે માટે સુવિધાઓ પુરી પાડવી અંતમાં ઉપરોક્ત ઉદેશો પાર પાડવા માટે જે કંઈ આનુસંગીક પગલાની જરૂર હોય તે કરવું.

આ કાયદા અન્વયે ઉપરોક્ત હેતુઓ સિદ્ધ કરવા માટે જે ટ્રસ્ટ સ્થાપવામાં આવ્યુ હોય તેની પોતાની પ્રવૃતિઓ કરવા માટે કેન્દ્ર સરકાર પાસેથી શરૂઆતમાં ૧૦૦ કરોડનું સ્થાપી ભંડોળ મળશે તે ઉપરાંત આ ટ્રસ્ટ અનુદાન, દાન, સખાવતો, વારસાઓ અને હેરફેરથી નાણાકીય સાધનો મેળવી શકશે.

આ ટ્રસ્ટની વ્યવસ્થા કરનાર બોર્ડ તેની નિયત કરેલી ફરજો બજાવે છે. જેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

એવા કાર્યક્રમો કે જે બહુવિકલાંગ વ્યક્તિને તેના સમુદાયમાં કે સ્વતંત્ર રીતે જીવન જીવવાની પ્રોત્સાહન આપે તેવા હોય તેમજ સમુદાયમાં અનુકુળ વાતાવરણ સર્જે તેવા વિશેષમાં બહુવિકલાંગ વ્યક્તિઓના કુટુંબની સભ્યોને સલાહ અને તાલીમ આપે તેમજ બહુવિકલાંગ વ્યક્તિના સંદર્ભમાં વિવિધ સમાજની સેવાઓને પ્રોત્સાહન આપે. આ ઉપરાંત બહુવિકલાંગ વિદ્યાર્થી માટે છાત્રાલયો, શિશુગ્રહો, વિશિષ્ટ પ્રકારની શાળાઓ અને રહેઠાણ માટેના નિવાસસ્થાન બતાવવા તેમજ બહુવિકલાંગ વ્યક્તિઓની સ્વાવલંબી જુથોના સશક્તિકરણની દીશામાં પ્રયાસો કરવા આ ઉપરાંત સ્થાનિક કક્ષાએ સમિતિની વાલીપણાની

અરજીઓને મંજુર કરવાની કામગીરી અને ટ્રસ્ટના ઉદ્દેશોને પ્રોત્સાહન આપે તેવા કાર્યક્રમો હાથ ધરવા ભારતની સંસદે આ કાયદો મંજુર કરીને રાષ્ટ્રીય ટ્રસ્ટની રચના કરી છે કે જે દ્વારા સ્વલીનતા મગજનો લકવો, મંદબુદ્ધિતા અને બહુવિકલાંગ વ્યક્તિઓના કલ્યાણના ક્ષેત્રે એક મહત્વનું સિમાચિન્હ ઉભુ કરીને સામાજિક સુરક્ષાના ક્ષેત્રે હરણફાળ ભરી છે.

## ૩.૫ બિન સરકારી સંસ્થાના અહેવાલોની સમીક્ષા

### ૧. એશિયા અને પેસીફીકના વિકલાંગ લોકો માટે સમાવેશક, અવરોધમુક્ત અને અધિકાર આધારીત સમાજ માટેનું બિવાકો મિલેનીયમ ફ્રેમ વર્ક પ્રકાશક: એશિયા પેસીફીક વિકલાંગ કમિશન (૨૦૦૨)

એશિયા પેસીફીક કમિશનના ૨૦૦૨ના ૫૮માં અધિવેશનમાં એશિયા અને પેસીફીક મહાસાગરના વિસ્તારમાં આવેલા દેશોમાં વિકલાંગ લોકો માટેના અનેક ઠરાવો પસાર કરવામાં આવ્યા જેમાં વિકલાંગ લોકો માટે સમાવેશક, અવરોધમુક્ત અને અધિકાર આધારીત સમાજ માટે જે યોજના ઘડવામાં આવી તેને બિવાઠો મિલેનીયમ ફ્રેમ કહેવામાં આવે છે. આ અધિવેશનમાં ઉપરોક્ત પ્રદેશોમાં રહેતા વિકલાંગો માટે શિક્ષણ, આરોગ્ય માહિતી, સંદેશાવ્યવહાર, તાલીમ અને રોજગારીની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત વિકલાંગતા માટેની રાષ્ટ્રીય સંકલન સમિતિ બનાવવી, વિકલાંગતાને અસર કરતા કાર્યક્રમો વિકસાવવા અને તેનું મોનીટરીંગ કરવુ અને વિકલાંગોના ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ સાથે ભાગીદારી કરવી. આ ઉપરાંત આ સંસ્થાએ એશિયા અને પેસીફીક દાયકો (૧૯૯૩ થી ૨૦૦૨)ની યોજનાના અમલીકરણમાં પ્રાથમિક અગ્રતાવાળા ક્ષેત્રો નક્કી કરવા અને વિકસાવવા તેમજ આવા અગ્રતાવાળા ક્ષેત્રોના લક્ષ્ય અને કાર્યો નક્કી કરી કાર્યાન્વિત કરવા, વિકલાંગ મહીલાઓ માટેના કાર્યક્રમો અંગે તેના નિતિનિયમો ઘડવા તેમજ તેના લક્ષ્ય અને કાર્યો પણ નક્કી કરવા. આ ઉપરાંત ૨૦૧૫ના વર્ષ સુધીમાં કુમાર અને કન્યાઓ સહીત તમામ બાળકોને

પ્રાથમિક શિક્ષણના લક્ષ્યાંકો પૂર્ણ કરવા અંગે પણ નકકી કરવામાં આવ્યું. વિશેષમાં વિકલાંગોની સ્વરોજગારી સહીત તાલીમ અને રોજગાર યોજના અંગે નિર્ણાયિક મુદાઓ અને લક્ષ્યાંકો નકકી કરવામાં આવ્યા. અંતમાં પર્યાવરણ અને જાહેર માર્ગવ્યવહાર અંગે પણ નિર્ણયો કરવામાં આવ્યા.

**૨. અમારા વગર અમારા વિશે કઈ નહી**

**પ્રકાશક: પ્રેક્ષાધ્યાન એકેડેમી, ગાંધીનગર ૨૦૦૭**

ઉપરોક્ત સંસ્થાના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના રાજ્યકક્ષાના વાર્ષિક સંમેલનમાં વિકલાંગ વ્યક્તિઓ વિશે ઘણીબધી માહિતીઓ આપવામાં આવેલી છે. વસ્તુત: ૪૭ પેઈઝનો આ અહેવાલ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ મા-બાપ અને વાલીઓ તેમજ વિકલાંગતાના ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ માટે એક માર્ગદર્શિકા સમાન છે. ઉપરોક્ત અહેવાલમાં વિકલાંગો એમ કહેવા માંગે છે કે અમારી બાબતમાં જે કંઈ નીતિ નિર્ણયો લેવામાં આવે, જે સ્તરે લેવામાં આવે કે જે પ્રકારના લેવામાં આવે તે અમારા સીવાય નહી. વિકલાંગ વ્યક્તિઓ તેમના વિશેની સમગ્ર યોજનાના આયોજન અને અમલીકરણમાં એમની ભાગીદારી ઈચ્છે છે. હેન્ડીકેન્ડ ઈન્ટરનેશનલે ડીસેએબીલીટી એડવોકસી ગ્રુપ અને ગુજરાતના કોર ગ્રુપ સાથે એક મીટીંગ ૨૦૦૭માં યોજી હતી.

ઉપરોક્ત સંસ્થા દ્વારા યોજાયેલા આ સંમેલનમાં કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિકલાંગોના જીવન અંગેના અલગ-અલગ પાસાઓ અને પરિમાણોના સંદર્ભમાં જુથો પાડવામાં આવ્યા હતા. કે જેમાં આરોગ્યનો હક, સામાજિક સુરક્ષાનો હક, સમાજમાં યોગદાનનો હક, અવરોધરહીત સમાજનો હક, કુટુંબમાં હકનો ભંગ અને શિક્ષણનો હક આમ વિકલાંગોના અલગ-અલગ હકો વિશે ચર્ચા થઈ હતી. અલગ અલગ સેસન્સમાં અલગ-અલગ બાબતો વિષે વિશદ ચર્ચા કરવામાં આવી હતી. અંતમાં વિકલાંગ વ્યક્તિઓના

નાગરીકતાના હકો, આર્થિક અને સાંસ્કૃતિક હકો, કાયદાકીય હકો અને રાજકીય હકો વિશે ખૂબજ મહત્વ પૂર્ણ ચર્ચા થઈ હતી જેમાં મુખ્ય મહેમાન તરીકે આર.એમ.દાસ, કમીશ્નર શ્રી રાઈટ ટુ ઈન્ફરમેશન કમીશન, હાજર રહ્યા હતા. આ અહેવાલ ચિત્રાત્મક છે કે જે દ્વારા માહિતીનું સ્પષ્ટીકરણ વધુ ઝડપી બને છે.

**૩. વિકલાંગતા અને આપણા પ્રશ્નો અને વ્યુહરચનાઓ**

**પ્રકાશક: હેન્ડીકેપ્ટ ઈન્ટરનેશનલ, ૨૦૦૧**

વિકલાંગો માટે આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતી સંસ્થા જે આ ક્ષેત્રે ઘણુ મહત્વનું અને પાયાનું કામ કરે છે. આ સંસ્થાના ઉપરોક્ત લેખમાં વિકલાંગ અને બહુવિકલાંગતાની વિશેષ સમજ આપવામાં આવી છે. સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાના જણાવ્યા મુજબ વિશ્વમાં દર ૨૦ વ્યક્તિએ એક વ્યક્તિ વિકલાંગ હોય છે જ્યારે વિશ્વબેંકના અંદાજે એમ જણાવેલ છે કે ગરીબ દેશોમાં ૨૦% લોકો વિકલાંગ હોય છે.

ઉપરોક્ત લેખમાં ગરીબી અને વિકલાંગતા વિશે ગહન ચર્ચા કરવામાં આવી છે. જેમાં ગરીબી અને વિકલાંગતા વચ્ચે કાર્યકારણીનો સિદ્ધાંત પણ સમજાવવામાં આવેલો છે. વિશેષમાં વિકલાંગતાના કારણો ગ્રાફ સાથે સમજાવવામાં આવેલા છે તો વિકલાંગતા આર્થિક પાસુ પણ ધ્યાનમાં લેવામાં આવે છે.

વિકલાંગતાને કુદરતી આપતી સાથે પણ સાંકળવામાં આવેલ છે કે જેમાં ગુજરાતમાં આવેલ ભુકંપ બાદ વિકલાંગ લોકો માટે પુર્નવસનની યોજનાઓ દર્શાવવામાં આવેલી છે. વિકલાંગોને અધિકાર પ્રાપ્તિ માટે શક્તિમાન બનાવવાની પ્રક્રિયામાં સમુદાય આધારિત સંગઠનોની ભૂમિકા ચર્ચવામાં આવી છે તેમજ વિકલાંગો અને શિક્ષણ વિશે પણ પ્રકાશ પાડવામાં આવેલો છે. ઉપરોક્ત અહેવાલમાં વિકલાંગોની શિક્ષણ વિકાસ માટેના કેટલાક પાયાના સિદ્ધાંતોની પણ ચર્ચા કરવામાં આવેલી છે. તો સાથોસાથ માનવવિકાસ અને અપંગતા ઉભી

કરનારી પ્રક્રિયા પણ ચર્ચા કરવામાં આવેલી છે. ભારતની વસ્તીગણતરી અને વિકલાંગતાનો મુદો પણ ગણી લેવામાં આવેલો છે કે જેમાં ૨૦૦૧ની વસ્તી ગણતરી વિશેની વાત કરવામાં આવેલી છે.

વિકલાંગ વ્યક્તિઓ વિશે બહુ મહત્વની અને આંખ ખોલનારી વાત આ અહેવાલમાં જે જણાવવામાં આવેલી છે તે તેમની લાપતા (મીસીંગ) બનવા અંગેની છે. આ અહેવાલ જણાવે છે કે વિકસતા દેશમાં પણ વિકલાંગો લાપતા બને છે. અંતમાં વિકલાંગતાઓ માટે જોખમનું ચક્ર  કયું હોય શકે તે ચર્ચવામાં આવેલી છે.

આ અહેવાલ ઉપસંહારમાં જણાવે છે કે વિકસતા દેશોમાં વિકલાંગ લોકો વિકસીત દેશો કરતા એટલા માટે ઓછા છે કે વિકસતા દેશોમાં વિકલાંગો અકાળે મોતને ભેટતા હોય છે. જે વિષચક્રનું મુળ ગરીબી અને આર્થિક સાધનોની અસમાન વહેચણી છે.

### ૪. ગુજરાત રાજયની પ્રાથમિક શિક્ષણ કાઉન્સીલના સર્વ શિક્ષા અભિયાનના વિકલાંગો અને બહુવિકલાંગો અંગેનો અહેવાલ

**- ગુજરાત રાજય કાઉન્સીલ**

ઉપરોક્ત અહેવાલમાં વિકલાંગો અને બહુવિકલાંગો અંગે શિક્ષણ અભિયાનની જરૂરિયાત અને પદ્ધતિઓ જણાવવામાં આવેલી છે. વિકલાંગ અને બહુવિકલાંગ બાળકોની શિક્ષણ અને તાલીમ આપવા માટે ખાસ પ્રકારની પદ્ધતિઓ વિકસાવવી પડે છે. કારણ કે તેમની ખાસ જરૂરિયાતોને ધ્યાનમાં લેવી પડે છે. અનેક પ્રકારની વિકલાંગતાઓ ચલાવનાર બાળકોને શિક્ષણ આપવામાં એક સાથે બેસાડીને અને એક સુત્રે બાંધીને શિક્ષણ આપવાની વાત આવે ત્યારે તેમની વિકલાંગતાઓને નજર અંદાજ કરી શકાય નહી. તેમનામાં અને તેમના વાલીઓમાં શિક્ષણ અને તાલીમની સફળતા વિશે હકારાત્મક વલણ સર્જવુ બહુ મહત્વનું છે. સાથોસાથ પોતાના વિકલાંગ બાળકોમાં રહેલી સુસુપ્ત શક્તિઓમાં પણ વાલીઓને

વિશ્વાસ થવો જોઈએ. આ માટે આ ક્ષેત્રે કામ કરતી ગુજરાત કાઉન્સીલ બહુવિકલાંગ બાળકોના કૌટુંબિક, સામાજિક, શૈક્ષણિક, મનોવૈજ્ઞાનિક અને પુન: સ્થાપનના પ્રશ્નોની ચર્ચા કરવા માટે એક મંચનું આયોજન કર્યુ હતુ અને આ વિષદ પ્રશ્નોની ચર્ચા કરી હતી.

બહુવિકલાંગ બાળકોના માતા-પિતા અને શિક્ષકોમાં સભાનતા જાગૃત કરવાનું અત્યંત આવશ્યક છે. કારણ કે આ પ્રકારની સભાનતા દ્વારા જ વિકલાંગ બાળકોને આપવામાં આવતા શિક્ષણ અને તાલીમ પ્રત્યે હકારાત્મક અભિગમ કેળવાય તેમજ શિક્ષકોમાં પણ હકારાત્મક અભિગમ ઉપરાંત શિક્ષણ પદ્ધતિથી માહીત કરી શકાય.

બહુવિકલાંગ બાળકોના શિક્ષકોને આ શિક્ષણ પદ્ધતિની તાલીમ આપવા માટે વિવિધ પ્રકારના ટ્રેઈનીંગ મોડ્યુલ્સ વિકસીત કરવામાં આવ્યા છે જે દ્વારા વિકલાંગ બાળકોના શિક્ષકો તૈયાર કરી શકાય. કારણ કે વિકલાંગ બાળકોને તેમની વિકલાંગતાના સંદર્ભમાં શિક્ષણ આપવાનું રહે છે. એટલે જેટલુ મહત્વ વિકલાંગોના શિક્ષકોના અને તેમની તાલીમનું છે. કારણ કે તેમને વિકલાંગોને શિક્ષણ અને તાલીમ આપી પુન: સ્થાપન માટે તૈયાર કરવાના છે.

ગુજરાત કાઉન્સીલના આ અહેવાલમાં ગુજરાતમાં આવેલ વિકલાંગ બાળકોના આંકડાઓ આપેલ છે. ગુજરાતના અલગ-અલગ જિલ્લાઓમાં વિવિધ પ્રકારની વિકલાંગતાઓ ધરાવનાર બાળકોના આંકડાઓ તેમજ શિક્ષણ પ્રાપ્ત કરતા બાળકોના આંકડાઓ આપેલા છે. વિકલાંગ અને બહુવિકલાંગ બાળકોના શિક્ષણને તાલીમનું મહત્વ એ તેમના સામાજિક અને વ્યવસાયિક પુન:સ્થાપન અંગે જેટલુ મહત્વનું છે તેટલાજ મહત્વના આ આંકડાઓ છે.

ગુજરાત કાઉન્સીલના આ અહેવાલમાં વિકલાંગતા અંગેના બંધારણીય અને કાનૂની પાસાઓની પણ ચર્ચા કરવામાં આવી છે. વિકલાંગો અને બહુવિકલાંગોને ભારતનું બંધારણ કઈ રીતે મુલવે છે અને સમાનતાના માનવીય અધિકારો આપે છે. તેની ચર્ચા કરવામમાં

આવી છે જે અત્યંત મહત્વની છે. આમ ભારતમાં વિકલાંગોને બંધારણીય રક્ષણ મળતા તેમના માનવીય અધિકારોનું પુન: સ્થાપન થયું છે. આ ઉપરાંત આ અહેવાલમાં બહુવિકલાંગો માટે આંતરરાષ્ટ્રીયસ્તરે થતા પ્રયાસોની પણ નોંધ લેવામાં આવેલી છે જેમાં સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાની નોંધ અત્યંત મહત્વની છે. સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાની કલમ ૨૫ એ માનવીય અધિકારોની પ્રાપ્તી અંગેનો જાહેર ઢંઢેરો છે. તે અન્વયે અનેક પ્રકારની વિકલાંગતાઓ ધરાવનાર વિકલાંગો અને બહુવિકલાંગો અંગે પ્રસ્તુત ચર્ચા કરવામાં આવેલી છે. આ સંસ્થાની સમયાંતરે મળેલી મિટીંગોમાં આ અધિકારોને કાર્યાન્વિત કરવા અનેક પ્રકારના પગલાઓ સુચવવામાં આવેલા છે. એ બતાવે છે કે વિકલાંગોના શિક્ષણ, તાલીમ, સામાજિક અને વ્યાવસાયીક પુન:સ્થાપન દ્વારા તેમને સામાન્ય જનપ્રવાહમાં ભેળવવા માટે સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાની ભૂમિકા અત્યંત મહત્વની બની રહે છે.

અંતમાં આ અહેવાલમાં વિકલાંગો (સમાનતકો, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ ભાગીદારી) કાયદો, ૧૯૯૫ની પણ છણાવટ કરવામાં આવેલી છે. ભારતમાં વિકલાંગો કે બહુવિકલાંગો અંગે જે કંઈ કાયદાઓ જયારે પણ થયા છે તે સૌમાં આ કાયદો અત્યંત મહત્વનો છે તેથી આ કાયદાની કલમદીઠ ચર્ચા કરવાને બદલે તેના મહત્વના પાસાઓની તેમજ એ અંગે જો કાનૂની ચુકાદાઓ આવેલ હોય તો તેની છણાવટ કરવામાં આવેલ છે.

### ૫. Disability India Network Organization, New Delhi

ભારતની બાળવિકાસ સોસાયટીના સૌજન્ય અન્વયે ઉપરોક્ત સંસ્થા ભારતમાં વિકલાંગો અંગેની બહુવિશાળ માહિતી પુરી પાડે છે. આ અહેવાલમાં બાળકોના વિકાસ અંગે જે પાયાની પ્રવૃતિઓ આ સંસ્થા કરી રહી છે તેની માહિતી આપવાની સાથોસાથ બૌધ્ધિક અક્ષમતા અંગેની જાણકારી, તેનુ સ્તર અને તેમને માટેની વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવેલ છે. ડીસએબીલીટી ઈન્ડીયા નેટવર્ક પોતાની વેબસાઈટ ચલાવે છે કે જે

દ્વારા એ વિકલાંગો અંગેની માહિતી અને તેમને અંગેના લાભોની સીધી જાણકારી આપે છે. આ સંસ્થાની સ્થાપના રાષ્ટ્રીય સ્તરે ૧૯૯૨માં કરવામાં આવી હતી કે જેને ઈન્કમટેકસમાંથી મુકિત આપવામાં આવી છે અને વિદેશોમાંથી ફંડ મેળવવાની મંજુરી પણ આપવામાં આવેલી છે. આ સંસ્થાની કાર્યવાહક સમિતિમાં વિવિધ વિષયોના તજજ્ઞો અને તબીબોનો સમાવેશ થાય છે.

**6. National Policy for person with Desabilities.**

**પ્રકાશક: ભારત સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય ભારત સરકાર (૧૯૯૩)**

ભારત સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણના મંત્રાલય દ્વારા Desabiliti India Network અન્વયે આ અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જે ઘણોજ ગહન અને માહિતીસભર છે.

ઉપરોક્ત અહેવાલમાં વિકલાંગો અંગેના બંધારણીય પાસાની ચર્ચા કરવામાં આવેલી છે. જેમાં વિકલાંગોને મળતા સમાનતા, સ્વાતંત્ર, ન્યાય અને માનવીય ગૌરવની ખાત્રી આપવામાં આવી છે. વિકલાંગોને ભારતીય બંધારણે જે બંધારણીય અધિકારો આપેલા છે તે સમાજ માટે આદેશાત્મક છે. આ ઉપરાંત આ અહેવાલમાં ભારતની છેલ્લી વસ્તી ગણતરીના આધારે કુલ વસ્તીના સંદર્ભમાં વિકલાંગોનું પ્રમાણ આપ્યું છે. વિશેષમાં વિકલાંગો અંગેના ભારત સરકારના ઘડેલા કાયદાઓના નામ પણ આપવામાં આવેલા છે તેમજ વિકલાંગો માટે રાષ્ટ્રીયસ્તરે કામ કરતી સંસ્થાઓની યાદી આપવામાં આવેલ છે.

આ ઉપરાંત વિકલાંગો માટે મળતી અલગ પ્રકારની લોનની જાણકારી પણ આપવામાં આવેલી છે કે જે દ્વારા વિકલાંગો સ્વરોજગારી પ્રાપ્ત કરી શકે છે. વિકલાંગો અંગેની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનું ભારત એક સક્રિય સભ્ય છે તેની જાણકારી પણ આ અહેવાલમાં

આપવામાં આવેલા છે. આ ઉપરાંત વિકલાંગતા અટકાવવા અંગે અને તેમના પુન:સ્થાપન અંગેના પગલાઓ પણ સુચવવામાં આવેલા છે. વિશેષમાં તેમના ભૌતિક પુન:સ્થાપન અંગેની વ્યુહરચના પણ ચર્ચવામાં આવી છે અને તેમના શિક્ષણ અને આર્થિક પુન:સ્થાપન અંગેની માહિતી આપવામાં આવી છે. આ ઉપરાંત સરકારી વિભાગોમાં અને સંસ્થાઓમાં વિકલાંગો માટેની રોજગારી, ખાનગી ક્ષેત્રમાં તેમની વેતન સાથેની રોજગારી તેમજ સ્વ રોજગારીની બાબતની છણાવટ કરવામાં આવેલી છે. સાથોસાથ વિકલાંગ મહીલાઓ અને વિકલાંગ બાળકો અંગે પણ જાણકારી આપવામાં આવી છે. વિકલાંગોને પ્રાપ્ય સામાજિક સુરક્ષાના લાભો તેમજ આ ક્ષેત્રે કામ કરતી બિનસરકારી સામાજિક સંસ્થાઓની ચર્ચા કરવામાં આવી છે. આ અહેવાલનું સૌથી મહત્વનું પાસુ માનવસંસાધન વિકાસની બાબત અંગેનું છે. જેમાં વિકલાંગ બાળકોનું શિક્ષણ, તાલીમ, કાઉન્સેલીંગ, રોજગારી અને સામાજિક રક્ષણની પણ જણાવવામાં આવી છે.

અંતમાં આ બધી બાબતોના સુયોગ્ય અમલની જવાબદારી પણ ચર્ચવામાં આવેલી છે.

**૩.૬ અનુસ્નાતક સંશોધન નિબંધોની સમીક્ષા**

**રાજકોટના અંધજન કલ્યાણમંડળના સભ્યો અને અભ્યાસ કરતા અંધ વિદ્યાર્થીઓના શૈક્ષણિક, સામાજિક અને કૌટુંબિક અનુકુલનનો અભ્યાસ**

**સંશોધક: ભટ્ટ કલ્પેશ ડી વર્ષ: ૨૦૦૦**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના માસ્ટર ઓફ સોશ્યલ વર્કની પદવીની આંશિક જરૂરિયાતની પરિપૂર્તિ માટે ઉપરોક્ત વિષયનું લઘુશોધ નિબંધની સમીક્ષા નીચે મુજબ છે. સંશોધકે રાજકોટ શહેરના અંધજન કલ્યાણમંડળમાં કામ કરતા સભ્યો તેમજ અભ્યાસ કરતા અંધ વિદ્યાર્થીઓના શૈક્ષણિક, સામાજિક અને કૌટુંબિક અનુકુલન જેવા ગહન વિષય પસંદ કર્યો છે. આ

લઘુશોધ નિબંધ છ પ્રકરણોમાં વહેચાયેલ છે જેમાં પ્રથમ પ્રકરણ વિષયપ્રવેશ અંગેનું છે. જેમાં અંધજન કલ્યાણમંડળની પ્રવૃતિઓ, સમસ્યાકથન, સંશોધનના હેતુઓ, શબ્દોની વ્યાખ્યાઓ, ઉપકલ્પનાઓ, અભ્યાસમાં સમાવિષ્ટ ચલો, સંશોધનની રૂપરેખા અને અભ્યાસનું મહત્વ અને મર્યાદા આવરી લીધેલ છે. ઉપરોક્ત લઘુશોધ નિબંધની ઉપકલ્પનાઓ વિષય સાથે સામંજસ્ય ધરાવે છે. પ્રકરણ બીજુ સંદર્ભ સાહિત્યની નોંધ અંગેનું છે. જેમાં સંશોધકે ઉપરોક્ત વિષય અંગે ભુતકાળમાં થયેલા સંશોધનોની સમીક્ષા કરી છે. વિશેષમાં સંશોધકે દ્રષ્ટિહીનતા અંગેના પ્રકાશિત પુસ્તકો બાબત એકજ પુસ્તકનો પરિચય કરાવેલ છે. આ ઉપરાંત આ પ્રકરણમાં ભારત સરકારનો વિકલાંગ ધારાઅન્વયે અંધજનોને અપાતી સગવડોની ચર્ચા કરવામાં આવી છે. પ્રકરણ ત્રણમાં સંશોધન યોજના અને સંશોધન આધારશીલા અંગેનું છે. જેમાં સંશોધકે સંશોધન પદ્ધતિની ચર્ચા કરી છે. પ્રકરણ ૪(ચાર) અંધજન કલ્યાણના ક્ષેત્રો વિશેનું છે જે ત્રણ વિભાગોમાં વહેચાયેલ છે. પહેલા વિભાગમાં અંધજન કકલ્યાણક્ષેત્રે રાજકોટમાં પણ થતી પ્રવૃતિઓનો ચીતાર આપવામાં આવ્યો છે જેમાં શ્રી અંધ સર્વોદય મંડળ, શ્રી એ.વી.પારેખ અંધ મહિલા વિકાસગૃહ, શ્રી અંધજન કલ્યાણ મંડળ અને અન્ય સંસ્થાઓની માહિતી આપવામાં આવી છે. વિભાગ-બે માં રાજ્ય કક્ષાએ અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ અંધજનો માટે કામ કરતી સંસ્થાઓની માહિતી આપવામાં આવી છે તો વિભાગ ત્રણમાં એવી મહાન વ્યક્તિઓનો પરિચય આપવામાં આવેલો છે કે જે લોકો અંધ હોવા છતા પોતપોતાના વિષયના નિષ્ણાંતો હતા અને જ્ઞાન અને વિજ્ઞાનના વિકાસમાં અમૂલ્ય ફાળો પ્રદાન કરી ગયા છે કે જેમના નામ છે. પંડીત સુખલાલ જી, સુરદાસજી, લુઈ બ્રેઈલ અને હેલન કેલર. પ્રકરણ પાંચમાં માહિતીની રજુઆત પૃથ્થકરણ અને અર્થઘટન રજુ કરે છે. ઉપરોક્ત પ્રકરણમાં ઉપકલ્પનાને આધારે તૈયાર થયેલ માહિતીનું કોષ્ટકીકરણ અને અર્થઘટન દર્શાવવામાં આવેલા છે.

પ્રકરણ છ ઉપરોક્ત સંશોધનના સારાંશ અંગેનું છે. જેમાં સંશોધનના તારણોની ઉપકલ્પના દ્વારા ચકાસણી સંશોધનના ફલીતાર્થો અને ભાવિ સંશોધનો માટે ભલામણો આપવામાં આવેલી છે સંશોધકે પ્રસ્તુત પ્રકરણમાં ઉપકલ્પનાઓ દ્વારા તારણોની ચકાસણી બહુવિશિષ્ટ રીતે કરી છે કે જેથી ઉપકલ્પના પર્યાય છે કે અપર્યાય છે તે જાણી શકાય. ઉપરોક્ત તારણો પરથી સંશોધક સ્પષ્ટ રીતે કહે છે કે અંધજનોને સામાજિક, કૌટુંબિક કે શૈક્ષણિક અનુકુલનોને સાધવામાં જેટલી સહાય માનવ સંબંધો કરી શકે તેટલી અનુકુળતા અંધજનો મેળવી શકતા નથી, સંશોધનના ફલીતાર્થો પણ અત્યંત મહત્વના છે અને ભાવિ સંશોધન માટેની ભલામણો પણ વિચાર પ્રેરક છે.

**૨. 'અંધપુરુષોના વિકાસમાં સ્વૈચ્છિક સંસ્થાની ભૂમિકાની એક સમાજકાર્ય શાસ્ત્રીય અભ્યાસ'**

**(અંધજન કલ્યાણ મંડળ રાજકોટના સંદર્ભમાં)**

**સંશોધક: જીજ્ઞેશ બોઘરા, વર્ષ: ૨૦૦૬**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અભ્યાસક્રમની આંશિક જરૂરીયાત રૂપે ઉપરોક્ત વિષય અંગેનું લઘુશોધ નિબંધ અંગેની સમીક્ષા નીચે મુજબ છે. સમગ્ર લઘુશોધ નિબંધ પાંચ પ્રકરણોમાં વહેચાયેલ છે. જેમાં પહેલું પ્રકરણ, વિષયપ્રવેશ અને અટકળોની રચના અંગેનું છે. સંશોધકે આ પ્રકરણમાં વિષય પ્રવેશ, સંશોધન સમસ્યા, સંશોધનના હેતુઓ, સંશોધનની સ્ફૂર્ણા, સંશોધન સિમાંકન અને સંશોધન આયોજન જેવા વિષયોનો સમાવેશ કરેલ છે. આ ઉપરાંત આ પ્રકરણમાં પ્રસ્તુત વિષય અંગેના અગત્યના પદોની સમજુતી આપવામાં આવેલી છે.

પ્રકરણ-૨ સંશોધન સાહિત્યની તપાસ અને સમીક્ષા અંગેનું છે. પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સામાજિક સંશોધનના લક્ષણો, મહત્વ, માપદંડો, વિકલાંગતાના પ્રકારો, વિકલાંગતાધારાની જોગવાઈઓ, દ્રષ્ટિક્ષતિ અને તેના કારણો, ઉપાયો, ગુજરાતમાં અંધજન

કલ્યાણ ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ, રાજકોટ શહેરનો પરિચય અને અંધજન કલ્યાણ મંડળની પરિચયની ચર્ચા કરેલ છે. વિશેષમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અને કમિટિનો વિશેષ પ્રકાશ પાડવામાં આવેલ છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં થયેલા પ્રસ્તુત વિષય અંગેના સંશોધનોની માત્ર માહિતી આ પ્રકરણમાં આપવામાં આવેલી છે. આમ જોતા કહી શકાય કે પ્રસ્તુત પ્રકરણની છણાવટ પ્રસ્તુત પ્રકરણના શીર્ષક સાથે સામંજયસ ધરાવતી નથી.

પ્રકરણ ત્રણમાં સંશોધન ગુંથણી અને માહિતી એકત્રીકરણ અંગેનું છે જેમાં સંશોધકે સામાજિક વિજ્ઞાનોની સંશોધન પદ્ધતિ અનુસાર સંશોધન ગુંથણી કરી છે જે નીચે મુજબ છે. સંશોધન ગુંથણીમાં આયોજનનું મહત્વ, સંશોધન ગુંથણીનો અર્થ અને સમષ્ટિ નિદર્શ અને નિદર્શના પ્રકારો પ્રસ્તુત સંશોધનની નિદર્શનું વર્ણન અને સંશોધનના સાધનની રચનાની ચર્ચા કરવામાં આવી છે. વિશેષમાં ગણતરીની તરકીબ, પરિવર્ત્યોની રચના, સંશોધનની સમસ્યાનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. આ પ્રકરણમાં માહિતી એકત્રીકરણ અને માહિતી વિશ્લેષણના પ્રયુક્તીની છણાવટ કરવામાં આવી છે.

પ્રકરણ ૪(ચાર) આંકડાની માહિતી અંગેનું છે. જેમાં પૃથ્થકરણ, અર્થઘટન અને ચર્ચા એવા શીર્ષક સાથે વિશ્લેષણ શરૂ કરવામાં આવેલ છે.

પ્રકરણની શરૂઆતમાં પૃથ્થકરણ, અર્થઘટન અને ચર્ચા એટલે શું એ સમજાવ્યા પછી પૃથ્થકરણ આપવામાં આવેલ છે. સંશોધકે ઉપરોક્ત પ્રકરણમાં કોષ્ટકીકરણની સાથોસાથ જ્યાં-જ્યાં જરૂર હોય ત્યાં બે પ્રકારના ગ્રાફો આપેલા છે. અમુક કોષ્ટકમાં પાય ગ્રાફ આપવામાં આવેલા છે તો અમુક કોષ્ટકોમાં સ્તંભગ્રાફ આપવામાં આવેલા છે.

પ્રકરણ પાંચ સંશોધન સારાંશ તારણો અને સુચનો અંગેનું છે જેમાં સંશોધકે તારણો, ફલશ્રુતિ અને સંશોધનના પ્રદાન અંગેની ચર્ચા કરી છે. પ્રસ્તુત પ્રકરણમાં વ્યવસાયીક સામાજિક કાર્યકર માટે માર્ગદર્શન આપવામાં આવેલ છે અને આ પ્રકારના સંશોધનો સમાજકાર્ય સાથેના

સંબંધની ચર્ચા કરવાની સાથે ભાવિ વિદ્યાર્થી કાર્યકરોને સુચનો આપવામાં આવેલ છે.

**૪. બ્રોસર, વર્તમાનપત્રોમાં પ્રકાશીત અહેવાલો**

**વિકલાંગતા અને બહુવિકલાંગતા ધરાવતા બાળકો અને માનવીઓ અંગેના વિશેષ સમાચારોનો સાર.**

૨૦ એપ્રિલ ૨૦૦૯ના ઈકોનોમીક ટાઈમ્સમાં વિકલાંગો અંગે દીલ્હીની વડી અદાલતે બહુ રસપ્રદ અને અતિ મહત્ત્વનો ચુકાદો આપેલ છે. જેમાં ઉપરોક્ત વડી અદાલતે ભારતની રીઝર્વ બેંકને આદેશ આપેલ છે કે તેણે ભારતની બેંકોને વિકલાંગોના બેંક એકાઉન્ટ ખોલવા અંગે અને તે અંગેની પ્રક્રિયા સાનુકુળ કરવા અંગે માર્ગદર્શક સિદ્ધાંતો ઘડવા જેમાં દર્શાવવામાં આવેલ છે કે વિકલાંગતાના કાયદા અન્વયે વિકલાંગોને જે પ્રમાણપત્રો સ્થાનિક સતાધીશો દ્વારા આપવામાં આવતા હોય છે તે સ્વીકારવા અને તે અન્વયે એમના બેંક એકાઉન્ટ ખોલવા. આ આદેશ એટલા માટે આપવામાં આવેલ છે. કારણ કે કેટલીક બેંકો આ પ્રકારના પ્રમાણપત્રો અંગે શંકાશીલ હતી. પરિણામે વિકલાંગોને બેંક એકાઉન્ટ ખોલાવવામાં મુશ્કેલી પડતી હતી.

વિકલાંગોને માનવીય અભિગમથી મુલવીને જોવા અંગેના એક અગત્યના સમાચાર લોકસમર્થક દૈનિકપત્રમાં પ્રગટ થયા. વિકલાંગતાને ઈતિહાસ બનાવી દેતી એવી એક ઐતિહાસિક કરાર સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાએ ઓગસ્ટ ૨૦૦૬માં કરેલ છે. આ કરાર અન્વયે અત્યારસુધી જે અપંગોને માત્ર તબીબી મોડેલના સંદર્ભમાંજ જોવામાં આવતા હતા એને બદલે માનવીય મોડલ પર હવે પછી જોવામાં આવે એવો સ્વીકાર કરવામાં આવ્યો. વસ્તુત: વિકલાંગ વ્યક્તિ મુળભૂત રીતે સમાજનું એક ઘટક છે અને સમાજ સાથે આંતરપ્રક્રિયા કરે છે તેથી એમની અપંગતાને શારીરિક-માનસિક ક્ષતિની સમકક્ષ મુકવાને બદલે બદલાતા સમયમાં એમના સામાજિક મોડલ પર ભાર આપવો. અપંગતાના પ્રશ્ને ૧૯૭૮માં પ્રસીદ્ધ પોતાના

ચર્ચાત્મક પુસ્તક 'હેન્ડીકેપ્ડ અમેરીકા' માં ફ્રેન્ક બોવે, આ મુદો ઉઠાવ્યો હતો જેમાં તેમણે અપંગતા પ્રત્યે સામાજિક ક્રિયાને મહત્વપૂર્ણ ગણાવી હતી. વિશેષમાં સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાએ ૧૯૮૧ના વર્ષને આંતરરાષ્ટ્રીય વિકલાંગ વર્ષ જાહેર કરેલ હતું જેમાં પૂર્ણ ભાગીદારી અને સમાનતાને કેન્દ્રમાં રાખવામાં આવી હતી. ભારતના ૧૯૯૫માં ઘડવામાં આવેલા વિકલાંગધારામાં આ સિદ્ધાંતનો સમાવેશ કરવામાં આવેલ છે.

તા.૫ ફેબ્રુઆરી ૨૦૦૯ના ફુલછાબમાં મુકબધીરતા ધરાવતા નાના બાળકને તબીબી શાસ્ત્રની આધુનિક ટેકનોલોજી દ્વારા બોલતો કરવા અંગેના બહુજ આશાસ્પદ સમાચાર છે. જે જણાવે છે કે જન્મથી જ મુકબધીર એવા છ વર્ષના સામાન્ય કુટુંબના બાળક પર મુંબઈની હીંદુજા હોસ્પીટલમાં આધુનિક ટેકનોલોજીની મદદ દ્વારા તેને બોલતો કરવા અંગે ખાતરી આપવામાં આવી છે. અલબત આ ઓપરેશન ખર્ચાળ છે પરંતુ રાજકોટની જનતાએ એ અંગે સારો પ્રતિભાવ આપેલ છે.

તા.૨૮ એપ્રિલ-૨૦૦૮ના દિવ્ય ભાસ્કરમાં માનસિક અને બૌદ્ધિક રીતે સંપૂર્ણ સશક્ત પરંતુ પ્રોગ્રેસીસ મસ્કયુલર ડીસ્ટ્રોફી નામના રોગથી પીડાઈ રહેલા એક કીશોરની કરમ કહાની આપવામાં આવેલી છે. બાળપણમાંજ એટલે કે કુમળીવયમાં જ તેના મસલ્સ ધીમે-ધીમે ખવાતા ગયા અને બહારની દુનિયા સાથેનો સંપર્ક તુટતો ગયો. ૧૬ વર્ષના આ કિશોરને વાંચનનો, ટેકનોલોજીનો, ટીવીમાં આવતા બૌદ્ધિક કાર્યક્રમોનો ખૂબજ શોખ છે. આ કીશોર ખીલતા ફુલ જેવો છે જે પોતાની જીંદગી વ્હીલચેરમાં કે પથારીમાં પસાર કરે છે. પ્રશ્ન અત્રે એ થાય છે કે જેની પાસે આખી જીંદગી પડી છે અને બૌદ્ધિક અને માનસિક રીતે સતર્ક છે એવા આ નાનાબાળક માટે શું આધુનિક વિજ્ઞાન પાસે કોઈજ ઉપચાર નથી?

તા.૮ ઓકટોબર-૨૦૦૯ના ફુલછાબની રાજકોટની રફતાર પૂર્તિમાં એક બહુ સારી બાબત જણાવવામાં આવેલ છે. આપણે જાણીએ છીએ કે સંગીત એ વૈશ્વિક ભાષા છે.

મળદામાં પ્રાણ ફુંકનારી દીવ્ય ચેતના છે અને કરમાયેલા મુખ પર હાસ્ય ફેલાવનાર સુરાવલી છે. સંગીત એ ઈશ્વર તરફથી માનવીને મળેલ એક ઉતમ ભેટ માનવામાં આવે છે. સંગીત દ્વારા ઉદ્યોગોમાં ઉત્પાદન વધારી શકાય છે. ગાયોને ભેસો પાસેથી વધુ દુધ ભેળવી શકાય છે એ પ્રકારના પ્રયોગો સરળ થયા છે. સંગીત જો મળદામાં પ્રાણ પુરી શકતુ હોય તો તે અપંગો, હતાશ થયેલ લોકો, જીવનમાં નિરાશા પામેલ વ્યક્તિઓમાં નવી ચેતના ચોક્કસ પ્રેરી શકે છે. આ પ્રકારનો એક નવતર પ્રયોગ રાજકોટની વિશિષ્ટ શાળા નવશક્તિ વિદ્યાલયમાં કરવામાં આવ્યો કે જેમાં મંદબુદ્ધિ ધરાવતા બાળકોની મ્યુઝીક થેરાપી એટલે કે સંગીત દ્વારા ઉપચારમાં સાંકળવામાં આવ્યા. આ પ્રયોગમાં ઓટીઝમ (મંદબુદ્ધિવાળા) બાળકોને સંગીતના અલગ-અલગ વાદ્યો આપવામાં આવ્યા તેમને તાલીમ આપવામાં આવી અને સંગીતની સુરાવલીઓ દ્વારા ઘણા પ્રસન્ન અને હળવા થયા. એ પ્રકારની મ્યુઝિક થેરાપીને જો તેમના અભ્યાસક્રમના એક કાયમી ભાગરૂપ કરવામાં આવે તો ચોકકસ હવે સારા પરિણામો આપે એ નિશંક છે.

નવી દીલ્હીમાં ૨૦૦૫માં મ્યુઝિક થેરાપી ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી છે. વિદેશોમાં પણ આ પ્રકારના ટ્રસ્ટો ચાલે છે. આ પ્રકારનું સંકલન દિલ્હીની મ્યુઝીક થેરાપી ટ્રસ્ટ, રાજકોટની વિશિષ્ટ શાળા નવશક્તિ વિદ્યાલય અને ગુજરાતના હેન્ડીકેપ્ડ ઈન્ટરનેશનલ વચ્ચે સધાય રહ્યું છે.

## ૩.૭ સંબંધિત સાહિત્યની સમીક્ષા અને પ્રસ્તુત સંશોધન એક નવા પરિમાણનો પરિચય

બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાઓના પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે બહુવિકલાંગ બાળકોની એક નવા દષ્ટિકોણથી મૂલવવાનો પ્રયત્ન કરેલ છે.

અલબત્ત બહુવિકલાંગતાના ક્ષેત્રે આજ સુધી જે જે ખેડાણો થયા છે તે માત્ર

બહુવિકલાંગ વ્યક્તિઓને કેન્દ્રમાં રાખીને અને તેની સમસ્યાઓના પરિમાણને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલ છે.

સંશોધકે પ્રસ્તુત સંશોધનમાં બહુવિકલાંગ બાળકો અંગેના જે જે સાહિત્યનો અભ્યાસ કરેલો છે. તેમજ તેની સમીક્ષા કરેલ છે તે સાહિત્ય બહુ વિકલાંગતાથી પીડિતને કેન્દ્રમાં રાખીને કરવામાં આવે છે. અલબત્ત બહુ વિકલાંગતા એક અભિશાપ છે અને જીવનની એક કાયમી સમસ્યા છે. તે સત્ય સ્વીકારવાની સાથે તેની સાથેસંકળાયેલ બીજુ પણ એક સનાતન સત્ય છે, અને તે એ કે તેમને જન્મ આપનાર અને તેમનો ઉછેર કરનાર માતા-પિતા અને તેમના વાલીઓને ઉછેરની પ્રક્રિયામાં જન્મથી સમસ્યાઓ જે અનેક પરિમાણોમાં વહેંચાયેલ છે. બહુ વિકલાંગ બાળકને તેની કુમળી વયને ધ્યાનમાં લઈને તેના પોતાના ભાવિ વિકાસ અંગે સમજતા હોય કે ન હોય પરંતુ તેમના માતા-પિતા અને વાલીઓને આ ચિંતા કેન્સરની માફક કોરી ખાતી હોય. બાળકની સારવાર, તેમનું શિક્ષણ, તેમનું આરોગ્ય તેમનો બૌધ્ધિક અને શારીરિક વિકાસ અને જીવનના દરેક પ્રસંગો અને પાસાઓ સાથે સમાયોજનના પ્રશ્નો જેટલા પીડિત બાળકને સતાવે છે તે કરતા વધુ પ્રશ્નો તેમના માતા-પિતાને સતાવે છે. તેમા પણ બહુવિકલાંગ બાળક એક જ સંતાન હોય તો પોતાના પછી તેમનું શું થશે તે ચિંતા મા-બાપનું જીવન ખારું કરી નાખે છે અને અન્ય સંતાનો હોય તો સમાયોજનની સમસ્યા બહુ મોટો પ્રશ્નાર્થ ઊભો કરે છે. આથી કહી શકાય કે બહુ વિકલાંગતાથી પીડિત બાળકા માતા-પિતા અને વાલીઓની સમસ્યા અપરંપાર છે અને જયારે બહુવિકલાંગ બાળકો વિશે વિચારમાં આવે છે ત્યારે તેમના માતા-પિતા અને વાલીઓને હાંસીયામાં લઈ જવામાં આવે છે. વસ્તુતઃ સંશોધકના પ્રસ્તુત સંશોધનમાં સામાન્ય રીતે હાંસીયામાં આવી જતા માતા-પિતા અને વાલીઓની સમસ્યાઓને ઉજાગર કરવાનો છે.

# પ્રકરણ : ૪

# માહિતીનું કોષ્ટકીકરણ અને અર્થઘટન

૪.૧ પ્રસ્તાવના

૪.૨ કોષ્ટકીકરણ

# પ્રકરણ : ૪
# માહિતીનું કોષ્ટકીકરણ અને અર્થઘટન

## ૪.૧ પ્રસ્તાવના

માહિતી એકત્રીકરણ એ સંશોધક માટે ખૂબ જરૂરી છે. પરંતુ ફક્ત માહિતી એકત્ર કરવાથી જ સંશોધન પૂર્ણ થાય છે તે યોગ્ય નથી. સંશોધન અને માહિતી એકત્રીકરણ બંને એકબીજાના પૂરક છે. સંશોધનનો સાચો હેતુ સમસ્યાનો ખુલાસો મેળવવાનો છે. સંશોધનની વિવિધ રીતોનો ઉપયોગ કરીને પ્રાપ્ત કરેલી માહિતીને તબક્કાવાર વર્ગીકૃત કરીને, એકમોના સંબંધ સમજાવી, તારવી અને અર્થઘટન અને ચર્ચા કરવી જરૂરી બને છે. પૃથક્કરણ અને અર્થઘટન વગરનું સંશોધન એ અર્થ વિહિન ગણાય. વ્યાપ્તીકરણ એ સામાન્યીકરણ કે કોઈપણ પ્રકારનો નિષ્કર્ષ તારવવો તે પૃથક્કરણ વગર શક્ય નથી, અને પૃથક્કરણના આધારે અર્થઘટન થાય છે, અને અર્થઘટન પરથી ચર્ચા થાય છે. પ્રસ્તુત સંશોધનમાં પણ મુલાકાત અનુસૂચિના ઉપયોગ વડે જે માહિતી પ્રાપ્ત થયેલ છે તેને સંજ્ઞાસૂચિની મદદથી ગુણાત્મક સ્વરૂપમાં તબદીલ કરીને કોષ્ટકમાં ગોઠવી તેનું પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવેલ છે.

## ૪.૨ કોષ્ટકીકરણ

**કોષ્ટક નંબર : ૪.૧**

**ઉતરદાતાનો અભ્યાસ દર્શાવતું કોષ્ટક**

| **ક્રમ** | **વિગત** | **સંખ્યા** | **ટકાવારી** |
|---|---|---|---|
| ૧. | પ્રાથમિક | ૨૨૦ | ૫૫ |
| ૨. | માધ્યમિક | ૧૦૦ | ૩૫ |
| ૩. | સ્નાતક | ૫૦ | ૧૨.૫ |
| ૪. | અનુસ્નાતક | ૩૦ | ૭.૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યા અંગેના પ્રસ્તુત સંશોધનમાં સંભાળ રાખનારના વ્યાપવિશ્વમાંથી નિદર્શનની પદ્ધતિ દ્વારા ૪૦૦ ઉતરદાતાની પસંદગી કરવામાં આવેલ છે. જેમાં બહુવિકલાંગ બાળકોના માતા-પિતા, અન્ય વાલીઓ તેમજ સંસ્થાગત બાળકોના અધિકારીઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

ઉતરદાતાઓના શૈક્ષણિક સ્તર અંગેના પ્રશ્નોના જવાબમાં જાણવા મળેલ કે ૪૦૦ ઉતરદાતાઓમાંથી ૨૨૦ ઉતરદાતાઓએ પ્રાથમિક શિક્ષણ મેળવેલ છે. માધ્યમિક શિક્ષણ મેળવેલ ઉતરદાતાની સંખ્યા ૧૦૦ થાય છે. એટલે કે ૨૫% જેટલી થવા જાય છે, ૫૦ ઉતરદાતાઓ એટલે કે ૧૨.૫% જેટલા ઉતરદાતાઓ સ્નાતક કક્ષા સુધી શિક્ષણ પ્રાપ્ત કરેલ છે. જ્યારે ૩૦ ઉતરદાતાઓ એટલે કે ૭.૫% જેટલા ઉતરદાતાઓ અનુસ્નાતક શિક્ષણ સુધી પહોચેલ છે. ઉતરદાતાઓમાં શિક્ષણનું પ્રમાણ ૧૦૦% જાણવા મળેલ છે.

## કોષ્ટક નંબર : ૪.૨

## સંભાળ રાખનાર ઉત્તરદાતાની ઉંમર દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | ૨૦થી૩૦ વર્ષ | ૩૦ | ૭.૫ |
| ૨. | ૩૧થી૪૦ વર્ષ | ૩૨૦ | ૮૦ |
| ૩. | ૪૧થી૫૦ વર્ષ | ૪૦ | ૧૦ |
| ૪. | ૫૧+ | ૧૦ | ૨.૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોના ઉછેરની કામગીરી સંભાળનાર ઉત્તરદાતાઓની વય અંગે જાણવા મળેલ કે ૨૦થી૩૦ની વય ધરાવતા ઉત્તરદાતાનું પ્રમાણ ૩૦નું જાણાયુ એટલે કે ૭.૫%નું જાણાયું જ્યારે ૩૧થી૪૦ વર્ષમાં આ પ્રમાણ ઘણું જ મોટું એટલે કે ૩૨૦ ઉત્તરદાતા આ વય જૂથના જાણાયા એટલે કે કુલ ઉત્તરદાતાઓમાં ૮૦% જેટલા આ વયજૂથના જાણાયા હતા. ૪૧થી૫૦ના વય જૂથમાં ઉત્તરદાતાઓનું પ્રમાણ ૪૦નું એટલે કે ૧૦% જેટલું જાણાયુ જ્યારે ૫૧થી વધારે વય જૂથના ઉત્તરદાતાનું પ્રમાણ બહુ જ ઓછુ ૧૦%નું એટલે કે ૨.૫%નું જાણવા મળ્યું આથી એમ ફલીત કરી શકાય કે બહુવિકલાંગ બાળકોના ઉછેરની જવાબદારી મહદઅંશે ૩૧થી૪૦ વયજૂથના ઉત્તરદાતાઓ પર આવે છે.



## કોષ્ટક નંબર : ૪.૩

## ઉતરદાતાની જાતિ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | સ્ત્રી | ૩૬૫ | ૯૧.૨૫ |
| ૨. | પુરુષ | ૩૫ | ૮.૭૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોની સંભાળ લેનાર ઉતરદાતાઓની જાતિ અંગેના ઉપરોક્ત કોષ્ટક પરથી એ ફલીત થાય છે કે કુલ ઉતરદાતાઓમાંથી ૩૬૫ જેટલા ઉતરદાતાઓ એટલે કે ૯૧.૨૫% જેટલા ઉતરદાતાઓ મહિલાઓ છે. જ્યારે પુરુષ ઉતરદાતાનું પ્રમાણ કુલ ઉતરદાતાઓમાંથી માત્ર ૩૫ જેટલું જ એટલે કે ૮.૭૫% જેટલું જાણવામાં આવ્યું. આથી એ સ્પષ્ટ થાય છે કે બહુવિકલાંગ બાળકોના ઉછેર અને સંભાળની જવાબદારીમાં બહુ મોટુ પ્રમાણ મહિલાઓનું રહેલું હોય છે.



## કોષ્ટક નંબર : ૪.૪

## ઉતરદાતાનો ધર્મ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હિન્દુ | ૩૪૦ | ૮૫ |
| ૨. | ઈસ્લામ | ૩૦ | ૭.૫ |
| ૩. | ખ્રિસ્તી | ૧૦ | ૨.૫ |
| ૪. | અન્ય | ૨૦ | ૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોના સંભાળ લેનાર ઉતરદાતાઓના ધર્મ અંગેના ઉપરોક્ત કોષ્ટક દ્વારા એ જાણવા મળે છે કે કુલ ઉતરદાતાઓમાંથી ૩૪૦ જેટલા ઉતરદાતાઓ હિંદુ ધર્મ પાળે છે. જ્યારે મુસ્લીમ ધર્મ પાડતા ઉતરદાતાઓનું પ્રમાણ કુલ ઉતરદાતાના પ્રમાણમાં માત્ર ૩૦ જેટલું એટલે કે ૭.૫% જેટલું છે. ખ્રિસ્તી ધર્મ પાડનાર ઉતરદાતાનું પ્રમાણ કુલ ઉતરદાતાના પ્રમાણમાં માત્ર ૧૦ જેટલુ એટલે કે ૨.૫% જેટલુ જાણવા મળ્યુ તો અન્ય ધર્મ પાળવાવાળા ઉતરદાતાનું પ્રમાણ કુલ ઉતરદાતાના પ્રમાણમાં ૨૦ જેટલુ એટલે કે ૮% જાણવામાં આવ્યું.



## કોષ્ટક નંબર : ૪.૫

## કુટુંબનો પ્રકાર દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | સંયુક્ત | ૨૬૦ | ૬૫ |
| ૨. | વિભક્ત | ૧૪૦ | ૩૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

ઉતરદાતાઓના કુટુંબના પ્રકાર વિશે જાણકારીના કોષ્ટક દ્વારા એ ફલીત થાય છે કે કુલ ઉતરદાતાઓમાંથી ૨૬૦ જેટલા એટલે કે ૬૫% જેટલા ઉતરદાતાઓ સંયુક્ત કુટુંબમાં રહે છે જ્યારે વિભક્ત કુટુંબના ઉતરદાતાનું પ્રમાણ કુલ ઉતરદાતાના પ્રમાણમાં ૧૪૦ જેટલું એટલે કે ૩૫% જેટલું જાણાયું.



## કોષ્ટક નંબર : ૪.૬

## કુટુંબમાં અન્ય વિકલાંગ વ્યક્તિ હોય તો તે અંગેનું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હા | ૪૦ | ૧૦ |
| ૨. | ના | ૩૬૦ | ૯૦ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોવાળા કુટુંબોમાં અન્ય વિકલાંગ સભ્યોની સંભાવના હોય તેવા ઉતરદાતાઓનું પ્રમાણ કુલ ઉતરદાતાના પ્રમાણમાં ૪૦ જેટલું એટલે કે ૧૦% જેટલું જાણાયું. જ્યારે અન્ય વિકલાંગ વ્યક્તિ કુટુંબમાં ન હોય તેવા ઉતરદાતાનું પ્રમાણ કુલ ઉતરદાતાના પ્રમાણમાં ૩૬૦ એટલે કે ૯૦% જેટલું ફલીત થયું.



## કોષ્ટક નંબર : ૪.૭

## લગ્ન બાદ સંતાન પ્રાપ્તિ અંગેનું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧, | –૨ વર્ષ | ૩૩૦ | ૮૨.૫ |
| ૨. | ૨થીજ વર્ષ | ૩૦ | ૭.૫ |
| ૩. | ૪થી૬ વર્ષ | ૨૫ | ૬.૨૫ |
| ૪. | ૬ + વર્ષ | ૧૫ | ૩.૭૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોની સંભાળ લેનાર ઉતરદાતાઓને તેમના લગ્ન બાદ કેટલા વર્ષે સંતાન પ્રાપ્તી થઈ તે અંગેના કોષ્ટકમાં જાણવા મળે છે કે કુલ ઉતરદાતાઓમાંથી ૩૩૦ જેટલા એટલે કે ૮૨.૫% જેટલા ઉતરદાતાઓને લગ્ન બાદના બે વર્ષ દરમ્યાન સંતાન પ્રાપ્તી થયેલ હતી. જ્યારે ૨થીજ વર્ષ દરમ્યાન સંતાન પ્રાપ્તી થઈ હોય તેવા ઉતરદાતાઓનું પ્રમાણ કુલ ઉતરદાતાના પ્રમાણમાં ૩૦ જેટલું એટલે કે ૭.૫% જેટલું જાણાયું અને લગ્ન બાદ ૪થી૬ વર્ષના સમયગાળા દરમ્યાન સંતાન પ્રાપ્તી થઈ હોય તેવા ઉતરદાતાનું પ્રમાણ કુલ ઉતરદાતાના પ્રમાણમાં ૨૫ જેટલુ એટલે કે ૬.૨૫% જેટલું જાણાયું જ્યારે લગ્ન બાદના ૬ વર્ષ કરતા વધારે સમય બાદ સંતાન થયું હોય તેવા ઉતરદાતાનું પ્રમાણ કુલ ઉતરદાતાના પ્રમાણમાં ૧૫ જેટલું એટલે કે ૩.૭૫% જેટલું એટલે કે બહુજ ઓછું જાણાયું.

લગ્નબાદ સંતાન પ્રાપ્તિ અંગેના કોષ્ટકમાં લગ્નબાદ બે વર્ષના સમયગાળામાં સંતાન પ્રપ્તિ થઈ હોય તેવું જાણાવનાર ઉત્તરદાતા માતાઓનું ધાણું જ ઉચું પ્રમાણ જાણાય છે પરંતુ આ પ્રથમ સંતાન વિકલાંગ છે કે નહી અથવા તો પ્રથમ સંતાનને થોડા સમય બાદ વિકલાંગતા આવી છે તે અંગે સ્પષ્ટતા જરૂરી છે કે વિકલાંગતા અને સંતાન પ્રાપ્તિના સમયને મુલવવામાં આવેલ નથી.

## કોષ્ટક નંબર : ૪.૮

## ગર્ભાવસ્થા દરમ્યાન કોઈ બિમારી લાગુ પડેલ તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હા | ૬૫ | ૧૫.૨૫ |
| ૨. | ના | ૩૩૫ | ૮૩.૭૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોના ઉછેરની જવાબદારી ધરાવતા ઉતરદાતાઓ કે જેઓ તેમની માતાઓને તેમની સગર્ભાવસ્થા દરમ્યાન તેમને કોઈ બિમારી લાગુ પડી હતી કે કેમ જેની અસર ગર્ભાશિય બાળક ઉપર થઈ હોય તેવા ઉપરના કોષ્ટક પરથી ફલીત થાય છે કે કુલ ઉતરદાતાઓના પ્રમાણમાં માત્ર ૬૫ ઉતરદાતાઓ માતાઓએ એટલે કે ૧૬.૨૫% ઉતરદાતાઓને લાગુ પડેલ હતી જ્યારે ૩૩૫ ઉતરદાતા માતાઓને એટલે કે ૮૯.૭૫% જેટલી માતાઓને કે સગર્ભાવસ્થા દરમ્યાન કોઈજ બિમારી લાગુ પડી ન હતી.

માતાની બિમારી અને વિકલાંગતા વિશે જો થયેલ હોય તો તે અભ્યાસોનો આધાર લેવામાં આવેલ નથી.



## કોષ્ટક નંબર : ૪.૯

## નડેલ અકસ્માતના પ્રકાર અંગેનું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | પડી ગયા હતા | ૫૦ | ૬૨.૫ |
| ૨. | વાહન અકસ્માત થયેલ | ૫ | ૬.૨૫ |
| ૩. | વજન ઉંચકવાને કારણે | ૨૫ | ૩૧.૨૫ |
| ૪. | અકસ્માત નડેલ નથી. | ૩૨૦ | ૮૦ |
| | **કુલ** | **૮૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોના ઉછેરની જવાબદારી વહન કરનાર ઉત્તરદાતા માતાઓને તેમની સગર્ભાવસ્થા દરમ્યાન જો અકસ્માત નડેલ હોય તો તે અંગેના ઉપરોકત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે કુલ ઉત્તરદાતાના પ્રમાણમાં માત્ર ૮૦ માતાઓને એટલે કે ૨૦% જેટલી માતાઓને અકસ્માત નડેલ છે જેમાંથી પડી ગયેલ હોય તેવી માતાઓની સંખ્યા ૫૦ એટલે કે ૬૨.૫% થાય છે. વાહન અકસ્માત થયેલ માતાનું પ્રમાણ ૫ એટલે કે ૬.૨૫ થયેલ છે અને વજન ઉચકવાને પરિણામે અકસ્માત થયેલ માતાઓનું પ્રમાણ ૨૫ એટલે કે ૩૧.૨૫% જેટલુ છે. જયારે સગર્ભાવસ્થા દરમ્યાન અકસ્માત નડેલ ન હોય તેવી માતાઓનું પ્રમાણ ૩૨૦ જેટલુ એટલે કે ૮૦% જેટલું જાણાયુ છે આથી એમ કરી શકાય કે સગર્ભાવસ્થા જેવા સંવેદનશીલ સમયમાં બહુ ઓછી માતાઓને અકસ્માત નડેલ હતો.

## કોષ્ટક નંબર : ૪.૧૦

## ગર્ભાવસ્થા દરમ્યાન લેવાતા ખોરાક દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | ડોકટરની સૂચના મુજબની | ૨૧૪ | ૫૩.૫ |
| ૨. | વડીલોના સુચન મુજબનો પૌષ્ટીક ખોરાક | ૧૫૫ | ૩૮.૭૫ |
| ૩. | મને જે પસંદ પડે તે ખોરાક | ૨૦ | ૫ |
| ૪. | ખાસ કોઈ કાળજી રાખેલ ન હતી | ૧૧ | ૨.૭૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોના ઉછેરની જવાબદારી વહન કરતી માતાઓને તેમની સગર્ભાવસ્થાદરમ્યાન લીધેલ ખોરાક અંગેના ઉપરોક્ત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે કુલ ઉતરદાતાઓના પ્રમાણમાં કોષ્ટકની સુચના મુજબ ખારાક લેતી માતાઓનું પ્રમાણ કુલ ઉતરદાતાઓના પ્રમાણમાં ૨૧૪ એટલે કે ૫૩.૫% જેટલુ છે જયારે વડીલોની સુચના મુજબ ખોરાક લેતી માતાઓનું પ્રમાણ કુલ ઉતરદાતાના પ્રમાણમાં ૧૫૫ એટલે કે ૩૮.૭૫% જેટલું છે. તો પોતાની પસંદગી અનુસાર ખોરાક લેનાર માતાઓનું પ્રમાણ કુલ ઉતરદાતાઓના પ્રમાણમાં ૨૦ જેટલુ એટલે કે ૫% છે જ્યારે ખારાક અંગેની કાળજી ન લેનાર માતાઓનું પ્રમાણ કુલ ઉતરદાતાના સંદર્ભમાં ૧૧ જેટલુ એટલે કે ૨.૭૫% જેટલું ફલીત થાય છે. સગર્ભાવસ્થા દરમ્યાન લેવામાં આવતો ખોરાક એ ગર્ભાસ્થ બાળકના સ્વાસ્થ્ય અને સલામત પ્રસુતિ અંગે બહુજ મહત્વનું પરિબળ હોવા છતા તે અંગે ઉતરદાતા માતાઓ તરફથી વિવિધ પ્રતિભાવ મળેલ હતા.

## કોષ્ટક નંબર : ૪.૧૧

## સગર્ભાવસ્થા દરમ્યાન ગાયનેકોલોજીસ્ટની સલાહ લેવામાં આવેલી તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હા | ૩૮૦ | ૯૫ |
| ૨. | ના | ૨૦ | ૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોની સંભાળ લેનાર ઉતરદાતા માતાઓ તેમની સગર્ભાવસ્થા દરમ્યાન ગાયનેકોલોજીસ્ટની લેવાયેલ સલાહ અંગેના ઉપરોક્ત કોષ્ટક દ્વારા ફલીત થાય છે કે કુલ ઉતરદાતાના પ્રમાણમાં ૩૮૦ જેટલી એટલે કે ૯૬% માતાઓએ ગાયનેકોલોજીસ્ટની સલાહ લીધી હતી. જ્યારે ગાયનેકોલોજીસ્ટની સલાહ ન લીધી હોય તેવી માતાઓનું પ્રમાણ માત્ર ૨૦ એટલે કે ૦.૫% જેટલુ જાણાયુ હતું. આમ સગર્ભાવસ્થા દરમ્યાન ગાયનેકોલોજીસ્ટની સલાહ લેવી. સંતાન જરૂરી છે તેનું મહત્વ માતાઓ સમજે છે તે ઉપરના આંકડાઓ પરથી ફલીત થાય છે.



## કોષ્ટક નંબર : ૪.૧૨

## જો હા, તો ગાયનેકોલોજીસ્ટ પાસે નિદાન માટે જે સંજોગોમાં જતા તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | પ્રસુતિ શાસ્ત્ર પ્રમાણે દર માસે | ૨૨૫ | ૫૯.૨૯ |
| ૨. | જરૂર પડે ત્યારે | ૫૮ | ૧૫.૨૬ |
| ૩. | પેટમાં દુખે ત્યારે | ૯૭ | ૨૫.૫૩ |
| | **કુલ** | **૩૮૦** | **૧૦૦** |

સગર્ભાવસ્થા દરમ્યાન ગાયનેકોલોજીસ્ટની સલાહ લેનાર ૩૮૦ ઉતરદાતા માતાઓને પાયા તરીકે લઈને કેવા સંજોગોમાં તેઓ ગાયનેકોલોજીસ્ટ પાસે જતા હતા તે અંગેની ઉપરોક્ત કોષ્ટક દ્વારા તે જાણવા મળેલ છે કે પ્રસુતિશાસ્ત્રના નિયમ પ્રમાણે નિયમીત પણે ગાયનેકોલોજીસ્ટ પાસે જનાર માતાઓનું પ્રમાણ ૩૮૦ના સંદર્ભમાં ૨૨૫ જેટલું એટલે કે ૫૯.૨૧% જેટલું જણાયુ જ્યારે જરૂર પડે ત્યારે જ જનાર માતાઓનું પ્રમાણ ૩૮૦ના સંદર્ભમાં ૫૮ જેટલુ એટલે કે ૧૫.૨૮% જેટલું જણાયુ અને પેટમાં દુ:ખાવો ઉપડે ત્યારે જ ગાયનેકોલોજીસ્ટ પાસે જનાર માતાઓનું પ્રમાણ ૯૭ જેટલુ એટલે કે ૨૫.૫૩% જેટલું જાણવામાં આવેલું. આ ઉપરથી એ ફલીત થાય છે કે ગાયનેકોલોજીસ્ટ પાસે નિયમિત જનાર માતાઓનું પ્રમાણ અનિયમિતપણે જનાર માતાઓ કરતા વધારે જણાય છે.

## કોષ્ટક નંબર : ૪.૧૩

## સગર્ભાવસ્થા દરમ્યાન માતાને બ્લડપ્રેશર અંગે તકલીફ હતી તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હા | ૧૭૭ | ૪૪.૨૫ |
| ૨. | ના | ૨૨૩ | ૫૫.૭૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોના ઉછેરની જવાબદારી સંભાળનાર ઉતરદાતા માતાઓને તેમની સગર્ભાવસ્થા દરમ્યાન બ્લડપ્રેશરની કોઈ સમસ્યા હતી કે કેમ તે અંગેના ઉપરોક્ત કોષ્ટક દ્વારા ફલીત થાય છે કે કુલ ઉતરદાતાઓના પ્રમાણમાં ૧૭૭ ઉતરદાતા માતાઓ બ્લડ પ્રેસરની સમસ્યાઓથી પીડાતી એટલે કે ૪૪.૨૫% જેટલી માતાઓને બ્લડ પ્રેશરની સમસ્યા હતી જ્યારે ૨૨૩ એટલે કે ૫૫.૭૫% માતાઓને બ્લડ પ્રેશરની આ સમય દરમ્યાન સમસ્યા ન હતી. આમ બ્લડ પ્રેસરની સમસ્યાથી પીડીત અને અપીડીત ઉતરદાતા માતાઓ વચ્ચે માત્ર ૧૦% જેટલોજ તફાવત રહે છે તે સૂચક છે.



## કોષ્ટક નંબર : ૪.૧૪

## બ્લડપ્રેસરની સારવારનો પ્રકાર દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | ગાયનૅકોલોજીસ્ટની સલાહ પ્રમાણે સારવાર | ૧૨૮ | ૭૨.૩૨ |
| ૨. | ફેમીલી ડોકટરની સલાહ પ્રમાણે સારવાર | ૩૫ | ૧૯.૭૭ |
| ૩. | વડીલોની સલાહ પ્રમાણે | ૧૪ | ૭.૯૧ |
| | **કુલ** | **૧૭૭** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોના ઉછેરની જવાબદારી સંભાળનાર જે ઉતરદાતા માતાઓ બ્લડપ્રેસરની સમસ્યાથી પીડાતી હતી તેમનો પ્રમાણને પાયા તરીકે સ્વીકારીને તે ઉતરદાતા માતાઓમાંથી કેટલીક માતાઓ બ્લડપ્રેસરની સારવાર લેતી હતી તે અંગેના ઉપરોક્ત કોષ્ટક દ્વારા ફલીત થાય છે કે કુલ ૧૭૭ ઉતરદાતાઓમાંથી ૧૨૮ ઉતરદાતા માતાઓ એટલે કે ૭૨.૩૨% માતાઓ ગાયનેકોલોજીસ્ટની સલાહ પ્રમાણે સારવાર લેતી માલુમ પડે છે. જ્યારે ફેમીલી ડોક્ટરની સલાહ પ્રમાણે સારવાર લેતી ઉતરદાતા માતાઓનું પ્રમાણ ૧૭૭ના સંદર્ભમાં ૩૫ જેટલું એટલે કે ૧૯.૭૭% જેટલું જણાયું છે. જ્યારે ૧૭૭ના સંદર્ભમાં ૧૪ જેટલી ઉતરદાતા માતાઓ ૭.૯૧% જેટલું પ્રમાણ વડીલોની સલાહ પ્રમાણે ચાલતી હતી.

## કોષ્ટક નંબર : ૪.૧૫

## સગર્ભાવસ્થા દરમ્યાન લોહતત્વ વધારતી વિટામીનની ગોળીઓ નિયમીત લેવાતી તેની માહિતી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હા | ૩૭૫ | ૯૩.૭૫ |
| ૨. | ના | ૨૫ | ૬.૨૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના સગર્ભાવસ્થા દરમ્યાન પોષણ માટે કોઈપણ પ્રકારની લોહતત્વની દવા લીધી હતી કે કેમ તે અંગેના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે કુલ ઉતરદાતાના સંદર્ભમાં ૩૭૫ એટલે કે ૯૩.૭૫% ઉતરદાતાઓ આવી દવા લીધી છે તેવું જણાવેલ છે.

જ્યારે આવી લોહતત્વની દવા લીધેલ નથી તેવુ જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૨૫ એટલે કે ૬.૨૫% જેટલુ જાણવા મળેલ છે. આથી ફલીત થાય છે કે સગર્ભાવસ્થા દરમ્યાન પોષણ આપતી લોહતત્વની દવાઓ લેનાર ઉતરદાતાઓનું પ્રમાણ ઘણુ ઉંચુ છે.



## કોષ્ટક નંબર : ૪.૧૬

## સગર્ભાવસ્થા દરમિયાન વિટામિન્સની ગોળીઓ ન લેવાના કારણો દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | ઘરના વડીલોની સલાહ મુજબ | ૫ | ૨૦ |
| ૨. | આર્થિક કારણોસર | ૧૭ | ૬૮ |
| ૩. | જરૂર ન પડવાથી | ૩ | ૧૨ |
| | **કુલ** | **૨૫** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર અને સગર્ભાવસ્થા દરમ્યાન લોહતત્વની દવા ન લેનાર ૨૫ ઉતરદાતાઓને પાયા તરીકે રાખીને આ પ્રકારની દવાઓ શા માટે લીધેલ નથી તેના કારણો અંગેના વિસ્તૃત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે ઘરના વડીલોની સલાહ મુજબ આવી દવા લીધેલ નથી તેવુ જણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૨૫ના સંદર્ભમાં ૫ એટલે કે ૨૦% જેટલુ જણાયું છે. જ્યારે આર્થિક કારણોસર આવી દવા ન લેનાર ઉતરદાતાનું પ્રમાણ ૨૫ના સંદર્ભમાં  ૧૭ એટલે કે ૬૮% જેટલું જાણવા મળેલ છે જ્યારે પોતાને જરૂર ન લાગવાથી આવી દવા લીધેલ નથી તેવું જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૨૫ના સંદર્ભમાં ૩ એટલે કે ૧૨% જેટલુ જણાયેલ છે. આથી ફલીત થાય છે કે આર્થિક કારણોસર સગર્ભાવસ્થા દરમ્યાન લોહતત્વની દવા ન લેનાર ઉતરદાતાનું પ્રમાણ ઉંચુ છે.

## કોષ્ટક નંબર : ૪.૧૭

## પ્રસુતિનો પ્રકાર દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | નોરમલ | ૨૨૫ | ૫૬.૨૫ |
| ૨. | ફોરસેપ | ૮૫ | ૨૧.૨૫ |
| ૩. | સીઝેરીયન | ૯૦ | ૨૨.૫૦ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોના ઉછેરની જવાબદારી સંભાળનાર ઉતરદાતા માતાઓને તેમની પ્રસુતિના પ્રકાર અંગેના પ્રસ્તુત કોષ્ટક દ્વારા એ ફલીત થાય છે કે કુલ ઉતરદાતાના પ્રમાણમાં ૨૨૫ ઉતરદાતા એટલે કે ૫૬.૨૫% માતાઓને નોરમલ પ્રસુતિ થઈ જ્યારે ફોરસેપ દ્વારા પ્રસુતિ થયેલ માતાનું પ્રમાણ કુલ ઉતરદાતાના સંદર્ભમાં ૮૫ એટલે કે ૨૧.૨૫% જેટલું જાણવામાં આવ્યું. જ્યારે સીઝેરીયન કરાવેલ ઉતરદાતા માતાઓનું પ્રમાણ ૯૦ એટલે કે ૨૨.૫૦% જાણવામાં આવ્યું. આથી ફલીત થાય છે કે સામાન્ય પ્રસુતિ દ્વારા બાળકને જન્મ આપનાર માતાનું પ્રમાણ પ્રસુતિની અન્ય પદ્ધતિઓ કરતા વધારે જણાય છે.



## કોષ્ટક નંબર : ૪.૧૮

## નવજાત શિશુને લાગુ પડેલ બિમારી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | આંચકી તાણ | ૨૨૦ | ૫૫.૦૦ |
| ૨. | પોલિયો | ૧૫૦ | ૩૭.૫૦ |
| ૩. | કમળો | ૩૦ | ૦૭.૫૦ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

નવજાત બાળકને જન્મ બાદ કેવા પ્રકારની બીમારી લાગુ પડેલ એ અંગેના પ્રશ્ન દ્વારા સૂચીત થાય છે કે કુલ ઉતરદાતાના પ્રમાણ ૨૨૦ નવજાત બાળકો એટલે કે ૫૫% બાળકોને તાણ કે આંચકી આવેલ જેને પરિણામે તેમનામાં પંગુતા આવી ગયેલ. જ્યારે પોલીયો થયેલ નવજાત બાળકનું પ્રમાણ ૧૫૦ એટલે કે ૩૭.૫૦% જણાયું કે જેની અસર તેમના સ્વાસ્થ્ય પર થઈ અને અપંગ બન્યા જ્યારે કમળો થયેલ નવજાત બાળકનું પ્રમાણ ૩૦ જેટલું એટલે કે ૭.૫૦% જેટલું જણાયું.



## કોષ્ટક નંબર : ૪.૧૯

## શિશુ અવસ્થા દરમ્યાન માતાનું દૂધ પીવડાવેલ તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હા | ૩૭૦ | ૯૨.૫૦ |
| ૨. | ના | ૩૦ | ૦૭.૫૦ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોના ઉછેરની જવાબદારી વહન કરનારી ઉતરદાતા માતાઓએ પોતાના બાળકોને સ્તનપાન કરાવેલ છે કે નહી તે અંગેના ઉપરોક્ત કોષ્ટક દ્વારા એ પ્રતિબિંબીત થાય છે કે બાળકને પોતાનું દુધ આપનાર માતાઓનું પ્રમાણ કુલ ઉતરદાતાના પ્રમાણમાં ૩૭૦ એટલે કે ૯૨.૫૦% જેટલું જણાય છે તો પોતાનું દુધ ન આપનાર માતાઓનું પ્રમાણ ૩૦ જેટલું એટલે કે માત્ર ૭.૫૦% જેટલું જ જાણવા મળ્યું આથી એ ફલીત થાય છે કે બાળકોને પોતાનું દુધ પાવાનો આગ્રહ રાખનાર માતાઓનું પ્રમાણ ઉતરદાતા સમાજમાં ઘણું મોટું છે.



## કોષ્ટક નંબર : ૪.૨૦

## શિશુ અવસ્થા દરમ્યાન બાળકને નડેલ અકસ્માત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હા | ૧૫ | ૩.૭૫ |
| ૨. | ના | ૩૮૫ | ૯૬.૨૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોના ઉછેરની જવાબદારી અદા કરનાર ઉતરદાતાને બાળકને શિશુ અવસ્થા દરમ્યાન નડેલ અકસ્માત અંગેના પ્રશ્ન પુછતા જે પ્રતિભાવો મળ્યા તે ઉપરોક્ત કોષ્ટકમાં પ્રતિબિંબત છે.

શિશુ અવસ્થા દરમ્યાન બાળકને અકસ્માત નડેલ હોય તેવા બાળકોનું પ્રમાણ ૧૫ એટલે કે ૩૦.૭૫% જેટલું જણાયું તો અકસ્માત નડેલ હોય તેવા બાળકોનું પ્રમાણ ઘણુંજ ઉંચુ એટલે કે ૩૮૫, ૨૭.૨૫% જેટલું જણાયું.



## કોષ્ટક નંબર : ૪.૨૧

## નડેલ અકસ્માતના પ્રકાર દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | બાળક ઘોડીયામાંથી પડી ગયેલ | ૧૦ | ૬૬.૬૭ |
| ૨. | બાળક ચાલવાનું શીખતી વખતે પડી ગયેલ | ૩ | ૨૦ |
| ૩. | સામાન્ય રોડ અકસ્માત થયેલ | ૨ | ૧૩.૩૩ |
| | **કુલ** | **૧૫** | **૧૦૦** |

શિશુ અવસ્થામાં બાળકને અકસ્માત નડેલ હોય એવા પ્રકારના પ્રશ્નના ઉતરમાં બહુવિકલાંગ બાળકોના ઉછેરની જવાબદારી સંભાળનાર ઉતરદાતાઓ તરફથી જે પ્રતિભાવો મળ્યા છે તે ઉપરના  દર્શાવવામાં આવ્યા છે. તે પરથી જાણવા મળે છે કે અકસ્માત નડેલ ૧૫ બાળકોના સંદર્ભમાં ૧૦ બાળકોને શિશુ અવસ્થા દરમ્યાન ઘોડીયામાંથી પડી ગયેલ હોય તેમનું પ્રમાણ ૬૬.૬૭% જેટલું જાણાયું જ્યારે આ અવસ્થા દરમ્યાન ચાલતા શીખવાની પ્રક્રિયા દરમ્યાન પડી ગયેલ બાળકનું પ્રમાણ ૧૫ બાળકના પ્રમાણમાં ૩ એટલે કે ૨૦% જેટલું જાણાયું. જ્યારે સામાન્ય રોડ અકસ્માત થયેલ બાળકનું પ્રમાણ ૧૫ બાળકોના સંદર્ભમાં નવું એટલે કે ૧૩.૩૩% જેટલું જાણવા મળેલ છે. આ પરથી ફલીત થાય છે કે શિશુ અવસ્થામાં બાળક ઘોડીયામાંથી પડી ગયેલ શિશુનું પ્રમાણ વધારે છે.

## કોષ્ટક નંબર : ૪.૨૨

## બાળકની વિકલાંગતાની સૌ પ્રથમ જાણ થઈ તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | અંગોનું હલન ચલન ન જોતા | ૧૨૦ | ૩૦ |
| ૨. | બાળકનો અવાજ ન સંભળાતા | ૯૫ | ૨૩.૭૫ |
| ૩. | બાળક અન્ય રીતે અસામાન્ય જણાતા | ૧૮૫ | ૪૬.૨૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓને એમના બાળકની બહુવિકલાંગતાની સૌપ્રથમ જાણ ક્યારે થઈ તે અંગેના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે કુલ ૪૦૦ ઉતરદાતાઓના પ્રમાણમાં ૧૨૦ એટલે કે ૩૦% ઉતરદાતાઓને બાળકોના અંગોનું હલન-ચલન ન જોતા જાણ થયાનું ફલીત થાય છે જ્યારે ૯૫ એટલે કે ૨૩.૭૫% ઉતરદાતાઓ જણાવેલ કે તેમને બાળકોનો અવાજ ન સંભળાતા વિકલાંગતા અંગેની જાણ થઈ જ્યારે બાળક અન્ય રીતે અસામાન્ય જણાતા જાણ થઈ હોઈ એવા ઉતરદાતાનું પ્રમાણ કુલ ઉતરદાતાના સંદર્ભમાં ૧૮૫ જેટલું એટલે કે ૪૬.૨૫% જણાયું હતું. આમ બાળકના વિકાસની અસામાન્યતા જણાતા ઉતરદાતાઓને પોતાનું બાળક વિકલાંગ બનતું જાય છે તેની જાણ થઈ.

**કોષ્ટક નંબર : ૪.૨૩**

**બહુવિકલાંગતા દુર કરવા તમે પ્રથમ શો ઉપાય કરેલ તે અંગેનું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | ફેમીલી ડોકટરની સલાહ લીધેલ | ૩૩૦ | ૮૨.૫ |
| ૨. | ધાર્મીક પૂજાવિધિ કરાવેલ | ૧૦ | ૨.૫ |
| ૩. | ઘરગથ્થુ ઉપચાર કરાવેલ | ૪૦ | ૧૦ |
| ૪. | કશુ નહી કરેલ | ૨૦ | ૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓએ બાળકની વિકલાંગતા અંગેની જાણ થતા તેની સારવાર અંગે શું કાર્યવાહી કરી તે અંગેના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે પોતાના ફેમીલી ડોકટરએ બતાવેલ ઉતરદાતાનું પ્રમાણ કુલ ઉતરદાતાના પ્રામાણમાં ૩૩૦ એટલે કે ૮૨.૫% જેવું જાણવામાં આવ્યું જયારે ધાર્મિક પૂજાવિધી કરાયેલ હોય તેવા ઉતરદાતાનું પ્રમાણ ૧૦ એટલે કે ૨.૫% જેટલું જાણાયું. માત્ર ઘરગથ્થુ ઉપચાર કરાવેલ હોય તેવા ઉતરદાતાનું પ્રમાણ ૪૦ એટલે કે ૧૦% જેટલું જાણવા મળ્યું જયારે બાળકને વિકલાંગતા કે બહુવિકલાંગતા હોવા છતા કશુંજ કરેલ ન હોય તેવા ઉતરદાતાનું પ્રમાણ ૨૦ એટલે કે ૫% જેટલું જાણાયું. આથી ફલીત થાય છે કે પોતાના બાળકની બહુવિકલાંગતા અંગે ફેમિલી ડોકટરની સલાહ લેનાર ઉતરદાતાનું પ્રમાણ ઘણું મોટું છે.

**કોષ્ટક નંબર : ૪.૨૪**

**બહુવિકલાંગ બાળકના રોગની સારવાર અંગે તમે કોને મળેલ તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હાડકાના ડોકટર પાસે ગયા | ૧૫૦ | ૩૭.૫ |
| ૨. | ફીઝીયોથેરાપીસ્ટ પાસે ગયા | ૧૦ | ૨.૫ |
| ૩. | માનસિક રોગ નિષ્ણાંત પાસે ગયા | ૯૫ | ૨૩.૭૫ |
| ૪. | બાળચિકિત્સકને મળ્યા | ૧૪૫ | ૩૬.૨૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓને આ બાળક અંગે કોને મળેલ એ અંગેના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે હાડકાના નિષ્ણાંતને મળેલ ઉતરદાતાઓ કુલ ઉતરદાતાના પ્રમાણમાં ૧૫૦ એટલે કે ૩૭.૫% જેટલું છે. જ્યારે ફીઝીયોથેરાપીસ્ટ મળેલ ઉતરદાતાઓનું પ્રમાણ માત્ર ૧૦ એટલે કે ૨.૫% જેટલું જાણાવેલ છે.. માનસિક રોગોના નિષ્ણાંતને મળેલ ઉતરદાતાનું પ્રમાણ ૯૫ એટલે કે ૨૩.૭૫ જેટલુ જાણાયેલ. જ્યારે બાળચિકિત્સકને ને મળનાર ૧૪૫ એટલે કે ૩૬.૨૫% જેટલુ જાણવા મળેલ છે આથી ફલીત થાય છે કે હાડકાનો નિષ્ણાંતને અને બાળચિકિત્સકને મળનાર ઉતરદાતાનું પ્રમાણ થોડું ઉંચુ છે.

**કોષ્ટક નંબર : ૪.૨૫**

**વિકલાંગ બાળક માટે સુવા બેસવાની અલાયદી વ્યવસ્થા દર્શાવતું કોષ્ટક**

| **ક્રમ** | **વિગત** | **સંખ્યા** | **ટકાવારી** |
|---|---|---|---|
| ૧. | હા | ૧૨૦ | ૩૦ |
| ૨. | ના | ૨૮૦ | ૭૦ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓને આ બાળકો માટે સુવા-વાંચવાની અલગ વ્યવસ્થા અંગેના ઉપરોક્ત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે સુવાબેસવાની અલગ વ્યવસ્થા હોય તેવું જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ કુલ ઉતરદાતાના પ્રમાણમાં ૧૨૦ એટલે કે ૩૦% જેટલુ જાણવા મળેલ તો અલગ વ્યવસ્થા નથી તે પ્રકારનો પ્રતિભાવ આપનાર ઉતરદાતાનું પ્રમાણ ૨૮૦ એટલે કે ૭૯% જેટલુ જણાયું. આથી ફલિત થાય છે કે બહુ ઓછા કુટુંબોમાં બહુવિકલાંગ બાળકો માટે સુવાબેસવાની અલાયદી વ્યવસ્થા છે.



## કોષ્ટક નંબર : ૪.૨૬

## વ્યવસ્થાના પ્રકાર દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | અલગ ઓરડામાં તેના પલંગની વ્યવસ્થા છે | ૩૦ | ૨૫ |
| ૨. | તેના માટે ખાસ પ્રકારની આરામ ખુરશી છે | ૫ | ૪.૧૭ |
| ૩. | ભોય પર અલગ વ્યવસ્થા કરવામાં આવેલ છે | ૮૫ | ૭૦.૮૩ |
| | **કુલ** | **૧૨૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતામાંથી જે ઉતરદાતાઓના કુટુંબમાં બહુવિકલાંગ બાળક માટે સુવા બેસવાની અલગ વ્યવસ્થા છે. તેવા ૧૦૦ ઉતરદાતાઓને પાયા તરીકે સ્વીકારીને આ વ્યવસ્થા કેવા પ્રકારની છે તે અંગોના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણાવાયેલ છે કે અલગ ઓરડામાં તેને માટે પલંગ હોય તેવો પ્રતિ આપનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૧૨૦ના સંદર્ભમાં ૩૦ જેટલુ એટલે કે ૨૫% જેટલુ જાણવા મળ્યું. તો બહુવિકલાંગ બાળક માટે ખાસ પ્રકારની આરામ ખુરશીની વ્યવસ્થા હોય તેવા ઉતરદાતાઓનું પ્રમાણ ૧૨૦ના પ્રમાણમાં વધુ છે. જયારે ભોંય પર જ અલગ વ્યવસ્થા કરવામાં આવે છે તેવું જાણાવનાર ઉત્તરદાતાઓનું પ્રમાણ કુલ ૧૨૦ ઉત્તરદાતાના સંદર્ભમાં ૮૫ એટલે કે ૭૦.૮૩% જેટલું જાણાયું.

## કોષ્ટક નંબર : ૪.૨૭

## બહુવિકલાંગ બાળકની જમવાની વ્યવસ્થા દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હા | ૨૨૫ | ૫૬.૨૫ |
| ૨. | ના | ૧૭૫ | ૪૩.૭૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓને બહુવિકલાંગ બાળકો પોતાની જાતે જમી શકે છે કે કેમ તે અંગેના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે બહુવિકલાંગ બાળકો પોતાની જાતે જમી શકતા હોય તેવુ જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણની કુલઉતરદાતાના સંદર્ભમાં ૨૨૫ એટલે કે ૫૬.૨૫% જેટલું જાણાયું તો બહુવિકલાંગ બાળકો પોતાની જાતે જમી શકતા નથી તેવુ જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૧૭૫ એટલે કે ૪૩.૭૫% જેટલુ જાણવા મળેલ છે.



## કોષ્ટક નંબર : ૪.૨૮

## જમવાની વ્યવસ્થાનો પ્રકાર તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | વાલી પોતે જમાડે છે | ૧૨૦ | ૬૮.૫૭ |
| ૨. | ઘરની અન્ય વ્યક્તિ જમાડે છે | ૩૫ | ૨૦ |
| ૩. | આયાબહેનની વ્યવસ્થા કરેલ છે | ૨૦ | ૧૧.૪૩ |
| | **કુલ** | **૧૭૫** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકો જેઓ પોતાની જાતે જમી શકતા નથી તેવું જાણાવનાર ૧૭૫ ઉતરદાતાઓને પાયા તરીકે સ્વીકારીને આ બાળકો માટે જમવા માટે કેવા પ્રકારની વ્યવસ્થા કરવામાં આવેલ છે તે અંગેના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે વાલી પોતે જમાડતા હોય તેવા ઉતરદાતાઓનું પ્રમાણ ૧૭૦ના સંદર્ભમાં ૧૨૦ એટલે કે ૬૮.૫૨% જેટલુ જાણાયુ જયારે આ બાળકને અન્ય વ્યક્તિ જમાડતી હોય તેવા ઉતરદાતા ૧૭૫ના સંદર્ભમાં ૩૫ જેટલું એટલે કે ૨૦% જેટલું જાણવા મળ્યું જ્યારે બાળકને જમાડવા માટે આયાબહેનની વ્યવસ્થા કરેલ હોય તેવુ જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૭૫ના સંદર્ભમાં માત્ર ૨૦ એટલે કે ૧૧.૪૩ જેટલું જ પ્રમાણ મળેલ છે. આથી ફલીત થાય છે કે બહુવિકલાંગ બાળકને જમાડવાની જવાબદારી વાલી પોતે સંભાળતા હોય તેવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ઘણું મોટું છે.

## કોષ્ટક નંબર : ૪.૨૯

## બહુવિકલાંગ બાળકની કુદરતી ક્રિયાઓ કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | માતા-પિતા મદદ કરે છે. | ૧૨૫ | ૩૧.૨૫ |
| ૨. | કુટુંબના સભ્યો દ્વારા | ૭૩ | ૧૮.૨૫ |
| ૩. | નોકર ચાકર દ્વારા | ૦૫ | ૧.૨૫ |
| ૪. | પોતાની રીતે ક્રિયા કરે છે | ૧૯૭ | ૪૯.૨૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોના ઉછેરની જવાબદારી અદા કરનાર ઉતરદાતાઓના બહુવિકલાંગ બાળકો પોતાની કુદરતી ક્રિયાઓ કઈ રીતે કરે છે તે અંગેના પ્રતિભાવોના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે આ બાળકોને માતા-પિતા મદદ કરતા હોય તેવા ઉતરદાતાનું પ્રમાણ કુલ ઉતરદાતાના સંદર્ભમાં ૧૨૫ એટલે કે ૩૧.૨૫% જેટલુ જણાયુ. જયારે કુટુંબના અન્ય સભ્યો આ બાળકને મદદ કરતા હોય તેવું જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૭૩ જેટલું એટલે કે ૧૮.૨૫% જેટલુ જાણવા મળ્યું. બહુવિકલાંગ બાળકોની આ ક્રિયામાં ઘરના નોકરચાકર મદદ કરતા હોય તેમ જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ માત્ર ૫ એટલે કે ૧.૨૫% જેટલું જાણવા મળ્યું તો આ બાળકો પોતાની જાતે છે. આ વ્યવસ્થા સંભાળતા હોય તેમ જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૧૯૭ એટલે કે ૪૯.૨૫% જેટલું જાણવા મળ્યું. આથી ફલીત થાય છે કે કુદરતી ક્રિયાઓ કરવા અંગેની કામગીરીમાં મોટેભાગે આ વિકલાંગ બાળકોને અન્ય વ્યક્તિની જરૂર પડતી નથી.

## કોષ્ટક નંબર : ૪.૩૦

## બાળકની બહુવિકલાંગતાના પ્રકાર અંગેનું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | માનસિક ક્ષતિ + શારીરીક ક્ષતિ | ૧૦૦ | ૨૫ |
| ૨. | બહેરા + મુંગા | ૧૦૦ | ૨૫ |
| ૩. | દ્રષ્ટિક્ષતિ + માનસિક ક્ષતિ | ૧૦૦ | ૨૫ |
| ૪. | દ્રષ્ટિક્ષતિ + શારીરીક ક્ષતિ | ૧૦૦ | ૨૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓમાં તેમના બાળકોના બહુવિકલાંગતાના  પ્રકાર અંગેના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે માનસિક ક્ષતિ સાથે શારીરીક ક્ષતિ ધરાવનાર બહુવિકલાંગોનું પ્રમાણ ૪૦૦ ઉતરદાતાઓના સંદર્ભમાં ૧૦૦ એટલે કે ૨૫% જેટલું છે. જ્યારે બહેરાપણુ અને મુંગાપણુ એમ બેવડી ક્ષતિ ધરાવનાર બહુવિકલાંગ બાળકોનું પ્રમાણ ૧૦૦ એટલે કે ૨૫% જેટલુ જાણાયુ છે. જ્યારે દ્રષ્ટિક્ષતિ અને માનસિક ક્ષતિ એમ બે ક્ષતિઓ ધરાવનાર બાળકોનું પ્રમાણ ૧૦૦ એટલે કે ૨૫% જેટલું જાણાયેલ છે જ્યારે દ્રષ્ટિક્ષતિ અને શારીરીક ક્ષતિ ધરાવનાર બાળકોનું પ્રમાણ ૧૦૦ એટલે કે ૨૫% જેટલું જાણાય છે.

બાળકની બહુવિકલાંગતાના પ્રકાર અંગેના કોષ્ટકમાં ૧૯૯૫ માં ભારત સરકારે ઘડેલા વિકલાંગ (સમાનતકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણભાગીદારી) કાયદામાં વિકલાંગતા વિશેની આપવામાં આવેલ વ્યાખ્યા અનુસાર જ્યારે કોઈ પણ વ્યકિતને એક કરતા વધારે વિકલાંગતા હોય ત્યારે તેને બહુવિકલાંગતા કહેવામાં આવે છે.

## કોષ્ટક નંબર : ૪.૩૧

## બહુવિકલાંગ બાળકની અન્ય ગંભીર બિમારીની વિકલાંગતા પર પડતી અસર દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હા | ૧૯૫ | ૪૮.૭૫ |
| ૨. | ના | ૨૦૫ | ૫૧.૨૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓમાં બહુવિકલાંગ બાળકોની અન્ય ગંભીર બીમારીની અસર તેમની વિકલાંગતા પર થાય છે કે કેમ તે અંગેના પ્રતિભાવોના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે ગંભીર બીમારીની તેમની વિકલાંગતા પર અસર થાય છે તેવું જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ કુલ ઉતરદાતાઓના સંદર્ભમાં ૧૯૫ એટલેકે ૪૮.૭૫% જેટલું જાણાયું તો આ બાળકોને ગંભીર બીમારીની અસર બહુવિકલાંગતા પર થતી નથી તેવું જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૨૦૫ એટલે કે ૫.૨૫% જેટલું જાણવા મળે છે આથી ફલિત થાય છે કે બહુવિકલાંગ બાળકોને ગંભીર બીમારીની અસર થાય છે અને નથી થતી તેવા પ્રતિભાવો આપનાર ઉતરદાતાઓનું પ્રમાણ લગભગ સરખુ છે.



## કોષ્ટક નંબર : ૪.૩૨

## જો હા, તો કઈ રીતે અસર પડે છે તે દર્શાવતુ કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | બીજી વિકલાંગતાની સારવાર પર અસર પડે છે | ૯૩ | ૪૭.૭૦ |
| ૨. | બન્ને વિકલાંગતા સંભાળી શકાતી નથી | ૧૪ | ૭.૧૮ |
| ૩. | બન્ને વિકલાંગતાના અલગ-અલગ પરિમાણો હોય છે | ૮૮ | ૪૫.૧૨ |
| | **કુલ** | **૧૯૫** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના બહુવિકલાંગ બાળકોની એક વિકલાંગતા બીજી વિકલાંગતાને અસર કરે છે તેવું જણાવનારા ૧૯૫ ઉતરદાતાઓને પાયા તરીકે લઈને મળેલા પ્રતિભાવોના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે એક વિકલાંગતાને કારણે બીજી વિકલાંગતાની સારવાર પર અસર પડે છે તેવું જણાવનારા ઉતરદાતાનું પ્રમાણ ૧૯૫ના સંદર્ભમાં ૯૫ એટલે કે ૪૭.૭૦% જેટલું જાણવા મળેલ છે જ્યારે બન્ને વિકલાંગતા સંભાળી શકાતી નથી. તેવું જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૯૫ના સંદર્ભમાં ૧૪ એટલે કે ૭.૧૮% જેટલું જણાવેલ છે જ્યારે બન્ને વિકલાંગતાનું પ્રમાણ અલગ-અલગ હોય છે તેવુ જણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૧૯૫ના સંદર્ભમાં ૮૮ એટલે ૪૫.૧૨% જેટલું જાણવા મળેલ છે.

આથી ફલીત થાય છે કે બહુવિકલાંગ બાળકોમાં એક વિકલાંગતા બીજી વિકલાંગતા માટે બાધક બને છે.

## કોષ્ટક નંબર : ૪.૩૩

## બહુવિકલાંગ બાળકની સારવારની પદ્ધતિ અંગેનું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | એલોપેથીક | ૨૩૦ | ૫૭.૫ |
| ૨. | હોમિયોપેથીક | ૩૫ | ૮.૭૫ |
| ૩. | ફીઝીયોથેરાપીક | ૧૨૦ | ૩૦ |
| ૪. | આયુર્વેદ | ૧૫ | ૩.૭૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના બહુવિકલાંગ બાળકોની સારવાર કરવાની પદ્ધતિ અંગેના પ્રતિભાવોમાં પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે બહુવિકલાંગ બાળકોની એલોપેથીક પદ્ધતિથી સારવાર કરનાર ઉતરદાતાઓનું પ્રમાણ કુલ ઉતરદાતાઓના પ્રમાણમાં ૨૩૦ એટલે કે ૫૭.૫% જેટલું જાણાયું જ્યારે હોમીયોપેથીક પદ્ધતિની સારવાર કરાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૩૫ એટલે કે ૮.૭૫% જેટલું જાણવા મળ્યું. બહુવિકલાંગ બાળકોની ફીઝીયોથેરાપીક સારવાર કરાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૧૨૦ એટલે કે ૩૦% જેટલું જાણાયું જ્યારે આયુર્વેદ પદ્ધતિથી સારવાર કરાવનારનું પ્રમાણ ૧૫ એટલે કે ૩.૭૫% જેટલું જાણવા મળ્યું. આથી ફલીત થાય છે કે બહુવિકલાંગ બાળકોની સારવાર અંગે એલોપેથીક ચિકિત્સા પદ્ધતિમાં વિશ્વાસ રાખનાર ઉતરદાતાઓનું પ્રમાણ ઉંચુ છે.

## કોષ્ટક નંબર : ૪.૩૪

## ઘરે ડોકટરને બોલાવવાની જરૂર ઉભી થતી હોય તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હા | ૬૫ | ૧૬.૨૫ |
| ૨. | ના | ૩૩૫ | ૮૩.૭૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોના ઉછેરની જવાબદારી સંભાળનાર ઉતરદાતાઓના આ બહુવિકલાંગ બાળકો માટે ડોકટરને ઘેર બોલાવવા પડે છે કે કેમ તે અંગેના પ્રતિભાવોના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે ડોકટરને ઘેર બોલાવવા પડતા હોય તેવું જણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ કુલ ઉત્પાદનના પ્રમાણમાં ૬૫ એટલે કે ૧૬.૨૫% જેટલું જણાયું જ્યારે ડોકટરને ઘેર બોલાવવા પડતા નથી તેવું જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૩૩૫ એટલે કે ૮૩.૭૫% જેટલું જાણવા મળ્યું. આથી ફલીત થાય છે કે આ બહુવિકલાંગ બાળકો માટે ડોકટરને ઘેર ના બોલાવવા પડતા હોય તેવુ જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ઘાણું ઉંચુ છે.



## કોષ્ટક નંબર : ૪.૩૫

## ડૉકટરની સલાહના પ્રકાર દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | યોગ્ય દવાઓ આપે છે | ૪૫ | ૬૯.૨૩ |
| ૨. | હોસ્પિટલમાં દાખલ થવાની સલાહ આપે છે | ૧૫ | ૨૩.૦૮ |
| ૩. | તાત્કાલીક ઓપરેશનની સલાહ આપે છે | ૫ | ૭.૬૯ |
| | **કુલ** | **૬૫** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોની સંભાળ રાખનાર ૬૫ એવા ઉતરદાતાઓ કે જેમાણે ડોકટરએ તાત્કાલીક ઘેર બોલાવવા પડે છે તેવો પ્રતિભાવ આપેલો તેને પાયા તરીકે સ્વીકારીને ડોકટર બાળકને તપાસ્યા બાદ શું સલાહ આપે છે તે અંગેના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે યોગ્ય દવાઓ આપે છે તેમ જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ કુલ ઉતરદાતાઓ ૬૫ના પ્રમાણમાં ૪૫ એટલે કે ૬૯.૨૩% જેટલું રહેવા પામ્યું છે જ્યારે હોસ્પીટલમાં દાખલ કરવા અંગે સલાહ મળેલ છે તેવુ જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૬૫ના પ્રમાણમાં ૧૫નું એટલે કે ૨૩.૦૮% રહેવા પામેલ છે. તાત્કાલીક ઓપરેશન કરાવવાની સલાહ મળેલ છે તેવુ જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૬૫ના પ્રમાણમાં માત્ર ૫ એટલે કે ૭.૬૯% જેટલું રહેવા પામ્યું છે. આથી એ ફલીત થાય છે કે ડોકટરને ઘેર બોલાવ્યા બાદ ડોકટરે યોગ્ય દવાઓ આપી હોય તેમ જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ વધુ છે.

## કોષ્ટક નંબર : ૪.૩૬

## બહુવિકલાંગ બાળકને સારવાર માટે દવાખાને લઈ જવાની રીત અંગેનું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | પોતાના વાહન દ્વારા | ૨૦૫ | ૫૧.૨૫ |
| ૨. | એમ્બ્યુલન્સ દ્વારા | ૫ | ૧.૨૫ |
| ૩. | રીક્ષા દ્વારા | ૧૯૦ | ૪૭.૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોની સારવાર સંભાળનાર ઉતરદાતા પોતાના બહુવિકલાંગ બાળકને સારવાર માટે દવાખાને લઈ જવાના વાહન અંગેના પ્રતિભાવોના ઉપરોક્ત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે પોતાના વાહન દ્વારા દવાખાને લઈ જનાર ઉતરદાતાઓનું પ્રમાણ કુલ ઉતરદાતાઓના પ્રમાણમાં ૨૦૫ એટલે કે ૫૧.૨૫% જેટલું જાણવા મળેલ છે. જ્યારે એમ્બ્યુલન્સની મદદ લેનાર ઉતરદાતાઓનું પ્રમાણ માત્ર ૫ એટલે કે ૧.૨૫% જેટલું જાણાયું છે. રીક્ષા દ્વારા દવાખાને પહોચાડનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૧૯૦ એટલે કે ૪૭.૫% જેટલું જણાયેલ છે. આથી ફલીત થાય છે કે આવા સંજોગોમાં ઉતરદાતાઓ એમ્બ્યુલન્સની રાહ જોતા નથી અને પ્રાપ્ત સાધન દ્વારા સારવાર માટે દવાખાને પહોંચે છે.



## કોષ્ટક નંબર : ૪.૩૭

## બહુવિકલાંગ બાળકને દવાખાનામાં દાખલ થતી વખતે ભોજનની શી વ્યવસ્થા અંગેનું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | સગાસંબંધીઓ ટીફીન પહોચાડે છે | ૭૫ | ૧૮.૭૫ |
| ૨. | હોસ્પિટલની કેન્ટીનનો ઉપયોગ કરીએ છીએ | ૧૩૭ | ૩૪.૨૫ |
| ૩. | હોટલમાં જમી આવીએ છીએ | ૨૯ | ૭.૨૫ |
| ૪. | સ્વૈચ્છિક સંસ્થાઓની ટીફીન સેવાઓ લાભ લઈએ છીએ | ૧૮ | ૪.૫ |
| ૫. | પોતાની રીતે વ્યવસ્થા કરીએ છીએ | ૧૪૧ | ૩૫.૨૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના બહુવિકલાંગ બાળકને હોસ્પીટલમાં દાખલ કરવામાં આવે છે ત્યારે ભોજનની વ્યવસ્થા અંગેના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે સગાવ્હાલાઓ દ્વારા ટીફીનની વ્યવસ્થા થતી હોઈ તેવું જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ કુલ ઉતરદાતાઓના પ્રમાણમાં ૭૫ એટલે કે ૧૮.૭૫% જેટલુ જ જણાયુ જ્યારે હોસ્પીટલની કેન્ટીનનો ઉપયોગ કરતા હોય તેવુ જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૧૩૭ એટલે કે ૩૪.૨૫% જેટલું જાણવા મળ્યું. હોટલમાં જમવા જનારનું પ્રમાણ ૨૯ એટલે કે ૭.૨૫% જેટલું જાણાયું જ્યારે સ્વૈચ્છિક સંસ્થાઓની ટીફીન સેવાનો લાભ લેનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૨૮ એટલે કે ૪.૫% જેટલું જાણવા મળ્યું. પોતાની વ્યવસ્થા પોતાની મેળે સંભાળે છે તેવુ જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૧૪૧ એટલે કે ૩૫.૨૫% જેટલું જાણવા મળ્યું.

## કોષ્ટક નંબર : ૪.૩૮

## સારવાર દરમ્યાન બહુવિકલાંગ બાળકને થતી સમસ્યાઓ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | પ્રાથમિક ક્રિયાઓ | ૨૦૭ | ૫૧.૭૫ |
| ૨. | ભોજન લેવા માટે | ૧૪૯ | ૧૨.૨૫ |
| ૩. | સુવા-બેસવા માટે | ૭૯ | ૧૯.૭૫ |
| ૪. | વાતચીત કરવા માટે | ૬૫ | ૧૬.૨૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના બાળકોની સારવાર દરમ્યાન બાળકોને સહન કરવી પડતી સમસ્યાઓ અંગેના પ્રતિભાવોના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે બહુવિકલાંગ બાળકોને પ્રાથમિક ક્રિયાઓની સમસ્યા પડતી હોય છે તેવુ જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ કુલ ઉતરદાતાના પ્રમાણમાં ૨૦૧ એટલે કે ૫૧.૨૫% જેટલું જાણાયું જ્યારે ભોજન લેવા અંગેની તકલીફ પડતી હોય તેવું જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૪૯ એટલે કે ૧૨.૨૫% જેટલું જાણાયું. બહુવિકલાંગ બાળકોને સુવા બેસવાની સમસ્યાઓ સારવાર દરમ્યાન પડતી હોય તેવું જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૭૯ એટલે કે ૧૯.૭૫% જેટલું જાણવા મળ્યું. જ્યારે વાતચીત કરવા અંગેની સમસ્યા આ બાળકોને પડતી હોય તેવું જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૬૫ એટલે કે ૧૬.૨૫% જેટલું જાણવા મળેલ છે આથી ફલીત થાય છે કે આ બહુવિકલાંગ બાળકોને સારવાર દરમ્યાન સૌથી વધુ સમસ્યા પ્રાથમિક ક્રિયાઓની હોય છે.

## કોષ્ટક નંબર : ૪.૩૯

## બહુવિકલાંગ બાળક દ્વારા હાલવા-ચાલવા માટે ઉપયોગમાં લેવાતા સાધનો દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | વ્હીલચેર | ૧૭૫ | ૪૩.૭૫ |
| ૨. | ટ્રાયસિકલ | ૧૦૦ | ૨૫ |
| ૩. | કાઘઘોડી | ૮૦ | ૨૦ |
| ૪. | ભાખોડીયાભેર પોતાની રીતે ચાલે છે | ૪૫ | ૧૧.૨૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોને ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના બહુવિકલાંગ બાળક હલન-ચલન માટે કેવા પ્રકારના સાધનોનો ઉપયોગ કરે છે તે અંગેના પ્રતિભાવોના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે વ્હીલચેરનો ઉપયોગ કરે છે તેવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ કુલ ઉતરદાતાના પ્રમાણમાં ૧૭૫ એટલે કે ૪૩.૭૩% જેટલું જાણાયું છે જ્યારે બહુવિકલાંગ બાળક ટ્રાયસીકલનો ઉપયોગ કરે છે તેવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૦૦ એટલે કે ૨૫% જેટલું જાણવા મળ્યું. બહુવિકલાંગ બાળક કાંખઘોડીનો ઉપયોગ કરે છે તેવું જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૮૦ એટલે કે ૨૦% જેટલું જાણવા મળેલ છે જ્યારે બહુવિકલાંગ બાળક ભાંખોડીયાભેર ચાલે છે તેવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૪૫ એટલે કે ૧૧.૨૫% જેટલું જાણવા મળ્યું. આથી ફલીત થાય છે કે વ્હીલચેરનો ઉપયોગ કરનાર બહુવિકલાંગ બાળકોનું પ્રમાણ ઉંચુ છે.

## કોષ્ટક નંબર : ૪.૪૦

## બહુવિકલાંગ બાળકોની સારવાર માટે જતી વખતે ઉત્તરદાતાને પડતી મુશ્કેલીઓ તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | પૈસાની | ૧૭૭ | ૪૪.૨૫ |
| ૨. | સમયની | ૧૫૫ | ૩૮.૭૫ |
| ૩. | માણસોની | ૩૯ | ૯.૭૫ |
| ૪. | વાહનની | ૨૯ | ૭.૨૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોના ઉછેર સંભાળનાર ઉતરદાતાઓની સારવાર માટે જતી વખતે પડતી મુશ્કેલીઓના પ્રતિભાવ અંગેના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે પૈસાની મુશ્કેલી પડતી હોય તેવું જણાવનારા ઉતરદાતાઓનું પ્રમાણમાં ૧૭૭ એટલે કે ૪૪.૨૫% જેટલું જાણવા મળ્યું. જ્યારે સમયની સમસ્યા હોય તેવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૫૫ એટલે કે ૩૮.૭૫% જેટલું જાણવા મળેલ. સારવાર માટે સાથે જનાર માણસની સમસ્યા નડતી હોય તેવું જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૩૯ એટલે કે ૯.૭૫%નું પ્રમાણ જ્યારે વાહનની સમસ્યા નડતી હોય તેવું જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૨૯ એટલે કે ૭.૨૫% જેટલું જાણવા મળે છે. આથી ફલીત થાય છે સારવાર વખતે જતી વખતે પૈસાની સમસ્યા નડતી હોય તેવા ઉતરદાતાનું પ્રમાણ ઉંચુ છે.

## કોષ્ટક નંબર : ૪.૪૧

## બહુવિકલાંગ બાળકોની સારવાર બાદ ડોકટરો ક્યા પ્રકારના સૂચનો કરે છે તે દશાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | ફીઝીયોથેરાપીની સારવાર | ૭૫ | ૧૮.૭૫ |
| ૨. | વિશેષજ્ઞને મળવાનું જણાવ્યું | ૨૯૦ | ૭૨.૫ |
| ૩. | હિંમતથી પરિસ્થિતિનો સામનો કરવો | ૨૮ | ૭ |
| ૪. | વાસ્તવિકતાનો સ્વિકાર કરવો | ૭ | ૧.૭૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોની સંભાળ રાખનાર ઉતરદાતાઓના સારવાર બાદ ડોક્ટર દ્વારા કરવામાં આવતા સુચનો અંગેના પ્રતિભાવોના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જણાય છે કે આ બહુવિકલાંગ બાળકને ફીઝીયોથેરાપીની સારવાર કરાવી જોઈએ એવો પ્રતિભાવ આપનાર ઉતરદાતાનું પ્રમાણ કુલ ઉતરદાતાના પ્રમાણમાં ૭૫ એટલે કે ૮.૭૫% જેટલું જાણવા મળેલ છે. જ્યારે બાળકને વિશેષ સારવાર માટે વિશેષજ્ઞને મળવા અંગેનો પ્રતિભાવ આપનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૨૯૦ એટલે કે ૭૨.૫% જેટલું જણાયું. હિંમતથી પરિસ્થિતિનો સામનો કરવો જોઈએ એ પ્રકારનું સુચન પ્રાપ્ત કરનાર ઉતરદાતાનું પ્રમાણ ૨૮ જેટલું એટલે કે ૭% જેટલું જાણવા મળેલ જ્યાર બહુવિકલાંગતાની વાસ્તવિકતાનો સ્વીકાર કરી લેવો એવુ સુચન પ્રાપ્ત કરનાર ઉતરદાતાનું પ્રમાણ માત્ર ૭ એટલે કે ૧.૭૫% જેટલું જણાયું. આથી ફલીત થાય છે કે વિશેષ સારવાર માટે વિશેષજ્ઞ ડોક્ટરને મળવું જોઈએ એ પ્રકારનું સુચન પ્રાપ્ત કરનાર ઉતરદાતાનું પ્રમાણ ઘાણું ઉંચુ છે.

## કોષ્ટક નંબર : ૪.૪૨

## બાળક બોલતા ક્યારે શીખેલ તે અંગેનું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | – ૨ | ૪૦ | ૧૦ |
| ૨. | ૨થી૭ વર્ષ | ૨૫ | ૬.૨૫ |
| ૩. | ૪થી૬ વર્ષ | ૯૩ | ૨૩.૨૫ |
| ૪. | ૬ + | ૧૨૫ | ૩૧.૨૫ |
| ૫. | બોલી શકતા નથી | ૧૧૭ | ૨૯.૨૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોના ઉછેરની કામગીરી સંભાળનાર ઉતરદાતાઓના બહુવિકલાંગ બાળકોની બોલવાની ઉંમર અંગેના પ્રતિભાવોના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે ૨ વર્ષ સુધીની ઉંમરમાં આ બાળક બોલતા શીખી ગયેલ તેમ જણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ કુલ ઉતરદાતા સંદર્ભમાં ૪૦ એટલે કે ૧૦% જેટલું જણાયું. જ્યારે ૨થી૪ વર્ષ વચ્ચેની વય દરમ્યાન આ બાળક બોલતા શીખેલ એમ જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૨૫ એટલે કે ૬.૨૫% જેટલું જણાયું. ૪થી૬ વર્ષ દરમ્યાન આ બાળક બોલતા શીખેલ એમ જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૯૩ એટલે કે ૨૩.૨૫% જેટલું જણાયું જ્યારે ૬ વર્ષથી વધારે ઉંમરે આ બાળક બોલતા શીખેલ એમ જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૨૫ એટલેકે ૩૧.૨૫% જેટલું જાણવા મળેલ છે. મહત્વની બાબત એ છે કે આ બાળક હજુ સુધી બોલી શકતું નથી એમ જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૧૭ એટલે કે ૨૯.૨૫% જેટલું જણાયું છે. આથી ફલીત થાય છે કે ૭૦% જેટલા બાળકો જે બોલી શકે છે તે પોતાની અલગ-અલગ અવસ્થા દરમ્યાન બોલતા શીખેલ.

## કોષ્ટક નંબર : ૪.૪૩

## બહુવિકલાંગ બાળકને બન્ને પ્રકારની વિકલાંગતા મુજબ ઓપરેશન કરાવવામાં આવેલ તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હા | ૨૯૮ | ૭૪.૫ |
| ૨. | ના | ૧૦૨ | ૨૫.૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના આ બહુવિકલાંગ બાળકોને બન્ને પ્રકારની વિકલાંગતા મુજબ ઓપરેશન કરાવેલ છે કે નહી તે અંગેના પ્રતિભાવોના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળેલ છે કે બન્ને પ્રકારની વિકલાંગતા અંગે ઓપરેશન કરાવેલ હોય તેમ જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ કુલ ઉતરદાતાના પ્રમાણમાં ૨૯૮ એટલે કે ૭૪.૫% જેટલું જાણવા મળ્યું. જ્યારે ઓપરેશન કરાવેલ નથી તેવો પ્રતિભાવ આપનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૦૨ એટલે કે ૨૫.૫% જેટલું જણાયું આથી ફલીત થાય છે કે બબ્બે પ્રકારની વિકલાંગતા હોય ત્યારે ઓપરેશન કરાવનાર બાળકોના ઉતરદાતાનું પ્રમાણ ઘણું ઉંચુ મુકી શકાય.



## કોષ્ટક નંબર : ૪.૪૪

## બદલાતી ઋતુમાં વિકલાંગતાને લગતી દુ:ખાવા કે અન્ય બીમારીની ફરિયાદ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | શિયાળા | ૧૫૯ | ૩૯.૭૫ |
| ૨. | ઉનાળો | ૭૦ | ૧૭.૫ |
| ૩. | ચોમાસુ | ૪૪ | ૧૧ |
| ૪. | બારેમાસ | ૧૨૭ | ૩૧.૭૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોના ઉછેરની કામગીરી સંભાળનાર ઉતરદાતાઓના આ બહુવિકલાંગ બાળકોને કઈ ઋતુમાં વધુ પીડા થાય છે તે અંગેના પ્રતિભાવોના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે કુલ ઉતરદાતાના પ્રમાણમાં ૧૫૯ એટલે કે ૩૯.૭૫% ઉતરદાતાઓ જણાવે છે કે શીયાળામાં આ બાળકોને વધુ પીડા થાય છે. જ્યારે ઉનાળામાં પીડા થતી હોય તેવું જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૭૦ એટલે કે ૧૭.૫% જેટલું જાણવા મળ્યું, ચોમાસામાં પીડા થતી હોય તેવુ જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૪૪ એટલે કે ૧૧% જેટલું જાણવા મળ્યું. જ્યારે બારેમાસ પીડા થતી હોય તેવું જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૨૭ એટલે કે ૩૧.૭૫% જેટલું જાણવા મળ્યું. આથી ફલીત થાય છે કે ઉનાળા કે ચોમાસામાં બહુવિકલાંગ બાળકોને પીડા થતી હોય તેવું જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ નીચુ છે.

## કોષ્ટક નંબર : ૪.૪૫

## બાળકને વિકલાંગતાના પ્રકાર પ્રમાણે સરકાર તરફની જે પ્રકારની શિક્ષણ તાલીમ મળે છે તેની જાણ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હા | ૩૨૭ | ૮૧.૭૫ |
| ૨. | ના | ૭૩ | ૧૮.૨૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના બાળકોને સરકાર તરફથી મળતી  તાલીમ વ્યવસ્થાની જાણકારીના પ્રતિભાવોના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે કુલ ઉતરદાતાઓના પ્રમાણમાં ૩૨૭ એટલે કે ૮૧.૭૫% જેટલા ઉતરદાતાઓ આ જાણકારી ધરાવે છે તેવુ પ્રતિબિંબિત થાય છે જ્યારે આ પ્રકારની જાણકારી ન ધરાવનાર માત્ર ૭૩ એટલે કે ૧૮.૨૫% જેટલું જાણવા મળેલ છે. આથી ફલીત થાય છે કે પોતાના બહુવિકલાંગ બાળકોના શિક્ષણ અંગે અને તેમાં પણ સરકાર તરફથી મળતા શિક્ષણ અંગેની જાણકારી ધરાવનાર ઉતરદાતાનું પ્રમાણ ઘણું મોટું છે.

**કોષ્ટક નંબર : ૪.૪૬**

**જો હા, તો તે પ્રકારનું શિક્ષણ પ્રાપ્ત કરાવવા માટે કરવામાં આવતા પ્રયત્નો દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | સંસ્થા સંપર્ક | ૨૧૮ | ૬૬.૬૭ |
| ૨. | વિશેષ માહિતી | ૬૯ | ૨૧.૧૦ |
| ૩. | પ્રવેશ માટેના પ્રયત્નો | ૪૦ | ૧૨.૨૩ |
| | **કુલ** | **૩૨૭** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોની જવાબદારી સંભાળનાર જે ઉતરદાતાઓને સરકાર તરફથી પ્રાપ્ત શિક્ષણ અને તાલીમની જાણકારી છે તેવા ૩૨૭ ઉતરદાતાઓનો પાયા તરીકે રાખીને શિક્ષણ માટે કેવા પ્રકારના પ્રયત્નો કર્યા છે. તે અંગેના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જણાયું છે કે ઉતરદાતાઓએ આવી સંસ્થાઓનો સંપર્ક કર્યો હોય તેમ જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ કુલ ઉતરદાતાના પ્રમાણમાં ૨૧૮ એટલે કે ૬૬.૬૭% જેટલુ જણાયુ જ્યારે આ અંગેની વિરોધ માહિતી પ્રાપ્ત કરનાર ઉતરદાતાનું પ્રમાણ ૬૯ એટલે કે ૨૧.૧૦% જેટલુ જાણવા મળ્યું બહુવિકલાંગ બાળકોનો આ સંસ્થાઓમાં પ્રવેશ માટેના પ્રયત્નો કરનાર ઉતરદાતાનું પ્રમાણ ૪૦ એટલે કે ૧૨.૨૫% જેટલું જણાયું. આથી ફલીત થાય છે કે આવી સંસ્થાઓનો સંપર્ક કરનાર ઉતરદાતાઓનું પ્રમાણ ઉંચુ છે.

## કોષ્ટક નંબર : ૪.૪૭

## બહુવિકલાંગતાથી પીડિત બાળકને શાળાએ મૂકવા જવાની વ્યવસ્થા દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | રીક્ષા બાંધી આપેલ છે | ૪૫ | ૧૧.૨૫ |
| ૨. | વાલી પોતે મુકવા જાય છે | ૭૫ | ૧૮.૭૫ |
| ૩. | શૈક્ષણિક સંસ્થા દ્વારા વાહનની વ્યવસ્થા છે | ૨૮૦ | ૭૦ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોના ઉછેરની જવાબદારી સંભાળનાર ઉતરદાતાઓના આ બાળકોને પોતપોતાની શૈક્ષણિક સંસ્થાએ પહોચાડવાની વ્યવસ્થા અંગેના પ્રતિભાવોના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે રીક્ષા બાંધી આપી હોય તેવુ જણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ કુલ ઉતરદાતાના  સંદર્ભમાં ૪૫ એટલે કે ૧૧.૨૫% જેટલું જાણવા મળેલ છે જ્યારે વાલી પોતે મુકવા જતા હોય એવું જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૭૫ એટલે કે ૧૮.૭૫% જેટલું જણાવેલ છે. શાળાના વાહનની વ્યવસ્થા કરવામાં આવેલ છે તેવું જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૨૮૦ એટલે કે ૭૦% જેટલું જણાયું છે. આથી ફલીત થાય છે કે શાળાના વાહનની વ્યવસ્થા કરી હોય તેવા ઉતરદાતાનું પ્રમાણ ઘણું ઉંચુ છે.

## કોષ્ટક નંબર : ૪.૪૮

## શાળાકીય પ્રવૃતિ દરમ્યાન શિક્ષક તરફથી મળતા સહકારની માહિતી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હા | ૩૨૭ | ૮૧.૭૫ |
| ૨. | ના | ૭૩ | ૧૮.૨૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના બહુવિકલાંગ બાળકોને શાળાકીય પ્રવૃતિ દરમ્યાન શિક્ષકોના સહકાર અંગેના પ્રશ્નોના પ્રતિભાવો અંગેના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે. શિક્ષકોનો સહકાર મળતો હોય તેવું જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ કુલ ઉતરદાતા સંદર્ભમાં ૩૨૭ એટલે કે ૮૧.૭૫% જેટલું જાણાયું છે જ્યારે સહકારન મળતો હોય તેવુ જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૭૩ એટલે કે ૧૮.૨૫% જેટલું જાણાયેલ છે. આથી ફલીત થાય છે કે શિક્ષકોનો સહકાર મળતો હોય તેવુ જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ધાણુ ઉંચુ છે.



## કોષ્ટક નંબર : ૪.૪૯

## જો હા, તો કેવા પ્રકારનો સહકાર આપે છે તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | બાળકના શિક્ષણ પ્રત્યે ખાસ ધ્યાન આપે છે | ૧૧૦ | ૩૩.૬૪ |
| ૨. | બાળકોને રમતગમત, ખેલકુદ વગેરેમાં પ્રોત્સાહિત કરે છે | ૯૨ | ૨૮.૧૩ |
| ૩. | બાળકને તેની શાળાની રોજીંદી ક્રિયાઓમાં મદદ કરે છે | ૧૨૫ | ૩૮.૨૩ |
| | **કુલ** | **૩૨૭** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોના ઉછેરની જવાબદારી સંભાળનાર ઉતરદાતાઓના શિક્ષકોના સહકારના પ્રકાર અંગેના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળો છે કે આ શિક્ષકો બહુવિકલાંગ બાળકોના શિક્ષણ પ્રત્યે ધ્યાન આપે છે એવુ જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૩૨૭ના સંદર્ભમાં ૧૧૦ એટલે કે ૩૩.૬૪% જેટલુ જાણવા મળ્યુ. જ્યારે બહુવિકલાંગ બાળકોને રમત-ગાયનમાં આ શિક્ષકો પ્રોત્સાહિત કરે છે તેવુ જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૯૨ એટલે કે ૨૮.૧૩% જેટલું જાણવા મળ્યું. જ્યારે બહુવિકલાંગ બાળકોને તેમની શાળાની રોજીંદી ક્રિયામાં મદદ કરે છે. તેવું જાણાવનાર ઉતરદાતાની સંખ્યા ૧૨૫ એટલે કે ૩૮.૭૩% જાણવા મળ્યુ. આમ ફલિત થાય છે કે બહુવિકલાંગ બાળકોને તેમની શાળામાં સહાયરૂપ થાય છે.

## કોષ્ટક નંબર : ૪.૫૦

## બહુવિકલાંગ બાળકોને સમાયોજના સાધવામાં પડતી મુશ્કેલી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હા | ૫૫ | ૧૩.૭૫ |
| ૨. | ના | ૩૪૫ | ૮૬.૨૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળ લેનાર ઉતરદાતાઓના બાળકોના સમાયોજના અંગેના પ્રતિભાવોના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે બહુવિકલાંગ બાળકોને સમાયોજનામાં તકલીફ પડતી હોય તેવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ કુલ ઉતરદાતાના સંદર્ભમાં ૫૫ એટલે કે ૧૩.૭૫% જેટલું જાણવા મળ્યું. જ્યારે બહુવિકલાંગ બાળકોને સમાયોજન સમસ્યા નથી પડતી તેવુ જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૩૪૫ એટલે કે ૮૬.૨૫ જાણવા મળ્યું. આથી ફલીત થાય છે કે બહુવિકલાંગ બાળકોને સમાયોજન સાધવામાં તકલીફ નથી પડતી એવુ જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ઘણું ઉંચુ છે.



## કોષ્ટક નંબર : ૪.૫૧

## જો હા તો કેવા પ્રકારના સમાયોજનની સમસ્યા દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | શાળામાં બીજા બાળકો વિકલાંગ બાળકની મશ્કરી કરે છે | ૫ | ૯.૧ |
| ૨. | શાળામાંથી કોઈપણ પ્રકારનું પ્રોત્સાહન મળતુ નથી | ૧૮ | ૩૨.૭૨ |
| ૩. | વધુ વિકલાંગતાને કારણે ભણવામાં મુશ્કેલી પડે છે | ૩૨ | ૫૮.૧૮ |
| | **કુલ** | **૫૫** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના સમાયોજનાના પ્રશ્નોવાળા બાળકોના ઉતરદાતાના સમાયોજનના પ્રકાર અંગેના પ્રતિભાવો દ્વારા જાણવા મળે છે. કે જે ૫૫ બહુવિકલાંગ બાળકોના સમાયોજનના પ્રશ્નો મળે છે તેમાં બીજા બાળકો મશ્કરી કરે છે તેવુ જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૫ એટલેકે ૯.૧% જેટલું જાણવા મળેલ છે. જ્યારે શાળામાંથી પ્રોત્સાહન નથી મળતુ. તેવું જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૮ એટલે કે ૩૨.૭૨% જેટલું જાણવા મળેલ છે. જ્યારે બહુવિકલાંગતાને કારણ આ બાળકોને સમાયોજનમાં પ્રશ્નો નડેછે તેવું જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૩૨ એટલે કે ૫૮.૧૮% જેટલુ જાણવા મળેલ. આથી એવુ ફલિત થાય છે કે બહુવિકલાંગ બાળકોનો સમાયોજન સમસ્યાઓમાં તેમાંની બહુવિકલાંગતાના જ કારણભુત છે તેમ કહી શકાય.

**કોષ્ટક નંબર : ૪.૫૨**

**શિક્ષણ અંગેના ખર્ચની જોગવાઈ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | પોતાની આવકમાંથી | ૧૨૫ | ૩૧.૨૫ |
| ૨. | લોન લઈને | ૪૪ | ૧૧ |
| ૩. | સંસ્થાઓની મદદ લઈને | ૭૧ | ૧૭.૭૫ |
| ૪. | મિત્રોના સાથ સહકારથી | ૨૦ | ૫ |
| ૫. | ઉછીના પૈસા લઈને | ૮૯ | ૨૨.૨૫ |
| ૬. | પોતાની આવકમાંથી તથા મિત્રોના સહકારથી | ૫૧ | ૧૨.૭૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોના ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના બાળકોના અભ્યાસ અંગેની આર્થિક વ્યવસ્થા બાબતના પ્રતિભાવોના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે પોતાની આવકમાંથી આ વ્યવસ્થા સંભાળનાર ઉતરદાતાનું પ્રમાણ કુલ ઉતરદાતાના સંદર્ભમાં ૧૨૫ એટલે કે ૩૧.૨૫% જેટલું જાણવા મળ્યું. જ્યારે લોન લેનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૪૪ એટલે કે ૧૧% જેટલું જાણવા મળ્યું. સંસ્થાઓની આર્થિક સહાય લેનાર ઉતરદાતાનું પ્રમાણ ૭૧ એટલે કે ૧૭.૨૫% જેટલું જાણવા મળ્યું જ્યારે મિત્રોની સહાય લીધી છે એવું જણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૨૦ એટલે કે ૫% જેટલું જાણવા મળ્યું. ઉછીના પૈસા લીધેલ એવુ જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૮૯ એટલે કે ૨૨.૨૫% જેટલું જાણવા મળ્યું.

આ અંગે એ નોંધવુ આવશ્યક છે કે પ્રસ્તુત પ્રશ્નના જવાબમાં એક કરતા વધુ પ્રતિભાવો મળેલા હોય પોતાની આવક અને મિત્રોની સહાય એમ બે પ્રતિભાવો એક સાથે આપનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૫૧ એટલે કે ૧૨.૭૫% જેટલું ગણવા મળેલ છે.

## કોષ્ટક નંબર : ૪.૫૩

## વિકલાંગ બાળકોને તાલીમ આપતી સંસ્થાઓમાં પ્રવેશ ફી કેવી રીતે લેવામાં આવે છે

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | યોગ્યદાન | ૪૭ | ૧૧.૭૫ |
| ૨. | પ્રવેશ ફીના માધ્યમ દ્વારા | ૨૧૮ | ૫૪.૫ |
| ૩. | વિકાસલક્ષી ફી | ૩૦ | ૭.૫ |
| ૪. | ફી લેવામાં આવતી જ નથી | ૧૦૫ | ૨૬.૨૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના બહુવિકલાંગ બાળકોના તેમની ખાસ તાલીમની સંસ્થાઓમાં પ્રવેશ પદ્ધતિના પ્રતિભાવોના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે યોગ્યદાન આપીને પ્રવેશ મેળવેલ છે તેવુ જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ કુલ ઉતરદાતાના પ્રમાણમાં ૪૭ એટલે કે ૧૧.૭૫% જેટલુ જાણવા મળેલ છે જ્યારે પ્રવેશ ફીના માધ્યમ દ્વારા પ્રવેશ મેળવનાર ઉતરદાતાનું પ્રમાણ ૨૧૮ એટલે કે ૫૪.૫% જેટલું જાણવા મળ્યું. વિકાસલક્ષી ફી ભરીને પ્રવેશ મેળવેલ છે તેવુ જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૩૦ એટલે કે ૭.૫% જેટલું જાણવા મળેલ છે જ્યારે આવી સંસ્થાઓમાં ફી લેવામાં આવતી નથી તેવું જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૦૫ એટલે કે ૨૬.૨૫% જેટલું જાણવા મળેલ છે.

## કોષ્ટક નંબર : ૪.૫૪

## બહુવિકલાંગ બાળકને શિક્ષણક્ષેત્રે મેળવેલ અગ્રતાક્રમ કઈ રીતે મૂલવવામાં આવે છે અને કઈ રીતે પુરસ્કૃત કરો છો તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | મનગમતી ચીજવસ્તુઓ આપીને | ૮૦ | ૨૦ |
| ૨. | આગળ વધવાની હિંમત આપીને | ૧૨૯ | ૩૨.૨૫ |
| ૩. | શાબાસી આપીને | ૭૯ | ૧૯.૭૫ |
| ૪. | મનગમતી ભેટ આપીને તથા આગળ વધવાની હિમત આપીને | ૧૧૨ | ૨૮ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર કરનાર ઉતરદાતાઓ બહુવિકલાંગ બાળકો જો શિક્ષણ ક્ષેત્રે સારા પરિણામો આપે તો તે પુરસ્કૃત કરવાની પદ્ધતિ અંગેના પ્રતિભાવોના ઉપરોક્ત કોષ્ટક દ્વારા જણાય છે કે બહુવિકલાંગ બાળકોને મનગમતી ચીજવસ્તુ ભેટ આપીએ છીએ તેવું જણાવનાર ઉતરદાતા પ્રમાણે કુલ ઉતરદાતાના પ્રમાણમાં ૮૦ કેટલે કે ૨૦% જેટલુ જણાવેલ છે જ્યારે આ બાળકને આગળ વધવાની હિંમત આપીને પ્રોત્સાહીત કરીને પુરસ્કૃત કરીએ છીએ તેવુ જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૨૯ જેટલુ એટલે કે ૩૨.૨૫% જેટલું જણાયેલ છે. બહુવિકલાંગ બાળકને તેના સારા પરિણામો બદલ માત્ર સાબાસી આપનાર ઉતરદાતાનું પ્રમાણ ૭૯ એટલે કે ૧૯.૭૫% જેટલું જણાયેલ છે. જ્યારે મનગમતી ચીજ સાથે પ્રોત્સાહક શાબાસી આપનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૧૨ એટલે કે ૨૮% જેટલું જાણવા મળેલ છે. આથી એ ફલીત થાય છે કે પોતાના બહુવિકલાંગ બાળકના સારા પરિણામથી માતાપિતાની અને વાલીઓને ખૂબજ આનંદ થાય છે.

**કોષ્ટક નંબર : ૪.૫૫**

**પુરસ્કૃત થયા બાદ બાળકની લાગણી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | રડી પડે છે | ૧૯૫ | ૪૮.૭૫ |
| ૨. | અમારી છાતીએ વળગી પડે છે | ૮૨ | ૨૦.૫ |
| ૩. | ભાઈ-બહેન પ્રત્યે ભાવ વ્યક્ત કરે છે | ૨૧ | ૯.૨૫ |
| ૪. | શાબ્દિક આભાર માને છે | ૧૦૨ | ૨૫.૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકીનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના માતા-પિતા દ્વારા પુરસ્કૃત થયા બાદ આ બાળકોની અભિવ્યક્તિ અંગેના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણાય છે કે રડી પડનાર અને લાગણીશીલ બને છે તેવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ કુલ ઉતરદાતાના સંદર્ભમાં ૧૯૫ એટલે કે ૪૮.૭૫% જેટલું જાણવા મળેલ છે. જ્યારે આ બાળકો છાતીએ વળગી પડે છે તેવુ જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૮૨ એટલે કે ૨૦.૫% જેટલું જાણ્યું. આ બાળકો આવી પરિસ્થિતિમાં પોતાના ભાઈ-બહેન પ્રત્યે લાગણી અને ભાવો વ્યક્ત કરે છે તેવુ જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૨૧ એટલે કે ૫.૨૫% જેટલું જાણાયું. જ્યારે આ બહુવિકલાંગ બાળકો શાબ્દીક આભાર માને છે તેવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૦૨ એટલે કે ૨૫.૫% જેટલું જાણવા મળેલ છે. આથી ફલીત થાય છે કે આ બહુવિકલાંગ બાળકો તેમને મળેલ ભેટ સોગાદો અને શાબાસી દ્વારા લાગણીસભર બને છે.

## કોષ્ટક નંબર : ૪.૫૬

## પીડિત બાળકની શિક્ષણમાં નિષ્ફળતા અંગે સંભાળ લેનારની લાગણીને તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | સહાનુભૂતિ આપીએ છીએ | ૨૧૦ | ૫૨.૫ |
| ૨. | નિરાશ ન થવાની સલાહ આપીએ છીએ | ૧૬૦ | ૪૦ |
| ૩. | શિક્ષણ પાછળ ખોટો ખર્ચ કરી રહ્યા છે તેવુ લાગે છે | ૩૦ | ૭.૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના આ બહુવિકલાંગ બાળકોના નિષફળ પરિણામ અંગેના પ્રતિભાવોના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે આવા સંજોગોમાં આ બહુવિકલાંગ બાળકોને સહાનુભૂતી આપીએ છીએ તેવું જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ કુલ ઉતરદાતાના સંદર્ભમાં ૨૧૦ એટલે કે ૫૨.૫% જેટલું જાણવા મળેલ છે. જ્યારે નિરાશ ન થવાની સલાહ આપનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૬૦ એટલે કે ૪૦% જેટલું જાણવા મળેલ છે. પોતાના આ બહુવિકલાંગ બાળકો પાછળ શિક્ષણનો ખોટો ખર્ચ કરી રહ્યા છે તેવુ જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ માત્ર ૩૦ એટલે કે ૭.૫% જેટલું જાણવા મળેલ છે. આથી ફલીત થાય છે કે પોતાના બહુવિકલાંગ બાળકોના શૈક્ષણિક વિકાસ પાછળ માતા-પિતા અને વાલીઓને રસ છે.

## કોષ્ટક નંબર : ૪.૫૭

## બહુવિકલાંગ બાળકની તાલીમ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિકલાંગતા | તાલીમ | | | |
|---|---|---|---|---|---|
| | | કોમ્પ્યુટર ટાઈપીંગ | ગૃહ ઉદ્યોગ | બુક બાઈન્ડીંગ | અન્ય |
| ૧. | માનસિક ક્ષતિ+શારીરિક ક્ષતિ | ૦૦ | ૦૦ | ૧૩૫ | ૦૦ |
| ૨. | બહેરામુંગા | ૫૫ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩. | દ્રષ્ટિક્ષતિ+માનસિક ક્ષતિ | ૦૦ | ૧૧૭ | ૦૦ | ૦૦ |
| ૪. | દ્રષ્ટિક્ષતિ+શારીરિક ક્ષતિ | ૦૦ | ૦૦ | ૦૦ | ૪૮ |
| ૫. | તાલીમ ન લીધેલ | ૦૦ | ૦૦ | ૦૦ | ૪૫ |
| | કુલ | ૫૫ | ૧૧૭ | ૧૩૫ | ૯૩ |

બહુવિકલાંગ બાળકો માટે તેની વિકલાંગતાનું પ્રમાણ અને પ્રકારને ધ્યાનમાં લઈને જુદી જુદી તાલીમો આપવામાં આવે છે. ઉપરોક્ત કોષ્ટક પરથી જાણવા મળે છે કે માનસિક ક્ષતિ+શારીરિક ક્ષતિવાળા બાળકોસૌથી વધુ બુકબાઈન્ડીંગ પ્રકારની તાલીમમાં જોડાયા છે. બહેરા મુંગા બાળકો માટે કોમ્પ્યુટર ટાઈપીંગની તાલીમની પસંદગી સૌથી વધુ કરાય છે. જયારે દ્રષ્ટિક્ષતિ+માનસિક ક્ષતિવાળા બાળકો માટે ગૃહ ઉદ્યોગ પ્રકારની અને દ્રષ્ટિક્ષતિ+શારીરિક ક્ષતિવાળા બાળકો માટે અન્ય પ્રકારની તાલીમને અગ્રતા અપાય છે. ઉપરોક્ત અંકો બાળકની કામને સમજવાની ક્ષમતા અને હસ્તકૌશલ્ય પ્રકાર દર્શાવે છે અને કુલ ઉત્તરદાતામાંથી ૪૫ ઉત્તરદાતાએ કોઈપણ પ્રકારની તાલીમ લીધેલ નથી. જે પરથી કહી શકાય કે જુદા જુદા પ્રકારની બહુવિકલાંગતા માટે જુદા જુદા પ્રકારની તાલીમ બાળકોને ઉપયોગી બની શકે છે.

**કોષ્ટક નંબર : ૪.૫૮**

**જો ના, તો આ માટે તાલીમ આપતા નથી તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | પીડિત બાળકના સ્વાસ્થ્યને કારણે | ૧૭ | ૩૭.૭૮ |
| ૨. | તાલીમની સફળતા અંગે શંકાને લીધે | ૦૯ | ૨૦ |
| ૩. | કૌટુંબિક સંજોગોને કારણે | ૧૯ | ૪૨.૨૨ |
| | **કુલ** | **૪૫** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતા પોતાના બહુવિકલાંગ બાળકોને વિશેષ તાલીમ માટે અન્ય સંસ્થાઓમાં ન મોકલનાર હોય તેવા ૪૫ ઉતરદાતાઓના ન મોકલવાના કારણો અંગેના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે પીડીત બાળકની સ્વાસ્થ્યને કારણે મોકલતા નથી તેવુ જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૪૫ના સંદર્ભમાં ૧૭ એટલે કે ૩૭.૭૮% જેટલુ જાણવા મળેલ છે. જ્યારે તાલીમની સફળતા અંગે શંકા સેવનાર ઉતરદાતાનું પ્રમાણ કુલ ઉતરદાતાના સંદર્ભમાં ૯ એટલે કે ૨૦% જેટલું જાણવા મળે છે. કૌટુંબિક સંજોગોને કારણે તાલીમ શાળાએ નથી મોકલતા એવું જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૯ એટલે કે ૪૨.૨૨% જેટલું જાણવા મળેલ છે.

**કોષ્ટક નંબર : ૪.૫૯**

**તાલીમને અંતે બાળક દ્વારા વ્યક્ત થતા મનોભાવો અંગેનું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | પોતે પણ કંઈક અલગ કરી શકે તેવી ભાવના વ્યક્ત કરે છે | ૧૭૫ | ૪૯.૩૦ |
| ૨. | આભારની લાગણી દર્શાવીને | ૮૩ | ૨૩.૩૮ |
| ૩. | કુટુંબને મદદરૂપ થવાનો સંતોષ મેળવે છે | ૯૭ | ૨૭.૩૨ |
| | **કુલ** | **૩૫૫** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોને ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના તાલીમના અંતે અભિવ્યક્ત થતા બહુવિકલાંગ બાળકોના મનોભાવ અંગેના પ્રસ્તુત કોષ્ટક દ્વારા પોતે પણ કઈક અલગ કરી શકે છે તેવો મનોભાવ બહુવિકલાંગ રજુ કરી શકે છે તેવું જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૩૫૫ના સંદર્ભમાં ૧૭૫ એટલે કે ૪૯.૨૦% જેટલું જાણવા મળેલ છે. જ્યારે આ બહુવિકલાંગ બાળકો તાલમને અંને આભારની લાગણી વ્યક્ત કરે છે તેવુ જાણાવનાર ઉતરદાતાની સંખ્યા ૩૫૫ના સંદર્ભમાં ૨૩ એટલે કે ૨૩.૩૮% જેટલું જાણવા મળેલ છે, કુટુંબને મદદરૂપ થવાનો આ બહુવિકલાંગ બાળકોને સંતોષ છે તેવુ જાણાવનારા ઉતરદાતાના ૩૫૫ના સંદર્ભમાં ૯૭ એટલે કે ૨૭.૩૨% જેટલું જાણવા મળે છે. આથી ફલીત થાય છે કે તાલીમના અંતે બહુવિકલાંગ બાળકો કોઈને કોઈ રીતે પોતાનો આનંદ આભાર અભિવ્યક્ત કરે છે.

## કોષ્ટક નંબર : ૪.૬૦

## બહુવિકલાંગ બાળકોની શૈક્ષણિક તાલીમને કારણે ઉત્તરદાતાઓને સહન કરવી પડતી સમસ્યાઓનું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | સામાજિક સમસ્યાઓ | ૧૧૮ | ૩૩.૨૪ |
| ૨. | આર્થિક સંકડામણ | ૧૦૩ | ૨૯.૦૧ |
| ૩. | જ્ઞાતીજનોની ઉપેક્ષા | ૯૫ | ૨૬.૭૬ |
| ૪. | પીડિત બાળકોના અસંતોષ | ૩૯ | ૧૦.૯૯ |
| | **કુલ** | **૩૫૫** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોની શિક્ષણના કારણે માતા-પિતાઓને સમસ્યાઓ સર્જાતી હોય છે તો કેવા પ્રકારની સમસ્યા સર્જાઈ શકે છે તે અંગેના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે સામાજિક સમસ્યાઓ સર્જાય છે તેવું જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૩૫૫ના સંદર્ભમાં ૧૦૩ એટલે કે ૨૮% જેટલું જાણવા મળે છે જ્યારે પીડિત બાળકોનો અસંતોષ સહન કરવો પડે છે. તેવું જણાવનાર ઉતરદાતાની સંખ્યા ૩૫૫ના સંદર્ભમાં ૩૯ એટલે કે ૧૦.૯૪ જેટલું જાણવા મળે છે. જ્યારે જ્ઞાતિજનોની ઉપેક્ષા સહન કરવી પડે તેવું જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૩૫૫ના સંદર્ભમાં ૯૫ એટલે કે ૨૬.૭૬% જેટલુ જણાયેલ છે. આથી ફલીત થાય છે કે બહુવિકલાંગ બાળકોના શિક્ષણને કારણે વિવિધ પ્રકારના પ્રતિભાવો સહન કરવા પડે છે.

## કોષ્ટક નંબર : ૪.૬૧

## બહુવિકલાંગ બાળકોની તાલીમ દરમ્યાન વિકલાંગતા નડતરરૂપ થતી હોય તે અંગેનું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હા | ૨૯૦ | ૮૧.૬૯ |
| ૨. | ના | ૬૫ | ૧૮.૩૧ |
| | **કુલ** | **૩૫૫** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોના ઉછેરની જવાબદારી સંભાળનાર ઉતરદાતાઓના ૩૫૫ બહુવિકલાંગ બાળકોની તાલીમમાં તેમની બહુવિકલાંગતાની બાધકતા અંગેના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે બહુવિકલાંગતા બાધક નીવડે છે તેવું જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ કુલ ૩૫૫ ઉતરદાતાના પ્રમાણમાં ૨૯૦ એટલે કે ૮૧.૬૯% જેટલું જણાવેલ છે. જ્યારે બહુવિકલાંગતા બાધક નથી બનતી તેવુ જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૬૫ એટલે કે ૧૮.૩૧% જેટલું જાણવા મળેલ છે. આથી ફલીત થાય છે કે બહુવિકલાંગતા આ બહુવિકલાંગ બાળકોને તેમના શિક્ષણ અને તાલીમની પ્રક્રિયામાં બાધકરૂપ થાય છે.

## કોષ્ટક નંબર : ૪.૬૨

## જો હા, બહુવિકલાંગ બાળકોને બહુવિકલાંગતા કઇ રીતે બાધક બને છે તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | વિકલાંગતાને કારણે તાલીમ પ્રાપ્તિમાં મુશ્કેલી પડે છે | ૮૮ | ૩૦.૩૪ |
| ૨. | વિકલાંગતાને કારણે તાલીમના સ્થાને આવન-જાવનમાં મુશ્કેલી પડે છે | ૧૦૫ | ૩૫.૨૧ |
| ૩. | વિકલાંગતાને કારણે તાલીમ સ્થળે બેસવાની મુશ્કેલી પડે છે | ૯૭ | ૩૩.૪૫ |
| | **કુલ** | **૨૯૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોને તાલીમ દરમ્યાન મુશ્કેલી પડે છે તેવું જાણાવનારા ૨૯૦ ઉતરદાતાઓના બહુવિકલાંગ બાળકોને કેવા પ્રકારની મુશ્કેલી નડે છે તે અંગે ઉતરદાતાઓએ આપેલા પ્રતિભાવના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે બહુવિકલાંગતા જ બાધક બનતી હોય તેવું જાણાવનારા ઉતરદાતાઓનું પ્રમાણ ૨૯૦ના સંદર્ભમાં ૮૮ એટલે કે ૩૦.૩૪% જેટલું જાણાય છે જ્યારે બહુવિકલાંગ બાળકોને તાલીમ સ્થળે જવા-આવવાની મુશ્કેલી પડે છે તેવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૦૫ એટલે ૩૫.૨૧% જેટલું જાણવા મળેલ તે જ્યારે તાલીમ સ્થળે બહુવિકલાંગ બાળકોને બેસવા અંગેની મુશ્કેલીઓ નડે છે તેવુ જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૯૭ એટલે કે ૩૩.૪૩% જેટલું જાણાયેલ છે. આથી ફલીત થાય છે કે આ બહુવિકલાંગ બાળકોને તાલીમ લેવા અંગે કોઈને કોઈ પ્રકારે બાધકતા નડતી હોય છે.

## કોષ્ટક નંબર : ૪.૬૩

## બહુવિકલાંગ બાળકોને તાલીમ દરમિયાન મળતી નાણાકીય સહાય દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હા | ૧૪૨ | ૪૦ |
| ૨. | ના | ૨૧૩ | ૬૦ |
| | **કુલ** | **૩૫૫** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોની વ્યાવસાયીક તાલીમ અંગેના સમય દરમ્યાન સ્ટાઈપેન્ડ કે નાણાકીય સહાય મેળવવામાં આવે છે કે નહી તે અંગેના તેમના ઉછેર કરનાર ઉતરદાતાઓના પ્રતિભાવોના વિસ્તૃત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે સ્ટાઈપેન્ડ કે નાણાકીય સહાય નથી મેળવવામાં આવતી એવું જણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૩૫૫ના સંદર્ભમાં ૨૧૩ એટલે કે ૬૦% જેટલુ જણાયુ છે. જયારે સ્ટાઈપેન્ડ કે નાણાકીય સહાય મેળવવામાં આવે છે તેવુ જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૩૫૫ના સંદર્ભમાં ૧૪૨ એટલે કે ૪૦% જેટલુ જાણવા મળેલ છે. આથી ફલીત થાય છે કે સ્ટાઈપેન્ડ કે નાણાકીય સહાય નથી મળતી એમ કહેનારા ઉતરદાતાનું પ્રમાણ વધારે છે.



## કોષ્ટક નંબર : ૪.૬૪

## તાલીમ લીધા બાદ વ્યવસાય શરૂ કરતી વખતે અનુરૂપ સાધન સામગ્રી વસાવેલી છે તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હા | ૧૧૮ | ૩૩.૨૪ |
| ૨. | ના | ૨૩૭ | ૬૬.૭૬ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના બહુવિકલાંગ બાળકોની તાલીમ અંગેના સાધનો વસાવવા અંગેના પ્રતિભાવોના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે તાલીમ અંગેના સાધનો વસાવેલ છે એવું જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૩૫૫ના સંદર્ભમાં ૧૧૮ એટલે કે ૫૩.૨૪% જેટલું જાણવા મળ્યું છે. જ્યારે આવા સાધનો વસાવેલ નથી તેવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૩૫૫ના સંદર્ભમાં ૨૩૭ એટલે કે ૬૬.૭૬% જેટલું જાણાયેલ છે. આથી ફલિત થાય છે કે બહુવિકલાંગ બાળકોના તાલીમ અંગેના સાધનો નથી વસાવેલ તેવુ જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ઉંચુ છે.



## કોષ્ટક નંબર : ૪.૬૫

## બહુવિકલાંગ બાળકોની વિકલાંગતા અંગેની વિમા પોલીસી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હા | ૨૭૮ | ૬૯.૫ |
| ૨. | ના | ૧૨૨ | ૩૦.૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોની જવાબદારી અદા કરનાર ઉતરદાતાઓના બહુવિકલાંગ બાળકોની વિમા યોજનાની જાણકારી અંગેના પ્રતિભાવોના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણાય છે કે બહુવિકલાંગ બાળકોની વિમાયોજનાની જાણકારી હોય તેવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ કુલ ઉતરદાતાના સંદર્ભમાં ૨૭૮ એટલેકે ૬૯.૫% જેટલું જાણવા મળેલ. જ્યારે આવી જાણકારી નથી એવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૨૨ એટલે કે ૩૦.૫% જેટલું જાણાયેલ છે. આથી ફલીત થાય છે કે બહુવિકલાંગ બાળકોના વિમાયોજનાની જાણકારી બહુ મોટાભાગના ઉતરદાતાઓને હોય છે.



## કોષ્ટક નંબર : ૪.૬૬

## વિકલાંગતાને લગતી વિમા પોલીસીઓ વિકલાંગ બાળક માટે લીધેલ છે.

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હા | ૧૫૭ | ૫૬.૪૭ |
| ૨. | ના | ૧૨૧ | ૪૩.૫૩ |
| | **કુલ** | **૨૭૮** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોના વિમા યોજનાની જાણકારી ધરાવનાર ૨૭૮ ઉતરદાતાઓને પાયા તરીકે સ્વીકારીને તેમને બહુવિકલાંગ બાળકોની વિમા પોલીસી લીધી છે કે નહી તે અંગેના ઉતરદાતાઓના પ્રતિભાવોના ઉપરોક્ત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે ૨૭૮માંથી ૧૫૭ એટલે કે ૫૬.૪૭% જેટલા ઉતરદાતાઓએ પોલીસી લીધેલ છે જ્યારે પોલીસી વિશે જાણતા હોવા છતા બહુવિકલાંગ બાળકોની પોલીસી ન લેનાર ઉતરદાતાનું પ્રમાણ ૨૭૮ના સંદર્ભમાં ૧૨૧ એટલે કે ૪૩.૫૩% જેટલું છે. આથી ફલીત થાય છે કે કુલ ૪૦૦ ઉતરદાતાઓના સંદર્ભમાં જો મૂલવવામાં આવે તો બહુ ઓછા ઉતરદાતાઓ બહુવિકલાંગ બાળકોની પોલીસી અંગે ચિંતીત હોય.



## કોષ્ટક નંબર : ૪.૬૭

## તાલીમથી બહુવિકલાંગ બાળકનું પુન: સ્થાપન થયું હોય તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હા | ૧૨૭ | ૩૫.૭૭ |
| ૨. | ના | ૨૨૮ | ૬૪.૨૩ |
| | **કુલ** | **૩૫૫** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના બહુવિકલાંગ બાળકોનું તાલીમથી પુન: સ્થાપન અંગેના વૃતિભાવો દર્શાવતુ કોષ્ટક દ્વારા જાણવા મળે છે. તાલીમથી વિકલાંગ બાળકનું પુન:સ્થાપન થયું છે તેવુ જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૩૫૫ના સંદર્ભમાં ૧૨૭ એટલે કે ૩૫.૭૭% જેટલુ જાણવા મળે છે. જ્યારે તાલીમથી પુન:સ્થાપન નથી થયુ એવુ જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૩૫૫ના સંદર્ભમાં ૨૨૮ એટલે કે ૬૪.૨૩% છે આથી ફલીત થાય છે કે તાલીમથી પુન: સ્થાપન નથી થવુ તેવું જણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ વધારે છે.



**કોષ્ટક નંબર : ૪.૬૮**

**બહુવિકલાંગ બાળકોનું ક્યા વ્યવસાયમાં પુન: સ્થાપન થયુ છે તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | કોમ્પ્યુટર | ૧૮ | ૧૪.૧૮ |
| ૨. | ટાઈપરાઈટર | ૧૧ | ૮.૬૬ |
| ૩. | પ્રિન્ટીંગ | ૫૩ | ૪૧.૭૩ |
| ૪. | બુકબાઈન્ડીંગ | ૪૫ | ૩૫.૪૩ |
| | **કુલ** | **૧૨૭** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોના પુન: સ્થાપન અંગે બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓને તેમના બહુવિકલાંગ બાળકોનું પુન:સ્થાપન ક્યા વ્યવસાયમાં થયુ છે તેના પ્રતિભાવના સ્વરૂપે ૧૨૭ ઉતરદાતાઓને પાયા તરીકે સ્વીકારીને જાણવા મળેલા પ્રતિભાવોમાં કોમ્પ્યુટર ક્ષેત્રે પુન: સ્થાપન થયુ છે તેવુ જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૧૨૭ના સંદર્ભમાં ૧૮ એટલે કે ૧૪.૧૮% જાણવા મળેલ. જ્યારે ટાઈપીંગ ક્ષેત્રે પુન: સ્થાપન અંગે જાણવા મળ્યું કે ૧૧ એટલે કે ૮.૬૬% થયુ છે. જ્યારે પ્રિન્ટીંગ ક્ષેત્રે પુન:સ્થાપન થયું હોય તેવા પ્રતિભાવોમાં ૧૨૭ના સંદર્ભમાં ૫૩ એટલે કે ૪૧.૪૩% જાણાવાય છે જ્યારે બુકબાઈન્ડીંગ ક્ષેત્રે પુન:સ્થાપવાના પ્રતિભાવો ૧૨૭ના સંદર્ભમાં ૪૫ એટલે કે ૩૫.૪૩% જાણવા મળેલ છે.

## કોષ્ટક નંબર : ૪.૬૯

## વ્યાવસાયિક કામગીરીમાં બહુવિકલાંગ બાળકને પડતી મુશ્કેલી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હા | ૭૦ | ૫૫.૧૨ |
| ૨. | ના | ૫૭ | ૪૪.૮૮ |
| | **કુલ** | **૧૨૭** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોના પુન: સ્થાપનની કામગીરીમાં પડતી મુશ્કેલીના કોષ્ટકમાં ૧૨૭ ઉત્તરદાતાઓને પાયા તરીકે સ્વીકારીને બહુવિકલાંગ બાળકોને આ પ્રકારની કામગીરીમાં મુશ્કેલી પડે તેવુ જાણાવનાર ઉતરદાતાઓ ૭૦ એટલે કે ૫૫.૧૨% જાણવા મળે છે. જ્યારે મુશ્કેલી નથી પડતી તેવું જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૫૭ એટલે કે ૪૪.૮૮% જાણવા મળ્યું છે. આથી ફલીત થાય છે કે બહુવિકલાંગ બાળકોને આ પ્રકારની કામગીરીમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.



## કોષ્ટક નંબર : ૪.૭૦

## બહુવિકલાંગ બાળકનું પુન: સ્થાપન ન થયું હોય તો તેના કારણો દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | બહુવિકલાંગને કારણે વ્યવસાય મેળવવાની મુશ્કેલી | ૫૬ | ૨૪.૫૬ |
| ૨. | વિકલાંગ બાળકો માટે સુયોગ્ય તકોનો અભાવ | ૫૩ | ૨૩.૨૫ |
| ૩. | તક મળવા છતા કામ કરવાની અક્ષમતા | ૧૧૯ | ૫૨.૧૯ |
| | **કુલ** | **૨૨૮** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતા બહુવિકલાંગ બાળકોના પુન: સ્થાપન ન થવા અંગેના કારણોના પ્રતિભાવોના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે બહુવિકલાંગતાને કારણે વ્યવસાય મેળવવામાં મુશ્કેલી પડે છે તેવુ જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૨૨૮ના સંદર્ભમાં ૫૬ એટલે કે ૨૪.૫૬% જેટલુ જાણાયેલ છે જ્યારે બહુવિકલાંગ બાળકો માટે સુયોગ્ય તકોનો અભાવ છે તેવુ જાણાવનારા ઉતરદાતાઓનું પ્રમાણ ૨૨૮ના સંદર્ભમાં ૫૩ એટલે કે ૨૩.૨૫% જેટલું જાણાયેલ છે. બહુવિકલાંગ બાળકને પુન: સ્થાપનની તક મળવા છતા કામ કરવાની અક્ષમતા છે તેમ જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૨૨૮ના સંદર્ભમાં ૧૧૯ એટલે કે ૫૨.૧૯% જેટલું જાણાવેલ છે. આથી ફલીત થાય છે કે પુન: સ્થાપનની તક મળવા છતા બહુવિકલાંગતાની અક્ષમતા પુન: સ્થાપન ન થવામાં કારણભૂત બનતી હોય તેવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ઉંચુ છે.

## કોષ્ટક નંબર : ૪.૭૧

## બહુવિકલાંગતાની સારવાર પાછળ થતા માસિક અંદાજીત ખર્ચ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | -થી૫૦૦ રૂા. | ૨૪ | ૬ |
| ૨. | ૫૦૧થી૧૦૦૦ રૂા. | ૨૧૦ | ૫૨.૫ |
| ૩. | ૧૦૦૦ + | ૧૬૬ | ૪૧.૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના બહુવિકલાંગ બાળકોની સારવારના માસીક ખર્ચ અંગેના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણાય છે કે ૫૦૦ સુધીનો માસીક ખર્ચ આવતો હોય તેવું જાણાવનારા ઉતરદાતાઓનું પ્રમાણ કુલ ઉતરદાતાના સંદર્ભમાં માત્ર ૨૪ એટલે કે ૬% જેટલું જ છે જ્યારે માસીક ખર્ચ રૂા.૫૦૦ થી ૧૦૦૦ વચ્ચે આવતો હોય તેવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૨૧૦ એટલે કે ૫૨.૫% જેટલું જાણવા મળેલ છે. જ્યારે સારવારનો માસીક ખર્ચ ૧૦૦૦ થી વધુ આવતો હોય તેવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૬૬ એટલે કે ૪૧.૫% જેટલું જાણાવેલ છે. આથી ફલીત થાય છે કે સારવારનો માસીક ખર્ચ ૫૦૦ થી વધુ આવતો હોય તેવું જાણાવનાર ઉતરદાતાનું કુલ પ્રમાણ ૩૭૬ એટલે કે ૯૪% જેટલું જાણાયેલ છે.

## કોષ્ટક નંબર : ૪.૭૨

## બહુવિકલાંગતાની સારવાર પાછળ થતા ખર્ચની વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | ડોકટરી ખર્ચ | ૨૧૫ | ૫૩.૭૫ |
| ૨. | મેડીકલ ખર્ચ | ૭૯ | ૧૯.૭૫ |
| ૩. | વાહન વ્યવહાર ખર્ચ | ૪૫ | ૧૧.૧૫ |
| ૪. | અન્ય ખર્ચ | ૬૧ | ૧૫.૨૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોની જવાબદારી સંભાળનાર ઉતરદાતાઓના સારવારના ખર્ચના પ્રકાર અંગેના પ્રતિભાવોના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે ડોકટરનો ખર્ચ કુલ ઉતરદાતાના સંદર્ભમાં આવે છે એવુ જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૨૧૫ એટલે કે ૫૩.૭૫% જેટલું જણાયેલ છે. જ્યારે અન્ય મેડીકલ ખર્ચ આવે છે તેવુ જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૭૯ એટલે કે ૧૯.૭૫% જેટલું જણાયેલ છે. જ્યારે વાહન વ્યવહારનો ખર્ચ આવે છે એવું જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૪૫ એટલે કે ૧૧.૨૫ જેટલુ જણાયેલ છે. જ્યારે અન્ય ખર્ચ આવે છે એવું જણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૬૧ એટલે કે ૧૫.૨૫% જેટલું જાણવા મળેલ છે. આથી ફલીત થાય છે કે મોટા પ્રમાણમાં ખર્ચ તબીબોની ફી અંગેનો હોય છે. તેવું જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ સૌથી વિશેષ છે.

## કોષ્ટક નંબર : ૪.૭૩

## બહુવિકલાંગ બાળકોની સારવારના વધારાનો ખર્ચ આયોજન દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | પોતાની રીતે | ૧૭૯ | ૪૪.૭૫ |
| ૨. | લોન લઈને | ૫૮ | ૧૪.૫ |
| ૩. | દર દાગીના વેચીને | ૨૫ | ૬.૨૫ |
| ૪. | મિત્રો પાસેથી નાણા ઉછીના લઈને | ૩૮ | ૯.૫ |
| ૫. | સંસ્થાકીય મદદ મેળવીને | ૧૦૦ | ૨૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના વધારાના ખર્ચ અંગેની વ્યવસ્થાના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે પોતાની રીતે વધારાના ખર્ચની વ્યવસ્થા કરે છે એમ જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ કુલ ઉતરદાતાના સંદર્ભમાં ૧૭૯ એટલે કે ૪૪.૭૫% જેટલું જાણાયેલ છે. જ્યારે લોન લઈને વ્યવસ્થા કરેલ છે તેવું જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૫૮ જેટલુ એટલે કે ૧૪.૫% જેટલું જાણવા મળેલ છે. દરદાગીના વેંચીને આ વ્યવસ્થા સંભાળેલ છે એવું જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૨૫ એટલે કે ૬.૨૫% જેટલું જાણાયેલ છે. જ્યારે મિત્રો પાસેથી નાણા ઉછીના લેવાની વ્યવસ્થા કરેલ છે એવું જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૩૮ એટલે કે ૯.૫% જેટલું જાણાયું. સંસ્થાકીય મદદ મળેલ હોય એવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૦૦ એટલે કે ૨૫% જેટલું જાણાયેલ છે આથી ફલીત થાય છે કે પોતાની રીતે વ્યવસ્થા કરનાર ઉતરદાતાઓનું પ્રમાણ મોટું છે.

## કોષ્ટક નંબર : ૪.૭૪

## બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉત્તરદાતાઓ નાણાકીય બચત કરતા હોય તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હા | ૧૨૨ | ૩૦.૫ |
| ૨. | ના | ૨૭૮ | ૬૯.૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના બચત કરી શકવા અંગેના પ્રતિભાવોના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે બચત કરી શકનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૨૨ એટલે કે ૩૦.૫% જેટલું જાણાવેલ છે. જ્યારે બચત ન કરી શકનાર ઉતરદાતાનું પ્રમાણ ૨૭૮ એટલે કે ૬૯.૫% જેટલું જાણવામાં આવેલ છે. આથી ફલીત થાય છે કે બચત ન કરી શકનાર ઉતરદાતાનું પ્રમાણ ઉંચુ રહેવા પામેલ છે.



## કોષ્ટક નંબર : ૪.૭૫

## બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉત્તરદાતાઓના બચતના પ્રકાર અંગેનું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | બેંકમાં ફિક્સ ડિપોઝીટ તરીકે | ૪૯ | ૪૦.૧૭ |
| ૨. | પોસ્ટ ઓફીસમાં બચત સ્કીમમાં | ૫૫ | ૪૫.૦૮ |
| ૩. | અન્ય રોકાણ કરેલ છે | ૧૮ | ૧૪.૭૫ |
| | **કુલ** | **૧૨૨** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર અને બચત કરી શકનાર ૧૨૨ ઉતરદાતાઓને પાયા તરીકે સ્વીકારીને બચતના પ્રકાર અંગેના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે બેંકમાં બચત કરતા હોય તેવું જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૨૨ના સંદર્ભમાં ૪૯ એટલે કે ૪૦.૧૭ જેટલું જાણાયેલ છે જ્યારે પોસ્ટ ઓફીસની બચત સ્કીમમાં બચત કરનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૨૨ના સંદર્ભમાં ૫૫ એટલે કે ૪૫.૦૮% જેટલું જાણવામાં આવેલ છે. જ્યારે અન્ય રીતે બચત કરનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૨૨ના સંદર્ભમાં ૧૮ એટલે કે ૧૪.૭૫% જેટલું જાણવા મળેલ છે.



## કોષ્ટક નંબર : ૪.૭૬

## બહુવિકલાંગ બાળકની સારવારના ખર્ચને પહોચી વળવા માટે ઉત્તરદાતાના અન્ય બાળકોના ભણવા પર પડતી અસર દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હા | ૨૯૮ | ૭૪.૫ |
| ૨. | ના | ૧૦૨ | ૨૫.૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના અન્ય બાળકોના શિક્ષણ ઉપર મુકવામાં આવેલા કાપ અંગેના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે કુલ ઉતરદાતાઓના સંદર્ભમાં કાપ મુકતા ઉતરદાતાઓનું પ્રમાણ ૨૫૮ એટલે કે ૭૪.૫% જેટલું જાણાય છે જ્યારે અન્ય બાળકોના શિક્ષણ ઉપર કાપ ન મુકતા ઉતરદાતાઓનું પ્રમાણ ૧૦૨ એટલે કે ૭૫.૫% જેટલું છે. આથી ફલિત થાય છે કે બહુવિકલાંગ બાળકોને કારણે અન્ય બાળકોનાં શિક્ષણ પર કાપ મૂકનાર ઉત્તરદાતાનું પ્રમાણ નીચું છે.



## કોષ્ટક નંબર : ૪.૭૭

## બહુવિકલાંગ બાળકની સારવારના કારણે અન્ય ખર્ચાઓ પરના કાપની માહિતી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | ભોજન ખર્ચમાં કાપ મૂકેલ છે. | ૧૮૦ | ૪૫ |
| ૨. | સામાજિક પ્રસંગોમાં કાપ મુકેલ છે | ૧૦૨ | ૨૫.૫ |
| ૩. | કપડાલતાની ખરીદી માટે કાપ મુકેલ છે | ૯૫ | ૨૩.૭૫ |
| ૪. | મેડીકલ ખર્ચમાં કાપ મુકેલ છે | ૨૩ | ૫.૭૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓનો અન્ય ખર્ચમાં કાપ મુકવા અંગેના ઉપરના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે ભોજન ખર્ચમાં કાપ મુકયો છે તેવું જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૧૮૦ એટલે કે ૪૫% જેટલું જાણાયેલ છે. જ્યારે સામાજિક પ્રસંગોમાં કાપ મુકેલ છે તેવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૦૨ એટલે કે ૨૫.૫% જેટલું જાણાયેલ છે. કપડાલતામાં કાપ મુકેલ છે તેવું જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૯૫ એટલે કે ૨૩.૭૫% જેટલુ જાણવા મળેલ છે. જ્યારે મેડીકલ ખર્ચમાં કાપ મુકેલ છે તેવુ જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ માત્ર ૨૩ એટલે કે ૫.૭૫% જેટલું છે. આથી ફલીત થાય છે કે ભોજન ખર્ચમાં કાપ મુકનાર ઉતરદાતાઓનું પ્રમાણ વધારે છે.

## કોષ્ટક નંબર : ૪.૭૮

## બહુવિકલાંગ બાળકની બિમારી ઉત્તરદાતાના વ્યવસાય કે નોકરીમાં બાધકરૂપ થતી હોય તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હા | ૩૩૧ | ૮૨.૭૫ |
| ૨. | ના | ૬૯ | ૧૭.૨૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના બાળકોની વિકલાંગતા નોકરી કે વ્યવસાયમાં બાધકરૂપ બનતી હોયતે અંગેના પ્રતિભાવોના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે બહુવિકલાંગતા તેમના વ્યવસાય કે નોકરીમાં બાધક બને છે તેવુ જાણાવનારા ઉતરદાતાઓનું પ્રમાણ કુલ ઉતરદાતાના સંદર્ભમાં ૩૩૧ એટલે કે ૮૨.૭૫% જેટલું જાણાવેલ છે જ્યારે બહુવિકલાંગતા બાધક નથી બનતી તેવું જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૬૯ એટલે કે ૧૭.૨૫% જેટલું જાણવા મળે છે. આથી ફલીત થાય છે કે બહુવિકલાંગ બાળકોની બહુવિકલાંગતા તેમના ઉતરદાતાના વ્યવસાયમાં કે નોકરીમાં બાધક બને છે તેવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ઘણું ઉંચુ છે.



## કોષ્ટક નંબર : ૪.૭૯

## બહુવિકલાંગ બાળકની બહુવિકલાંગતા ઉત્તરદાતાની કામગીરીમાં કઈ રીતે બાધક બને છે તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | નોકરીમાંથી રજા મળતી નથી | ૨૮ | ૮.૪૬ |
| ૨. | ધંધો બંધ રાખવો પડે છે | ૧૩૬ | ૪૧.૦૯ |
| ૩. | મજૂરી બંધ રાખવી પડે છે | ૭૮ | ૨૫.૫૬ |
| ૪. | ઓફિસ બંધ રાખવી પડે છે | ૮૯ | ૨૬.૮૯ |
| | **કુલ** | **૩૩૧** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોની બહુવિકલાંગતા જે ઉતરદાતાઓને બાધક બને છે તેવા ૩૩૧ ઉતરદાતાઓને પાયા તરીકે સ્વીકારીને મળેલ પ્રતિભાવોને પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળેલ છે કે નોકરીમાંથી રજા નથી મળતી તેવું જરાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૩૩૧ના સંદર્ભમાં ૨૮ એટલે કે ૮.૪૬% જેટલું જાણાવેલ છે જ્યારો ધંધો બંધ રાખવો પડે છે તેવું જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૧૩૬ એટલે કે ૪૧.૦૯% જેટલું જાણાવેલ છે. મજુરી કે બંધ રાખવી પડે છે તેવુ જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૭૮ એટલે કે ૨૩.૫૬% જેટલુ જાણાય છે. જ્યારે ઓફીસ બંધ રાખવી પડે છે તેવું જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૮૯ એટલે કે ૨૬.૮૯% જેટલું જાણાયુ. આમ બહુવિકલાંગ બાળકોની વિકલાંગતા તેનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓને તેમના કામ-કાજમાં બાધકતા ઉભી કરે છે.

## કોષ્ટક નંબર : ૪.૮૦

## બહુવિકલાંગ બાળકની આકસ્મિક સારવારના કિસ્સામાં કરાતા ખર્ચનાં આયોજન અંગેનું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | પોતાના પૈસા દ્વારા | ૧૭૭ | ૪૪.૨૫ |
| ૨. | લોન લેઈને | ૮૯ | ૨૨.૨૫ |
| ૩. | મિત્રો પાસેથી ઉછીના લઈને | ૧૩૪ | ૩૩.૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના આકસ્મિક ખર્ચની વ્યવસ્થા અંગેના પ્રસ્તુત કોષ્ટકક દ્વારા જાણવા મળે છે કે પોતાના પૈસા દ્વારા જ આકસ્મિક ખર્ચની વ્યવસ્થા કરનાર ઉતરદાતાઓનું પ્રમાણ કુલઉતરદાતાના સંદર્ભમાં ૧૭૭ એટલે કે ૪૯.૨૫% જેટલુ જાણવા મળેલ છે. જ્યારે લોન લઈ વ્યવસ્થા કરનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૮૯ એટલે કે ૨૨.૪૫% જેટલું જાણવા મળેલ છે. જ્યારે મિત્રો પાસેથી ઉછીના લઈને વ્યવસ્થા કરનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૧૩૪ એટલે કે ૩૩.૫% જેટલું જાણાવેલ છે.



## કોષ્ટક નંબર : ૪.૮૧

## બહુવિકલાંગ બાળકોની હાલની પરિસ્થિતિ અંગે જ્ઞાતીજનોના પ્રતિભાવ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | યોગ્ય સહકાર આપે છે | ૧૦૫ | ૨૬.૨૫ |
| ૨. | પરિસ્થિતિનો સામનો કરવાની તૈયારી બતાવે છે | ૯૮ | ૨૨.૫ |
| ૩. | ઉપેક્ષાવૃતિ દાખવે છે | ૧૩૫ | ૩૩.૭૫ |
| ૪. | કોઈજ પ્રકારની લાગણી દર્શાવતા નથી | ૬૨ | ૧૫.૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના સગા-સંબંધીઓના સામાજિક પ્રતિભાવ અંગેના પ્રસ્તુત કોષ્ટક અંગે જાણવા મળેલ છે કે યોગ્ય સહકાર આપે છે તેવું જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ કુલ ઉતરદાતાના સંદર્ભમાં ૧૦૫ એટલે કે ૨૬.૨૫% જેટલું જાણવા મળેલ છે. જ્યારે પરિસ્થિતિનો સામનો કરવાની સલાહ આપનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૯૮ એટલે કે ૨૪.૫% જેટલું જાણાયું છે. બીજા લોકો ઉપેક્ષાવૃતિ દાખવે છે તેવું જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૧૩૫ એટલે કે ૩૩.૭૫% જેટલું જાણાય છે જ્યારે કોઈ પ્રતિભાવ આપતા નથી તેવું જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ માત્ર ૬૨ એટલે કે ૧૫.૫% જેટલું જાણવા મળેલ છે.

**કોષ્ટક નંબર : ૪.૮૨**

**બહુવિકલાંગ બાળક પ્રત્યે આડોશ-પાડોશના બાળકો દ્વારા રખાતા વર્તન અંગેનું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | વિકલાંગતા મુજબ રમતગમતની પ્રવૃતિ | ૧૧૮ | ૨૯.૫ |
| ૨. | બાળકની પાસે આવીને બેસે છે | ૧૪૨ | ૩૫.૫ |
| ૩. | વિકલાંગ બાળકની મશ્કરી કરે છે | ૩૫ | ૮.૭૫ |
| ૪. | કશો પ્રતિભાવ આપતા નથી | ૧૦૫ | ૨૬.૨૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોને ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના આડોશ પાડોશના બાળકો આ બહુવિકલાંગ બાળકો સાથે કેવા પ્રકારનું વર્તન કરે છે તે અંગેના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે વિકલાંગતા મુજબ રમત-ગમતમાં ભાગ લે છે તેવું જણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ કુલ ઉતરદાતાના સંદર્ભમાં ૧૧૮ એટલે કે ૨૯.૫% જેટલું જણાયેલ છે. જ્યારે તે બાળકો બહુવિકલાંગ બાળકો પાસે આવીને બેસે છે તેવું જણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૧૪૨ એટલે કે ૩૫.૫% જેટલું જાણવા મળેલ છે. જ્યારે બહુવિકલાંગ બાળકોની તેવો મસ્તી કરે છે તેવું જણાવતા ઉતરદાતાઓનું પ્રમાણ ૩૫ એટલે કે ૮.૭૫% જેટલું જણાયુ જ્યારે કશો પ્રતિભાવ આપતા નથી તેવુ જણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૧૦૫ એટલે કે ૨૬.૨૫% જેટલું જાણવા મળેલ છે. આથી ફલીત થાય છે કે બહુવિકલાંગ બાળકોની અન્ય બાળકો મશ્કરી કરે છે તેવુ જણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ઘણું ઓછું છે.

## કોષ્ટક નંબર : ૪.૮૩

## અન્ય બાળકોની સાથે બહુવિકલાંગ બાળકોના વર્તન અંગેનું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હળીમળીને રહે છે. | ૧૦૫ | ૨૬.૨૫ |
| ૨. | આનંદ વ્યક્ત કરે છે | ૧૪૭ | ૩૬.૭૫ |
| ૩. | લઘુતાગ્રંથી અનુભવે છે | ૪૧ | ૧૦.૨૫ |
| ૪. | કોઈ ચોક્કસ પ્રતિભાવ આપતા નથી | ૧૦૭ | ૨૬.૭૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના બહુવિકલાંગ બાળકોના અન્ય બાળકો પ્રત્યેના વર્તન સંબંધી પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણાય છે કે આ બહુવિકલાંગ બાળકો અન્ય બાળકો સાથે હળીમળીને રહે છે. તેવુ જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ કુલ ઉતરદાતાના સંદર્ભમાં ૧૦૫ એટલે કે ૨૬.૨૫% જેટલુ જાણાય છે. જ્યારે આ બહુવિકલાંગ બાળકો અન્ય બાળકોને મળીને આનંદ વ્યક્ત કરે છે તેવુ જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૪૭ એટલે કે ૩૬.૭૫% જેટલુ જાણવામાં આવેલ છે. બહુવિકલાંગ બાળકો આવા સમયે લઘુતાગ્રંથી અનુભવે છે તેવુ જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૪૧ એટલે કે ૧૦.૨૫% જેટલુ જાણવા મળેલ છે. જ્યારે આ બહુવિકલાંગ બાળકો આવા સંજોગોમાં કોઈ પ્રતિભાવ આપતા નથી એવુ જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૦૭ એટલે કે ૨૬.૭૫% જેટલું જાણાય છે. આથી ફલીત થાય છે કે અન્ય બાળકોને મળતી વખતે બહુવિકલાંગ બાળકોના પ્રતિભાવો વિવિધ પ્રકારના હોય છે.

## કોષ્ટક નંબર : ૪.૮૪

## કુટુંબના અન્ય બાળકોના બહુવિકલાંગ બાળક પ્રત્યેના વર્તન અંગેનું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | મદદ માટે તત્પર રહે છે | ૧૨૯ | ૩૨.૨૫ |
| ૨. | સહાનુભૂતિ દાખવે છે | ૯૫ | ૨૫.૭૫ |
| ૩. | વાતવાતમાં ઝઘડી પડે છે | ૧૯૯ | ૨૭.૨૫ |
| ૪. | ચોક્કસ પ્રતિભાવ આપતા નથી | ૬૭ | ૧૬.૭૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓને અન્ય બાળકોના અન્ય બહુવિકલાંગ બાળકો પ્રત્યેના વર્તન અંગેના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે અન્ય બાળકો બહુવિકલાંગ બાળકોને મદદ કરવા માટે તત્પર હોય છે તેવું જણાવનારા ઉતરદાતાનું પ્રમાણ કુલ ઉતરદાતાના સંદર્ભમાં ૧૨૯ એટલે કે ૩૨.૨૫% જેટલું જાણવા મળેલ છે. જ્યારે કુટુંબના અન્ય બાળકો આ બાળકો પ્રત્યે સહાનુભૂતિ દાખવે છે એમ જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૯૫ એટલે કે ૨૫.૭૫% જેટલું જણાયું. કુટુંબના અન્ય બાળકો બહુવિકલાંગ બાળકો સાથે વાત-વાતમાં ઝઘડી પડે છે. એનું જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૦૯ એટલે કે ૨૭.૨૫% જેટલું જણાયું. જ્યારે કુટુંબના અન્ય બાળકો ચોક્કસ પ્રતિભાવ આપતા નથી એવું જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૬૭ એટલે કે ૧૬.૭૫% જણાવેલ છે. આથી ફલીત થાય છે કે કુટુંબના અન્ય બાળકોના પ્રતિભાવો આ બહુવિકલાંગ બાળકો પ્રત્યે વિવિધ પ્રકારના હોય છે.

## કોષ્ટક નંબર : ૪.૮૫

## બહુવિકલાંગ બાળક પ્રત્યે આડોશ પાડોશના વાલીઓનું સહકારભર્યું વર્તન દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હા | ૨૦૫ | ૫૧.૨૫ |
| ૨. | ના | ૧૯૫ | ૪૮.૭૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓમાં આડોશ-પાડોશના લોકોનો આ બહુવિકલાંગ બાળકો પ્રત્યેનો પ્રતિભાવ અંગેના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે આડોશ-પાડોશના લોકો સહકાર આપતા હોય એવું જાણાવનારા ઉતરદાતાઓનું પ્રમાણ કુલ ઉતરદાતાના સંદર્ભમાં ૨૦૫ એટલે કે ૫૧.૨૫% જેટલું જાણવા મળેલ છે. જ્યારે સહકાર નથી મળતો એવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૯૫ એટલે કે ૪૮.૭૫% જેટલું જાણાયેલ છે. આથી ફલીત થાય છે કે આડોશ-પાડોશના લોકોના સહકાર અને અસહકાર અંગેના પ્રતિભાવો લગભગ સમાન છે.



## કોષ્ટક નંબર : ૪.૮૬

## મિત્રો તરફથી મળતા સહકાર દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | કોઈપણ પ્રકારની મદદની તૈયારી બતાવે છે | ૨૧૧ | ૫૨.૭૫ |
| ૨. | નાણાકીય મદદ કરે છે | ૪૭ | ૧૧.૭૫ |
| ૩. | વિકલાંગ બાળકને આનંદમાં રાખવાનો પ્રયત્ન કરે છે | ૪૫ | ૧૧.૨૫ |
| ૪. | કઈ સહકાર મળતો નથી | ૯૭ | ૨૪.૨૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના મિત્રોના સહકાર અંગેના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળેછે કે મિત્રો કોઈપણ પ્રકારની મદદ માટે તૈયાર છે એવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ કુલ ઉતરદાતાના સંદર્ભમાં ૨૧૧ એટલે કે ૫૨.૭૫% જેટલું છે. જ્યારે મિત્રો નાણાકીય મદદ કરે છે એવું જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૪૭ એટલે કે ૧૧.૭૫% જેટલું જાણવા મળેલ છે. મિત્રો બહુવિકલાંગ બાળકને આનંદમાં રાખવાના પ્રયત્નો કરે છે. તેવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૪૫ એટલે કે ૧૧.૭૫% જેટલુ છે. જ્યારે મિત્રો તરફથી કોઈ સહકાર નથી મળતો તેવું જરાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૯૭ એટલે કે ૨૪.૨૫% જેટલું છે. આથી ફલિત થાય છે કે મિત્રોનો સહકાર એક યા બીજી રીતે બહુવિકલાંગ બાળકો અને તેમના વાલીઓને મળે છે.

## કોષ્ટક નંબર : ૪.૮૭

## બહુવિકલાંગતા ધરાવતા બાળકની હતાશાના સમયે વાલીનો પ્રતીભાવ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હતાશા ખંખેરી નાખવા પ્રેમાળ સુચના આપીએ છીએ | ૧૧૯ | ૨૯.૭૫ |
| ૨. | અમે તારી સાથે જ છીએ તેવી હિંમત અને હુંફ આપીએ છીએ | ૮૪ | ૨૧ |
| ૩. | ઠપકો આપીએ છીએ | ૯૪ | ૨૩.૭૫ |
| ૪. | કોઈજ પ્રતિભાવ આપતા નથી | ૧૦૩ | ૨૪.૭૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના બહુવિકલાંગ બાળકોની હતાશા બાબતમાં પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે આ બહુવિકલાંગ બાળકોને હતાશા ખંખેરી નાખવાની પ્રેમાળ સૂચના આપે છે એવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ કુલ ઉતરદાતાના સંદર્ભમાં ૧૧૯ એટલે કે ૨૯.૭૫% જાણાવેલ છે. જ્યારે અમે તારી સાથે છીએ એવી હિંમત આપીએ છીએ એવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૮૪ એટલે કે ૨૧% જેટલું જાણવા મળે છે જ્યારે બહુવિકલાંગ બાળકને ઠપકો આપીએ છીએ તેવું જાણાવનારા ઉતરદાતાનું પ્રમાણ ૯૪ એટલે કે ૨૯.૭૫% જેટલું જાણવા મળેલ છે. જ્યારે બહુવિકલાંગ બાળકોની હતાશા અંગે કોઈ પ્રતિભાવ આપતા નથી તેવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૦૩ એટલે કે ૨૫.૭૫% જેવું જાણાવેલ છે.

## કોષ્ટક નંબર : ૪.૮૮

## બાળકોમાં વણસતી પરિસ્થિતિના સમયે ઉત્તરદાતાઓ કઈ રીતે સમાયોજન કરે છે તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | યોગ્ય સમજાવટ દ્વારા | ૧૩૬ | ૩૪ |
| ૨. | કુટુંબનું વાતાવરણ ન બગડવાની સૂચના આપીએ છીએ | ૬૫ | ૧૬.૨૫ |
| ૩. | વિકલાંગતા રહિત બાળકને તેની જવાબદારીઓનું ભાન કરાવીએ છીએ | ૧૦૬ | ૨૬,૫ |
| ૪. | કડક બનો છો | ૯૪ | ૨૩.૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના પરિસ્થિતિ વણસી જાય ત્યારે લેવાતા પગલા અંગેના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે યોગ્ય સમજાવટ દ્વારા પરિસ્થિતિને કાબુમાં લાવવામાં આવે છે તેવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ કુલ ઉતરદાતાના સંદર્ભમાં ૧૩૬ એટલે કે ૩૪% જેટલું જાણાયેલ છે. જ્યારે કુટુંબનું વાતાવરણ ન બગડવું જોઈએ તેવી સુચના આપનાર ઉતરદાતાનું પ્રમાણ ૬૫ એટલે કે ૧૬.૨૫% જેટલુ જાણાવેલ છે. જ્યારે વિકલાંગતા રહિત બાળકોને તેમની જવાબદારીનું ભાન કરાવતા ઉતરદાતાનું પ્રમાણ ૧૦૬ જેટલું એટલે કે ૨૬.૫% જેટલું જાણવા મળે છે. જ્યારે આવા સંજોગોમાં કડક બનીએ છીએ તેવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૯૪ એટલે કે ૨૩.૫% જેટલું જાણાવેલ છે.

## કોષ્ટક નંબર : ૪.૮૯

## બાળકની બહુવિકલાંગતાને કારણે સર્જાતી કૌટુંબિક સમસ્યા દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | ક્ષતિગ્રસ્ત બાળકના ઉછેર બાબતે | ૨૦૩ | ૫૦.૭૫ |
| ૨. | આર્થિક બાબતો ઉપર | ૧૫૦ | ૩૭.૫ |
| ૩. | દામ્પત્યજીવન ઉપર અસર કરે છે | ૪૭ | ૧૧.૭૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના બાળકોની બહુવિકલાંગતાને કારણે  સર્જાતી કૌટુંબિક સમસ્યા અંગેના પ્રતિભાવોના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે. ક્ષતિગ્રસ્ત બાળકના ઉછેર બાબતમાં સમસ્યાઓ સર્જાતી હોય તેવું જાણાવનારા ઉતરદાતાઓ કુલ ઉતરદાતાનાં સંદર્ભમાં ૨૦૩ એટલે કે ૫૦.૭૫% જેટલું જાણાયેલ છે. જ્યારે આર્થિક સમસ્યાઓ સર્જાતી હોય તેવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૫૦ એટલે કે ૩૭.૫% જેટલું જાણાયેલ જ્યારે બહુવિકલાંગતાને કારણે દામ્પત્યજીવન પર થતી હોય તેવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૪૭ એટલે કે ૧૧.૭૫% જેટલું જાણાય છે. આથી ફલીત થાય છે બહુવિકલાંગોના ઉછેર અંગે સમસ્યાઓ સર્જાતી હોય તેવું  જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ મોટું છે.

## કોષ્ટક નંબર : ૪.૯૦

## ઘરના અન્ય બાળકના શિક્ષણ ઉપર બહુવિકલાંગ બાળકની અસરકારકતા દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | શૈક્ષણિક કાર્યમાં મદદ કરે છે | ૮૯ | ૨૨.૨૫ |
| ૨. | યોગ્ય સાથ સહકાર આપે છે | ૧૦૪ | ૨૬ |
| ૩. | પુસ્તકો ફાડી નાખે છે | ૮૮ | ૨૨ |
| ૪. | કોઈજ પ્રતિભાવ આપતા નથી | ૧૧૯ | ૨૯.૭૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોના ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના બહુવિકલાંગ બાળકના અન્ય બાળકોના શિક્ષણ પ્રત્યેના વર્તનના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે આ બહુવિકલાંગ બાળકો અન્ય બાળકોને શિક્ષણકામમાં મદદ કરે છે એવું જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૮૯ એટલે કે ૨૨.૨૫% જેટલું છે. જ્યારે યોગ્ય સાથ સહકાર આપે છે એવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૦૪ એટલે કે ૨૬% હોવાનું જાણાયેલ છે. બહુવિકલાંગ બાળકો અન્ય બાળકોના પુસ્તકો ફાડી નાખે છે તેવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૮૮ એટલે કે ૨૨% જેટલું જાણાયું છે. જ્યારે કંઈક પ્રતિભાવ આપતા નથી તેવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૧૯ એટલે કે ૨૯.૭૫% જેટલું જાણવા મળેલ. આથી ફલીત થાય છે કે અન્ય બાળકો પ્રત્યે બહુવિકલાંગ બાળકોના પ્રતિભાવો મિશ્રીત હોય છે.

## કોષ્ટક નંબર : ૪.૯૧

## સામાજિક પ્રસંગોમાં હાજરી આપતી વખતે ઉત્તરદાતાને થતા અનુભવો દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | વાર્તાલાપમાં દયા અને સહાનુભૂતિ જ હોય છે | ૧૯૨ | ૪૮ |
| ૨. | ઉપેક્ષાવૃતિ દાખવવામાં આવે છે | ૯૪ | ૨૩.૫ |
| ૩. | તિરસ્કૃત વર્તન કરે છે | ૧૧૪ | ૨૮.૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોના ઉતરદાતાઓના સામાજિક પ્રસંગોમાં હાજરી વખતના અનુભવોના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે સામાજિક પ્રસંગોએ અન્ય લોકો દયા અને સહાયભૂતી દાખવે છે એવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ કુલ ઉતરદાતાના સંદર્ભમાં ૧૯૨ એટલે કે ૪૮% જેટલું જાણવા મળેલ છે. જ્યારે સમાજના અન્ય લોકો ઉપેક્ષાવૃતિ દાખવે છે એવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૯૪ એટલે કે ૨૩.૫% જેટલું જાણવા મળે છે. સમાજના અન્ય લોકો તિરસ્કૃત વર્તન દાખવે છે તેવું જાણાવનારા ઉતરદાતાઓનું પ્રમાણ ૧૧૪ એટલે કે ૨૮.૫% જેટલું જાણવા મળેલ છે. આથી ફલીત થાય છે કે સમાજના અન્ય લોકોના પ્રતિભાવો બહુવિકલાંગ બાળકોના વાલીઓ પ્રત્યે ભિન્ન-ભિન્ન પ્રકારના હોય છે તેમ છતા કહી શકાય કે સહાનુભૂતિ અને દયા દાખવે છે તેવુ જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ઉંચુ છે.

## કોષ્ટક નંબર : ૪.૯૨

## બહુવિકલાંગ બાળકને કારણે સર્જાતા સામાજિક સંબંધો દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | અન્ય સંતાનોના લગ્નમાં અને સગાઈમાં મુશ્કેલી પડે છે | ૨૭૮ | ૬૯.૫ |
| ૨. | ટીકા ટીપ્પણીનો ભોગ બનવુ પડે છે | ૧૨૨ | ૩૦.૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર કરનાર ઉતરદાતાઓના બહુવિકલાંગ બાળકોને કારણે સર્જાતા સામાજિક સંબંધો અંગેના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે અન્ય સંતાનોના લગ્ન અને સગાઈમાં મુશ્કેલી પડે છે તેવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૨૭૮ એટલે કે ૬૯.૫% જેટલું જાણાયું છે. જ્યારે સામાજિક ટીકા-ટીપ્પણીનો ભોગ બનવું પડે છે તેવું જાણાવનાર ૧૨૨ એટલે કે ૩૦.૫% જેટલું જાણાવેલ છે. આથી ફલીત થાય છે કે અન્ય સંતાનોના લગ્ન અને સગાઈમાં મુશ્કેલી પડે છે તેવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ઘાણું ઉંચુ છે.

## કોષ્ટક નંબર : ૪.૯૩

## સ્વસ્થ સંતાનોના લગ્ન સંબંધો નક્કી કરતી વખતે થતી શરતો દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | લગ્ન બાદ તે સંતાનો અલગ રહેશે | ૨૩૫ | ૫૮.૭૫ |
| ૨. | વિકલાંગ સંતાનને આશ્રમમાં મુકવાની સલાહ આપવામાં આવે છે | ૧૯૧ | ૩૦.૨૫ |
| ૩. | ઘર જમાઈ બનવાની સલાહ આપે છે | ૪૪ | ૧૧ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના પોતાના અન્ય સ્વસ્થ બાળકોના લગ્ન અંગેની કામગીરીમાં કોઈ શરતોનો સામનો કરવાનો આવે છે તે અંગેના પ્રતિભાવોના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે સ્વસ્થ બાળકોના લગ્ન બાદ એ બાળકો કુટુંબથી અલગ રહેશે તેવી  શરત મેળવનારા ઉતરદાતાઓનું પ્રમાણ કુલ ૪૦૦ ઉતરદાતાઓની સંદર્ભમાં ૨૩૫ એટલે કે ૩૮.૭૫% જેટલું જાણવા મળે છે. જ્યારે વિકલાંગ સંતાનોને આશ્રમમાં મુકવાની શરત મેળવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૨૧ એટલે કે ૩૦.૨૫% જેટલું જાણાયેલ છે. જ્યારે ઉતરદાતાનો સ્વસ્થ બાળક સામે પક્ષે  ઘર જમાઈ બને તેવી શરત મેળવનાર ઉતરદાતાનું પ્રમાણે ૪૪ એટલે કે ૧૧% જેટલું છે. આથી ફલીત થાય છે કે લગ્ન બાદ લગ્ન કરનાર વ્યક્તિઓ બહુવિકલાંગ બાળકોના કુટુંબથી અલગ રહેશે એવી શરત મેળવનાર ઉતરદાતાનું પ્રમાણ ઉંચુ છે.

## કોષ્ટક નંબર : ૪.૯૪

## બહુવિકલાંગ બાળકને કારણે અપરણીત બહેનોના લગ્ન અંગે સર્જાતી સમસ્યા દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | લગ્ન સંબંધ બાંધતા અચકાય છે | ૧૭૮ | ૪૪.૫ |
| ૨. | આનુવંશિકતા અંગે ગેરસમજણ પ્રવર્તે છે | ૯૭ | ૨૪..૨૫ |
| ૩. | લગ્ન સંબંધ નકારવામાં આવે છે | ૧૨૫ | ૩૧.૨૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના બહુવિકલાંગ બાળકને કારણે અપરિણીત બહેનોની સર્જાતી લગ્નની સમસ્યા અંગેના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે લગ્ન સંબંધ બાંધતા અચકાય છે તેવું જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૭૮ એટલે કે ૪૪.૫% જેટલુ જણાવેલ છે. જ્યારે આનુવંશિકતા અંગે લોકોમાં ગેરસમજૂતી પ્રવર્તે છે તેવું જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૯૭ એટલે કે ૨૪.૪૫% જેટલુ જાણવા મળે છે. જ્યારે લગ્ન સંબંધ નકારવામાં આવે છે તેવુ જણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૨૫ એટલે કે ૩૧.૨૫% જેટલું જણાયેલ છે. આથી ફલિત થાય છે કે સમાજમાં બહુવિકલાંગ બાળકોના કુટુંબ સાથે કેવા પ્રકારના વર્તનો હોય છે.

## કોષ્ટક નંબર : ૪.૯૫

## બહુવિકલાંગ સંતાનોના કારણે સારા સંતાનોના વૈવિશાળ અંગે સર્જાતી સમસ્યાઓ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | સંતાનોના વૈવિશાળમાં મુશ્કેલીઓ આવે છે | ૧૮૦ | ૪૫ |
| ૨. | આનુવંશીકતા અંગે ગેરસમજની થાય છે | ૧૨૭ | ૩૧.૭૫ |
| ૩. | કોઈ ચોક્કસ પ્રતિભાવ નથી | ૯૩ | ૯૩.૨૫ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર ઉતરદાતાઓના અન્ય સ્વસ્થ બાળકોના વૈવિશાળ અંગેના અભિપ્રાયોના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે કે સ્વસ્થ સંતાનોના વૈવિશાળમાં મુશ્કેલીઓ આવે છે. એવું જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ કુલ ઉતરદાતાના સંદર્ભમાં ૧૮૦ એટલે કે ૪૫% જેટલું જાણાયેલ છે. જ્યારે કુટુંબની આનુવંશીકતા અંગે પ્રશ્ન ઉઠાવવોમાં આવે છે તેવુ જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૨૭ એટલે કે ૩૨.૭૯% જેટલુ જાણાયેલ છે. સંતાનોના વૈવીશાળ અંગે ઉતરદાતાઓનોજ કોઈ ચોક્કસ પ્રતિભાવ પ્રાપ્ત થઈ શકયો નથી તેવા ઉતરદાતાનું પ્રમાણ ૯૩ એટલે કે ૨૩.૨૫% જેટલું જાણાવેલ છે. આથી ફલીત થાય છે કે સ્વસ્થ સંતાનોની વૈવિશાળ અંગે સમાજના પ્રતિભાવો બહુ અનુકુળ નથી હોતા એવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ઉંચું છે.

## કોષ્ટક નંબર : ૪.૯૬

## બહુવિકલાંગ બાળક પોતે પોતાની વિકલાંગતાને લીધે શું અનુભવે છે તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હતાશા અનુભવે છે | ૧૦૯ | ૨૭.૨૫ |
| ૨. | સામાજિક પ્રસંગોમાં સંકોચ અનુભવે છે | ૬૩ | ૧૫.૭૫ |
| ૩. | પોતાની બહુવિકલાંગતા વિશે નકારાત્મક લાગણી અનુભવે છે | ૬૦ | ૧૫ |
| ૪. | પોતાની વિકલાંગતા વિશે કશું અનુભવતા નથી | ૧૬૮ | ૪૨ |
| | **કુલ** | **૪૦૦** | **૧૦૦** |

બહુવિકલાંગ બાળકો પોતાની બહુવિકલાંગતા અંગે કેવા પ્રકારની લાગણી અનુભવે છે તે અંગેના તેમનો ઉછેર કરનાર ઉતરદાતાઓના પ્રતિભાવોના પ્રસ્તુત કોષ્ટક દ્વારા જાણવા મળે છે બહુવિકલાંગ બાળકો હતાશા અનુભવે છે એવું જાણાવનારનું પ્રમાણ કુલ ઉતરદાતાઓના પ્રમાણમાં ૧૦૯ એટલે કે ૨૭.૨૫% જાણવા મળ્યું. જયારે સામાજિક પ્રસંગોમાં આ બહુવિકલાંગ બાળકો સંકોચ અનુભવે છે એવુ જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૬૩ એટલે કે ૧૫.૭૬ જાણવા મળેલ છે. જ્યારે પોતાની વિકલાંગતા વિશે નકારાત્મક લાગણી અનુભવે છે તેવું જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ૬૦ એટલે કે ૧૫% જેટલું જાણવા મળેલ છે. જ્યારે પોતાની વિકલાંગતા વિશે કશું અનુભવતા નથી તેવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૬૮ એટલે કે ૪૨ % જાણવા મળેલ છે. આથી ફલીત થાય છે કે પોતાની બહુવિકલાંગતા વિશે કશી લાગણી નથી અનુભવતા તેવું જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ થોડુ ઉંચુ છે.

# પ્રકરણ-૫

# સંશોધનનાં તારણો અને સુચનો

૫.૧ પ્રસ્તાવના

૫.૨ સંશોધનના તારણો

૫.૩ ઉપકલ્પનાની ચકાસણી

૫.૪ સંશોધનના સુચનો

૫.૫ સંશોધનની મર્યાદાઓ

૫.૬ સંશોધન દરમ્યાન થયેલા અનુભવો

૫.૭ ઉપસંહાર

# પ્રકરણ-૫
# સંશોધનનાં તારણો અને સુચનો

## ૫.૧ પ્રસ્તાવના

સંશોધકના બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાનો અભ્યાસ પરના પ્રસ્તુત સંશોધનમાં બહુવિકલાંગ બાળકોની વેદના અને વ્યથા પ્રતિબિંબીત થતી જણાય છે. બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાઓ તો તેમના માતા-પિતા, વાલીઓ તેમજ ઉછેર સંભાળનાર ઉતરદાતાઓની સમસ્યાઓ છે. પરંતુ તે સમસ્યાઓની પાછળ પાછળ જાણે-અજાણે બહુવિકલાંગ બાળકોની સમસ્યાઓ પણ પ્રતિબિંબિત થતી હતી અને કદાચ ઉછેરની સમસ્યાઓ કરતાં પણ બહુવિકલાંગ બાળકોની પોતાની શારીરિક અને મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ કે જે મૂળભૂત રીતે વધુ ગંભીર અને દુરગામી છે તે ડોકીયુ કરતી હતી.

બહુવિકલાંગ બાળકો અન્ય સામાન્ય બાળકોની માફક જીવન જીવવાની આકાંક્ષા રાખતા હોય છે, શિક્ષણ પ્રાપ્ત કરીને કંઈક બનવા માંગતા હોય છે અને તંદુરસ્ત માનવીની માફક સામાન્ય જીવન જીવવા માંગતા હોય છે. પરંતુ કુદરતે કરેલો અન્યાય તેમને તેમ કરવા દેતો નથી, તેની મનોવેદનામાંથી તો તેઓ પસાર થતા હોય છે, એક અભાવપૂર્ણ જીવનની પ્રતિતિ તો તેમની સામેઉભી હોય છે. તેમાં વળી તેમના માતા-પિતા અને વાલીની તેમને અંગેની ચિંતાઓ અને સમસ્યાઓ ભળે છે. બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાઓ અનેકવિધ છે અને જેટલી છે તેટલી ઘણી ગંભીર બની છે. બહુવિકલાંગ બાળકોના વાલીઓ જે અનેક પ્રકારની સમસ્યાઓ પોતાના આ બહુવિકલાંગ બાળકો અંગે ધરાવે છે તે અસંખ્ય છે. આ સમસ્યાઓ આર્થિક, શારીરિક, સામાજિક અને મનોવૈજ્ઞાનિક પ્રકારની હોય છે. રામબાણ વાગ્યા હોય એ જાણેની કહેવતની માફક જ બહુવિકલાંગ બાળકોના કારણે તેના કુટુંબીજનો સમજી અને અનુભવી શકે છે. પોતાના બહુવિકલાંગ બાળકોનો

ઉછેર, સારવાર, શિક્ષણ અને તાલીમ, કૌટુમ્બીક આજે સામાજિક સમાયોજન તેમજ તેનું વ્યવસાયિક અને સામાજિક પુન:સ્થાપન જેવી સમસ્યાઓ સમજવી જેટલી સહેલી છે તેટલાક તેના ઉકેલો ગંભીર છે.

બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યા એ વિકસતા સમાજમાં માત્ર જે તે કુટુંબની સમસ્યા નથી પરંતુ એક યા બીજી રીતે સમગ્ર સમાજની સમસ્યા છે. કારણ કે આ બહુવિકલાંગ બાળકોએ સમાજની મૂડી બનવાને બદલે સમાજની જવાબદારી બની જાય છે. જેની સમસ્યાના ઉકેલમાં સામાજીક સરકાર અને ભાગીદારી આવશ્યક છે. પ્રસ્તુત સંશોધનનો એક વણલીખીત હેતુ આ જટીલ સમસ્યાઓ પ્રત્યે સમાજનું ધ્યાન દોરવાનો અને સમાજને ઉજાગર કરવાનો છે.

## ૫.૨ સંશોધનના તારણો

બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યા અંગેના પ્રસ્તુત સંશોધનના તારણો

### ○ તારણ નં.૧

બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાઓ સહન કરનાર ઉતરદાતાઓમાંથી ૬૦% કરતા વધારે ઉતરદાતાઓએ પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરેલ છે જ્યારે માધ્યમિક શિક્ષણ અને સ્નાતક કક્ષા સુધી પહોચનાર ઉતરદાતાઓનું પ્રમાણ નિચું છે.

### ○ તારણ નં.૨

ઉછેરની સંભાળ રાખનાર ઉતરાદાતાઓમાંથી ૮૦% જેટલા ઉતરદાતાઓ ૩૧ થી ૪૦ની વયમર્યાદામાં આવે છે જ્યારે એ વય મર્યાદા વટી જનાર ઉતરદાતાઓનું પ્રમાણ નિચુ છે.

### ○ તારણ નં.૩

આશ્ચર્યની વાત તો એ છે કે સ્ત્રી ઉતરદાતાનું પ્રમાણ પુરુષ ઉતરદાતા કરતા ઘણુ ઉંચુ

એટલે કે ૯૧% જેટલું જાણાયું છે. જ્યારે ધર્મ અંગેની ટકાવારી જોઈએ તો ૮૫% જેટલા ઉતરદાતાઓ હિંદુ ધર્મ પાડતા જાણાય છે.

**ο તારણ નં.૪**

સંયુક્ત કુટુંબમાં રહેતા ઉતરદાતાઓનું પ્રમાણ વિભક્ત કુટુંબમાં રહેતા ઉતરદાતા કરતા લગભગ બમણુ છે.

**ο તારણ નં.૫**

કુટુંબમાં એક કરતા વધારે વિકલાંગ બાળક હોય તેવા ઉતરદાતાનું પ્રમાણ ઘણુ નીચુ એટલે માત્ર ૧૦% જાણાયું છે.

**ο તારણ નં.૬**

બહુવિકલાંગ બાળકોનો ઉછેર સંભાળનાર માતા ઉતરદાતાઓને ગર્ભાવસ્થા દરમ્યાન બિમારી લાગુ પડી હોય એવું ઉતરદાતાનું પ્રમાણ ઘણુ નીચુ જાણાયું છે એટલે કે માત્ર ૧૬% જેટલુ જાણાયું છે.

**ο તારણ નં.૭**

બહુવિકલાંગ બાળકોની ગર્ભાવસ્થા દરમ્યાન તેમની માતાને અકસ્માત નડ્યો હોય તેવા ઉતરદાતાનું પ્રમાણ ઓછુ એટલે કે ૨૦% જેટલું જાણાયું અને અકસ્માત ન નડ્યો હોય તેવા ઉતરદાતાનું પ્રમાણ ૮૦% જેટલુ જાણાયું આથી જે ૨૦% ઉતરદાતાઓને અકસ્માત નડ્યો તેમને અકસ્માતના પ્રકાર અંગે પુછતા ૬૨.૫% જેટલા ઉતરદાતાઓ ગર્ભાવસ્થા દરમ્યાન પડી ગયા હતા, જેની અસર કદાચ ગર્ભસ્થ બાળક પર થવા પામી હોય.

**ο તારણ નં.૮**

બહુવિકલાંગ બાળકોની સગર્ભામાતાના ગાયનેકોલોજીસ્ટ પાસે જવાના સમય-પત્રક અંગે જાણાય છે કે નિયમીત રીતે પ્રસુતિશાસ્ત્રના નિયમ પ્રમાણે દર માસે ગાયનેક પાસે

જનાર ઉતરદાતા  માતાઓનું પ્રમાણ ઉંચુ એટલે કે લગભગ ૬૦% જેટલું જાણાયેલ છે. જે એ બતાવી આપેલ છે કે આ માતાઓ પ્રસુતિશાસ્ત્રના નિયમ પ્રમાણે સગર્ભાવસ્થામાં તબીબી સલાહ લેતી હતી.

**૦ તારણ નં.૯**

સગર્ભાવસ્થા દરમ્યાન મહીલા ઉતરદાતાઓને બ્લડપ્રેસરની સમસ્યા હોય તેવુ જાણવા મળતુ હતુ કે જે અંગે મોટાભાગની સગર્ભા સ્ત્રીઓ પોતાના ગાયનેકની સલાહ અનુસાર સારવાર કરાવતી હતી.

**૦ તારણ નં.૧૦**

સગર્ભાવસ્થા દરમ્યાન બહુ મોટા પ્રમાણમાં માતા ઉતરદાતાઓ રસીઓ લેતી હતી તેમજ  લોહતત્વ વધારવાની વિટામીનની ગોળીઓ પણ લેતી જાણાય.

**૦ તારણ નં.૧૧**

પ્રસૂતિના પ્રકાર અંગે જાણવા મળેલ કે મોટા પ્રમાણમાં સગર્ભા માતાઓને નોર્મલ પ્રસુતિ થયેલ.

**૦ તારણ નં.૧૨**

પોતાના સંતાનને વિકલાંગતા થતી જાય છે તે અંગે જાણકારી થતા મોટા પ્રમાણના ઉતરદાતાઓએ પોતાના ફેમીલી ડોક્ટરને બતાવેલ.

**૦ તારણ નં.૧૩**

વિકલાંગ બાળકની સારવાર અંગે ઉતરદાતા વિવિધ પ્રકારના નિષ્ણાંત તબીબો પાસે વિકલાંગ બાળકોને લઈ ગયેલ.

**૦ તારણ નં.૧૪**

બહુવિકલાંગ બાળક માટે સુવા બેસવાની અલગ વ્યવસ્થા હોય એવું જાણાવનાર

ઉતરદાતાઓનું પ્રમાણ બહુ ઓછુ જાણાયેલ છે. જેના બહુવિકલાંગ બાળક માટે અલગ-અલગ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

**૦ તારણ નં.૧૫**

બહુવિકલાંગ બાળકો પોતાની જાતે પણ જમી શકે છે એવુ જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ઉંચુ છે. જ્યારે જે બહુવિકલાંગ બાળકો પોતાની જાતે જમી શકતા નથી તેમને ઉતરદાતા માતાઓ પોતે જમાડે છે.

**૦ તારણ નં.૧૬**

લગભગ ૫૦% જેટલા બહુવિકલાંગ બાળકો પોતાની કુદરતી ક્રિયાઓ પોતાની જાતે કરે છે જ્યારે બાકીના ૫૦%ને માટે અલગ વ્યવસ્થાઓ કરવામાં આવેલી છે.

**૦ તારણ નં.૧૭**

બહુવિકલાંગ બાળકોની ગંભીર બિમારીના સમયે તેની બહુવિકલાંગતા પર અસર થતી હોય તેવા બહુવિકલાંગ બાળકોનું પ્રમાણ સારુ એવુ એટલે કે ૪૮.૭૫% જેટલુ છે. જેમને પોતાની બહુવિકલાંગતા પર અલગ-અલગ અસર થાય છે.

**૦ તારણ નં.૧૮**

બહુવિકલાંગ બાળકોમાં એકવિકલાંગતાની અસર બીજી વિકલાંગતા પર થતી નથી તેવુ જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ઘાણુ ઉંચુ છે.

**૦ તારણ નં.૧૯**

બહુવિકલાંગ બાળકો ચાલવા માટે વ્હીલચેર, ટ્રાઈસીકલ તેમજ હાથઘોડીનો ઉપયોગ કરતા જાણાય છે. જ્યારે બહુવિકલાંગ બાળકને સારવાર માટે લઈ જતી વખતે ઉતરદાતાઓને જે સમસ્યાઓનો સામનો કરવો પડતો હોય છે. તેમાં આર્થિક સમસ્યાઓ અને સમયની સમસ્યાનું પ્રમાણ ઘાણુ ઉંચુ છે.

**૦ તારણ નં.૨૦**

બહુવિકલાંગ બાળકને સરકારી તાલીમ સંસ્થાનું શિક્ષણ મળી શકે છે એવી જાણકારી ધરાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ ઘણું ઉંચુ છે કે જેમાં તે બહુવિકલાંગ બાળકોના ઉતરદાતાઓએ અલગ-અલગ પ્રયત્નો બહુવિકલાંગ બાળકોને શિક્ષણ પ્રાપ્ત કરાવવા અંગે કર્યા હોય.

**૦ તારણ નં.૨૧**

બહુ મોટા પ્રમાણમાં બહુવિકલાંગ બાળકોને શૈક્ષણિક સંસ્થાઓએ વાહનની વ્યવસ્થા આપેલ છે જ્યારે રીક્ષા બાંધીઆપેલ હોય અથવા પોતે મુકવા જતા હોય તેવુ જાણાવનાર ઉતરદાતાનું પ્રમાણ ઓછું જાણાયેલ છે.

**૦ તારણ નં.૨૨**

બહુવિકલાંગ બાળકની શાળાકીય પ્રવૃતિ દરમ્યાન બહુ મોટા પ્રમાણમાં શિક્ષકો સહકાર આપે છે જેમાં શિક્ષકો બાળકના શિક્ષણ પ્રત્યે ધ્યાન આપે છે. બાળકને ખેલ-ખૂદ વિગેરેમાં પ્રોત્સાહીત કરે છે. તેમજ બાળકને તેની રોજીંદી ક્રિયાઓમાં મદદ કરે છે.

**૦ તારણ નં.૨૩**

બહુવિકલાંગ બાળકોને તેમની શાળાકિય પ્રવૃતિ દરમ્યાન શિક્ષકોનો સહારો ઘણા મોટા પ્રમાણમાં મળે છે. જે સહકાર ને શિક્ષકો તેમને અલગ-અલગ રીતે આપે છે. જેમને બહુવિકલાંગ બાળકના શિક્ષણ પ્રત્યે ધ્યાન આપે છે. બહુવિકલાંગ બાળકને ખેલકુદ વિગેરે માટે પ્રોત્સાહીત કરે છે તેમજ બહુવિકલાંગ બાળકને તેમની શાળાની રોજીંદી ક્રિયાઓમાં મદદ કરે છે.

**૦ તારણ નં.૨૪**

બહુવિકલાંગ બાળકોને શિક્ષણ ક્ષેત્રે સારી પ્રગતિ કરે તો ઉછેર સંભાળનાર વાલીઓ

કે માતા-પિતા તેમને અલગ-અલગ રીતે પુરસ્કૃત કરે છે કે જેના પ્રતિભાવમાં બહુવિકલાંગ બાળકો પણ પોતાનો પ્રતિભાવ આપે છે.

**૦ તારણ નં.૨૫**

શિક્ષણ ઉપરાંત બહુવિકલાંગ બાળકોને સ્વરોજગારીની તાલીમ આપનાર ઉતરદાતાઓનું પ્રમાણ ઘણું ઉંચુ છે. જેમાં બહુવિકલાંગ બાળકોને અલગ-અલગ પ્રકારની વ્યવસાયિક તાલીમનો સમાવેશ થાય છે કે જેમાં બહુવિકલાંગ બાળકો સફળતાપૂર્વક આ તાલીમ પસાર કરે છે.

**૦ તારણ નં.૨૬**

તાલીમને અંતે બહુવિકલાંગ બાળકો અલગ-અલગ રીતે પોતાના મનોભાવ વ્યક્ત કરે છે જે સંયુક્તપણે હકારાત્મક હોય છે.

**૦ તારણ નં.૨૭**

બહુવિકલાંગ બાળકોની વિમા પોલીસી અંગે જાણનાર ઉતરદાતાઓમાંથી પોલીસી ઉતરાવેલ હોય તેનું પ્રમાણ થોડુ ઉચુ છે.

**૦ તારણ નં.૨૮**

તાલીમ દ્વારા પુનઃ સ્થાપન થયુ હોય એવા વિકલાંગ બાળકનું પ્રમાણ નીચુ જણાય છે જ્યારે પુનઃસ્થાપન ન થયુ હોય તેવુ જણાવનાર બહુવિકલાંગ બાળકનું પ્રમાણ લગભગ બમણુ જણાય છે. જે બહુવિકલાંગ બાળકોનું પુનઃ સ્થાપન થયુછે તેઓનું પુનઃસ્થાપન કોમ્પ્યુટર, ટાઈપરાઈટર, પ્રિન્ટીંગ કે બુક બાઈન્ડીંગ જેવા વ્યવસાયીમાં પુનઃસ્થાપન થયું છે. જ્યારે જે બહુવિકલાંગ બાળકોનું પુનઃસ્થાપન ન થયુ હોય તે માટેના કારણોમાં તેમની બહુવિકલાંગતા અને બહુવિકલાંગતાને કારણે મળતી તકોનો અભાવ સ્પષ્ટ જણાય છે.

## o તારણ નં.૨૯

બહુવિકલાંગતાની સારવાર માટે માસિક ખર્ચ ૫૦૦ સુધી આવતો હોય તેવા ઉતરદાતાનું પ્રમાણ ઓછું છે જ્યારે ૫૦૦ થી ૧૦૦૦ સુધી માસીક ખર્ચ આવતો હોય તેનું પ્રમાણ ૫૨% અને ૧૦૦૦થી વધુ ખર્ચ આવતો હોય તેનું પ્રમાણ ૪૧% જેટલું છે. જેમાં લગભગ ૫૩% જેટલો ખર્ચ ડોકટરોની ફી વિગેરેનો આવે છે જ્યારે ૧૯% જેટલો ખર્ચ દવાઓનાં ખર્ચ અને લગભગ ૧૧% જેટલો ખર્ચ વાહન વ્યવહારનો આવે છે.

## o તારણ નં.૩૦

બહુવિકલાગ બાળકોની સારવાર પાછળના ખર્ચની આર્થિક વ્યવસ્થા ૫૦% જેટલા ઉતરદાતાઓ પોતાની રીતે કરે છે જ્યારે લોન લઈને કે દર-દાગીના વેચીને વ્યવસ્થા કરનારનું પ્રમાણ અનુક્રમે ૧૪% અને ૬% જેટલું છે. જ્યારે મિત્રો પાસેથી ઉછીના નાણા લઈને કે સંસ્થાકીય મદદ મેળવનારનું પ્રમાણ અનુક્રમે ૯% અને ૨૫% જેટલું છે.

## o તારણ નં.૩૧

બહુવિકલાંગ બાળકની સારવારના ખર્ચને પહોંચી વળવા માટે અન્ય બાળકોના અભ્યાસ પર કાપ મુકનાર ઉતરદાતાનું પ્રમાણ ઉંચુ જણાયું છે. જ્યારે કુટુંબના અન્ય ખર્ચાઓ પર કાપ મુકનાર ઉતરદાતાનું પ્રમાણ ૧૦૦% જેટલું જણાયુ છે.

## o તારણ નં.૩૨

બહુવિકલાંગ બાળકની બહુવિકલાંગતાને કારણે વ્યવસાય કે નોકરીમાં તકલીફ પડતી હોય તેવા ઉતરદાતાનું પ્રમાણ પણ ઘાણુ ઉંચુ જણાયું છે એટલે લગભગ ૮૨% જેટલુ જણાયુ છે જેમાં મુશ્કેલીના અલગ-અલગ પ્રકારો આવી જાય છે. જેમકે નોકરીમાંથી રજા ન મળતી હોય ધંધો કે ઓફીસ બંધ રાખવી પડે અથવા મજુરી ખેતીકામ બંધ રાખવું પડે.

### ○ તારણ નં.૩૩

બહુવિકલાંગ બાળકોના કુટુંબો પ્રત્યે જ્ઞાતીજનો અલગ-અલગ પ્રતિભાવો આપે છે. જેમાં યોગ્ય સહકાર આપનાર અને પરિસ્થિતિનો સામનો કરવાની હિંમત આપનાર જ્ઞાતિજનોનું પ્રમાણ સંયુક્ત રીતે ૫૦% જેટલું છે જ્યારે ૩૩% જેટલા જ્ઞાતીજનો ઉપેક્ષાવૃતિ દાખવે છે.

### ○ તારણ નં.૩૪

આડોશ-પાડોશના બાળકોમાં બહુવિકલાંગ બાળક પ્રત્યેના પ્રતિભાવોમાં અલગ-અલગ પ્રતિભાવો જાણવા મળેલ છે. જેમાં બહુવિકલાંગ બાળકો સાથે રમતગમતની પ્રવૃતિમાં ભાગ લેનાર અને તેમની પાસે આવીને બેસનાર બાળકોનું પ્રમાણ અનુક્રમે ૨૯% અને ૩૫% જેટલુ જાણાય છે. બહુવિકલાંગ બાળકો અન્ય બાળકોની મુશ્કેલીનો ભોગ બનતા હશે એ પ્રકારની જો પૂર્વ માન્યતા હોય તો તે અત્રે ખોટી ઠરે છે. કારણ કે માત્ર ૮% જેટલા જ બાળકો બહુવિકલાંગ બાળકોની મશ્કરી કરે છે. બહુવિકલાંગ બાળકોના અન્ય બાળકો તરફના વિભિન્ન પ્રતિભાવો પ્રતિબિંબિત થાય છે જેમાં તે અન્ય બાળકો સાથે હળી-મળીને દુ:ખ ભુલવાનો પ્રયત્ન કરે છે, તેમને મળીને આનંદ વ્યક્ત કરે છે. તેમ છતાં બહુવિકલાંગ બાળક તીવ્રલઘુતાગ્રંથી અનુભવે છે તેનું પ્રમાણ ઘણુ ઓછું જાણાયું છે જે ગૌરવની બાબત છે.

### ○ તારણ નં.૩૫

કુટુંબના અન્ય બાળકોના બહુવિકલાંગ બાળક પ્રત્યેના વર્તન અંગે જાણવા મળે છે કે તેઓ પણ બહુવિકલાંગ બાળકો પ્રત્યે અલગ-અલગ પ્રતિભાવો આપે છે. જેમાં તેમને મદદ કરવા તૈતયાર રહે છે, અને તેમની પ્રત્યે સહાનુભૂતિ દાખવે છે તેવુ જાણાવનાર ઉતરદાતાઓનું પ્રમાણ અનુક્રમે ૫૨% અને ૨૫% જેટલું જાણવા મળેલ છે. જ્યારે ૨૭% જેટલા કિસ્સામાં કુટુંબના અન્ય બાળકો વાતવાતમાં બહુવિકલાંગ બાળકો સાથે ઝઘડી પડે છે.

**૦ તારણ નં.૩૬**

આડોશી-પાડોશીઓના બહુવિકલાંગ બાળકો પ્રત્યેના વર્તન અંગે જાણવા મળે છે કે સહકાર ભરેલુ અને અસહકાર ભરેલુ વર્તન દાખવનાર વાલીઓનું પ્રમાણ લગભગ સરખુ છે જેમાં સહકાર આપનાર વાલીઓ, દીલાસો આપે છે, પ્રેમ અને હુંફ આપે છે, અને સારવારમાં મદદ પણ કરે છે.

**૦ તારણ નં.૩૭**

બહુવિકલાંગ બાળકોની હતાશા જેવા પ્રસંગોએ ઉત્તરદાતાના પ્રતિભાવો અલગ-અલગ પ્રકારના હોય છે. જેમાં હતાશા ખંખેરી નાખવાની સૂચના આપવામાં આવે છે. બહુવિકલાંગ બાળકોનો પ્રેમ અને હૂંફ આપવામાં આવે છે. તેમજ જરૂર જાણાય ત્યારે મુશ્કેલીથી ન ગભરાવવા અંગે યોગ્ય પરામર્શ કરવામાં આવે છે.

**૦ તારણ નં.૩૮**

બહુવિકલાંગતાને કારણે અલગ-અલગ પ્રકારની જે કૌટુંબિક સમસ્યાઓ સર્જાય છે તેમાં ક્ષતિગ્રસ્ત બાળકના ઉછેરની સમસ્યા, આર્થિક બાબતો અંગેની સમસ્યા તેમજ દામ્પત્ય જીવન અંગેની સમસ્યાઓ સર્જાય છે.

**૦ તારણ નં.૩૯**

બહુવિકલાંગતા અંગેની ભારતીય સમાજની તાસીર ન સમજાય તેવી છે જેમાં બહુવિકલાંગ બાળકોને કારણે અન્ય સંતાનોના લગ્નસંબંધ પર અસર પડતી હોય તેવા ઉતરદાતાનું પ્રમાણ ઘણું ઉંચુ છે તેમજ સામાજિક ટીકા-ટીપ્પણીનો ભોગ પણ બનવુ પડતું હોય છે અને અન્ય સામાજિક કૌટુંબિક સમાયોજનની સમસ્યાઓ સર્જાય છે.

**૦ તારણ નં.૪૦**

બહુવિકલાંગ બાળકોના અન્ય સ્વસ્થ ભાઈ-બહેનોના લગ્નસંબંધો વખતે સામા પક્ષ

તરફથી જે પ્રતિભાવો જાણવા મળે છે તે પ્રતિભાવો બહુવિકલાંગ બાળકોના કુટુંબની સમસ્યાઓમાં વધારો કરે છે જેમકે લગ્ન બાદ તે સ્વસ્થ સંતાનો અલગ રહેશે, અથવા બહુવિકલાંગ બાળકોને આશ્રમમાં મુકવાની સલાહ આપવામાં આવે છે. અથવા ઘરજમાઈ બનવાની સલાહ આપવામાં આવે છે. આમ જે કુટુંબમાં બહુવિકલાંગ બાળક નથી તે કુટુંબ બહુવિકલાંગતાની વાસ્તવિકતા સ્વીકારતુ નથી. વિશેષમાં, જટિલ પ્રશ્નો ત્યારે ઉભા થાય છે જ્યારે બહુવિકલાંગ બાળકોની અપરિણીત બહેનોની લગ્ન અંગેની સમસ્યાઓ સર્જાય છે. મોટેભાગે સામો પક્ષ લગ્નસંબંધ બાંધતા અચકાય છે અને લગ્નસંબંધ નકારવામાં આવે છે અથવા તો આનુવંશિકતા અંગે ગેરસમજાણ દાખવવામાં આવે છે.

**o તારણ નં.૪૧**

બહુવિકલાંગ બાળકના પોતાની બહુવિકલાંગતા અંગેના પ્રતિભાવોપણ સમજવા જેવા છે જે અત્યંત મહત્વના છે. બહુવિકલાંગ બાળકો હતાશા અનુભવે છે, સામાજિક પ્રસંગોમાં સંકોચ પણ અનુભવે છે, પોતાની વિકલાંગતા અંગે લાગણી પણ અનુભવે છે જ્યારે કોઈજ પ્રકારની લાગણી ન ધરાવનાર બહુવિકલાંગ બાળકોનું પ્રમાણ પણ સારુ એવું છે.

## ૫.૩ ઉપકલ્પનાની ચકાસણી :

૧. બહુવિકલાંગ બાળકોનું માતાઓને ગર્ભાવસ્થા દરમ્યાન બીમારી લાગુ પડી હોય તેવી માતાઓનું પ્રમાણ ઘણું જ નીચું એટલે કે ૧૬% જેટલું જાણવા મળેલ છે. તેથી બહુવિકલાંગ બાળકના જન્મપૂર્વે માતાને કોઈ ગંભીર બિમારી ચોક્કસ લાગુ પડેલ હશે કે જે જન્મનાર બાળકના સ્વાસ્થ્ય પરાણ અસર ક રે તો ઉપકલ્પના ખોટી ઠરે છે તેમજ સગર્ભાવસ્થા દરમ્યાન માતાને કોઈ અકસ્માત નડતો હશે તે ઉપકલ્પના પણ ખોટી સાબિત થાય છે કારણ કે બહુવિકલાંગ બાળકોની માતાઓને ગર્ભાવસ્થા દરમ્યાન અકસ્માત નડ્યો હોય તેવી ઉત્તરદાતાનું પ્રમાણ માત્ર ૨૦% જણાયું છે.

૨. પોતાના સંતાનને વિકલાંગતા થતી જાય છે તે અંગે જાણકારી થતા મોટા ભાગના ઉત્તરદાતાઓએ પોતાના ફેમીલી ડોકટરને બતાવેલ તેથી શિશુ અવસ્થામાં બહુવિકલાંગતા દષ્ટીગોચર થવા છતા યોગ્ય નિદાન અને સારવારનો અભાવ જણાયો હોય તે ઉપકલ્પના પણ ખોટી ઠરે છે.

૩. બહુવિકલાંગતાને કારણે અલગ-અલગ પ્રકારની કૌટુમ્બીક સમસ્યાએ સર્જાય છે તેમ જણાવનાર ઉત્તરદાતાનું પ્રમાણ ઉંચુ છે તેથી બહુવિકલાંગતાને કારણે કુટુંમ્બમાં કૌટુંમ્બીક સમસ્યા સર્જાય હશે તે ઉપકલ્પના સાચી ઠરે છે.

૪. બહુવિકલાંગ બાળકની સારવારના ખર્ચને પહોંચી વળવા માટે બહુવિકલાંગ બાળકની સારવારના ખર્ચને પહોંચી વળવા માટે અન્ય બાળકોના અભ્યાસ પણ કામ મુકનાર ઉત્તરદાતાનું પ્રમાણ ઉંચુ જણાયું છે તેથી અન્ય સંતાનોના ઉછેર ઉપર બહુવિકલાંગ બાળકના ઉછેરની અસર પડે છે એ ઉપકલ્પના સાચી ઠરે છે.

૫. બહુવિકલાંગ બાળકોમાં એક વિકલાંગતાની અસર બીજી વિકલાંગતા પર થતી નથી તેવું જણાવનાર ઉત્તરદાતાઓનું પ્રમાણ ઘણું ઉંચુ છે તેથી બહુવિકલાંગબાળકના સ્વાસ્થ્ય ઉપર બહુવિકલાંગતાની બેવડી અસર હોય છે એ ઉપકલ્પના ખોટી ઠરે છે.

૬. બહુવિકલાંગ બાળકોને સારવાર માટે લઈ જતી વખતે માતા-પિતાને પરીવહનની સમસ્યાનો સામનો કરવો પડે છે તેવુંજણાવનાર ઉત્તરદાતાઓનું પ્રમાણ ઘાણુ ઉંચુ છે. તેથી બહુવિકલાંગ બાળકની સારવાર માટે પરીવહનની સમસ્યાઓ માતા-પિતાને પડતી હશે તે ઉપકલ્પના સાચી ઠરે છે.

૭. બહુવિકલાંગ બાળકને સરકારી તાલીમ સંસ્થામાં શિક્ષણ મળી શકે છે તેવી જાણકારી ધરાવનાર ઉત્તરદાતાઓનું પ્રમાણ ઘણું ઉંચુ બહુવિકલાંગ બાળકને

સરકાર તરફથી પ્રાપ્ત શિક્ષણ અને તાલીમની માતા-પિતાની જાણ હશે તે ઉપકલ્પના સાચી ઠરે છે.

૮. બહુવિકલાંગ બાળકને શાળાકીય પ્રવૃત્તિ દરમ્યાન બહુ મોટા પ્રમાણમાં શિક્ષકો સહકાર આપે છે તેમ જણાવનાર ઉત્તરદાતાઓનું પ્રમાણ ઉંચુ છે તેથી બહુવિકલાંગ બાળકને શાળામાં અભ્યાસ દરમ્યાન શિક્ષકો તરફથી સહકાર મળતો હશે તે ઉપકલ્પના સાચી ઠરે છે.

૯. તાલીમને અંતે બહુવિકલાંગ બાળકો અલગ-અલગ રીતે પોતાના મનોભાવ વ્યકત કરે છે તેવું જણાવનાર ઉત્તરદાતાનું પ્રમાણ ઉંચુ છે તેથી બહુવિકલાંગ બાળક પોતાનો મનોભાવ વ્યકત કરતા હશે તે ઉપકલ્પના સાચી ઠરે છે.

૧૦ બહુવિકલાંગ બાળકોને સ્વરોજગારીની તાલીમ આપનાર ઉત્તરદાતાઓનું પ્રમાણ ઘણું ઉંચુ છે તેથી બહુવિકલાંગ બાળક તે સ્વરોજગારીની સુયોગ્ય તાલીમ આપવામાં આવતી હશે તે ઉપકલ્પના સાચી ઠરે છે.

૧૧. બહુવિકલાંગ બાળકોની વિમા પોલીસી લેનાર ઉત્તરદાતાનું પ્રમાણ થોડુ ઉંચુ છે તેથી બહુવિકલાંગ બાળક માટેની વિમા પોલીસીઓ માતા-પિતાએ લીધેલ હશે તે ઉપકલ્પના સાચી ઠરે છે.

૧૨. તાલીમ દ્વારા બહુવિકલાંગ બાળકનું પુન:સ્થાપન થયુ હોય તેવું જણાવનાર ઉત્તરદાતાનું પ્રમાણ નીચુ જણાય છે તેથી બહુવિકલાંગ બાળકની તાલીમ પુર્ણ કર્યા બાદ વ્યવસાયમાં પુન: સ્થાપન થયું હશે તે ઉપકલ્પના ખોટી ઠરે છે.

૧૩. બહુવિકલાંગ બાળકની સારવારના ખર્ચ ને પહોંચી વળવા માટે અન્ય બાળકોના અભ્યાસ ઉપર કાપ મુકનાર ઉત્તરદાતાનું પ્રમાણ ઉંચુ જણાયું છે

તેથી બહુવિકલાંગ બાળકની સારવારના ખર્ચને કારણે અન્ય બાળકોના શિક્ષણ ઉપર અસર પડેલ હશે તે ઉપકલ્પના સાચી ઠરે છે.

૧૪. બહુવિકલાંગ બાળકોનાં કુટુંબો પ્રત્યે જ્ઞાતીજનો જે અલગ-અલગ પ્રતિભાવો આપે છે તેમાં યોગ્ય સહકાર આપનાર અને પરિચિતોનો સામનો કરવાની હિમ્મત આપનાર જ્ઞાતીજનોનું પ્રમાણ સંયુકત રીતે ઉચુ છે. તેથી બહુવિકલાંગ બાળકની સારવારની પરિસ્થિતિ અંગે જ્ઞાતીઓ તરફથી સુયોગ્ય પ્રતિભાવો મળતા હશે તે ઉપકલ્પના સાચી ઠરે છે.

૧૫. આડોશ-પાડોશના બાળકો રમત-ગમતની પ્રવૃત્તિમાં બહુવિકલાંગ બાળકો સાથે ભાગ લે છે અને તેની સાથે આવીને બેસે છે તેવું જાણાવનાર ઉત્તરદાતાનું પ્રમાણ ઉંચુ છે તેથી બહુવિકલાંગ બાળકના આડોશ-પાડોશના બાળકો સાથી સમાયોજનના પ્રશ્નો હશે તે ઉપકલ્પના ખોટી ઠરે છે.

૧૬. બહુવિકલાંગ બાળકના અન્ય સ્વસ્થ ભાઈ-બહેનોના લગ્ન સંબંધો બાબત સમસ્યાઓ સર્જાય છે એવું જાણાવનાર ઉત્તરદાતાનું પ્રમાણ ઉંચુ છે તેથી બહુવિકલાંગ બાળકને કારણે કુટુંબના અન્ય સંતાનોના લગ્ન સંબંધોના પ્રશ્નો સર્જાતા હશે તે ઉપકલ્પના સાચી ઠરે છે.

૧૭. બહુવિકલાંગ બાળકના પોતાની બહુવિકલાંગતા અંગેના પ્રતિભાવોમાં હતાશા અનુભવનાર અને પોતાના વિશે નકારાત્મક લાગણીઓ ધરાવનાર બહુવિકલાંગતા બાળકોનું પ્રમાણ ઉંચુ છે તેથી બહુવિકલાંગ બાળક પોતાની વિકલાંગતાને કારણે પોતાના વિશે નકારાત્મક લાગણીઓ ધરાવતા હશે એ ઉપકલ્પના સાચી ઠરે છે.

## ૫.૪ સંશોધનના સુચનો

બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાઓ પરના પ્રસ્તુત સંશોધનના આધારે અને ફલીત થયેલ તારણોના સંદર્ભમાં સંશોધક પ્રસ્તુત વિષયમાં ભાવિ સંશોધન માટે કેટલાક ઉપયોગી સૂચનો કરવાની અનૂમતી માંગે છે.

૧. બહુવિકલાંગ બાળકોનો પ્રકાર અને પ્રમાણ જોતા તેનું વ્યાપવિશ્વ ઘણુ જ વિશાળ હોવાની સંભાવના છે. સરકારે પ્રગટ કરેલા બહુવિકલાંગ બાળકોના આંકડાઓને નજર અંદાજ કરી શકાય તેમ નથી તેથી પ્રસ્તુત વિષયમાં ભાવિ સંશોધકે બહુવિકલાંગોના વ્યાપ વિશ્વને વિશાળ પાયા પર લઈ જઈ પોતાનું નિદર્શ પણ મોટુ બનાવવાની જરૂર છે જેવી બહુવિકલાંગ બાળકોને તેમજ તેમના કુટુંબીજનોને વિશાળ ફલક પર તપાસી શકાય.

૨. બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાઓમાં માત્ર તેમનો ઉછેર સંભાળનાર માતા-પિતા કે તેમના વાલીની અનેકવિધ સમસ્યાઓનો અભ્યાસ કરવામાં આવે છે. આ અભ્યાસ કરતી વખતે મુલાકાત અનુસૂચિમાં પૂછાયેલા પ્રશ્નો તેમની સમસ્યાઓને ઉપરછલ્લી રીતે સ્પર્શે છે. પરંતુ પ્રશ્નોની મર્યાદાને કારણે સમસ્યાઓના ઉંડાણમાં જઈ શકાતુ નથી તેથી ભાવિ સંશોધકે પોતાના પ્રશ્નોને એવી રીતે રચવા કે જેથી વાલીની સમસ્યાઓના મૂળ સુધી જઈ શકાય.

૩. બહુવિકલાંગ બાળકો અલબત તેમના કુટુંબ અને સમાજ માટે જો સમસ્યા રૂપ બનતા હોય તો પણ તેમને નીભાવવાની જવાબદારી કુટુંબ કે સમાજની છે, તેથી ખરી જરૂર તેમના માતા-પિતા કે વાલીની સમસ્યાઓની નહી પરંતુ બહુવિકલાંગ બાળકોની સમસ્યાઓને ઉજાગર કરવાની છે. ભાવિ

સંશોધક માટે આ એક નવી દીશા અને નવુ પરિમાણ છે કે જેમાં તે પોતાના સંશોધનનું એ.પી.સેન્ટર તેમનો ઉછેર સંભાળનાર વાલીઓને બદલે બહુવિકલાંગ બાળકો પર કેન્દ્રીત કરે.

૪. પ્રસ્તુત સંશોધન વિષય પર ભાવિ સંશોધનને માટે પુષ્કળ સંભાવનાઓ રહેલી છે. બહુવિકલાંગ વ્યવસ્થા ઉછેરની સમસ્યાઓ પર ધ્યાન કેન્દ્રીત કરવાની તો જરૂરિયાત તો છે જ પરંતુ તેમની સમસ્યાઓ પર ધ્યાન કેન્દ્રીત કરવાને બદલે બહુવિકલાંગ બાળકોમાં વિકાસની જે સંભાવનાઓ રહેલી છે તેને ઓળખીને તે બહુવિકલાંગ બાળકોને તે અંગે સભાન કરવાની જરૂર છે. ભાવિ સંશોધક માટે એ સૂચન છે કે બહુવિકલાંગ બાળકોમાં સંશોધનનું એ.પી.સેન્ટર તેમની સમસ્યાઓ અને તેના કારણો શોધવા પાછળ નહી પરંતુ તેમનામાં રહેલી શક્તિઓ અને વિકાસની સંભાવનાઓને ઓળખીને તેની પર પોતાનું ધ્યાન કેન્દ્રીત કરવું.

૫. પ્રસ્તુત સંશોધનનું અભ્યાસનું ક્ષેત્ર પ્રસ્તુત સંશોધનમાં રાજકોટ શહેર પુરતુ મર્યાદીત રહેવા પામેલ છે. પરિણામે જે તારણો મેળવેલ છે તે રાજકોટના બહુવિકલાંગ બાળકોના માતા-પિતા કે વાલીના સંદર્ભમાં જ મેળવેલ છે આવી સંશોધકે પ્રસ્તુત અભ્યાસને વિશાળ પાયા પર અને ખાસ કરીને અમદાવાદ, બરોડા, મુંબઈ જેવા શહેરોમાં અભ્યાસ કરવો જેથી વિશાળ સંખ્યામાં અને વિશાળ ફલક પર સંશોધન થઈ શકે.

૬. મોટા શહેરોમાં બહુવિકલાંગ બાળકોની સંખ્યા ઘણી વધારે હોવાથી વ્યાપવિશ્વ પણ વિશાળ રહેવાની સંભાવના છે. ભાવિ સંશોધકે પોતાના પ્રસ્તુત વિષયના સંશોધન માટે વિશાળ વ્યાપવિશ્વમાંથી નિદર્શ પણ મોટો રાખવો કે જેથી

વિશાળ પાયા પર વિગતો અને આંકડાઓ મેળવી શકાય.

૭. આ પ્રકારના જે સંશોધનો અત્યાર સુધીમાં મોટેભાગે શહેરી વિસ્તારોમાંજ થયા છે તેના અનેક કારણોમાં એક કારણ શહેરી વિસ્તારમાં બહુવિકલાંગોનું પ્રમાણ વધારે હોવાની સંભાવના છે. જરૂર છે ભાવિ સંશોધક માટે કે તેનો સંશોધન માટે પોતાની દ્રષ્ટિ ગ્રામીણ વિસ્તારોમાં વસતા અને સુખ સગવડથી વંચિત રહેલા અને છતા વિકાસની ક્ષમતા ધરાવનાર બહુવિકલાંગો પર પોતાનું સંશોધન કરવાની.

૮. બહુવિકલાંગતા એ કોઈ એક રાષ્ટ્ર પુરતો સીમીત પ્રશ્ન નથી. દુનિયાના દરેક રાષ્ટ્રમાં બહુવિકલાંગો હોય છે. અમેરીકા જેવા પશ્ચિમના દેશોમાં શારીરિક વિકલાંગતા કરતા માનસિક વિકલાંગતા ધરાવનાર લોકોનું પ્રમાણ વધારે હોય છે. ભાવિ સંશોધકે તેથી પ્રસ્તુત વિષયના પોતાના સંશોધનમાં વિકસીત રાષ્ટ્રોમાં બહુવિકલાંગતાનું પ્રમાણ અને તેમને માટે સરકારી, બિનસરકારી યોજનાઓનો પણ ચિતાર આપવો જરૂરી છે જેથી બહુવિકલાંગતા તેનું પ્રમાણે અને તેમને માટેની યોજનાઓનો તુલનાત્મક ખ્યાલ મેળવી શકાય.

૯. પ્રસ્તુત સંશોધકે નિદર્શની પસંદગી સમયે પૂર્તિ ચોકસાઈ રાખવા છતાં માનવસહજ ક્ષતિઓ આવી જાય તે સ્વાભાવિક છે. પ્રસ્તુત સંશોધનમાં પૂર્વેક્ષણ કર્યા બાદ અનુસૂચિમાં થોડા ફેરફાર શકય બન્યા હતા, તેમ છતા અનુસૂચિ ભરાવાની પ્રક્રિયા દરમ્યાન તેમજ કોષ્ટકીકરણની કામગીરી દરમ્યાન મુલાકાત અનુસૂચીની મર્યાદાઓ ઉજાગર થતી ગઈ તેથી ભાવિ સંશોધકે પોતાના સંશોધનના હેતુઓ અને ઉત્કલ્પનાઓને આધારે જે મુલાકાત અનુસૂચિ બનાવે તેની ચોકકસાઈ પૂર્વકની ચકાસણી કરવી આવશ્યક બની જાય છે.

કારણ કે મુલાકાત અનુસૂચિની ચોકકસતા તારણો પણ ચોકકસ આપે છે.

૧૦. મુલાકાત અનુસૂચિને આધારે મેળવેલ માહિતી કે આંકડાનું કોષ્ટકીકરણ કરતી વખતે પણ કેટલીક મર્યાદાઓ ધ્યાન પર આવતી જે ઉતરદાતાઓના પ્રતિભાવો હકારાત્મક હોઈ તેનું આગળ વિશ્લેષણ મોટેભાગે કરવામાં આવે છે અને નકારાત્મક પ્રતિભાવો ત્યાંજ અટકી જાય છે. ભાવિ સંશોધકે આ બન્ને પ્રકારના પ્રતિભાવોને સરખો ન્યાય આપવામાટે આગળના પ્રશ્નો પૂછવા એ સંશોધનની યથાર્થતા માટે જરૂરી છે. કારણ કે હકારાત્મક પ્રતિભાવો આપનાર ઉતરદાતાઓ પાસે તેના પ્રતિભાવો છે તો નકારાત્મક અભિગમ ધરાવનાર ઉતરદાતાઓ પાસે પણ તેના પ્રતિભાવો હોય એ સ્વાભાવિક છે ભાવિ સંશોધકે આ બન્ને પાસાઓને સરખુ વજન આપી પોતાના વિષયની યોગ્યતાને ન્યાય આપવાનો છે.

## ૫.૫ સંશોધનની મર્યાદાઓ

બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાનો એક અભ્યાસ પરના સંશોધકના સંશોધન કાર્ય દરમ્યાન સંશોધનની કેટલીક મર્યાદાઓ સામે આવેલ છે જે નીચે મુજબ છે.

૧. સંશોધનના વિષયની પસંદગી સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ કરવામાં આવેલ હોવાથી તે અંગે કોઈ અનિર્ણાયકતા હતી નહી, પરંતુ જરૂરી એવા પૂર્વેક્ષણ મેળવવાની અસંભાવનાએ પ્રારંભિક તબક્કે જે યોગ્ય માર્ગદર્શન મળવુ જોઈએ તે મળી શકેલ નહી.

૨. રાજકોટ જિલ્લામાં બહુવિકલાંગ બાળકોનું પ્રમાણ ઘણુ મોટુ હોવાં છતા તેની કોઈ ચોકકસ યાદીનો અભાવ જણાતો હતો. તેથી બહુવિકલાંગ બાળકો અને વિકલાંગ બાળકો વચ્ચેની ભેદરેખા સ્પષ્ટ થતી ન હતી. કારણ કે જે

માહિતી કે આંકડા જિલ્લા અપંગ પુર્નાવસન કેન્દ્રમાંથી સંશોધકને આપવામાં આવે તે પરજ સંશોધકને આધાર રાખવાનો થતો હતો.

૩. બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યા એ વિષયની વિશાળતા અને ગંભીરતાના સંદર્ભમાં પુરતા સમયનો અભાવ એ એક મહત્વની મર્યાદા બની રહેવા પામેલ છે. પરિણામે જેવો અને જેટલો ન્યાય ઉછેરની સમસ્યાઓને અપાવો જોઈએ તેટલો આપી શકાતો નથી.

૪. બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાઓમાં ડોકીયુ કરવાનું તો ઘણુ મન થાય તેમની વેદનાઓને શાબ્દીક રૂપ આપીને મૂર્તિમંત કરવાનું એટલું સહેલુ નથી. જેટલુ અનુમાન કરવામાં આવે છે. ઉતરદાતાઓ પોતાના બાળકોની સમસ્યાઓથી એટલા બધા ઘેરાઈ ગયા હોય છે કે એમના મન અને મગજ, દીલો-દીમાગ, એટલા બધા આળા બની ગયા હોય છે કે તેમના પ્રતિભાવો સંશોધકને ચોકકસ પરિણામગામી ન પણ લાગે. તેવા સંજોગોમાં તેમના હાવભાવ અને નિરીક્ષણને આધારે અનુમાન કરવાનું આવે.

૫. વૈજ્ઞાનિક પધ્ધતિ એ કરવામાં આવતા પૂર્વ આયોજનપૂર્વકના સંશોધન કાર્યમાં ગમે તેટલી ચોકકસાઈ રાખવા છતા કેટલીક મર્યાદાઓ તો સ્પષ્ટ રીતે સામે ઉભી હોય છે. બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાઓના સંશોધકનાં સંશોધન કાર્યમાં ગણતરીપૂર્વકનું પૂર્વઆયોજન કરવા છતા સંશોધનને કાર્યાન્વિત કરતી વખતે જે બહુ મહત્વની મર્યાદા નડી તે આજ વિષયમાં અગાઉ થયેલ સંશોધન કાર્યના અભાવની, ગ્રંથાલયો અને ઈન્ટરનેટનો આધાર લેવા છતા પીએચ.ડી. કક્ષાએ થયેલ હોય એવું કોઈ સંશોધન નિબંધકે પ્રમાણીત સંશોધન, સંશોધકને જણાવ્યા નહી જેથી પ્રસ્તુત વિષયના

સંશોધનની પ્રક્રિયા શરૂ કરતા પહેલા જે માર્ગદર્શક મળવી જોઈએ તે ન મળી શકે.

## ૫.૬ સંશોધન દરમ્યાન થયેલા અનુભવો

બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાઓ ઉપરનાં સંશોધકના પ્રસ્તુત સંશોધનની કામગીરી દરમ્યાન વિવિધ પ્રકારના ખાટા-મીઠા અનુભવો બીજા સંશોધકોની માફક જ પ્રસ્તુત સંશોધકને થયા છે. ક્યારેક તો પડકારરૂપ બનતી આ કામગીરી સંશોધકની ધીરજની કસોટી કરતી હોય એમ જણાતું હતું. જે ખાટા-મીઠા અનુભવો થયા છે તે એટલા માટે નીચે દર્શાવ્યા છે કે પ્રસ્તુત વિષયના ભાવિ સંશોધકો એના પ્રત્યે દુલક્ષ્ય ન સેવે.

### o અનુભવ-૧

સંશોધનના વ્યાપ-વિશ્વમાંથી નિદર્શન દ્વારા જે ઉતરદાતાઓને મુલાકાત માટે પસંદ કરવામાં આવેલા તેમાંથી ઘણી મુલાકાતો ઘણી સારી રહી ઉતરદાતાઓ સાથે પ્રશ્નોતરી થઈ કે જેમાં તેમનો ઘણો સારો સહકાર અને સુયોગ્ય પ્રતિભાવો જણાયા. કેટલાક ઉતરદાતાઓ તરફથીચા-કોફીની પણ વ્યવસ્થા કરવામાં આવી જે સંશોધકક માટે ચિરસ્મરણીય યાદગીરી બની રહી.

### o અનુભવ-૨

કેટલાક ઉતરદાતાઓ સંશોધકની સંશોધનની કામગીરીમાં ખૂબજ રસ લેતા જણાયા એમનું શૈક્ષણિક સ્તર નીચુ હોવા છતા તેમને સંશોધકના આ પ્રકારના સંશોધનમાં રસ પડતો હતો અને તેઓ ખૂબજ ખેલદીલીપૂર્વક મુલાકાત અનુસૂચિમાંના પ્રશ્નોના જવાબો આપતા હતા.

### o અનુભવ-૩

તુલસીદાસે કહ્યું છે

તુલસી ઈસ સંસાર મે ભાત-ભાત કે લોગ ।

સબસે હીલ-મીલ ચાલીયે નહી, નાવ સંજોગ ।।

પ્રસ્તુત સંશોધનના સંશોધકને જે ઉતરદાતાઓનો સંપર્ક થયો તેમાંથી ઘણા ઉતરદાતાઓનો હકારાત્મક અભિગમ જણાયો તો કેટલાક ઉતરદાતાઓનો બીલકુલ નકારાત્મક અભિગમ જણાયો તેમ છતા કેટલાક ઉતરદાતાઓ એવા મળ્યા કે જેમને હકારાત્મક કે નકારાત્મક અભિગમ બતાવવાના બદલે તટસ્થ ભાવે સવાલોના જવાબો આપ્યા તેમને અમારા સવાલોમાં પણ રસ ન હતો અને જવાબો ટાળવામાં પણ રસ ન હતો. સવાલોના જલ્દીથી જવાબો આપી તે લોકો અમારાથી છુટવા માંગતા હોય તેવું લાગતું હતું.

**o અનુભવ-૪**

સંશોધકને જે નકારાત્મક અભિગમ દ્વારા ઉતરદાતાઓ મળ્યા તેમનો સંશોધક પ્રત્યેનો વહેવાર અને વાણી ખૂબજ કટ્ટુ રહ્યા સંશોધક સાથે પ્રશ્નોતરી કરવા તેમને તૈયાર કરતા સંશોધકને ખૂબજ મહેનત કરવી પડી સંશોધકને વિદ્યાર્થી સમજવાને બદલે સરકારી અધિકારી સમજાવાની તેમની ભુલ સુધારવી પડી તેમ છતા તેમનો સંશોધક પ્રત્યેનો વર્તાવ બલકુલ લાગણીશૂન્ય રહેવા પામ્યો હતો.

**o અનુભવ-૫**

નકારાત્મક અભિગમ ધરાવનારા ઉતરદાતાઓની "elimax" જેવા એક-બે ઉતરદાતાઓએ તો અમારે તમને જવાબો શું કામ આપવા... એ પ્રકારના પ્રતિભાવો પણ સંશોધકને આપેલ અને એમ જણાવેલ કે આ સંશોધન કામગીરીથી તેમને શો ફાયદો થવાનો છે.

તેમ છતા સંશોધકને એ કહેતા આનંદ થાય છે કે સમગ્ર તથા ઉતરદાતાઓનો અભિગમ ઘણો સારો રહ્યો.

## ૫.૭ ઉપસંહાર

સામાજિક વિજ્ઞાનોમાં સંશોધન સમાજના ગર્ભમાં છુપાયેલી અનેક સમસ્યાઓને છતી કરે છે એટલે કે સપાટી પર લાવે છે. સમુદ્રની સપાટી પર માત્ર મોજા દેખાય છે પરંતુ તેની ભીતર ઉંડાણમાં અનેક રહસ્યો સમુદ્ર છુપાવીને બેઠો છે. સામાજિક વિજ્ઞાનોના સમુદ્રમાં જે ગર્ભમાં છુપાયેલુ છે તેને સંશોધન દ્વારા સપાટી પર લાવવાની જરૂર છે કે જેથી અનેકવિધ સામાજિક સમસ્યાઓ તેના પરિમાણો અને પરિણામો સમાજ સમક્ષ ખુલ્લા મુકી શકાય.

વિકસતા વિશ્વમાં સામાજિક પરિવર્તન એ અનિવાર્ય છે કે જયાં સમાજ જુની રૂઢીઓ, રિવાજો, મૂલ્યો અને બંધનોમાંથી મુક્ત બની નવાયુગની વિચારધારા અપનાવે સારી વાત છે. પરંતુ પરિવર્તન પામતા સમાજમાં એક પ્રકારની લાગણી શૂન્યતા કે જડતા પેદા થતા જાય છે. માનવી-માનવી વચ્ચે, કુટુંબ-કુટુંબ વચ્ચે સંવેદનાઓ ઘટતી જાય છે અને માનવીય સંબંધો પણ જાણે ઔપચારિક બનતા જાય છે.

સમાજમાં વિકલાંગ કે બહુવિકલાંગ બાળકોનું સાતિત્ય એ સમાજ માટે પણ એક પડકાર છે. બહુવિકલાંગ બાળકોના ઉછેરની સમસ્યાઓ જ્યારે ગંભીર હોય અને માતા-પિતા કે વાલીની ક્ષમતાની બહાર હોય ત્યારે તેમની સમસ્યાઓને સમાજે આત્મ-સાત કરવાની જરૂર છે અને બહુવિકલાંગ બાળકોની તેમજ તેમના કુટુંબીજનોની પડખે અડગ બનીને ઉભા રહેવાની જરૂર છે. બહુવિકલાંગ બાળકો સમાજ પાસેથી દયા, લાચારી કે ભીખ નથી માંગતા તેઓ માંગે છે હમદર્દી, સંવેદના અને સાચો સહકાર કોને ખબર છે કે આ બહુવિકલાંગ બાળકોમાંથી કદાચ આવતીકાલે કોઈ ભારતીયો ડો. સ્ટીફન હોર્કીંગ્સ બને, કોઈ હેલન-કેલર બને કે કોઈ અમેરીકાનો શક્તિશાળી ભૂતપૂર્વ પ્રમુખ રૂઝવેલ્ટ બને.

# સંદર્ભસૂચિ


| ક્રમ | પુસ્તકનું નામ | લેખક | પ્રકાશક | વર્ષ |
|---|---|---|---|---|
| 1. | Children with developmental Disablities (A traning guide for Parents, Teachers, and Care givers) | -S. Venkatesan Maysor (Kundalka) | SAGE Pablication New Delhi. | 2008 |
| 2. | Children with cerebral palsy (A. Manual for Therapist, Parents, Commutity workers) (second edition) | -Archie Hinchliffe. | Sage Publication, New Delhi | 2008 |
| 3. | Census of India | | Govt. Of India | 2001 |
| 4. | Disabled in India | S. Barik | Adhyayan Publishers and Distributors. New Delhi. | 2009 |
| 5. | Improvement of Disabled and others | Dr. R.K. Panchal | Mahavir and Sons New Delhi. | 2009 |
| ૬. | વિકલાંગધારો- ૧૯૯૫ માર્ગદર્શીકા | - જે.એમ.મલાક - સી.ડી.પરિખ | નવસર્જન પબ્લીકેશન, અમદાવાદ- | ૨૦૦૪ |
| ૭. | દ્રષ્ટિક્ષતિ માર્ગદર્શીકા | -ભુષણ પુનાણી - નંદીની રાવળ | અંધજન મંડળ, અમદાવાદ | ૧૯૯૩ |
| ૮. | 'વિકલાંગો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓ' (પાંચમી આવૃતિ સુધારેલી) | માહિતી નિયામકશ્રી | સરકારી મુદ્રણાલય અને પ્રકાશક, રાજકોટ | ૨૦૦૯ |
| ૯. | સંશોધન અહેવાલ લેખન શી રીતે કરશો ? (પ્રા.આ.) | ડૉ. ડી.એ. ઉચાટ | નિજ્જન સાયકો સેન્ટર | ૧૯૯૮ |
| ૧૦. | સામાજિક સંશોધન પદ્ધતિ અને પ્રવિધિ | -ડો. આર.ડી.વાધાણી -શ્રી યોગેન્દ્રભાઈ દેસાઈ | સરસ્વતી પુસ્તક ભંડાર | ૨૦૦૬ |
| ૧૧. | રાજકોટનો ભાતીગળ ઈતિહાસ | | લેખક : રાજકોટની મ્યુનિ. કોર્પોરેશન ફાઇલ | |
| ૧૨. | રાજકોટ ડિરેક્ટરી | -સુજાતિ ચંદ્ર પી. શાહ, -રમેશચંદ્ર એમ. પારેખ. | જ્યોતિ પબ્લિશીટી | ૧૯૬૧ |
| ૧૩. | રાજકોટ સીટી ગાઈડ, વિજ્ઞાપન | અશ્વિન જે. શિંગાળા | | ૧૯૮૮ |

॥ રામ ॥

# ‘‘બહુવિકલાંગ બાળકોની ઉછેરની સમસ્યાઓનો એક અભ્યાસ.’’

(રાજકોટ શહેરના સંદર્ભમાં)

# "A STUDY OF NURTURING PROBLEMS OF MULTI HANDI-CAPPED CHILDREN"

[WITH REFERENCE TO RAJKOT CITY]

(પીએચ.ડી.ની પદવી માટે)

## મુલાકાત અનુસૂચિ


માર્ગદર્શક

**ડૉ. આર. ડી. વાઘાણી**
અધ્યક્ષ,
સમાજકાર્ય ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ-૫.

સંશોધક

**પ્રિતેશ વી. પોપટ**
B.Com., M.S.W.
સમાજકાર્ય ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ-૫.

## ૧. ઉત્તરદાતાની સામાન્ય માહિતી

૧. ઉત્તરદાતાનું નામ : ____________________

૨. પીડિત બાળકનું નામ : ____________________

૩. ઉત્તરદાતાનું સરનામું : ____________________

૪. અભ્યાસ : ____________ વ્યવસાય : ____________

૫. સંભાળ રાખનારની ઉંમર : ____________ નોકરી ☐ ધંધો ☐

૬. જાતિ (સ્ત્રી/પુરુષ) : ____________ ખેતી ☐ મજૂરી ☐

૭. ધર્મ : ____________

## કૌટુંબિક માહિતી

૮. કુટુંબનાં સભ્યોની માહિતી

| **ક્રમ** | **કૌટુંબિક સભ્યોનું નામ** | **ઉત્તરદાતા સાથે સંબંધ** | **ઉંમર** | **શિક્ષણ** | **વ્યવસાય** | **અંદાજિત માસિક આવક** | **વૈવાહિક દરજ્જો** | **વિશેષ માહિતી** |
|---|---|---|---|---|---|---|---|---|
| **૧.** | | | | | | | | |
| **૨.** | | | | | | | | |
| **૩.** | | | | | | | | |
| **૪.** | | | | | | | | |
| **૫.** | | | | | | | | |
| **૬.** | | | | | | | | |
| **૭.** | | | | | | | | |

૯. કુટુંબનો પ્રકાર : ____________________

૧૦. પ્રસ્તુત બાળક સિવાયનાં કુટુંબમાં અન્ય વિકલાંગ સભ્યો છે.: ____________

## ૨. ગર્ભાવસ્થા-સારવારનાં પ્રશ્નો

૧૧. લગ્ન બાદ કેટલા વર્ષે સંતાન થયું : ____________

૧૨. બે સંતાન વચ્ચે અંતર કેટલું છે. : ____________

૧૩. ગર્ભાવસ્થા દરમ્યાન કોઈ બિમારી લાગુ પડેલ. : ____________

૧૪. ગર્ભાવસ્થા દરમ્યાન કોઈ અકસ્માત નડેલો. હા ☐ ના ☐

૧૫. જો હા, તો કેવા પ્રકારનો અકસ્માત નડેલો : ____________

૧૬. ગર્ભાવસ્થા દરમ્યાન કયાં પ્રકારનો ખોરાક લેતા.

   ૧. ડૉકટરની સૂચના મુજબનો ☐

   ૨. વડિલોના સૂચન મુજબનો પૌષ્ટિક ખોરાક ☐

   ૩. મને જે પસંદ પડે તે ખોરાક ☐

   ૪. ખાસ કાંઈ કાળજી રાખેલ ન હતી. ☐

   ૫. ____________

૧૭. સગર્ભાવસ્થા દરમ્યાન ગાયનેકોલોજીસ્ટની સલાહ લેવામાં આવેલી. હા ☐ ના ☐

૧૮. જો હા, તો ગાયનેકોલોજીસ્ટ પાસે કયા સંજોગોમાં નિદાન માટે જતા.

   ૧. પ્રસૂતિશાસ્ત્ર નિયમ પ્રમાણે દર માસે ☐

   ૨. જરૂર પડે ત્યારે ☐

   ૩. પેટમાં દુઃખે ત્યારે ☐

   ૪. ____________

૧૯. સગર્ભાવસ્થા દરમ્યાન બ્લડપ્રેશર અંગે આપને તકલીફ હતી. હા ☐ ના ☐

૨૦. જો હા, તો તેની શું સારવાર કરતા : ____________

૨૧. સગર્ભાવસ્થા દરમ્યાન બાળકનો જન્મ સારી રીતે થાય તે માટે રસીઓ લીધેલ.

હા ☐ ના ☐

૨૨. જો ના, તો કયા કારણો નહીં લીધેલ. : ____________

૨૩. સગર્ભાવસ્થા દરમ્યાન લોહતત્વ વધારવાની વિટામીનની ગોળીઓ નિયમિત લીધેલ.

હા ☐ ના ☐

૨૪. જો ના, તો શા માટે નહીં લીધેલ

૧. ઘરના વડિલોની સલાહ મુજબ ☐

૨. આર્થિક કારણોસર ☐

૩. જરૂર ન પડવાથી ☐

૪. ____________________

## ૩. વિકલાંગ બાળકોના આરોગ્યના પ્રશ્નો

૨૫. પ્રસુતિ કયા પ્રકારે થયેલ.

૧. નોરમલ ☐

૨. ફોરસેપ ☐

૩. સીઝેરીયન ☐

૪. __________

૨૬. નવજાત શીશુને કયા પ્રકારની બિમારી લાગુ પડેલ.

૧. આંચકી તાણ ☐

૨. પોલિયો ☐

૩. કમળો ☐

૪. બિમારી લાગુ પડેલ નથી ☐

૫.. ____________________

૨૭. નવજાત શિશુને જન્મ્યા પછી પોલિયો, ઓરી, અછબડા, બી.સી.જી. વગેરેની રસી આપવામાં આવેલ. હા ☐ ના ☐

૨૮. શીશુ અવસ્થા દરમ્યાન માતાનું દૂધ પીવડાવેલ. હા ☐ ના ☐

૨૯. જો ના, તો શા માટે નહીં.

૧. માતાને બિમારી લાગુ પડેલ ☐

૨. માતાને દૂધ આવતું બંધ થયેલ. ☐

૩. અન્ય વૈકલ્પિક દૂધની વ્યવસ્થા કરેલ. ☐

૪. ____________________

૩૦. માતાનું દૂધ ચાલુ હોય ત્યારે માતાને કોઈ બિમારી લાગુ પડેલ. હા ☐ ના ☐

૩૧. માતાનું ધાવણ કયારે છોડાયેલ. : ____________________

૩૨. શીશુ અવસ્થા દરમ્યાન બાળકને કોઈ અકસ્માત નડેલ. હા ☐ ના ☐

૩૩. જો હા, તો કેવા પ્રકારનો અકસ્માત નડેલ.

૧. બાળક ઘોડિયામાંથી પડી ગયેલ. ☐

૨. બાળક ચાલવાનું શીખતી વખતે પડી ગયેલ. ☐

૩. સામાન્ય રોડ અકસ્માત થયેલ ☐

૪. ____________________

૩૪. આપનું બાળક વિકલાંગ થતું જાય છે તેની આપને સૌ પ્રથમ કયારે જાણ થઈ.

૧. અંગોનું હલન-ચલન ન જોતાં ☐

૨. બાળકનો અવાજ ન સાંભળતા ☐

૩. બાળક અન્ય રીતે અસામાન્ય જાણાતા ☐

૪. ____________________

૩૫. બહુવિકલાંગતા દૂર કરવા તમે પ્રથમ શો ઉપાય કરેલ.

૧. ફેમીલી ડૉકટરને બતાવેલ ☐

૨. ધાર્મિક પુજાવિધિ કરાવેલ ☐

૩. ઘરગથ્થુ ઉપચાર કરાવેલ ☐

૪. કશું નહી કરેલ ☐

૫. ____________________

૩૬. તમે આ બાળકના રોગની સારવાર અંગે કોને મળેલ.

૧. હાડકાના ડૉકટર પાસે ગયા ☐

૨. ફીઝીયોથેરાપીસ્ટ પાસે ગયા ☐

૩. માનસિક રોગ નિષ્ણાત પાસે ગયા ☐

૪. બાળચિકિત્સકને મળ્યા ☐

૫. ____________________

૩૭. વિકલાંગ બાળક માટે સુવા-બેસવાની અલાયદી વ્યવસ્થા છે ખરી. હા ☐ ના ☐

૩૮. જો હા, તો કેવા પ્રકારની વ્યવસ્થા છે.

૧. અલગ ઓરડામાં તેના પલંગની વ્યવસ્થા છે. ☐

૨. તેના માટે ખાસ પ્રકારની આરામ ખુરશી છે. ☐

૩. ભોંય પર અલગ વ્યવસ્થા કરવામાં આવેલ છે. ☐

૪. ________________

૩૯. વિકલાંગ બાળક પોતાની રીતે જમી શકે ખરું. હા ☐ ના ☐

૪૦. જો ના, તો કેવા પ્રકારની વ્યવસ્થા કરેલ છે.

૧. વાલી પોતે જમાડે છે. ☐

૨. ઘરની અન્ય વ્યક્તિ જમાડે છે. ☐

૩. આયા બહેનની વ્યવસ્થા કરેલ છે. ☐

૪. ________________

૪૧. વિકલાંગ બાળક પોતાની કુદરતી ક્રિયાઓ કેવી રીતે કરે છે.

૧. અમે પતિ-પત્ની મદદ કરીએ છીએ. ☐

૨. કુટુંબના સભ્યો દ્વારા ☐

૩. નોકર-ચાકર દ્વારા ☐

૪. પોતાની રીતે ક્રિયા કરે છે. ☐

૫. ________________

૪૨ તમારા બાળકને કયા પ્રકારની બહુવિકલાંગતા છે. : ________________

૪૩. બહુવિકલાંગ બાળક અન્ય ગંભીર બિમારીમાં સપડાય છે ત્યારે તેની અન્ય વિકલાંગતા પર અસર પડે છે ખરી. હા ☐ ના ☐

૪૪. જો હા તો કઈ રીતે અસર પડે છે : ________________

૪૫. એક વિકલાંગતાની અંગે દવાઓ લેતા તેની આડઅસર બીજી વિકલાંગતા પર પડે છે ખરી. હા ☐ ના ☐

૪૬. જો હા, તો કેવા પ્રકારની અસર પડે છે : ________________

૪૭. બન્ને વિકલાંગતાની ટકાવારી કેટલી છે. : ________________

૪૮. ટકાવારીનું પ્રમાણપત્ર કયાંથી મેળવ્યું. : ________________

૪૯. બહુવિકલાંગ બાળકની સારવાર કઈ પદ્ધતિથી કરવામાં આવે છે.

૧. એલોપેથીક ☐
૨. હોમિયોપેથીક ☐
૩. ફીઝીયોથેરાપીક ☐
૪. આર્યુવેદ ☐
૫. ______________________

૫૦. ઘરે ડૉક્ટરને બોલાવવાની જરૂર ઊભી થાય છે. હા ☐ ના ☐

૫૧. જો હા, તો તેવા સંજોગોમાં ડૉક્ટર શું સલાહ આપે છે.

૧. યોગ્ય દવાઓ આપે છે. ☐
૨. હોસ્પિટલમાં દાખલ થવાની સલાહ આપે છે. ☐
૩. તાત્કાલીક ઓપરેશનની સલાહ આપે છે. ☐
૪. ______________________

૫૨. બહુવિકલાંગતાને કારણે સારવાર માટે દવાખાને કઈ રીતે લઈ જાઓ છો.

૧. પોતાના વાહન દ્વારા ☐
૨. એમ્બ્યુલન્સ દ્વારા ☐
૩. રીક્ષા દ્વારા ☐
૪. ______________________

૫૩. દવાખાનામાં દાખલ થતી વખતે ભોજનની શી વ્યવસ્થા છે.

૧. સગાસંબંધીઓ ટીફીન પહોંચાડે છે. ☐
૨. હોસ્પિટલની કેન્ટીનનો ઉપયોગ કરીએ છીએ. ☐
૩. હોટલમાં જમી આવીએ છીએ. ☐
૪. સ્વૈચ્છિક સંસ્થાઓની ટીફીન સેવાઓ લાભ લઈએ છીએ. ☐
૫. ______________________

૫૪. સારવાર દરમ્યાન બાળકને કઈ કઈ સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

૧. પ્રાથમિક ક્રિયાઓ કરવા માટે. ☐
૨. ભોજન લેવા માટે. ☐
૩. સુવા-બેસવા માટે ☐
૪. વાતચીત કરવા માટે ☐
૫. ______________________

૫૫. વિકલાંગ બાળક હાલવા-ચાલવા માટે કયા સાધનોનો ઉપયોગ કરે છે.

૧. વ્હીલ ચેર ☐

૨. ટ્રાયસિકલ ☐

૩. કાંધઘોડી ☐

૪. ભાખોડીયાભેર પોતાની રીતે ચાલે છે. ☐

૫. ______________________

૫૬. સારવાર માટે જતી વખતે આપને કયા પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

૧. પૈસાની ☐

૨. સમયની ☐

૩. માણસોની ☐

૪. વાહનની ☐

૫. ______________________

૫૭. સારવાર બાદ ડૉકટરો કયા પ્રકારના સૂચનો કરે છે.

૧. ફિઝીયોથેરાપીની સારવાર ☐

૨. વિશેષજ્ઞને મળવાનું જણાવ્યું. ☐

૩. હિમતથી પરિસ્થિતિનો સામનો કરવો. ☐

૪. વાસ્તવિકતાનો સ્વીકાર કરવો. ☐

૫. ______________________

૫૮. બાળક બોલતા કયારે શીખેલ. : ______________________

૫૯. બન્ને પ્રકારની વિકલાંગતા મુજબ ઓપરેશન કરાવવામાં આવેલ. હા ☐ ના ☐

૬૦. કઈ ઋતુમાં વિકલાંગતાને લગતી દુઃખાવા કે અન્ય બીમારીની ફરીયાદ થાય છે.

૧. શિયાળો ☐

૨. ઉનાળો ☐

૩. ચોમાસુ ☐

૪. બારેમાસ ☐

૫. ______________________

## ૪. શિક્ષણ અને પુનઃસ્થાપન અંગેના પ્રશ્નો

૬૧. પીડિત બાળક અભ્યાસ કરે છે. હા ☐ ના ☐

૬૨. જો હા, તો બાળક કયા ધોરણમાં અભ્યાસ કરે છે. : ____________________

૬૩. બાળકને વિકલાંગતાના પ્રકાર પ્રમાણે સરકાર તરફથી જે પ્રકારની શિક્ષણ તાલીમ મળે છે તેની તમને જાણ છે. હા ☐ ના ☐

૬૪. જો હા, તો તે પ્રકારનું શિક્ષણ પ્રાપ્ત કરાવવા માટે કેવા પ્રકારના પ્રયત્નો કર્યા છે.

૧. સંસ્થાસંપર્ક ☐

૨. વિશેષ માહિતી ☐

૩. પ્રવેશ માટેના પ્રયત્નો ☐

૪. ____________________

૬૫. પીડિત બાળકને શાળાએ મૂકવા જવાની શી વ્યવસ્થા છે.

૧. રીક્ષા બાંધી આપેલ છે. ☐

૨. વાલી પોતે મુકવા જાય છે. ☐

૩. શૈક્ષણિક સંસ્થા દ્વારા વાહનની વ્યવસ્થા છે. ☐

૪. તેડાઘર બહેનો દ્વારા ☐

૫. ____________________

૬૬. શાળાકીય પ્રવૃત્તિ દરમ્યાન શિક્ષક સહકાર આપે છે. હા ☐ ના ☐

૬૭. જો હા, તો કેવા પ્રકારનોસહકાર આપે છે.

૧. બાળકના શિક્ષણ પ્રત્યે ખાસ ધ્યાન આપે છે. ☐

૨. બાળકને રમત-ગમત, ખેલકૂદ વગેરેમાં પ્રોત્સાહિત કરે છે. ☐

૩. બાળકને તેની શાળાની રોજીંદી ક્રિયાઓમાં મદદ કરે છે. ☐

૪. બાળકને પ્રેમ અને સહાનુભૂતિ આપે છે. ☐

૫. ____________________

૬૮. બાળક વિશિષ્ટ સેવા આપતી વિકલાંગ સ્કૂલોમાં અભ્યાસ કરે છે. હા ☐ ના ☐

૬૯. જો ના, તો શા માટે નહીં.

૧. બાળકની વિકલાંગતાને કારણે ☐

૨. આર્થિક કારણોસર ☐

૩. કૌટુંબિક સમસ્યાઓને કારણે ☐

૪. ____________________

૭૦. વિકલાંગ બાળકોના સંસ્થામાં સાધનો સગવડો ઉપલબ્ધ છે ખરી. હા ☐ ના ☐

૭૧. વિકલાંગ બાળકોને સમાયોજન સાધવામાં કોઈ મુશ્કેલી પડે છે ખરી. હા ☐ ના ☐

૭૨. જો હા, તો કેવા પ્રકારની :

૧. શાળામાં બીજા બાળકો વિકલાંગ બાળકની મશ્કરી કરે છે. ☐

૨. શાળામાંથી કોઈપણ પ્રકારનું પ્રોત્સાહન મળતું નથી. ☐

૩. વધુ વિકલાંગતાને કારણે ભણવામાં મુશ્કેલી પડે છે. ☐

૪. ______________________________

૭૩. વિકલાંગ બાળગૃહમાં કયા પ્રકારનું શિક્ષણ આપવામાં આવે છે.

______________________________________________________

૭૪. શિક્ષણ અંગેના ખર્ચની જોગવાઈ કેવી રીતે કરો છો.

૧. પોતાની આવકમાંથી ☐

૨. લોન લઈને ☐

૩. સંસ્થાઓની મદદ લઈને ☐

૪. મિત્રોના સાથ સહકારથી ☐

૫. ઉછીના પૈસા લઈને ☐

૬. ____________________

૭૫. વિકલાંગ બાળકોને તાલીમ આપતી સંસ્થાઓમાં પ્રવેશ ફી કેવી રીતે લેવામાં આવે છે.

૧. યોગ્ય દાન ☐

૨. પ્રવેશ ફીના માધ્યમ દ્વારા ☐

૩. વિકાસલક્ષી ફી ☐

૪. ફી લેવામાં આવતી જ નથી ☐

૫. ____________________

૭૬. બહુવિકલાંગ બાળક શિક્ષણક્ષેત્રે અગ્રતાક્રમ મેળવે તો તેને કઈ રીતે પુરસ્કૃત કરો છો.

૧. મનગમતી ચીજવસ્તુઓ ભેટ આપીને. ☐

૨. આગળ વધવાની હિંમત આપીને. ☐

૩. શાબાસી આપીને. ☐

૪. ______________________________

૭૭. પુરસ્કૃત થયા બાદ બાળક કઈ રીતે લાગણી વ્યક્ત કરે છે.

૧. રડી પડે છે. ☐

૨. અમારી છાતીએ વળગી પડે છે. ☐

૩. ભાઈ-બહેન પ્રત્યે ભાવ વ્યક્ત કરે છે. ☐

૪. શાબ્દિક આભાર માને છે. ☐

૫. ____________________

૭૮. પીડિત બાળક શિક્ષણમાં નિષ્ફળ જાય તો તમારી લાગણી કેવી હોય છે.

૧. સહાનુભૂતિ આપીએ છીએ. ☐

૨. નિરાશ ન થવાની સલાહ આપીએ છીએ. ☐

૩. શિક્ષણ પાછળ ખોટો ખર્ચ કરી રહ્યા છે તેવું લાગે છે. ☐

૪. ____________________

૭૯. શિક્ષણ ઉપરાંત સ્વરોજગારીની તાલીમ આપો છો ખરા. હા ☐ ના ☐

૮૦. જો હા, તો કયા પ્રકારની તાલીમ બાળકને આપવામાં આવે છે.

૧. કોમ્પ્યુટર ☐

૨. ટાઈપીંગ ☐

૩. ગૃહઉદ્યોગ ☐

૪. બુકબાઈન્ડીંગ અને પ્રિન્ટીંગ ☐

૫. અન્ય ☐

૬. ____________________

૮૧. તાલીમ સફળતાપૂર્વક પાર પાડેલ છે. હા ☐ ના ☐

૮૨. જો ના, તો શા માટે નહીં.

૧. પીડિત બાળકના સ્વાસ્થ્યને કારણે ☐

૨. તાલિમની સફળતા અંગે શંકાને લીધે. ☐

૩. કૌટુંબિક સંજોગોને કારણે. ☐

૪. ____________________

૮૩. તાલીમને અંતે બાળક મનોભાવ કઇ રીતે વ્યક્ત કરે છે.

૧. પોતે પણ કંઈક અલગ કરી શકે તેવી ભાવના વ્યક્ત કરે છે. ☐

૨. આભારની લાગણી દર્શાવીને ☐

૩. કુટુંબને મદદરૂપ થવાનોસંતોષ મેળવે છે. ☐

૪. ______________________________

૮૪. શૈક્ષણિક તાલીમને કારણે આપને કઇ સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

૧. સામાજિક સમસ્યાઓ ☐

૨. કૌટુંબિક સભ્યોના કટુવચનો ☐

૩. જ્ઞાતિ જનોની ઉપેક્ષા ☐

૪. પીડિત બાળકોનાં અસંતોષ ☐

૫. ______________________________

૮૫. તાલીમ દરમ્યાન વિકલાંગતા નડતરરૂપ થાય છે. હા ☐ ના ☐

૮૬. જો હા, તો કઇ રીતે.

૧. વિકલાંગતાને કારણે તાલીમ-પ્રાપ્તિમાં મુશ્કેલી પડે છે. ☐

૨. વિકલાંગતાને કારણે તાલીમના સ્થાને આવન-જાવનમાં મુશ્કેલી પડે છે. ☐

૩. વિકલાગતાને કારણે તાલીમ સ્થળે બેસવાની મુશ્કેલી પડે છે. ☐

૪. ______________________________

૮૭. જે તાલીમ મેળવી છે તે તાલીમ કઇ રીતે આપવામાં આવી.

૧. સરકારી સંસ્થામાં ☐

૨. ઘરે બેઠા નિષ્ણાંત દ્વારા ☐

૩. પોતે તાલીમ આપી છે. ☐

૪. ______________________________

૮૮. તાલીમ અંગે સ્ટાઈપેન્ડ કે મળતી નાણાકીય સહાય. હા ☐ ના ☐

૮૯. જો હા, તો સહાય કઇ રીતે મળતી

૧. સરકારી સહાયતા અન્વયે ☐

૨. શાળા સંસ્થાઓ દ્વારા ☐

૩. તાલીમ આપતી સંસ્થા દ્વારા ☐

૪. જ્ઞાતિ મંડળો દ્વારા ☐

૫. ______________________________

૯૦. તાલીમ લીધા બાદ વ્યવસાય શરૂ કરતી વખતે અનુરૂપ સાધન-સામગ્રી વસાવેલી છે.

હા ☐ ના ☐

૯૧. જો હા, તો સાધનો કોણે વસાવી આપેલા. : ____________________

૯૦. સમાજ સુરક્ષા ખાતાં દ્વારા કઈ કઈ યોજનાઓનો લાભ લો છો.

____________________

૯૧. વિકલાંગતા અંગેની વિમા પોલીસી વિશે આપ જાણો છો. હા ☐ ના ☐

૯૨. વિકલાંગતાને લગતી વિમા પોલિસીઓ વિકલાંગ બાળક માટે લીધેલ છે.

હા ☐ ના ☐

૯૩. તાલીમથી વિકલાંગ બાળકનું પુનઃસ્થાપન થયું છે. હા ☐ ના ☐

૯૪. જો હા, તો કયા વ્યવસાયમાં પુનઃસ્થાપન થયું છે.

૧. કોમ્પ્યુટર ☐

૨. ટાઈપ રાઈટર ☐

૩. પ્રિન્ટીંગ ☐

૪. બુકબાઈન્ડીંગ ☐

૫.. ____________

૯૫. તે કામગીરીમાં વિકલાંગ બાળકને કોઈ મુશ્કેલી પડે છે ? હા ☐ ના ☐

૯૬. જો હા, તો કેવા પ્રકારની મુશ્કેલી પડે છે.

૧. સંસ્થામાં સમાયોજનનો પ્રશ્ન છે. ☐

૨. વ્યવસાયના સ્થળે જવા-આવવાની તકલીફ પડે છે. ☐

૩. વિકલાંગતાને કારણે પરિશ્રમ પડે છે. ☐

૪. ____________________

૯૭. વિકલાંગ બાળકને તેના પુનઃસ્થાપન વ્યવસાયમાંથી કેટલું ઉપાર્જન મળે છે.:____________

૯૮. જો વિકલાંગ બાળકનું પુનઃસ્થાપન નથી થયું તો શા માટે.

૧. બહુ-વિકલાંગતાને કારણે વ્યવસાય મેળવવાની મુશ્કેલી. ☐

૨. વિકલાંગ-બાળકો માટે સુયોગ્ય તકોનો અભાવ. ☐

૩. તક મળવા છતાં કામ કરવાની અક્ષમતા. ☐

૪. ____________________

# ૫. વિકલાંગ બાળકોની સારવારનું આર્થિક પાસુ

૯૯. વિકલાંગતાની સારવાર પાછળદર માસે અંદાજે કેટલો ખર્ચ થાય છે.

______________________________

૧૦૦. વિકલાંગતાની સારવાર પાછળ મુખ્ય ખર્ચ કયો હોય છે.

______________________________

૧૦૧. વધારાનો ખર્ચ કેવી રીતે ગોઠવો છો.

૧. પોતાની રીતે કરીને ☐

૨. લોન લઈને ☐

૩. દર-દાગીના વેચીને ☐

૪. મિત્રો પાસેથી નાણા ઉછીના લઈને ☐

૫. ______________________________

૧૦૨. તમે નાણાકીય બચત કરી શકો છો. હા ☐ ના ☐

૧૦૩. જો હા, તો બચત ક્યાં રોકી છે. : ______________________________

૧૦૪. આ ખર્ચને પહોંચી વળવા માટે આપે આપના અન્ય બાળકોને ભણવા ઉપર કાપ મૂક્યો છે. હા ☐ ના ☐

૧૦૫. અન્ય કોઈ ખર્ચાઓ ઉપર કાપ મુકેલ છે.

૧. ભોજન-ખર્ચમાં કાપ મૂકેલ છે. ☐

૨. સામાજિક પ્રસંગોમાં કાપ મૂકેલ છે. ☐

૩. કપડાં-લત્તાની ખરીદી માટે કાપ મૂકેલ છે ☐

૪. ______________________________

૧૦૬. બાળકની બિમારી આપના વ્યવસાયમાં કે નોકરીમાં બાધકરૂપ થાય છે.

હા ☐ ના ☐

૧૦૭. જો હા, તો કઈ રીતે બાધક બને છે :

- ૧. નોકરીમાંથી રજા મળતી નથી. ☐
- ૨. ધંધો બંધ રાખવો પડે છે. ☐
- ૩. મજૂરી કે ખેતીકામ બંધ રાખવું પડે છે. ☐
- ૪. ઓફિસ બંધ રાખવી પડે છે. ☐
- ૫. ______________________

૧૦૮. આકસ્મિક સારવારના કિસ્સામાં ખર્ચનું આયોજન કેવી રીતે કરો છો.

- ૧. પોતાના પૈસા દ્વારા ☐
- ૨. લોન લઈને ☐
- ૩. મિત્રો પાસેથી ઉછીના લઈને ☐
- ૪. ______________________

## ૬. સામાજિક કૌટુંબિક પાસાને લગતા પ્રશ્નો

૧૦૯. હાલની પરિસ્થિતિ અંગે જ્ઞાતિજનો શો પ્રતિભાવ આપે છે.

- ૧. યોગ્ય સહકાર આપે છે. ☐
- ૨. પરિસ્થિતિનો સામનો કરવાની તૈયારી બતાવે છે. ☐
- ૩. ઉપેક્ષાવૃત્તિ દાખવે છે. ☐
- ૪. કોઈ જ પ્રકારની લાગણી દર્શાવતા નથી. ☐
- ૫. ______________________

૧૧૦. વિકલાંગ બાળક પ્રત્યે આડોશ-પાડોશનાં બાળકો કેવું વર્તન દાખવે છે.

- ૧. વિકલાંગતા મુજબ રમતગમતની પ્રવૃત્તિમાં ભાગ ભજવે છે. ☐
- ૨. બાળકની પાસે આવીને બેસે છે. ☐
- ૩. વિકલાંગ બાળકની મશ્કરી કરે છે. ☐
- ૪. કશો પ્રતિભાવ આપતા નથી. ☐
- ૫. ______________________

૧૧૧. અન્ય બાળકો બાબતે બહુવિકલાંગ બાળકોનું વર્તન કેવું હોય છે.

૧. હળી મળીને દુઃખને ભુલવાનો પ્રયત્ન કરે છે. ☐

૨. આનંદ વ્યક્ત કરે છે. ☐

૩. તીવ્ર લઘુતાગ્રંથી અનુભવે છે. ☐

૪. કોઈ ચોક્કસ પ્રતિભાવ આપતા નથી. ☐

૫. ______________________________

૧૧૨. કુટુંબના અન્ય બાળકો બહુવિકલાંગ બાળક પ્રત્યે કેવું વર્તન દાખવે છે.

૧. મદદ માટે તત્પર રહે છે. ☐

૨. સહાનુભૂતિ દાખવે છે. ☐

૩. વાતવાતમાં ઝઘડી પડે છે. ☐

૪. ચોક્કસ પ્રતિભાવ આપતા નથી. ☐

૫. ______________________________

૧૧૩. વિકલાંગ બાળક પ્રત્યે આડોશપાડોશના વાલીઓનું વર્તન સહકારભર્યું છે ખરું.

હા ☐ ના ☐

૧૧૪. જો હા, તો કઈ રીતે સહકાર આપે છે. :

૧. દિલાસો આપે છે. ☐ ૨. પ્રેમ/હૂંફ આપે છે. ☐

૩. સારવારમાં મદદ કરે છે. ☐

૧૧૫. મિત્રો તરફથી કઈ રીતે સહકાર મળે છે.

૧. કોઈપણ પ્રકારની મદદની તૈયારી બતાવે છે. ☐

૨. નાણાકીય મદદ કરે છે. ☐

૩. વિકલાંગ બાળકને આનંદમાં રાખવાનો પ્રયત્ન કરે છે. ☐

૪. કંઈ સહકાર મળતો નથી. ☐

૫. ______________________________

૧૧૬. બહુવિકલાંગતા ધરાવતો બાળક હતાશ થાય ત્યારે તમારો પ્રતિભાવ કેવો હોય છે.

૧. હતાશા ખંખેરી નાખવા પ્રેમાળ સૂચના આપીએ છીએ. ☐

૨. અમે તારી સાથે જ છીએ તેવી હિંમત અને હૂંફ આપીએ છીએ. ☐

૩. ઠપકો આપીએ છીએ. ☐

૪. ______________________________

૧૧૭. બાળકોમાં પરિસ્થિતિ વણસી જાય ત્યારે તમે કયા પ્રકારે પરિસ્થિતિનો ઉકેલ લાવો છો.

- ૧. યોગ્ય સમજાવટ દ્વારા ☐
- ૨. કુટુંબનું વાતાવરણ ન બગડવાની સૂચના આપીએ છીએ. ☐
- ૩. વિકલાંગતા રહિત બાળકને તેની જવાબદારીનું ભાન કરાવીએ છીએ. ☐
- ૪. કડક બનો છો. ☐
- ૫. ____________________

૧૧૮. બહુવિકલાંગતાને કારણે કયા પ્રકારની કૌટુંબિક સમસ્યા સર્જાય છે.

- ૧. ક્ષતિગ્રસ્ત બાળકના ઉછેર વખતે. ☐
- ૨. આર્થિક બાબતો ઉપર ☐
- ૩. દામ્પત્યજીવન ઉપર અસર પડે છે. ☐
- ૪. ____________________

૧૧૯. ઘરના અન્ય બાળકના શિક્ષણ ઉપર વિકલાંગ બાળક કઇ રીતે અસરકર્તા નિવડે છે.

- ૧. શૈક્ષણિક કાર્યમાં મદદ કરે છે. ☐
- ૨. યોગ્ય સાથ સહકાર આપે છે. ☐
- ૩. પુસ્તકો ફાડી નાખે છે. ☐
- ૪. કોઇ જ પ્રતિભાવ આપતા નથી. ☐
- ૫. ____________________

૧૨૦. સામાજિક પ્રસંગોમાં હાજરી આપતી વખતે કયા અનુભવ થાય છે.

- ૧. વાર્તાલાપમાં દયા અને સહાનુભૂતિ જ હોય છે. ☐
- ૨. ઉપેક્ષાવૃત્તિ દાખવવામાં આવે છે. ☐
- ૩. તિરસ્કૃત વર્તન કરે છે. ☐
- ૪. ____________________

૧૨૧. આપને વિકલાંગ બાળકને કારણે સામાજિક સંબંધોમાં શો ફેર પડે છે.

- ૧. અન્ય સંતાનોના લગ્નમાં અને સગાઇમાં મુશ્કેલી પડે છે. ☐
- ૨. ટીકાટીપ્પણીનો ભોગ બનવું પડે છે. ☐
- ૩. ____________________

૧૨૨. સ્વસ્થ સંતાનોના લગ્ન સંબંધો નક્કી કરતી વખતે કયા પ્રકારની શરતો મૂકવામાં આવે છે.

૧. લગ્ન બાદ તે સંતાનો અલગ રહેશે. ☐

૨. વિકલાંગ સંતાનને આશ્રમમાં મુકવાની સલાહ આપવામાં આવે છે. ☐

૩. ઘરજમાઈ બનવાની સલાહ આપે છે. ☐

૪. ______________________

૧૨૩. વિકલાંગ બાળકને કારણે અપરણિત બહેનોના લગ્ન અંગે શી સમસ્યા સર્જાય છે.

૧. લગ્ન સંબંધ બાંધતા અટકાય છે. ☐

૨. આનુવંશિકતા અંગે ગેરસમજણ પ્રવર્તે છે. ☐

૩. લગ્ન સંબંધ નકારવામાં આવે છે. ☐

૪. ______________________

૧૨૪. વિકલાંગ સંતાનોના કારણે સારા સંતાનોના વૈવિશાળ અંગે આપનો શો અભિપ્રાય છે.

______________________

૧૨૫. વિકલાંગ બાળક પોતે પોતાની વિકલાંગતાને લીધે શું અનુભવે છે.

૧. હતાશા અનુભવે છે. ☐

૨. સામાજિક પ્રસંગોમાં સંકોચ અનુભવે છે. ☐

૩. પોતાની વિકલાંગતા વિશે નકારાત્મક લાગણી અનુભવે છે. ☐

૪. ______________________

૧૨૬. એક વિકલાંગ તરીકે તે બીજા વિકલાંગને શું સંદેશ આપવા માંગે છે.

______________________

______________________

______________________

૧૨૭. બહુવિકલાંગ બાળકોના વાલીઓને આપ શું કહેવા માંગો છો :

______________________

______________________

______________________

______________________

॥ આભાર ॥